# સઉદી અરબ

: ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.



amillibrary.com

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૭ |
| (૧) | મારો ઉમરહ પ્રવાસ | ૧૭ |
| (૨) | ખજૂરનો ઠળિયો અને બની ઇસરાઈલનો ગામડીયો | ૩૬ |
| (૩) | મસ્જિદે નબવી (સલ.) | ૬૨ |
| (૪) | જ્યાં મોમીન રડી પડે છે | ૮૪ |
| (૫) | શાહે સઉદે જન્નતુલ બકીઅને વેરાન કર્યું | ૯૭ |
| (૬) | યવમે ગમ આહ ! જન્નતુલ બકીઅ | ૧૧૭ |
| (૭) | મદીના શરીફમાં અમારો ત્રીજો દિવસ | ૧૨૮ |
| (૮) | મસ્જિદે કિબ્લતૈન | ૧૬૨ |
| (૯) | જન્નતુલ બકીઅમાં સાંજનો એક | ૧૮૨ |

| | | |
|---|---|---|
| | ગમનાક બનાવ | |
| (૧૦) | સિક્કાની બીજી બાજુ | ૧૯૫ |
| (૧૧) | ક્યા કહું ! કૈસે કહું ! | ૨૦૯ |
| (૧૨) | સઉદી અરબની વસ્તી તથા ભૌગોલિક પરિસ્થિતિ | ૨૫૭ |
| (૧૩) | અલ્લાહનું ઘર કાબા | ૨૬૭ |
| (૧૪) | મેં તો અબુઝહલને મક્કામાં ફરતો જોયો | ૨૮૨ |
| (૧૫) | મક્કામાં અમારો ચોથો દિવસ | ૩૦૭ |
| (૧૬) | એક કડવી વાત | ૩૩૩ |
| (૧૭) | આબે ઝમઝમ અને સઈ | ૩૪૭ |
| (૧૮) | મક્કામાં અમારો પાંચમો દિવસ | ૩૬૮ |
| (૧૯) | મા ખદીજા (રઝિ.) | ૩૮૯ |
| (૨૦) | મુલકે શામ - સિરીયાની ઝિયારતો | ૪૫૬ |

| | | |
|---|---|---|
| (૨૧) | સીરીયા - ત્યાંની હુકુમત, લોકો અને તેમની રહેણી-કરણી | ૪૯૩ |
| (૨૨) | ઈરાકની ઝિયારતો-કરબલા | ૫૦૯ |
| (૨૩) | ઈરાક - નજફની ઝિયારતો | ૫૫૧ |
| (૨૪) | ઈરાક - કાઝમૈનની ઝિયારતો | ૫૯૪ |
| (૨૫) | ઈરાક ત્યાંની હુકુમત અને લોકોની રહેણીકરણી | ૬૩૦ |
| (૨૬) | ઈરાનની ઝિયારતો | ૬૫૫ |
| (૨૭) | મેં જોયું ઈસ્લામી ઈરાન | ૭૧૭ |
| (૨૮) | ઈન્કિલાબ પછીનું ઈરાન | ૭૩૬ |
| (૨૯) | લોકો અને તેમની રહેણી કરણી | ૭૬૬ |
| (૩૦) | ઈસ્લામી ઈન્કિલાબ વિરોધી શક્તિઓ અને મુસલમાન | ૭૭૫ |
| (૩૧) | મુસલમાનોને એક ઉમ્મત બનવાની દઅવત | ૮૦૪ |

# પ્રસ્તાવના

## બિસ્મીલ્લા હિર્રહમા નિર્રરહીમ

અલ્લાહ રબ્બુલ ઈજ્જતના લાખો કરોડો એહસાન કે તેણે મને તેના પવિત્ર ઘરની તથા તેના પ્યારા હબીબ હઝરત મોહંમદ (સલ.)ની અને તેના પ્યારા બંદાઓ ચહારદા માસુમીન અલ.ની ઝિયારત નસીબ ફરમાવી.

આલાહુમ્મા સલ્લે મોહંમદીંવ વ આલે મોહંમદ

મારા તે મિત્રોનો હું અત્યંત ઋણી છું કે જેમણે મને પ્રેરીત કર્યો અને મારી ડગલે ને પગલે મદદ કરી. અલ્લાહ પોતાના માસુમીન બંદાઓના સદકા અને તૂફેલમાં દામે, દિરહમે, કદમે, સૂખૂને

મારી મદદ કરનાર સર્વે મિત્રોની દીલી તમન્નાઓ પૂરી કરે. અલ્લાહ તેમની નસલોમાં હિદાયતને બાકી રાખી ઈમામ સાહિબુઝઝમાન (અલ.)ના દોસ્તોમાં તેમનો સુમાર ફરમાવે. પરવરદિગાર તેમના મરહુમીનની બાલબાલ મગફિરત ફરમાવી, તેમની કબ્રોને નૂરથી ભરી દે. અલ્લાહ આ તમામ દોસ્તોની ઇજ્જત, આબરૂમાં વધારો કરી, ઝિલ્લતોથી, રૂસ્વાઈથી, પરેશાનીઓથી, ગફલતોથી, બેચેનીઓથી, બદઆમાલીઓ, જુલ્મથી, દરેક પ્રકારના શુરૂરથી તેઓની હિફાઝત કરે.

અલ્લાહ પોતાના કરમ અને ફઝલથી, પોતાના માસુમીન બંદાઓના સદકા અને તુફૈલમાં મારી દુઆઓને કબૂલ ફરમાવે.

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહંમદીંવ વ આલે મોહંમદ

મેં 30 માણસોના કાફલા સાથે મધ્યપૂર્વના ચાર દેશોનો પ્રવાસ કર્યા આ મારો ઉમરહ-ઝિયારત પ્રવાસ હતો. જેમાં મેં ચાર દેશોની ઝિયારતો અદા કરી. સઉદી અરબમાં મક્કા-મદીના, સીરીયામાં દમિશ્ક. ઈરાકમાં કરબલા, નજફે અશરફ, સામર્રા, કાઝમૈન, બગદાદ, વગેરે સાથે બીજા કેટલાક નાના શહેરો પણ સામેલ છે. ઈરાનમાં કુમ, મશહદ, નિશાપુર, અને તેહરાનનો પ્રવાસ કર્યો.

અમારા સાલારે કાફલા એક બાહોશ અને ઉત્સાહી યુવાન જનાબ શાબાનઅલી કાણોદરવાલા હતા. જેઓનું સરનામું નીચે પ્રમાણે છે.

આ ઉત્સાહી નવયુવાન કાફલાના દરેક કમજોર અને ઉમરરસીદહ વ્યક્તિઓનો ખૂબ જ ખ્યાલ રાખતા. મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાં પણ કદી અકળાતા નહિ. પોતે છેલ્લા ૨૦ વર્ષથી હજ અને ઝિયારતના કાફલાઓ લઈને જાય છે. જેથી એમની દરેક જગ્યાએ બહોળી ઓળખાણો અને બહોળો અનુભવ ઝવ્વારો માટે ઘણો જ રાહતરૂપ બને છે.

**અમારા કાફલાના સાથીઓમાં નીચેની મુખ્ય વ્યક્તિઓ હતી.**

(૧) મૌલાના મોહંમદ અસફાક સાહેબ - લખનવ - એકલા જ હતા.

(૨) જનાબ ડૉ. આબીદ મોમીન સાહેબ M.B.B.S. તથા તેમના અહલીયા લીલજપુર - ધોળકા

(૩) જનાબ હોં ડૉ. અબ્દુર્રહીમ મોમીન સાહેબ - તથા તેમના અહલીયા-ધોળકા

(૪) ઈલ્યાસભાઈ ગુલામરસૂલ મોમીન તથા તેમના મિસિસ ધોળકા

(૫) જનાબ સાદીકભાઈ કાણોદરવાળા તથા તેમના મિસિસ

(૬) રાજાભાઈ મોમીન - કાણોદર

(૭) જનાબ આબીદભાઈ સૈયદ - વટવા સાથે તેમની નાની દીકરી ઝયનબ

ઉપરાંત કેટલાક સાથીઓ બેંગલોર, મદ્રાસ જેવા દક્ષિણ ભારતના શહેરોના હતા. સાથીઓમાં ઈતેફ઼ાક અને મનમેળ ખૂબ હતો એ અમારી ખુશનસીબી ગણાય.

ઘણા સમયથી મારો ઈરાદો અને દુઆ હતી કે અલ્લાહ મને હજ અને ચૌદ માસુમીનની ઝિયારતો નસીબ ફરમાવે. અલ્લાહે મારી આ દુઆ કબૂલ ફરમાવી. સપ્ટેમ્બર-૨૦૦૦ની સાલમાં ધોળકા જિ. અમદાવાદના એક મિત્ર ડૉ. આબીદ મોમીન સાહેબ અને બીજા એક મિત્ર ડૉ. અશગરઅલી સાહેબ કાણોદરવાળા (હાલ લંડન) આ બંને મિત્રોએ મને તૈયાર કર્યો. આ બંને મિત્રોનો હું ખાસ શુક્રગુજાર છું. જોકે જનાબ ડૉ. આબીદ મોમીન સાહેબ ધોળકાવાળા તો તેમના માનનીય અહલીયા મોહતરમા ઝેહરાબેન સાથે ઉમરાહ - ઝિયારતોમાં અમારી સાથે જ હતા.

જેમાં મદીનામાં ૮ દિવસ, મક્કામાં ૭ દિવસ, સીરીયામાં ૫ દિવસ, ઈરાકમાં ૧૩ દિવસ

અને છેલ્લે ઈરાનમાં ૧૨ દિવસનો પ્રોગ્રામ હતો. પરંતુ મારા બે દીકરા મૌલાના શબ્બીરઅહમદ અને મૌલાના હુસૈનઅહમદ ઈરાનના મશહદ શહેરમાં ઈલ્મ શીખતા હોઈ, હું છેલ્લે કાફલાથી છૂટો પડી ઈરાનમાં ૭ દિવસ વધુ રોકાયો. આમ મારું ઈરાનનું રોકાણ ૧૯ દિવસનું થયું.

ઘણાંબધા મિત્રોનો એવો આગ્રહ હતો કે હું મારા ઉમરાહ-ઝિયારતો વિશે કંઈક લખું. આ આગ્રહને વશ થઈ હું આ કિતાબ લખવા પ્રેરાયો.

મારો ઈરાદો નાની પુસ્તિકા લખવાનો હતો. પરંતુ જ્યારે હું લખવા બેઠો ત્યારે અનેક વિષયો મારી દ્રષ્ટિ સમક્ષ આવતા ગયા. મહબ્બતે એહલેબયતમાં હું આ ઐતિહાસિક અતિ પવિત્ર જગ્યાઓના ટૂંકા ઈતિહાસને છોડી શક્યો નહિ. બધી

જ ઝિયારતોમાં મેં ત્યાંના બુઝૂર્ગો વિશે થોડી થોડી માહિતી જરૂર આપી છે. તે સિવાય આ સમગ્ર લખાણ દરમ્યાન મારી દ્રષ્ટિમાં અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર ખાસ રહ્યો છે. ફક્ત એટલું જ નહિ કે હું ઝિયારતોમાં આ જગ્યાએ ગયો, પેલી જગ્યાએ ગયો, ફક્ત આ જ હેતુ નથી રહ્યો. પરંતુ સમગ્ર કીતાબ દરમ્યાન હંમેશા મારી દ્રષ્ટિમાં ખુદાની વહદાનીયત, રસૂલની રીસાલત અને અલીની વિલાયત રહી છે.

મેં મારી આ કીતાબમાં ફક્ત શીયાઓને જ દ્રષ્ટિ સમક્ષ નથી રાખ્યા. પરંતુ બિનશીયા બિરાદરીને પણ દ્રષ્ટિ સમક્ષ રાખી છે. જેથી કેટલીક ઊંડી ચર્ચાઓ પણ કરી છે. મારી કીતાબનો વાચક દીને મોહંમદીનો ચાહક બને, આ વાતને મેં

દ્રષ્ટિસમક્ષ રાખી છે. જોકે આ કીતાબમાં મેં નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ વગેરે અહકામાતની સીધી ફઝીલતો નથી વર્ણવી. પરંતુ મને અલ્લાહની ઝાતેપાકથી મજબૂત ઉમ્મીદ છે કે મારી આ કીતાબના વાચકના દીલમાં સમગ્ર દીનની મહબ્બત પેદા થશે, અને તે દીનના બીજા અહકામાત ઉપર પણ અમલ કરતો થઈ જશે. ઈન્શાઅલ્લાહ.

એહલેબયતની મહબ્બત સાથે જુલ્મથી નફરત, અદલો ઈન્સાફ, રહમદીલી, જેવા ઈન્સાની ગુણોને પણ કીતાબમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આવરી લીધા છે. દરેક પવિત્ર જગ્યાનું મહવ વર્ણવવાનું હું ચૂક્યો નથી. જે તે જગ્યાની ઝિયારત કરતી વખતે તે જગ્યાનું દીની ઐતિહાસિક મહવ વાચકની દ્રષ્ટિ સમક્ષ આવે જેથી ઝવ્વારને હુઝૂરેકલ્બી નસીબ થાય.

હું મારા ધ્યેયમાં કેટલો કામ્યાબ રહ્યો છું. તે તો વાચક વર્ગ જ કહી શકે. મારી દરેક કીતાબને અલ્લાહે પોતાના બંદાઓમાં મકબુલીયત બક્ષી છે. અલ્લાહ મારી આ કીતાબને પણ કબૂલ ફરમાવે અને શીયા-બિનશીયા બંને બીરાદરી માટે હીદાયતનો ઝરીઓ ફરમાવે. એવી ચૌદહ માસુમીનના સદકામાં દુઆ સાથે છૂટો પડું છું.

આ કિતાબના પ્રકાશનમાં મદદરૂપ થનાર બધા જ મોઅમિન ભાઈઓનો ખૂબ ખૂબ આભાર...

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહંમદીંવ વ આલે મોહંમદ.

**ગુનેહગાર**

**ઈબ્રાહીમ બી. પટેલ (ભરૂચ)**

# પ્રકરણ – ૧ : મારો ઉમરહ પ્રવાસ

## બિસ્મીલ્લા હિર્રેહમા નિર્રેહીમ

અલ્લાહે પોતાની રહમતથી પોતાનો કરમ અને ફઝલ મારી ઉપર ફરમાવ્યો કે મને ઉમરહ ઝિયારતોનો મોકો પ્રાપ્ત થયો. પહેલાં કદી સઉદી અરબ ગયો ન હતો. પરંતુ તેના વિશે ઘણું ઘણું સાંભળ્યું હતું. ઘણું ઘણું વાંચ્યુ હતું. પરંતુ પ્રથમ વખત પ્રત્યક્ષ આ મુબારક સરજમીનને જોવાનો મોકો અલ્લાહે મારા જેવા નાલાયક-ગુનેહગારને આપ્યો તે બદલ હું મારા તે સર્વે મિત્રોનો ઋણી છું, જે મિત્રોએ મને તૈયાર કર્યો, મારી મદદ કરી.

અરબસ્તાન પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ની જન્મભૂમિ છે. હઝરત આદમ (અલ.)થી

લઈને હઝરત મોહંમદ (સલ.) સુધીના સવા લાખ નબીઓના કદમ મુબારક એ પવિત્ર સરજમીન ઉપર પડેલા છે. આ પવિત્રભૂમિ હજારો નબીઓનું આશ્રય સ્થાન છે. આ જ પવિત્ર સરજમીનની શફા પહાડી ઉપર અલ્લાહે હઝરત આદમ (અલ.) અને મરવા પહાડી ઉપર હઝરત હવ્વાને ઊતાર્યાં હતાં. આ પાક જમીન પેગંબરે ઈસ્લામ (સલ.)ની આરામગાહ છે, આ પાક જમીન ઈસ્લામનું જન્મસ્થળ છે. ઈસ્લામનો જોશ અને વહીએ ઈલાહીની વર્ષાનું આ જ કેન્દ્રસ્થાન છે. હઝરત જિબ્રઈલ જેવા મહાન ફરિશ્તા આજ સરજમીન ઉપર અનેક વખત વહીનો સંદેશ (કુર્આન) લઈને પધાર્યા છે. આ પવિત્ર જમીન ઉપર અનેક નબીઓનું લોહી વહ્યું છે. અરે ! હઝરત મોહંમદ

(સલ.) સરદારે અંબિયાનું લોહી વહ્યું છે. અનેક સહાબાનું લોહી પણ આ પવિત્ર જમીન ઉપર વહ્યું છે.

આ જ પવિત્ર અરબસ્તાનમાં અલ્લાહનું ઘર કાબતુલ્લાહ છે. અને રસૂલે ખુદા (સલ.) પણ અહીં જ આરામ ફરમાવી રહ્યા છે. આ જ સરજમીન ઉપર ઈસ્લામની પ્રથમ જંગ, જંગે બદર લડાઈ હતી. ઈસ્લામની બીજી જંગ ઓહદનો પહાડ આજે પણ રસૂલના ઝખ્મી થયેલા સરમુબારકનો તથા શહીદ થયેલ દાંતમુબારકનો સાક્ષી છે.

ગઝવહ બનુ મુસ્તલીક, ગઝવહ ખન્દક, ગઝવહ બનુ કુરૈઝા, સુલહે હોદબીયાહ, જંગે ખયબર, દઅવતે બનુ ખુઝયમા, ગઝવએ હોનૈન,

ગઝવએ તાઈફ, ગઝવએ તબૂક, વગેરે ઈસ્લામની જંગો આ પવિત્ર સરજમીનની સાક્ષી છે.

સુલહે હોદબીયાહ પણ આ પાક સરજમીન ઉપર થઈ હતી. આ જ મુબારક જમીન ઉપર રસુલેખુદા (સલ.)ના 'એલાને ગદીર' ના શબ્દો પણ ગુંજી રહ્યા છે. ૨૫ ઝિલકદ હિજરીસન ૧૦માં પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.) આપના સહાબા સાથે હજ માટે મદીનએ પાકથી રવાના થાય છે. અરકાને હજ અદા કરી રસૂલે ઈસ્લામ હજારો સહાબાના સંગાથે ૧૪ ઝિલ્હજના રોજ મક્કાથી મદીના પાછા ફરે છે. રસ્તામાં ગદીરના સ્થળે ખુદાના હુકમથી રોકાય છે. ૧૮ ઝિલ્હજના મુબારક દિવસે મુસલમાનોને એકત્ર કરી ખુત્બો

આપે છે. પછી હઝરત અલી (અલ.)ને મિમ્બર ઉપર ઊંચા કરી ફરમાવે છે.

**"મન કુન્ત મૌલાહો ફહાઝા અલીય્યુન મૌલાહૌ"**

**"જેનો હું મૌલા છું અલી પણ તેના મૌલા છે."**

આ જ અરબસ્તાનની સરજમીન 'એલાને ગદીર'ની પવિત્ર ભૂમિ છે.

પવિત્ર સરજમીન ઉપર અલ્લાહનું ઘર કાબતુલ્લાહ છે. દુનિયાભરના કરોડો મુસલમાનો આજે ચૌદસો વર્ષોથી આ ઘર તરફ પોતાનું મોઢું રાખીને નમાઝ પઢે છે.

આવી પવિત્ર સરજમીન ઉપર પહોંચવાનો લ્હાવો અલ્લાહે મને આપ્યો તેની ખુશીનો અંદાજો કોણ લગાવી શકે છે ? મારી વર્ષો જુની ઈચ્છા આજે પરિપૂર્ણ થવાની હતી. સોમવાર તા. ૧૮મી

સપ્ટેમ્બર - ૨૦૦૦ના રોજ હું અને મારાં અહલીયા બંને ભરૂચથી મુંબઈની ગાડીમાં બેઠાં. તા. ૧૯નો મંગળવારનો દિવસ મુંબઈમાં પસાર કર્યો. બહેરામબાગ જોગેશ્વરી વેસ્ટમાં રહેતા મારા મિત્ર જનાબ કમરઅલી દાઉદભાઈ પલસાનીયાના ઘરે રોકાયો. તેમના પત્ની ઝોહરાબેન અને તેમના સંતાનોએ અમારી ખૂબખૂબ સેવાચાકરી કરી. સાંજની દઅવત જનાબ હોં ગુલામરસૂલ કડીવાલા સાહેબને ત્યાં હતી. રાતની બેઠક જનાબ હોં અહમદભાઈ સેક્રેટરી કાણોદરવાળાને ત્યાં ગોઠવાઈ. ત્યાં ચા નૌસી થઈ. બુધવાર તા. ૨૦ સપ્ટેમ્બર - ૨૦૦૦ના રોજ સવારે છ વાગ્યે અમારું વિમાન ઉપડવાનું હતું.

અમારી ટૂરમાં કુલ ૩૦ વ્યક્તિઓ હતી. અમારા ગ્રુપ લીડર શાબાનઅલીભાઈ કાણોદરવાળા હતા. (અલ રઝા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ ઓશીવરા ગાર્ડન રોડ ૫એ /૭ કરીમી એપાર્ટમેન્ટ કરીમી પાર્ક, જોગેશ્વરી વેસ્ટ મુંબઈ - ૪૦૦૧૦૨ ફોન નં. ૬૭૮૮૩૪૨ મોબાઈલ - ૯૮૨૧૧ ૪૩૦૦૫) તેમની પ્રથમ મુલાકાત મુંબઈના એરપોર્ટ ઉપર થઈ. આ ઊંચા કદના મરતાવડા સ્વભાવના યુવાનને મળી ઘણો ખુશ થયો. વિમાન ઉપડવાને હજી કલાકેકની વાર હતી. ગ્રૂપના સાથીઓ એકબીજાની ઓળખાણ કરતા હતા, તે દરમ્યાન અમારા ગ્રૂપમા એક મૌલાના છે તે જાણી મને ઘણો આનંદ થયો. અમારા ગ્રૂપ લીડર શાબાનઅલીભાઈ મૌલાનાને લઈને મારી પાસે આવ્યા. અમારી બંનેની

ઓળખાણ કરાવી. તે હતા મૌલાના મોહંમદ અસફાક સાહેબ ઝાકિર લખનવના વતની હતા. ત્યાંની મુસ્લિમ કોલેજમાં ફારસીના ટીચર તરીકે ફરજ બજાવતા હતા. મૌલાના મોહંમદ અતહર સાહેબ (ઝાકિર મુગલ મસ્જિદ ડોંગરી)ના નાના ભાઈ તરીકે ઓળખાણ કરાવી.

મૌલાના મોહંમદ અસફાક સાહેબને મળીને મને ઘણી જ ખુશી થઈ. મૌલાના હસમુખા અને વાચાળ પ્રકૃતિના માણસ હતા. સખી પણ એટલા જ હતા. આલિમ વાચાળ હોવો જ જોઈએ. જેથી ઈલ્મનો ફેલાવો થાય. મુંબઈથી જ મારે મૌલાના સાથે દોસ્તી થઈ ગઈ. તે આ જ સુધી ચાલુ છે. અમને ઝિયારતોમાંથી છૂટા થવાને માંડ એક મહિનો

થયો છે. પરંતુ મૌલાનાની ફોન ઉપર મુલાકાત ચાલુ છે. પત્રવ્યવહાર પણ ચાલુ છે.

અમો યમન એરમાં બેઠા હતા. જેથી લગભગ ત્રણ કલાકે અમારું વિમાન યમનના શહેર શનાના એરપોર્ટ ઉપર ઊતર્યું. લગભગ ૩ કલાક શનાના એરપોર્ટ ઉપર પસાર થઈ ગયા. કસ્ટમ વગેરેની વિધિ તથા સહીસિક્કા પત્યા બાદ બીજા યમન એરમાં ગોઠવાયા. લગભગ દોઢ કલાકમાં ઝિદ્દાના એરપોર્ટ ઉપર ઊતર્યા ત્યાં પણ કસ્ટમ - સામાન - ઈમીગ્રેશન વગેરે વિધિમાં ખાસ્સો સમય પસાર થઈ ગયો. તે દરમ્યાન અમો ઝહોરૈન અદા કરી. અમો છેક બપોર બાદ ઝિદ્દાહથી મદીના જવા બસમાં રવાના થયા. ઝિદ્દાની બહાર નીકળતાં પણ સરકારી વિધિ પતાવવાની હોય છે. તેમાં પણ ૧

કલાક પસાર થઈ ગયો. ઠેકઠેકાણે સઉદી સરકારની હેરાનગતિ થતી જોવા મળી. ૮ કલાકનો બસ સફર હતો. બે અરબી ડ્રાઇવરો હતા. બંને અંદરોઅંદર ખૂબ જ વાતો કરતા હતા. તેમાં વળી એક ડ્રાઇવર ઝિદ્દાની સરહદ નજીક બસ ઊભી રાખી પોતાની કંઈક ઊઘરાણી કરવી છે, કહીને ક્યાંક ચાલી ગયો. ૧ કલાક બાદ તે આવ્યો, અમો સર્વે ખૂબ ભૂખ્યા થયા હતા. મુંબઈમાં ફજરના ચાર વાગ્યે ઊતાવળથી થોડોક નાસ્તો કર્યો હતો. ઝિદ્દાના એરપોર્ટ ઉપર કોઈકે કાંઈક વળી ચા વગેરે કંઈક લીધું હશે.

અમારા સાલારે કાફલા શાબાનઅલીભાઈ નજીકનાં નાસ્તા હાઉસમાંથી પાંવરોટી સાથે કબાબ લઈ આવ્યા. સાથે ઠંડુ પીણું પણ. કહેતા હતા કે

ભાવે કે ન ભાવે ખાય નાખો, હજી મદીના પહોંચતા રાત પડી જશે. સફરમાં તો આમ જ ચાલે. જેમ તેમ નાસ્તો પતાવ્યો. એટલે પેલો ડ્રાઇવર આવી ગયો. અને બસ મદીનાના રસ્તે દોડતી થઈ. રાતે ૯ વાગ્યે મદીના પહોંચ્યા. ચાલુ બસમાંથી મૌલાનાએ મસ્જિદે નબવીના ગુંબજો બતાવ્યા. વધુ નજીક આવતાં જન્નતુલ બકીઅનું કબ્રસ્તાન જોયું. જ્યાં સદંતર અંધારું હતું. એક પણ લાઇટ ન હતી. અમો બધા જ ઊંચા અવાજે સલવાત પઢતા હતા. દુઆ પણ માગતા હતા. હરમની નજીકની એક સારી હોટલમાં ઊતારો લીધો. નમાઝે મગરીબ અદા કરી. અમારો રસોઈયો ખાવા પકાવી રહ્યો હતો. બધા ખૂબ જ થાકી ગયા હતા. ખાવા તૈયાર થતાં તે પતાવી, બધા સૂઈ ગયા.

ફજર અગાઉ નમાઝે સબ માટે ઊઠ્યો. નાહી-કપડાં બદલી એકદમ ઉત્સાહ ઉત્તેજના જીવનના એક અનેરા આનંદ અને અવર્ણનીય પ્રફૂલ્લતા સાથે મેં મસ્જિદે નબવીમાં કદમ મૂક્યો. હૃદય એટલું બધું ફળફળ થતું હતું કે જાણે ભાન ભૂલી ગયો હતો. રોઝા મુબારક ઉપર ગયો. રસૂલના રોઝા મુબારકની જાળીને અડવાનો કે હાથ બાંધીને ઊભા રહેવાનો કે દુઆની જેમ હાથ ઉઠાવીને કંઈ પઢવાનો અહીં ગર્વનમેન્ટનો હુકમ નથી. તેમની દ્રષ્ટિએ આ બધું શીર્ક છે. છતાં પણ મેં હાથ ઊંચા કર્યા હજી તો "યા રસુલુલ્લાહ" શબ્દ જ બોલ્યો, ત્યાં તો પોલિસે મારા હાથના પંજા પકડી તેને નીચે કર્યા સીધા જ હાથ રાખો એમ સમજાવ્યું. બીજો હુકમ આપ્યો કે નજીક ઊભા ન રહો, ચાલતા જ

રહો, ઘણે દૂરની જગ્યા બતાવી ત્યાં ઊભા રહો, કંઈક પઢવું હોય તો ત્યાં જ ઊભા રહીને પઢો. હું થોડેક દૂર જ્યાં બીજા લોકો પણ ઊભા હતા ત્યાં ઊભો રહ્યો. ખૂબ રડ્યો. ખૂબ દુઆઓ માગી. ત્યાં પણ હાથ ઉઠાવીને તો ન જ પઢી શકાય.

હું મારા યુવાની કાળમાં લગાતાર ૧૮ વર્ષ સુધી એહ્લેસુન્નતના મદ્રસાનો સદર મુદરસ રહ્યો છું. મદ્રસાની ઉપલી કલાસ પઢાવતો હતો. જેમાં ધો. ૭/૮ના વિદ્યાર્થીઓ હોય છે. મારા હાથ નીચે બીજા ચાર મુદર્રીસો કામ કરતા હતા. જો કે તે સાથે હું પ્રાયમરી ડીપાર્ટમેન્ટમાં સરકારી શિક્ષક તો હતો જ. રસૂલે અરબી (સલ.)નું જીવન ચરિત્ર મેં ઉર્દૂમાં મદ્રસાના બાળકોને ખૂબ પઢાવ્યું હતું. વરસો સુધી પઢાવ્યું હતું. કુર્આન અરબી સાથે ઉર્દૂ કીતાબો

પઢાવવાનો એહલેસુન્નત બિરાદરીમાં સારો રિવાજ છે. જેથી મદીનએપાકની જમીન એના પહાડો, એનું આકાશ, મસ્જિદે નબવી, તેની આસપાસનો વિસ્તાર વગેરે જોઈને જાણે પેગંબરે ઈસ્લામના જમાનાનું મદીના કેવું હશે તેનો ચિતાર મારા દિમાગમાં ચાલતો હતો. રસૂલલ્લાહ (સલ.)ના જમાનાની બધી જ જંગો અને ત્યારબાદના ખલીફાઓના સમયગાળામાં લડાયેલી જંગોના ઈતિહાસથી બખૂબી વાકેફ હતો. હઝરત રસૂલેપાક (સલ.) આપની એકલોતી સંતાન હઝરત ફાતેમા મઝલૂમા સલ્લમહા અલયહા, હઝરત અલી (અલ.) તથા હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈન (અલ.)ના કદમ મુબારકની આ ધરતી ગવાહ હતી. આ બુઝૂર્ગ

હસ્તીઓના શ્વાસ મુબારકની ત્યાંની હવાઓ પણ ગવાહી આપતી હતી.

જાળી મુબારકથી દૂર ઊભા રહી યા રસુલુલ્લાહ ! આ શુ હાલત છે કે આપના રોઝા મુબારકની પાસે પણ આ લોકો અમને ઊભા રહેવા દેતા નથી. આંખોમાંથી વહેતી અશ્રુધારાને હાથરૂમાલ વડે લૂંછતાં, મારા રૂદનને છુપાવતો હું થોડેક નજીક ગયો, તમન્ના તો આ હતી કે આ જાળી સાથે ચોંટી જાઉં. જાળીમાં ઝાંકીને રસૂલુલ્લાહ (સલ.)ને ફરિયાદ કરૂં કે યા રસૂલુલ્લાહ ! અમારી મદદ ફરમાવો, આ વસંતના પરીન્દાઓની ચિચિયારીઓ સાંભળો, આ સુફયાનિયત તો ફરીથી સજીવન થઈ ગઈ છે. યા રસુલુલ્લાહ ! ફરીથી તે દુઆ કરો જે દુઆ આપે બદરમાં, ઓહદમાં અને

હોનૈનમાં કરી હતી. મને નજીક આવતો જોઈ ફરીથી માથે લાલ રૂમાલ વીંટાળેલો એક સરકારી પોલિસ મારી પાસે આવ્યો, શીર્ક, હોં શીર્ક, હાથ નીચા. મેં ફરીથી હાથ નીચા કર્યા અશ્રુધારાને તો તે રોકાવી શકતો ન હતો. આમા કશું અનઅપેક્ષિત તો હતું જ નહિ. બધું જ હું જાણતો હતો. છતાંય વ્યક્તિ પોતાના દીલી જઝબાતને રોકી શકતો નથી. બીજું હું વિચારતો હતો કે અડધી જિંદગીમાં અલ્લાહે મને આ અતિપવિત્ર જગ્યાએ આવવાનો મોકો આપ્યો છે. સાત દિવસ પછી તો મારે મારા પ્યારા રસૂલનું પ્યારું શહેર મદીના શરીફ છોડવાનું છે. પછી કોણ જાણે ક્યારે ખુદા લાવશે ત્યારે આ પવિત્રભૂમિના દર્શન થશે.

મારે નમાઝે શબ પઢવાની હતી. થોડેક દૂર એક થાંભલાની બાજુમાં નમાઝે શબ શરૂ કરી, ખૂબ જ ઈત્મીનાન સાથે હુઝૂરેકબલી સાથે નમાઝમાં હાથ ઊઠાવી દુઆ કરી. હંમેશા (મોટેભાગે) નમાઝમાં જ દુઆ કરવાની મારી આદત રહી છે. નમાઝની બહાર હું બહુ ઓછી દુઆ કરતો હશે. મારી આ પદ્ધતિ નમાઝમાં પહોળા પગે ઊભા રહેતા આ લોકોની નફરતનું કારણ ન બની જાય તે માટે પણ દુઆ કરી, હું થાંભલાને અઢેલીને બેઠો. રાતે ઘણી જ ઓછી ઊંઘ લીધી હતી. શરીર અતિશય કળતર કરતું હતું. પરંતુ જઝબાતને કેવી રીતે રોકી શકું.

ફઝરની તૈયારી હતી અઝાન થઈ રહી હતી. મેં વિચાર્યું કે બેસવાની જગ્યા બદલી નાખું, જેથી રોઝે અતહર તરફ દ્રષ્ટિપાત થઈ શકે.

સઉદી એહલે હદીસ મુફતીઓની નમાઝ પણ અજીબ પ્રકારની હોય છે. કેટલાક અરકાનોમાં તેઓ બિનજરૂરી વાર લગાડે છે. કારણ ગમે તે હોય પરંતુ અલહમ્દો પૂર્ણ કર્યા પછી ઘણો સમય અટકીને ઊભા રહે છે પછી બીજી સુરત પઢે છે. એટલા સમયમાં બીજીવાર સુરએ ફાતેહા પઢી લેવાય. કારણ તેઓની દ્રષ્ટિએ નમાઝની દરેક રકાતમાં (ઈમામની પાછળ પણ) સુરતે ફાતેહા પઢવી જરૂરી છે. અત્યારે હું ફિકહની બહસ કરતો નથી. પરંતુ નમાઝમાં મને ચક્કર આવતા હતા. એમ થતું હતું કે હું કદાચ પડી જઈશ. છતાંય જગ્યા બદલી રોઝે અતહર જોઈ શકાય અને આ સઉદી શેતાનો કોઈ વાંધો ન લે એટલો નજીક જઈને બેસી ગયો. હૃદયના ઊંડાણમાંથી ચા, ચા ની પોકાર ન

થાય ત્યાં સુધી હું ચા પીતો નથી. હવે તે પોકાર પણ થવા લાગી હતી. દવા પણ ખાવી હતી. છતાં પણ મને રોઝે અતહરને છોડવાનું દીલ થતું ન હતું.

વિચારોના વંટોળ અને આ ધરતી ઉપર ઈસ્લામની મજલુમીયત વચ્ચે કશું પણ ઈત્મીનાનથી પઢી શકતો ન હતો. રસુલુલ્લાહ (સલ.)ના જીવન પ્રસંગો મારી દ્રષ્ટિ સમક્ષ એવી રીતે આવી રહ્યા હતા કે જાણે કોમ્પ્યુટરની કી ખોલતાં સ્ક્રીન ઉપર લખાણ દેખાય છે.

# પ્રકરણ – ૨ : ખજૂરનો ઠળિયો અને બની ઇસરાઈલનો ગામડીયો

મને મારા બાળપણના જીવનપ્રસંગોમાંથી એક પ્રસંગ યાદ આવી ગયો. તેને વાગોળતાં વાગોળતાં હું ફરીથી રડી પડ્યો. જૂના સમયમાં ઘણા ઓછા માણસો હજ માટે જતા હતા. સ્ટીમર મુખ્ય સાધન હતું. આખા ગામમાંથી માંડ બે પાંચ માણસોને આ અનેરો લહાવો મળતો. તેમને આખું ગામ હોં સાહેબ કહેતું. આવા જ એક હોં હજથી પરવારી વતન આવ્યા. પિતોં મને સાથે લઈને તે હોં સાહેબને મળવા ગયા. અમોએ અવર્ણનીય અકીદત સાથે આબેઝમઝમ પીધું. પછી ખજૂરની ડીસ આવી. તે સમયમાં અરબ ઓમાનની ખજૂર આપણા બજારોમાં આટલી બધી હેરાફેરી ન હતી.

જેટલી અત્યારે જોવા મળે છે. પિતોંએ ડીસમાંથી એક કાળી ખજૂર મારા હાથમાં આપી કહ્યું કે બેટા, આ મદીનાનું ખજૂર છે. મેં તે દાણો ખાધો. તેનો ઠળીયો ખૂબ જ સાચવીને શર્ટના ખિસ્સામાં મૂક્યો. આ ઠળીયો બહાર ન ફેંકાય, બેઅદબી ગણાય, એવી હું અકીદત ધરાવતો હતો. મેં તે ઠળીયાને મુદત સુધી સાચવી રાખ્યો. ખિસ્સામાં રાખતો, વળી કંપાસબોક્ષમાં મૂકતો. શાળાના વિદ્યાર્થીઓને બતાવતો કે જુઓ આ રસુલુલ્લાહ (સલ.)ના શહેર મદીનાના ખજૂરનો ઠળીયો છે. હું તે ઠળીયા સાથે પણ મહબ્બત કરતો, હવે તે રસૂલના મદીનામાં, અરે તે રસૂલની મસ્જિદમાં હું આવ્યો હતો. આમ વિચારતો વિચારતો હું ચાલતો હતો. ગઈકાલની લાંબી સફરથી અને રાતના ઊજાગરાથી ખૂબ જ

થાકી ગયો હતો. ક્યાંક પડી ન જવાય તે ડરથી ધીમા પગલે ખૂબ જ સાવચેતીથી ચાલતો હતો.

આ જગ્યાએ મને બની ઈસરાઈલના એક ગામડીયાનો કિસ્સો યાદ આવે છે.

હઝરત મુસા (અલ.) એ પોતાની કોમ સમક્ષ એક મજલીસ પઢી, જેમા અલ્લાહની હમ્દ વ સના કરી, ઈન્સાનો ઉપર તેની વરસતી રહમતોનું વર્ણન કર્યું. આ મજલીસમાં એક ગામડીયો છોકરો-ગોવાળ પણ હતો. જે જંગલોમાં - પહાડોમાં ઘેટાંબકરાં ચરાવવાનું કામ કરતો હતો. મજલિસ પૂરી થતાં આ ગોવાળીયો પોતાના ઘેટાંબકરાં સાથે પહાડોમાં ગયો. એના દીલમાં ખુદાની મહબ્બત હતી. અલ્લાહની રહમતના - તે દયાળુ - કૃપાળુ ખુદાનું હઝરત મુસા (અલ.) એ કરેલું વર્ણન એને

યાદ આવ્યું. એને થયું કે આવો દયાળુ - કૃપાળુ ખુદા જો આપણી સમક્ષ આવે તો કેવું સારૂં. આપણે તેની સેવા તો કરીએ. તેણે આકાશ તરફ જોઈ હાથ ઊંચા કરી બોલવાનું શરૂ કર્યું.

“હે ખુદા તું કેટલો દયાળુ છે, કેટલો કૃપાળુ છે, કેટલો રહમદીલ છે, તું અમારી સાથે ઘણી જ મહબ્બત રાખે છે. મા-બાપ કરતાં પણ તારી મહબ્બત અમારી સાથે વધુ છે. એ ખુદા જો તું નીચે આવે તો હું તને દૂધ પીવડાઉ, સારું સારું ખવડાઉં, નવડાઉં, તારી ખૂબ જ સેવા કરૂં.”

ગામડીયો ગોવાળ આમ બોલી રહ્યો હતો કે અચાનક ત્યાંથી કોઈ વટેમાર્ગુ પસાર થયો. તેણે આ છોકરાની વાતો સાંભળી, ઠપકો આપ્યો. આમ ન બોલવા ધમકાવ્યો. બિચારા આ ગોવાળને આઘાત

લાગ્યો. વળી આ ડાહ્યા વટેમાર્ગુએ શહેરમાં જઈ હઝરત મુસા (અલ.)ને પણ આ ગોવાળ છોકરાની ફરીયાદ કરી.

હઝરત મુસાએ તેને બોલાવ્યો. થોડોક ઠપકો આપી સમજાવ્યો. અલ્લાહ કોઈપણ પ્રકારની શકલો-સુરતથી પાક છે. ખાવા-પીવા કે નહાવા-ધોવા, થાક, ઊંઘ, આરામ જેવી બધી જ અયબોથી પાક છે. તું ફૂઝ્ર કલામ બોલ્યો છે. માટે હવેથી આમ બોલીશ નહિ.

નબીની આ સૂચના ગોવાળે સ્વીકારી, પરંતુ પોતાની મુખાર્મીની નબીને ખબર પડી જવાથી તથા નબીના ઠપકાથી તેને ઘણો આઘાત લાગ્યો, ખૂબ જ નિરાશ થઈ ગયો, પોતે જાણે ઘણો મોટો ગુનો કર્યાનો એહસાસ હૃદયમાં પેદા થયો. વળી પોતાની

બેવફૂફાઈની ખબર નબીને થઈ ગઈ. જેથી તે ઘણો આઘાત પામ્યો. નિરાશવદને બીજા દિવસે ઘેટા-બકરાં ચરાવવા ગયો. ખામોશી અને નિરાશા સાથે ગૂપચૂપ એક ઝાડના છાંયડામાં બેઠો રહ્યો. એના હૃદયમાં એમ થતું હતું કે જો મારાથી કશું પણ બોલાઈ જશે, તો અલ્લાહ પણ નારાઝ થઈ જશે અને નબી પણ નારાઝ થશે. પછી તો હું હલાક જ થઈ જઈશ.

આ તરફ અલ્લાહની રહમતો જોશમાં આવી. હઝરત મુસા (અલ.) ઉપર વહી નાઝિલ થઈ “અય મુસા ! જાઓ અમારા બંદા (ગોવાળીયા) પાસે તેની માફી માગો, તેને કહો કે તારો ખુદા તારાથી જરાપણ નારાઝ નથી. બલ્કે તને ખૂબ જ ચાહે છે. અય મુસા ! તમારા તે માણસોને પણ સાથે

લઈ જાઓ. જેઓની હાજરીમાં તમે તેને ઠપકાર્યો હતો. તે નિરાશ થઈ ગયો છે. ભાંગી પડ્યો છે. જાઓ તેને કહો કે અમે તેને ચાહીએ છીએ."

હઝરત મુસા (અલ.) તરત જ પોતાના સહાબીઓ સાથે પહાડ ઉપર તે ગોવાળીયા પાસે ગયા. તેની માફી માગી, અલ્લાહનો સંદેશો તેને પહોંચાડ્યો.

તેનો ચહેરો ખીલી ઊઠ્યો, ખુશીના આવેશમાં રડવા લાગ્યો, હસવા લાગ્યો, હેં ! મારો ખુદા મારાથી નારાઝ નથી થયો, મારો ખુદા મારાથી રાજી છે, મારો ખુદા મારાથી રાજી છે. આમ વારંવાર બોલતો હતો.

આપણે પણ આ ઘટનાથી ઘણી જ ઈબ્રત લેવા જેવી છે. આપણે આપણા મિત્રોના,

સાથીઓના, જગતના માણસોના દીલ તોડી નાખીએ છીએ, અલ્લાહ ગુનાહોને માફ કરનાર ગફુરૂર્રહીમ છે. મારા જેવા સખ્તદીલ વ્યક્તિએ તો આવી ઘટનાઓને વારંવાર દોહરાવી બોધપાઠ લેવો જોઈએ.

અમારા સાલારે કાફલા શાબાનભાઈએ ત્રણેક વખત મારી હાજરીમા સૂચના આપી હતી કે, મદીનામાં, મક્કામાં, જિદ્દામાં કે અરફાતમાં મતલબ સઉદી હુકમતમાં કોઈપણ જગ્યાએ હુકુમતના માણસો સાથે રકઝકમાં ઊતરવું નહિ. એમના કાનૂનોને માન્ય રાખીને ચાલવું, નહીં તો આવી બહસ કરનાર વ્યક્તિ તો મુસીબતમાં પડશે જ, સાથે સાથે સમગ્ર કાફલાના માણસોને પણ મુસીબતમાં પડવું પડશે. તે વખતે મને એમ લાગતું

હતું કે શાબાનભાઈનો આ ઈશારો કદાચ બીજાઓ કરતાં મારા તરફ વધુ છે. તેમણે એક ઘટના પણ વર્ણવી હતી, તેનું વર્ણન હું આ જગ્યાએ જરૂરી સમજું છું.

શાબાનઅલીભાઈએ કહ્યું કે, "હું લગભગ ૨૦ વર્ષથી હજ ઝિયારતોના કાફલાઓ લઈને આવી રહ્યો છું. પ્રકાર પ્રકારના અનુભવો થયા છે. એક વખત મક્કામા અમો હરમની બહાર રોડ ઉપર ચાલતા હતા. મારા મિત્ર પણ મારી સાથે જ હતા. (જેમનું નામ ગામ હું ભૂલી ગયો છું.) એક સઉદી પોલિસે એકદમ તેમની છાતી ઉપરના ખિસ્સામા હાથ નાખ્યો. મારો મિત્ર હેબતાઈ ગયો. અચાનક આ શું થયું ? જોયું તો પોલિસવાળો "તમારી પાસપોર્ટ બતાવો." કુદરતી તે ખિસ્સામા જ પાસપોર્ટ

હતો. હસતાં હસતાં તરત જ બતાવ્યો. કારણ કે મારો મિત્ર તદ્દન સીદોસાદો નેક ઉપરાંત કાનૂનભંગ ન કરનારો માણસ હતો.

પેલા અબુજહલે પાસપોર્ટનું પહેલું પાનુ ખોલ્યું જેમાં તે અગાઉ આવ્યો હતો તે વીસાનો સિક્કો હતો. આ સિક્કો અને તારીખ જોઈ અબુજહલે કહ્યું કે, “આ વીસાનો સમય વીતી ગયો છે.” મિત્રે કહ્યું કે “ભાઈ તમે આગળ ફેરવો, પાનુ ઉલટાવો આ તો હું અગાઉ આવ્યો હતો તેની વીસાનો સિક્કો છે. આ વખતની વીસાનો સિક્કો તો પાછળ જ હોય.”

પણ સાંભળે તે કોનું નામ ? અબુજહલે મિત્રને પકડી જેલમાં મોકલી દીધો. એક માસ જેલ ભોગવી પહેરેલ કપડે જેલમાંથી સિધો જ વિમાનમાં બેસાડી ઈન્ડિયા મોકલી દીધો. તેનો સામાન ચીજો

શૂટકેશો જે કંઈ હશે તે બધું જ જ્યાં ત્યાં હોટલના ઊતારામાં પડેલું રહ્યું. મારા નેકદીલ વાચકો વિચારો ! કે આ કેવા જુલમ, આવા તો સેંકડો કિસ્સાઓ રોજના બનતા આવે છે. જે ધરતી ઉપરથી ઈસ્લામનો ઉદય થયો. રસૂલેખુદા જે ધરતી ઉપરથી જુલમ મીટાવવા આવેલા, તે ધરતી ઉપર જુલમ આજે સજીવન થઈ ગયો છે, કુર્આનના કાનૂનોને લાગુ કરવાની વાતો કરનારા જરા આ આલે સઉદના જાહીલોને જુઓ.

આ વાતો વિચારતો, વાગોળતો, હું હોટલ ઉપર આવ્યો, ચા મારી રાહ જોતી હતી. એક મોટો કપ ચા - થોડીક બિસ્કીટ સાથે દવા લીધી - મારા કાફલાના સાથીઓ બધા એક સાથે નાસ્તા પછી મસ્જિદે નબવીમાં જવાના હતા. કારણ કે અમારી

સૌની આ મદીનાની પ્રથમ સવાર હતી. પછી તો દરરોજ જ સવારમાં, બપોરે, સાંજે, રાત્રે, મતલબ જે કંઈ સમય વધુમાં વધુ મસ્જિદમાં વીતે એમ વિચારી મસ્જિદે નબવીમાં આવતો રહ્યો. દરરોજ બે વખત જન્નતુલ બકીઅમાં પણ જતો.

પ્રથમ દિવસે જ સવારના ચા નાસ્તાથી પરવારી જન્નતુલ બકીઅમાં ગયો. તે જન્નતુલ બકીઅ, જેમાં પ્યારા રસૂલ (સલ.)ની પ્યારી બેટી સૈયેદહ, માસુમા, મઝલૂમાની કબર મુબારક છે. આ મઝલૂમાનું મુબારક નામ જીભ ઉપર આવતાં કે વાંચતા, કે સાંભળતાં કોઈપણ મૌમીનની આંખો આંસુઓથી ડબડબ થઈ જાય છે. સ્ત્રીઓની આંખો તો રડતી એહલેબયતના ઝિક્રથી જ હોય છે. તેમની તો વાત જ નથી.

પ્યારા રસૂલ, ખાતેમુન્નબીય્યીન, રહમતુલ્લીલ આલમીન, હઝરત (સલ.)નો મુબારક વંશ હઝરત ફાતેમા સલ્લમહા અલયહાથી ચાલ્યો છે. હઝરત ફાતેમા ઈમાનનું બીજ છે. મારા પ્રિય વાચકો ! હઝરત ફાતેમા (અલ.)નો દરજ્જો તો સ્વયં રસૂલેપાક (સલ.) એ આ પ્રમાણે વર્ણવ્યો છે.

**"કાલન્નબીય્યો સલ્લેઅલ્લાહો અલયહે વસલ્લમ ફાતેમતો સય્યદતુન્નીસાએ અહલીલ જન્નત" અર્થાત** - "નબી (સલ.)નો ઈરશાદ છે કે "ફાતેમા જન્નતની ઓરતોના સરદાર છે."

(બુખારી શરીફ)

હઝરત ફાતેમા (અલ.)ની આરામગાહ જન્નતુલ બકીઅમાં છે. આપના પ્યારા ફરઝંદ બીજા ઈમામ હઝરત ઈમામ હસન ઈબ્ને અલી (અલ.)

ચોથા ઈમામ અલી ઈબ્નુલ હુસૈન (ઝયનુલ આબેદીન) (અલ.) પાંચમા ઈમામ મોહંમદ બાકીર (અલ.) અને છા ઈમામ જઅફર સાદિક (અલ.)ની આરામગાહો છે. આમ ચાર ઈમામો ઉપરાંત સૈયેદહ ફાતેમા (સલ.)ની કબરો જન્નતુલ બકીઅમાં આવેલી છે. ઉપરાંત ઉમ્મુલ બનીન સાથે બીજા અનેક બુઝૂર્ગવારો આ પવિત્ર ભૂમિ ઉપર હોવા છતાં જન્નતુલ બકીઅને તદ્દન વેરાન, અંધકારમય રાખવામાં આવે છે. આ માસુમોની કબરોની જગ્યાએ પથ્થરોની નિશાનીઓ પડેલી છે. અનેક નેક સત્તાલેહ ઈન્સાનો તથા એહલેબયતે મોહંમદ ઉપરાંત સહાબાની કબરો પણ આ જ કબ્રસ્તાનમાં આવેલી હોવા છતાં આ કબ્રસ્તાનને સદંતર વેરાન રાખવામાં આવે છે. જ્યાં કોઈ ફૂલ છોડ, લીલોતરી

ઘાસ કે વેલવેલા જેવા નાના વૃક્ષો ઉછેરવાની વાત તો બાજુ ઉપર રહી, લાઈટનો બંદોબસ્ત પણ રાખવામાં આવતો નથી. કારણ કે આલે સઉદના મૂફતીઓના મસઅલા મુજબ કબ્રસ્તાનમાં અજવાળું ન હોવું જોઈએ.

લીલું ઘાસ, ફૂલછોડ, તથા ઝાડો જેવી લીલોતરી અલ્લાહનો ઝિક્ર કરતી હોવાની સ્પષ્ટ હદીસો એહલેસુન્નત કીતાબોમાં હોવા છતાં આ ઝિદ્દી મુફતીઓ તેને માનવા તૈયાર નથી. આ મુફતીઓના તોલમાપના ત્રાજવાં જુદાં જુદાં છે. શાહ અબ્દુલ અઝીઝ, શાહ સઉદ અને બીજા શાહી ખાનદાનના નબીરાઓની કબરો ઉપર તો બગીચા બનાવવામાં આવે. પરંતુ એહલેબયતે રસૂલની કબરોને વેરાન રાખવામાં આવે. આ જાલીમોએ જન્નતુલ બકીઅને

એવું વેરાન બનાવ્યું છે કે પેગંબરે ઈસ્લામના પ્યારાં બેટી ફાતેમા સલ્લમહા અલયહા તથા ઈમામ હસન (અલ.) ઈમામ અલી ઇબ્ને હુસૈન ઝયનુલ આબેદીન (અલ.) ઈમામ મોહંમદ બાકીર (અલ.) અને ઈમામ જઅફર સાદીક (અલ.) જેવી માસૂમ હસ્તીઓ ત્યાં આરામ ફરમાવી રહી હોવા છતાં એહલેબયતની દુશ્મનીમાં આ જગ્યાઓને સદંતર વેરાન રાખવામાં આવે છે. આ મઝલૂમીયત જોઈ આપણું હૃદય કકળી ઊઠે છે. ઈસ્લામની આ મઝલુમીયત ઉપર દરરોજના લાખો ઈન્સાનોના આંસુ ત્યાં વહી રહ્યાં છે.

અમો દરેક નમાઝ જમાત સાથે પઢતા. રસૂલે ખુદાની કબર મુબારકથી દૂર ઊભા રહી ઝિયારત પઢતા,

**રસૂલે ખુદા (સલ.)એ ફરમાવ્યું**

"મારી કબર અને મિમ્બરના દરમ્યાનની જગ્યા જન્નતના બાગોમાનો એક બાગ છે. અને મારો મિમ્બર જન્નતના દરવાજાઓમાંથી એક દરવાજો છે."

જેથી આ જગ્યાએ મેં વધુ નમાઝ પઢવાની કોશીશ કરી. પરંતુ અમૂક વખત ત્યાં એટલી ભીડ રહેતી કે નમાઝ પઢવાની જગ્યા મળતી ન હતી. છતાંય મેં મસ્જિદે નબવીમાં વધુમાં વધુ નમાઝ પઢવાની કોશીશ કરી, કારણ કે ત્યાં એક રકઅત નમાઝનો સવાબ હજાર રકઅત જેટલો મળે છે.

દરેક માસુમ અને ઈમામની ઝિયારત અલગ અલગ પઢી.

અમો દરરોજ રાતે જન્નતુલ બકીઅમાં જતા, જોકે જન્નતુલ બકીઅના દરવાજા તો ચોવીસ કલાક બંધ રાખવામાં આવે છે. ફક્ત સવારના બે કલાક અને સાંજે બે કલાક ખોલવામાં આવે છે. તે પણ ફક્ત પુરુષોને જ અંદર જવા દેવામાં આવે છે. અંદર સરકારી પોલિસ એવી રીતે વૉચ-પહેરો રાખે છે કે અંદર ઝિયારત - દુઆ - ફાતેહા પઢવા જનારાઓ જાણે બધા ગુંડાઓ - ચોરો હોય. અંદર કોઈને પણ વાંકા વળવાની છૂટ નથી. કોઈ બીમાર કે ઘરડો માણસ જો બકીઅની જમીન ઉપર બેસી જાય તો પોલિશ તરત જ તેની પાસે દોડી જાય છે. કોઈ હાથ ઊંચા કરીને દુઆ કરે તો તેને રોકે છે.

અંદર પાણી પીવા માટે નળ મૂકેલા છે. એટલું સારું છે.

મારા મક્કા-મદીનાના સમગ્ર પ્રવાસ દરમ્યાન મેં એટલું અનુભવ્યું કે આ સરકારી - પોલિસો અને બધા જ અધિકારીઓ ઝવ્વારો સાથે બેરહમીથી વર્તે છે. કદી હસતા કે ખુશમીજાજ દેખાતા નથી.

આ જ કબ્રસ્તાનમાં હઝરત રસૂલે ખુદા (સલ.)ના ફરઝંદ જનાબે ઈબ્રાહીમની કબર પણ છે. તેમજ જનાબ અબ્દુલ્લાહ બિન જઅફર અને જનાબ અકીલની કબર પણ છે. આ બંને કબરો એક જ સ્થળે છે. નિશાની રૂપે હાથથી ઉપાડી શકાય એવા કાળા પથ્થરો ત્યાં પડેલા છે. હઝરત અલી(અલ.)ના વાલીદહ મોહતરમાં હઝરત ફાતેમા

બિન્તે અસદ (સલામુ.) રસૂલે ઈસ્લામના મોટીમા જેવાં બુઝૂર્ગવાર ઓરત પણ ત્યાં જ આરામ ફરમાવી રહ્યા છે. હુઝુર પુરનુર પ્યારા પેગંબર (સલ.)ની નેક અઝવાજ જે આ ઉમ્મતની મા હઝરત ખદીજા (રઝિ.) છે તેઓ પણ આ જ કબ્રસ્તાનમાં આરામ ફરમાવી રહ્યાં છે.

તે ઉપરાંત આપ (સલ.)ના ફોઈઓ પણ અહીં જ દફન થયેલ છે. હઝરત અતીકહ, હઝરત સફીય્યહ, હઝરત ફાતેમા

વળી પેગંબરે ખુદાના ફરઝંદ હઝરત ઈબ્રાહીમ પણ અહીં દફન છે. તે સિવાય રસૂલે ઈસ્લામના ઘણાબધાં સગાંવ્હાલાં તથા પ્યારા અસહાબ વગેરે ઘણા બધાની કબરો પણ અહીં જ છે.

ચોવીસ કલાક લોકો બકીઅમાં નજરે પડે છે. આદમકદથી પણ ઘણી ઊંચી, મોટાં બાકોરાંવાળી સિમેન્ટની જાળી ચોતરફ લાગેલી છે. ચોવીસ કલાક લોકો આ જાળીઓને પકડી ફાતેહા-દુઆ અને ઝિયારતો પઢતા દેખાય છે. દરરોજના હજારો સ્ત્રીપુરુષોને વરસના ૩૬૦ દિવસ અને ચોવીસે કલાક આ જાળીઓને પકડી રડતા, પઢતા, દુઆ માગતા, જોશો. આ એક દીલકશ નઝારો છે. જે હજીય મારી દ્રષ્ટિ સમક્ષ જાણે હું જોઈ રહ્યો છું.

મદીનામાં (મક્કામાં પણ અમે આમ જ જોયું) મકાનો બાંધકામનો હેતુ માણસો માટે રહેઠાણો ઉપલબ્ધ કરવાનો નથી, બલ્કે મદીનાના પૌરાણિક સ્વરૂપને બગાડી નાખવાનો છે. પંદર પંદર વીસવીસ મજલાની ઊંચી ઊંચી હોટલો, મસ્જિદે

નબવીની ચોતરફ અને સમગ્ર મદીનામાં ઊભી કરવાનો હેતુ આષારે રસૂલ મીટાવવાનો છે. બસ રસૂલની નિશાનીઓ મીટાવી દો.

રસૂલે ઈસ્લામના તે મદીનાની જેનાથી ઈસ્લામના ઉદયકાળનો ઈતિહાસ સજીવન થઈ જાય, એવી કોઈ પણ વસ્તુ બાકી ન રહે, એ જ હેતુ આ વહાબીઓનો છે. બસ આષાર મીટાવો (નિશાનીઓ મીટાવો), અઝકાર મીટાવો (વર્ણન જ ન કરો), તારીખ બદલો (ઈતિહાસ બદલી નાખો), તફસીર બદલો (કુર્આનનું વિવરણ બદલી નાખો) એ જ હેતુ આ સઉદી વહાબીઓનો છે. જેઓ પોતાને એહલે હદીસ તરીકે જણાવે છે.

એહલે હદીસ જમાતની દ્રષ્ટિએ સમગ્ર ઉમ્મત કાફિર છે. હનફી, શાફઈ, માલીકી, હમ્બલી

અને જાફરી ફિકહોને માનનારી સમગ્ર ઈસ્લામી ઉમ્મતને આ લોકો કાફિર ગણે છે. જો આ લોકો એમ ન માનતા હોય તો ફતવો બહાર પાડીને પોતાનો અકીદો જણાવવો જોઈએ, કે તેઓ મજકૂર ફિકહોના માનનારાઓને મુસલમાન ગણે છે. જો કે આ લોકો બધાંને જીભથી કાફિર બોલતા નથી, કારણ કે તેઓ જાણે છે કે પોતે ચોખામાં કાંકરા બરાબર છે. એમની ખુશનસીબી એ છે કે તેઓ મક્કાના અને મદીનાના હાકેમ બની બેઠા છે. જોરજુલમથી હકુમત કરી રહ્યા છે.

મારી પોતાની અંગત જાણકારી, સઉદી વાહબી સાહિત્યનો અભ્યાસ, તથા તેમની સાથેની ઊઠકબેઠક દ્વારા હું સ્પષ્ટ અનુમાન ઉપર આવ્યો છું કે તેઓ પોતાનાથી વિરૂદ્ધ અકીદત ધરાવતી

(વિચારોથી અલગ) બધી જ ઉમ્મતને બિનમુસ્લિમ ગણે છે. તેમના માલને હલાલ ગણે છે અને ખૂનને જાઈઝ ગણે છે. એહલે સુન્નત બિરાદરીના ઓલમા પણ આ બાબત સંમત છે. જો એમ નથી તો ફતવા દ્વારા આ વાતનો ઈન્કાર કરી શકે છે. તેઓ જાહેર કરી શકે છે કે હનફી, શાફેઈ, માલીકી, હમ્બલી અને જાફરી બધી જ વિચારધારા ધરાવનાર લોકો મુસલમાન છે.

અમારી દ્રષ્ટિએ તે તમામ લોકો જેઓ લાઈલાહા ઈલ્લલાહ મોહંમદુર્રસુલુલ્લાહનો કલિમા પઢે છે. તવહીદ, રીસાલત, કયામત ઉપર યકીન રાખે છે. તે બધી જ ઉમ્મત ઉમ્મતે મુસ્લિમા છે. તેઓમાં દરજ્જા જરૂર છે, તેઓમાં એહલેબયતથી

મહબ્બત રાખનાર ઉચ્ચ દરજ્જાના મોમીનો છે. જેઓ જન્નતના ઉચ્ચોચ્ચ દરજે હશે.

ઊંચી ઊંચી ઈમારતો રસૂલે ઈસ્લામના રોઝા મુબારક અને મસ્જિદે નબવી તથા બકીઅની આસપાસ ઊભી કરવાનો તેઓનો હેતુ હરમેનના ઐતિહાસિક સ્વરૂપને બગાડી નાખવાનો છે. આ વહાબીઓ એમ ઈચ્છે છે કે સદરે ઈસ્લામના દોરની યાદને તોં કરે તેવી દરેક વસ્તુ નાબૂદ થઈ જાય, પછી ભલે આ હેતુ મુફતીઓના ફતવા વડે અમલમાં આવે કે પછી બુલડોઝરો ફેરવીને ફોલાદ અને રીઈન્ફોસ્ડ સીમેન્ટ વગેરેના વસીલાથી થાય. બસ મદીનાની ભૌગોલિક હૈસીયતને મીટાવી દો.

બકીઅનાં કબ્રસ્તાનની આસપાસ હજારો વરસ જૂના ખજૂરોના ઝૂંડો-બગીચાઓ હતા. તેમને

પણ આ લોકોએ નાબૂદ કરી દીધા છે. સરકાર દાદાગીરી કરીને લોકો પાસેથી તેઓની જમીનની માલીકી છીનવી લે છે. આ જમીનના માલિકો સરકારની સામે કદાચ થવા માગે તો પણ શું કરી શકે ? હથોડાની સામે મુઠ્ઠીનું શું ગજું ?

બીજા દિવસે ફરીથી મસ્જિદે નબવી વિશે વિચારતા વિચારતાં તેમા દાખલ થયો. રસૂલની પુરાણી મસ્જિદનું ચિત્ર દિમાગમાં ઉપસ્થિત થયું. તે ચિત્ર આ પ્રમાણે હતું.

હઝરત અબુ ઐયુબ અનસારીના મકાનની લગોલગ જે જમીન ઉપર મસ્જિદે નબવી બનાવવામાં આવી છે. તે જમીન અલ્લામા તબરસીના વર્ણાનુસાર કબીલા ખઝરજના બે યતીમોની મીલકત હતી.

આ બંને યતીમો અસઅદ બિન ઝરારહની પરવરીશમાં -દેખરેખમા હતા. પરંતુ ઈબ્ને ઝરીર તબરીનું કહેવું છે કે આ બંને યતીમોનો સંબંધ બની

નજ્જાર સાથે હતો, અને તેઓ મઆઝ બિન અફરાનીની દેખરેખમા હતા.

આ જમીન ઉપર કેટલાક ખજૂરના ઝાડો હતાં. ઉપરાંત જમાનએ જાહીલીયતની કેટલીક ઘણી જ પુરાણી ખંડિયર કબરો હતી. મતલબ જમીન વેરાન જેવી હતી. આ સમયે મુસલમાનો પાસે નમાઝ બાજમાઅત અદા કરવા માટે કોઈ મસ્જિદ ન હતી. જેથી પેગંબરે ઈસ્લામે ઈચ્છયું કે આ જગ્યાએ એક મસ્જિદ બનાવવામાં આવે. જે આપ (સલ.) એ અસહાબે અન્સારને કહ્યું કે “તમે લોકો આ જમીનના માલીકોને કહો કે તેઓ આપણને આ જમીન વેચાતી આપે. જેથી હું આ જગ્યાએ એક મસ્જિદ બનાવું.”

યતીમોથી વાત થઈ. તે બંને આ શરત ઉપર સંમત થયા કે કીંમત વગર અમો આ જગ્યા આપવા તૈયાર છીએ. પરંતુ રસૂલે ઈસ્લામે કીંમત વગર જમીન લેવા ઈન્કાર કર્યો.

છેવટે અસઅદ બિન ઝરારહ અથવા મઆઝ બિન અફરાઅના સમજાવવા ઉપર આ યતીમો કિંમત લેવા ઉપર રોં થઈ ગયા. જેથી સરકારે દોઆલમ (સલ.) એ દસ દિરહમ આપીને આ જમીન ખરીદી લીધી.

જ્યારે આ કાર્ય પતી ગયું તો પેગંબરે ઈસ્લામે અસહાબને ફરમાવ્યું "ઝાડો, ઝાખરાં કાપી નાખી, જમીન સમતલ બનાવો."

કીતાબ "મુસલમાનાને આલમ" ના લેખક મિસ્ટર એ. કે. હમીદ લખે છે કે "સૌપ્રથમ કાર્ય

રસૂલે ઈસ્લામે મદીના પહોંચીને કર્યું, તે મસ્જિદે નબવીનું બાંધકામ હતું. જેની દિવાલો કાચી માટીની ઈંટોથી બનાવવામાં આવી. ૨ મીટર ઊંચી હતી. ૩ મીટર ઊંચાઈ પર છત નાખવામાં આવી. ખજૂરના થડોનો થાંભલા તરીકે ઉપયોગ કરવામાં આવ્યો."

(મુસલમાનાને આલમ, ભાગ - ૧ પેજ નં. ૬૯)

ખાનએ કાબાને જો આ ઈજ્જત પ્રાપ્ત છે કે તેના બાંધનારા (કડિયા, મિસ્ત્રી, મજદૂર જે કહો તે) હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલ.) અને આપના ફરઝંદ હઝરત ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અલ.) હતા. તો મસ્જિદે નબવીને આ ઇજ્જત પ્રાપ્ત છે, બલ્કે એક ખાસ પ્રકારની ઉચ્ચોચ્ચ વિશેષતા પ્રાપ્ત છે કે એને બાંધનારા (કડિયા, મિસ્ત્રી, મઝદૂર જે કહો તે) ફખ્રે ખલીલુલ્લાહ, ફખ્રે અંબિયા હઝરત મોહંમદ

 amillibrary.com

મુસ્તુફા સલ્લેઅલ્લાહો અલયહે વસલ્લમ છે. આપે અન્ય મુસલમાનોને સાથે લઈ પોતાના મુબારક હાથોએ પથ્થરો, માટી ઊઠાવીને આ મસ્જિદનું બાંધકામ કર્યું હતું.

તારીખે તબરી લખે છે કે, “મસ્જિદે નબવી બનાવવાનું કામ આપ (સલ.) એ જાતે કર્યું, અસહાબ, અનસાર અને મુહાજેરોએ આપને સાથ આપ્યો.”

(તારીખે તબરી ભાગ-૨, પેજ નં. ૨૫૬)

ચાલીસ મીટર લાંબી અને પાંત્રીસ મીટર પહોળી આ દુનિયાની શ્રેષ્ટ મસ્જિદનો પાયો નાખવા માટે પ્રથમ પાવડો સ્વયં આપ (સલ.) એ પોતાના મુબારક હાથે ચલાવ્યો હતો. પેગંબરે ઈસ્લામનો જોશ હિંમત જોઈને સહાબા કેવી રીતે રોકાય શકે

છે? બધા જ સહાબા મુહાજેરીન, અનસાર, જેમા મોટા મોટા કબીલાઓના સરદારો, અમીર લોકો પણ સામેલ હતા. બધા જ કોદાળા, પાવડા સાથે આ મુબારક કામમાં લાગી ગયા. પાયો ખોદવા અને માટી કાઢવાનું કામ કરવા લાગ્યા. જે નાજૂક શરીરો ઉપર સુંદર કીંમતી પોશાક અને સુંદર કીંમતી અબાઓ અને માથા ઉપર કીંમતી અમામા રહેતા હતા. તે શરીરો અને માથાઓ ફખ્ર સાથે ધૂળમાં રગદોરાવા લાગ્યા.

તારીખે ઈબ્ને હિશ્શામ લખે છે કે, આ મુબારક કાર્યમાં સૌથી પ્રથમ નંબર હઝરત અમ્માર બિન યાસીર (રઝિ.)નો છે. જેઓએ રસૂલે ઈસ્લામની સાથે જ કામ શરૂ કર્યું.

ઈમામ કીસ્તલાની અને અલ્લામા ઝરકાની લખે છે કે, “બધા જ મુસલમાનો એક એક ઇંટ લાવતા હતા. (તે સમયની માટીની ઈંટો ઘણી લાંબી-પહોળી આવતી હતી.) પરંતુ હઝરત અમ્માર યાસીર (રઝિ.) બે બે ઈંટો ઊંચકીને લાવતા હતા. કહેતા હતા કે એક ઈંટ મારા ભાગની અને બીજી રસૂલે ખુદાના ભાગની લાવું છું. પેગંબરે ઈસ્લામ આપની સાથે રહેતા અને હઝરત અમ્મારના ખભા પરથી ધૂળ વગેરે સાફ કરતા. સાથે ફરમાવતા.

“અય અમ્માર, તમને મુબારક થાય, બધા માટે એક જ સવાબ છે. અને તમે ડબલ સવાબના હકદાર છો. અને દુનિયામાં દૂધ તમારો છેલ્લો ખોરાક હશે.”

(ઝરકાની પેજ નં. ૪૪૧)

અલ્લામા ઝરકાની આગળ લખે છે કે "બુખારી અને મુસ્લિમ તથા તીરમિઝીએ પણ લખ્યું છે કે આપ (સલ.) એ આ સમયે આમ પણ ફરમાવ્યું હતું કે, "અય અમ્માર ! તમને એક બાગી-નાફરમાન ટોળું કતલ કરશે, જો કે તમે તેમને જન્નત તરફ બોલાવતા હશો, અને તેઓ તમને જહન્નમ તરફ બોલાવતા હશે.

(ઝરકાની પેજ નં. ૪૪૧)

**તારીખે ઈબ્ને હિશ્શામના વર્ણાનુસાર પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું.**

"અમ્માર ! તમે મારી આંખો અને નાકના વચ્ચેના ભાગ જેવા છો, પરંતુ તમને એક નાફરમાન - બાગી ટોળું કતલ કરશે.

(તારીખે ઈબ્ને હિશ્શામ, ભાગ-૧, પેજ નં. ૧૬૬)

મોહદ્દીસ સિરોં "રોઝતુલ અહબાબ"માં લખે છે કે દરેક વ્યક્તિ એક એક ઈંટ ઉઠાવતો હતો. પરંતુ અમ્માર બે બે ઇંટો ઊઠાવતા હતા. આપ (સલ.) એ તેમના શરીર ઉપરથી ધૂળ સાફ કરતાં ફરમાવ્યું "અમ્માર મારી બે આંખોના બરાબર છે. પરંતુ અફસોસ કે તેમને એક બાગી ટોળું કતલ કરશે."

(રોઝતુલ અહબાબ, ભાગ-૧ પેજ નં. ૨૦૧ પ્રકાશન લખનવ)

મસ્જિદે નબવીના બાંધકામનું કાર્ય ઘણી જ ઝડપથી જોશ અને ઉત્તેજના સાથે લગાતાર ચાલુ રહ્યું, ફક્ત સાત જ માસમાં મસ્જિદ અને અઝવાજે રસૂલના (રસૂલ(સલ.)ની પત્નીઓ-ઉમ્મતની માઓ) મકાનો બનીને તૈયાર થઈ ગયા. તારીખે તબરીનું વર્ણન છે કે આ અગાઉ આપ (સલ.) કોઈ

ચોક્કસ જગ્યાએ નમાઝ પઢતા ન હતા. પરંતુ ગમે તે જગ્યાએ જ્યાં નમાઝનો વખત થઈ જાય, ત્યાં જ પઢી લેતા હતા.

(તારીખે તબરી ભાગ-૨ પેજ નં. ૨૮૬)

અલ્લામા શીબ્લી લખે છે કે, “આ મસ્જિદ કોઈપણ જાતના શણગાર વગરની અને ઘણી સાદા પ્રકારની હતી. કાચી માટીની દિવાલો, ખજૂરના થડના થાંભલા, ખજૂરના ઝાડના પાંદડા ઝાડીઓની છત. કીબ્લો બયતુલ મુકદ્દશ તરફ રાખવામાં આવ્યો હતો. પરંતુ જ્યારે કીબ્લો બદલાય ગયો ત્યારે ઉત્તરની તરફ એક દરવાજો મૂકવામાં આવ્યો, ફર્સ બિલકુલ માટીની હતી. વરસાદમાં કીચડ થઈ જતો હતો. એક વખત સહાબા નમાઝ પઢવા આવ્યા, તો પોતાની સાથે કાંકરીઓ લાવ્યા, અને

પોતપોતાની બેઠકની જગ્યાએ બિછાવી દીધી. પેગંબરે ઈસ્લામે આ વાત પસંદ કરી, જેથી પથ્થરની કાંકરીઓનું ફર્સ બનાવી દીધું. મસ્જિદની સામે એક ઓટલા જેવી જગ્યા હતી. જે ચબુતરાને શુફ્ફા કહેવામાં આવતો હતો. આ તે લોકો માટે હતો જેઓએ ઈસ્લામ કબૂલ કર્યો હતો. પરંતુ રહેવા માટે તેઓ પાસે ઘર ન હતું. કુટુંબ કબીલો પણ ન હતો.

(સીરતુન્નબી, પેજ નં. ૨૦૬)

અઝવાજના ઓરડા કાચી ઈંટોના હતા. જેમાના પાંચ હુજરા (ઓરડા) એવા પણ હતા જે ફક્ત ખજૂરની ટટ્ટીથી બનેલા હતા. ચારેતરફ ખજૂરના પાંદડાંની દીવાલ અને છત પણ ખજૂરના પાંદડાંની હતી. જે હુજરા કાચી ઈંટોના હતા તેમાં પણ અંદરના પડદા ખજૂરની ટટ્ટીઓના હતા.

ગોઠવણી આ પ્રકારની હતી કે ઉમ્મે સલમા, ઉમ્મે હબીબા, ઝવેરીયા, મયમુના, અને ઝયનબ બિન્તે જહશના હુજરાઓ મસ્જિદના પાછળના ભાગે હતા. જ્યારે સોદહ, સફીય્યા, હફસા અને આયેશાના હુજરા મસ્જિદની સામેના ભાગમાં હતા.

આ ઓરડા ૫ મીટર લાંબા અને સવા ત્રણ મીટર પહોળા હતા. છતની ઊંચાઈ એટલી ઓછી હતી કે વ્યક્તિ ઊભો ઊભો જ છતને પકડી શકતો હતો. આ મકાનોના દરવાજાઓ ઉપર કમ્બલના પડદા લટકેલા રહેતા અને રાતોમાં રોશનીની કોઈ વ્યવસ્થા ન હતી. આપ (સલ.)ની પડોશમાં અબુએયુબ અનસારી, સઅદ બિન અબાદહ, અમ્માર બિન હઝમ, અને સઅદ બિન મઆઝ વગેરેના મકાનો હતા.

હઝરત ઉમરે પોતાના શાસનકાળમાં આ મસ્જિદને વિશાળ બનાવી, પરંતુ પાયો તે જ રાખ્યો, માળખું પણ ન બદલ્યું. ઉસ્માન જ્યારે ખલીફા બન્યા. ત્યારે તેમણે એમા ફેરફારો કર્યા મસ્જિદની દીવાલો પથ્થરોની બનાવી. ત્યાર બાદ એમા કોઈ ખાસ ફેરફાર ન થયો. પછી જ્યારે વલીદ બિન અબ્દુલ મલીકના સમયમાં આ મસ્જિદ વધારે મોટી કરવામાં આવી. ત્યારે અઝવાજે પેગંબરના મકાનોને પણ એમાં સામેલ કરી દેવાયા. ત્યાર બાદ મામૂન રસીદે તેમાં સમૂળગા ધડમૂળથી ફેરફારો કર્યા સંપૂર્ણ માળખું જ બદલી નાંખ્યું.

જુન્નુન મીસરી જે એક મઝઝૂબ (અર્ધપાગલ-દાધારંગા) વ્યક્તિ હતા. તેઓ મદીના આવ્યા તો મસ્જિદે નબવીની શોધમાં સંપૂર્ણ મદીના

ખૂંદી વળ્યા. રસૂલની મસ્જિદ ક્યાં છે ? રસૂલની મસ્જિદ ક્યાં છે ? બૂમો પાડતા લોકો તેમને મસ્જિદ નબવી બતાવતા. તો કહેતા કે આ તો કોઈ બાદશાહનો દરબાર છે. તેમનું માનવું હતું કે રસૂલની મસ્જિદ પોતાની અસલ હાલત પર જ હશે. તેમણે કહ્યું, “હું તો કાચી ઈંટોની, ખજૂરના છતની કાંકરી અને માટી બીછાવેલા ફર્સની મસ્જિદ જોવા માગું છું.  જે કાચી માટીની કાંકરીયો બીછાવેલી ફર્શ ઉપર પેગંબરે ખુદા અને આપના સાથીઓ નમાઝ પઢતા હતા. જે મસ્જિદની દરેકે દરેક વસ્તુ પેગંબરે આલમ (સલ.)ના પાક શરીર સાથે અડકેલી હતી. આમ કહીને રડવા લાગ્યા.

મેં રસૂલે અરબી (સલ.)ની અતિ પવિત્ર મસ્જિદનો પુરાણો ઈતિહાસ ઘણા જ ટૂંકાણમાં રજૂ

કર્યો છે. આ પુરાણો ઈતિહાસ જોતાં પણ આપણી આંખો અશ્રુભીની થઈ જાય છે. રસૂલ અને સહાબા માટી અને પથ્થરની કાંકરીઓ ઉપર સીજદો કરતા હતા આ વાત પણ સ્પષ્ટ રીતે સાબિત થાય છે. આ મસ્જિદમાં મુદ્દતો સુધી કોઈપણ પ્રકારની ચટાઈઓ બીછાવવાનો રીવાજ ન હતો. જ્યારે કે શીયા બિરાદરો માટી ઉપર સીજદો કરે છે. તો આપણે તેમની ટીકા કરીએ છીએ ? રસૂલની સુન્નતોને આપણે છોડી દીધી કે તેમણે છોડી દીધી ? આ વાતનો ફેંસલો તો આપણે ખુદાને જ સોંપી દઈએ. પરંતુ આપણે શીયા સુન્ની તો તાગુતના મુકાબલામાં એક્તા સાધીએ તેમાં જ આપણા માટે ભલાઈ છે.

મસ્જિદે નબવીની અત્યારની આલીશાન ઈમારત જોઈ મારા દિમાગમાં અનેક વિચારો

આવ્યા. અત્યારની મસ્જિદના થાંભલે થાંભલે ફર્યો. ફર્શોના ગાલીચા, સંગેમરમરના સફેદ પથ્થરો, પાકા પથ્થરનું શુશોભિત ધાબું, જેના ઉપર કેમેરા ગોઠવાયેલા હતા. વિચારોના વમળોમાં અટવાતો હું કદીક ભાનશાન ભૂલી જવા જેવી પરિસ્થિતિમાં મૂકાય જતો. મને ચક્કર આવતા હોય એમ લાગવાથી હું એક થાંભલાને અડીને બેઠો. બાંગ્લાદેશી અને ભારતીય ઓરિસા બિહારના સફાઈ કામદારોને મસ્જિદની સફાઈ કરતા જોતો રહ્યો. નમાઝના સમયે હું જોતો હતો કે આ સફાઈ કામદારો પણ દેખાદેખી કે પેટની મજબુરીના કારણે વહાબી થઈ ગયા હતા. કારણ કે આ લોકો પણ પહોળા પગ રાખીને નમાઝમાં ઊભા રહેતા હતા.

શું વલીદ બિન અબ્દુલ મલીક જેણે પેગંબરે ઈસ્લામની અસલ મસ્જિદને જમીનદોસ્ત કરી, અઝવાજે મુતહ્હારાતના હુજરાઓને તોડી નાખી મસ્જિદને વિશાળ બનાવી, તે આ આધારે કદીમાને ‘જૈસે થે’ની પોઝિશનમાં બાકી રાખી તેની ઉપર બીજી મસ્જિદ ન બનાવી શક્યો હોત !! ભોંયરાઓ બનાવવાની સાચવવાની એટલી વિજ્ઞાન ટેક્નોલોજી તો એનાથી પણ સો વર્ષ અગાઉથી મોજૂદ હતી. કાશ ! જો એમ થયું હોત તો આપણે રસૂલુલ્લાહ (સલ.)ની અલી ફાતેમા હસનૈન (અલ.)ની પેશાનીઓ લાગેલી અસલ ફર્શને ચૂમી શકત. આ ઈમારતને જોઈને રસૂલને, અલી-ફાતેમાને અને હસનૈનને યાદ કરત. જે મસ્જિદની દરેક વસ્તુને આ અતિ પવિત્ર-માસૂમ બુઝૂર્ગવારોના જિસ્મો લાગેલા

હતા. હસનૈનના પગ મુબારકથી જેની ફર્શ અતિ પવિત્ર થઈ ગઈ હતી. તે મિમ્બર જેના પર બેઠેલા રસૂલની બગલમાં બેઠેલા નવાસાઓની અને પોતાના વહાલસોયા બાપ જેને આ ઉમ્મતના ગમમાં કદી શાંતિ નથી મળી, તેમને મળવા આવતાં કે પિતોં માટે કંઈક ખાવાનું લઈને આવતાં હઝરત સૈયેદા ફાતેમાનો દિમાગમાં તસ્વ્વુર કરતાં મારી આંખો અશ્રુભીની થઈ.

કાશ ! કે આ લોકો અજવાઝે મુતહહરાતના હુજરાઓને પણ જેવા ને તેવા જ છોડી દેત. ઉપર મોટી ઈમારત બનાવી દેત, તો આપણે આપણી મા-બહેનો અને બેટીઓને આ હુજરા બતાવી આમ કહી શકત કે જુઓ આ સરકારે દો જહાંની બેટી હસનૈનની માનું મકાન છે. જે જન્નતની ઓરતોની

સરદાર અને જેના બેટા જન્નતના જવાનોના સરદાર છે. ઉમ્મે સલમાનો હુજરો બતાવત, ઉમ્મે હબીબા, ઉમ્મે સોદાહ, ઉમ્મે ઝૂવેરીયા, ઉમ્મે મયમૂના, ઉમ્મે ઝયનબ બિન્તે જહસ, આયેશા અને હફસાના હુજરા બતાવી કહી શકત કે આ દો જહાંનના સરદારની પત્નીઓ આવા ઘરોમાં રહેતી હતી. જે રસૂલ અગર ઇચ્છતા હોત તો મક્કા મદીનાના પહાડો સોનાના બનીને આપની સાથે ચાલતા હોત, પરંતુ આપ (સલ.) દુનિયાને તૂચ્છ ગણતા હતા. આમ વિચારતો વિચારતો ઊતારે આવ્યો.

## અર્વાચિન મસ્જિદે નબવીના વિષયમાં જરૂરી જાણકારી

તૂર્કી ઈ. સ. ૨૦૦૧ હીજરીસન ૧૪૨૧

બાંધકામનો વિસ્તાર ૪૦૫૬ ચો. મીટર

પ્રથમ સઉદી સરકારે બાંધેલા ૧૨૭૭૦ ચો. મીટર જેમાં ૨૮૦૦૦ નમાઝીઓ

બાંધકામનો વિસ્તાર એકસાથે નમાઝ અદા કરી શકતા હતા

બીજી વખત સઉદી સરકારે ૮૨,૦૦૦ ચો. મીટર જેમાં ૧૬૭૦૦૦

વધારેલો વિસ્તાર નમાઝીઓ નમાઝ પઢી શકે એટલી ગુંજાઈશ છે

મસ્જિદની આસપાસની સહેન ૨૩૫૦૦૦ ચો. મીટર

નમાઝના માટે સહેનનો ખાસ ભાગ ૧૩૫૦૦ ચો. મીટર છે. જેમાં ૨૫૦૦૦૦ નમાઝીઓ નમાઝ અદા કરી શકે છે

સહેનની ચોતરફ દીવાલની લંબાઈ ૨૨૭૦ મીટર

નમાઝના માટેની કુલ જગ્યા ૩,૦૦,૩૨૬ ચો. મી. જેના ઉપર ૫,૩૫,૦૦૦

નમાઝીઓ નમાઝ અદા કરી શકે એટલી ગુંજાઈશ છે

ભોંયતળીયાનો ભાગ ૭૩૫૦૦ ચો. મી. જેમાં મસ્જિદની વ્યવસ્થા અંગેના દફતરો છે

ગ્રાઉન્ડ ફલોર ઉપર કુલ થાંભલા  ૨૧૭૫ થાંભલા છે

દરેક થાંભલાનો ઘેરાવો ૬૪ સે. મી. છે

ધાબાના થાંભલા ૫૫૦ છે.

મિનારાઓની સંખ્યા ૧૦

ખીજરા ઉપર આવેલા મિનારાઓની ઊંચાઈ ૪૪૫૩ મીટર

બાબુસલામવાળા મિનારાની ઊંચાઈ ૩૮૮૫ મીટર

પ્રથમ સઉદી બાંધકામના બે મિનારાની ઊંચાઈ ૭૨ મીટર

બીજા વખતના સઉદી બાંધકામના છ મિનારાની ઊંચાઈ ૧૦૪ મીટર

દરવાજાઓની કુલ સંખ્યા ૮૫

દરેક દરવાજાની જાડાઈ ૩ મીટર

દરેક દરવાજાની ઊંચાઈ ૬ મીટર

છત પર જવા માટે (પબ્લીકના માટે) સીડીઓની સંખ્યા ૧૮

લિફ્ટની સંખ્યા ૬ જે દરેકમાં ચાર/ચાર લિફ્ટો છે.

ચારે તરફના કુલ ગુંબઝોની સંખ્યા ૨૮

હિફાઝત માટે કેમેરાઓની સંખ્યા ૫૪૩

એમ્પ્લીફાયરની સંખ્યા ૨૦૬ દરેકની શક્તિ ૬૦૦ વોટસની છે.

અવાજ માટેના હોર્નની સંખ્યા ૩૫૦૦

કાર પાર્કીંગની જગ્યા ૨૯૦૦૦ ચો. મી. પાર્કિંગના બે મજલા છે. જેમા ૪૪૪ ગાડીઓ ઊભી રહી શકે છે.

## પ્રકરણ – ૪ : જ્યાં મોમીન રડી પડે છે

બકીઅ પાછળના ભાગમાં હઝરત ફાતેમા સલ્લમહા અલયહાનુ બયતુલ અહઝાન હતું, એક સાંકડા રસ્તા પછી થોડાક વળાંક વળીને ગલી આવતી હતી. આ તે પવિત્ર જગ્યા છે જ્યાં આજથી ચૌદશો વરસ પહેલાં હઝરત ફાતેમા, પેગંબરે ઈસ્લામ (સલ.)ની પ્યારી દીકરી રસૂલે ઈસ્લામના ફરઝંદોમાની એકમાત્ર ફરઝંદ પોતાના બે નાની ઉંમરના બાળકો હસન-હુસૈનના હાથ ઝાલીને ઘરમાંથી બહાર નીકળતી હતી. પોતાના વાલીદની કબરે જતી હતી. તે વાલીદ જે મેહબૂબે ખુદા દુનિયા અને આખિરતના સરદાર ખાતેમુન્નબીય્યીન સરદારૂલ અંબિયા છે. આ જ નબીની પુત્રી મઝલૂમા-માસુમા પોતાના બે નાના ખૂબસુરત

બાળકોના હાથ ઝાલીને પોતાના બાપની કબર પર જતી હતી. આ તે પુત્રી છે જેની મા હઝરતે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા છે. જે ઓરત ઈસ્લામનો આધાર સ્થંભ છે. નબીની સૌથી વહાલી બીવી છે. આ સૌથી પ્રથમ ઈમાન લાવનાર મક્કાની સૌથી વધુ માલદાર ઓરત હતી. આ ઓરતે પોતાની સંપૂર્ણ દવલત નબીના ચરણોમાં ધરી દીધી. આ ઓરતે ઈસ્લામને ખાતર પોતાનું સર્વસ્વ નબીને આપી દીધું, તે ઓરતની આ એકની એક દીકરી ફાતેમા પોતાના બે નાના માસૂમોના હાથ ઝાલીને બાપની કબર પર જતી હતી. પોતાના બાપને યાદ કરવા જતી હતી, રસૂલની ઉમ્મતનો જુલમ જણાવવા જતી હતી. ફાતેમા આ જગ્યાએથી પસાર થતાં હતાં. મદીનાથી બહાર નીકળતાં હતાં.

કબ્રસ્તાને - બકીઅના કિનારે કિનારે ચાલતાં હતાં. ખજૂરીઓનાં છાંયડા હેઠળથી ગરમ હવામાં, સખત પથરાઓ ઉપર જ્યાં બીજું કોઈ જ ન હતું. અહીંયા પોતાના પિતાના ગમમાં અને એમના પરદે થઈ ગયા પછી તેણીના ઉપર આવેલી મુસીબતોમાં ગમમાં પનાહ લેતી હતી. ફાતેમાને એ વાતની પણ છૂટ ન હતી કે પયામ અને પયમ્બરના ગમમાં પોતાના ઘરમાં રુદન કરે, શાસકો એમ માનતા હતા કે ઝહરાના આ રુદનને પરિણામે મદીના અને અરબસ્તાનનો સમાજ તેઓ સાથે સવાલજવાબ કરતો થઈ જશે. આ ફાતેમાને શાસકો રડવા પણ દેતા ન હતા. એ બહાના હેઠળ કે પયંબરની એકમાત્ર ફરઝંદના તાકતસોઝ રુદનથી

જનસાધારણના આરામમાં ખલેલ પડશે. તેણીને પોતાના શરઈ હકથી વંચિત કરી દીધી હતી.

યા અલ્લાહ ! ફાતેમાની જિંદગી અને પ્રવૃત્તિ, ગુફતાર, રફતાર, અને કીરદાર માંહે શું રહસ્ય રહેલું છે. આટલી નાની ઉમરમાં પણ તેણી સખત દ્બાણ હેઠળ રહી, અને વળી તેણીના મોત પછી પણ જે કોઈ તેણીનું નામ લે તેનાથી જમાનાના હાકેમો ઊંચા નીચા થતા હતા, અને આજે પણ થઈ રહ્યા છે. તે એટલે સુધી કે આજે પણ તેણીની ઝિયારત તેણીના ઘર સમક્ષ અને જ્યાં તેણીનો મઝાર છે, ત્યાં પઢવાનો ગુનો છે. યા અલ્લાહ ! આ શું રહસ્ય છે ?

યા અલ્લાહ ! શું રહસ્ય છે તેણીના કલામમાં, અને તેણીની આખોમાંથી ટપકતા

આંસુઓમાં કે તેણીના શોહરને મસ્જિદની મેહરાબમાં શહીદ કરવામાં આવ્યા. તેણીના ફરઝંદોને એક પછી એક કાંતો શમશીરથી કે છાની રીતે ઝહેર આપીને મારી નખાતા રહ્યા છે.

યા અલ્લાહ ! શું રહસ્ય છે ? મુહંમદની એકમાત્ર સંતાન ફાતેમામાં - તેના નામમાં - તેની અવલાદના નામોમાં આખર ફાતેમાની આંખોમાંથી ઈતિહાસની પાટી પર કેવા કલેમા સર્યા અને ફાતેમાના ગળામાંથી કેવું ઈતિહાસ સર્જક ગાન જમાનાના છાતીમાં પેવસ્ત થઈ ગયું કે તેણીનો એકેએક શબ્દ અને તેણીનું એકેએક અશ્રુબિંદુ અને તેણીની કવિતા, અને તેણીના ઝાહેદાના જિંદગીના ગીતને પૃથ્વી પરના હાકેમો આજે પણ બરદાસ્ત નથી કરી શકતા.

યા અલ્લાહ ! શું રહસ્ય છે ? એ જ ફાતેમાની અવલાદમાંથી ઊભો થયેલો એક મર્દ મોમીન ઈમામ ખોમૈની અને તેનો દેશ ઈરાન પૂર્વ અને પશ્ચિમના જાતજાતના અમાનવીય પ્રપંચોનો ભોગ બની રહ્યા છે.

સઉદી મુફતીઓની તમામ પથ્થરફેંક અને બહાનાબોં બધી જ ફિસલૂફી અને ધોકાદહી તમામ શીર્ક-બિદઅતની તોહમતતરાઝી નબી અને તેમની ફરઝંદ ફાતેમાથી દુશ્મનીનું પરિણામ છે. તેણીના શોહર અને નેક ફરઝંદો હસન-હુસૈનથી દુશ્મની અને કીનાકપટનું પરિણામ છે.

ઉપરોક્ત તમામ પથ્થરફેંક, બહાનાબોં, ફિલસૂફી ધોકાદહી, શીર્ક, બિદઅતની તોહમતતરાઝી છતાં હજી પણ ફાતેમાના રુદનનો

અવાજ મદીનાની હોશમંદ ગલીઓમાં ગુંજી રહ્યો છે. મદીના દર્દનાક રીતે જાણે છે કે ફાતેમા કોણ છે ? અને તેણીના મહાન જીવનનું રહસ્ય શું છે ? પરંતુ આજનું મદીના શોકમંદ રીતે ખામોશ છે. કારણ કે મદીનાના મોમીનો મઝલૂમ છે. નહીં તો મદીનાની ગલીએ ગલીએ માતમ થતું આજે ચૌદશો વર્ષ પછી પણ જોવા મળત. ઈન્શાઅલ્લાહ તે સમય પણ આવશે.

બયતુલ અહઝાનના પથ્થરો તે મહિલાની યાદ તોં કરતા હતા કે જે એકલી અટૂલી પોતાના બે નાના બાળકોનો હાથ પકડીને ધગધગતા તાપમાં અહીં એટલા માટે આવતી હતી કે જમાનાના હાકેમોએ કરેલા જુલમની ફરિયાદ પોતાના વાલીદને કરે. તેણી અહીં પનાહ લેતી હતી.

આજે પણ તે પથ્થરો આ દાસ્તાનોના ગવાહ છે. બલ્કે પથ્થરો આ ગમશોઝ દાસ્તાનો રજુ કરે છે. ખુશનસીબ છે તે કાનો જે આ પથ્થરોની અવાજને સાંભળી શકે છે. મુસીબત તો આ છે કે હજી દુનિયાના મોટાભાગના લોકો જાણી શક્યા નથી કે નબીના ઈન્તિકાલ પછી અહીંયા શું શું બન્યુ છે ? હજી તો મુસલમાનોની બહુમતિને એવી પણ ખબર નથી પયંબર પછી જે કંઈ બન્યું તે કીતાબ અને સુન્નહની બાબતમાં અમૂક ઈસ્લામી શખશીયતોની સમજણના તફાવતના કારણે નહોતું બન્યું. બલકે કજીયો ફક્ત હુકુમતનો હતો. શાસનધૂરા સંભાળવાનો હતો.

અમૂક માણસો હકુમત કરવા માગતા હતા. મસઅલો સત્તાના વહશી ઘોડા ઉપર સવાર થવાનો

હતો. હજી મુસલમાનોની બહુમતિ નથી જાણતી કે જે માળો પેગંબરના પછી બળી ગયો, જે માળો બરબાદ થઈ ગયો, જે માળો વિખેરાય ગયો, જે માળાને પીંખી નાખવામાં આવ્યો અને તે લોહી જે જમીન ઉપર રેલાયું તે શા માટે હતું ? ઈસ્લામ આજે એક ન ઓળખી શકાયેલું રહસ્ય છે.

આજે પણ સમગ્ર અરબ જગતમાં દરેક કોઈને કોઈ બહાને હુકૂમત કરે જ છે. કોઈ સલ્તનતના નામે, કોઈ સલ્તનત અને ખિલાફતના મિશ્રણના નામે, એક ડેમોક્રેસીના તો એક ખિલાફતના નામે, આ બધા જ અરબ હાકેમો એવો પ્રચાર પણ કરે છે કે એમને ત્યાંના લોકો, એમના મતો, એમના અકીદા અને રીતરસમ એમને ચાહે છે જોકે આ તદ્દન જુઠી વાત છે. આ અરબ હાકેમો

લોકોની પીઠ ઉપર સવાર થઈ ગયા છે. બંદૂકના જોરે, જે એમને મળી ચૂકી છે. હિજાઝે મુક્કદશ ઉપર રાજા ફહદ, બાદશાહ બની બેઠા છે. એટલું જ નહિ જે પવિત્ર સરજમીન હિજાઝે મુકદ્દશ (અરબસ્તાન) કહેવાતી હતી. તેનું માલીકીપણું બતલાવવા પોતાના દેશનું નામ હિજાઝે મુક્કશ - અરબસ્તાન મીટાવીને સઉદી અરબ રાખ્યું છે. કારણ કે સમગ્ર દેશ અને સમગ્ર પ્રજા એમના દાદાની મિલકત છે. કુવૈત, અબુધાબી, મશ્કત, મિસર, ઈરાક, સંયુક્ત અરબ અમીરાત જ્યાં જોશો ત્યાં જાલીમ રાજાશાહી નજરે પડશે.

અરબ દેશોના નેવુથી પંચાણુ ટકા પ્રજાજનો પોતાના હાકેમોથી સખત નારાજ છે. કેટલેક ઠેકાણે તો મતદાનનું ધતીંગ પણ કરવામાં આવે છે. પરંતુ

હાકેમના હુકમથી પ્રથમથી જ મતપેટીઓ વોટથી ભરી દેવામાં આવે છે. કોણ પૂછનાર છે એમને ? એમની પાસે શક્તિ છે. સત્તાની તાકાત. પૂછનારને કે અવાજ કરનારને તો ઝિનાના બહાના હેઠળ મદીના કે મક્કાના હરમની સામે, ઝિદ્દા અને રિયાધની જામે મસ્જિદની સામે ખુતબા પછી તરત કતલ કરવામાં આવે છે. જે જે અરબ દેશોના નેકદીલ આલિમો પોતાની હુકુમતના કાળાં કરતૂતોનો જો જીભથી કે લેખિત વિરોધ કરે તો તેવા આલિમો ઉપર ઝિનાનો જુઠ્ઠો આરોપ મૂકાય છે. પબ્લીકની સામે તે આલિમનો શિરચ્છેદ તો કરીજ નખાય છે. પરંતુ તેના મા-બાપ, ભાઈઓ, બનેવીઓ, પુત્રો, સાળાઓ વગેરે બધાનું જ નિકંદન કાઢી નાખવામાં આવે છે. હુકુમતનો જીભથી,

લેખનથી, હાથથી, કે ઈશારાથી વિરોધ કરનારના નાબાલિગ પુત્ર-પુત્રીઓને પણ જેલમાં નાખી દેવામાં આવે છે. ત્યાં યાતનાઓ સહન કરી કરીને સીધી તેમની લાશો કબ્રસ્તાનમાં જાય છે.

શું કરું ? કિતાબ મોટી થઈ જવાનો ભય મને ન હોત તો દ્રષ્ટાંતો સાથે આ વાત રજૂ કરત કે સઉદી અરબે કઈ સાલમાં કેટલા આલિમોને કઈ રીતે તેમના ખાનદાન સહિત શહીદ કર્યા છે. માનવ ઈતિહાસમાં શોષણખોરોનો આ જ નિયમ રહ્યો છે.

ટ્રેજેડી ત્યારે વધુ ગંભીર બની જાય છે કે જ્યારે હાકેમ હાથમાં મુસલ્લો લઈને, મસ્જિદમાં આવે છે, મિમ્બર પર બિરાજમાન થાય છે. લોકમતના પહેરણને આપમેળે જ પોતાના બદન ઉપર લપેટી લે છે. અને જનતાના ડર, જહાલત કે

અજ્ઞાનતાને કારણે જે ચાબૂક પ્રાપ્ત થયો છે, તેને એવા દરેક માણસના માથા ઉપર ફટકારે છે જે નમતું મૂકવાની ના પાડે છે.

બસ અલ્લાહથી આફિયત અને તેની રહમત માગીએ અને દુઆ કરીએ કે આ હિજાઝે મુકદ્દશ, ઉપર (મક્કા અને મદીના) ઉપર અલ્લાહ નેક લોકોને હાકેમ બનાવે. આમીન - ઈલાહી આમીન

# પ્રકરણ – ૫ : શાહે સઉદે જન્નતુલ બકીઅને વેરાન કર્યું

પેગંબરે ઈસ્લામ (સલ.) એ જે કબ્રસ્તાનની ખૂબ ખૂબ તારીફ ફરમાવી. ફઝીલત બયાન ફરમાવી. ત્યાં માસુમોના બેહતરીન રોઝા હતા. સુંદર નકશીદાર કબરો હતી. સુંદર કોતરકામવાળા ગુંબદો હતા. બેહતરીન સંગેમરમર ત્યાં લાગેલા હતા. દીલકશ નઝારો હતો. હાજીઓ માટે કબ્રસ્તાન હંમેશા ખુલ્લું રહેતું. હાજીઓ આવતા બેરોકટોક સ્ત્રી-પુરૂષો કબ્રસ્તાનમાં દાખલ થઈ પોતાના પ્યારા નબીની પ્યારી બેટી જન્નતની ઓરતોની સરદારને યાદ કરતા. પુત્રો, પરપૌત્રો, નવાશાઓ, નબીની ફોઈઓ, અસહાબે ઈકરામની યાદ તોં કરતા. તેમના વસીલાથી અલ્લાહની સામે દુઆ કરતા. રસૂલના

જમાનાને યાદ કરતા, ઈસ્લામના ઉદયકાળનો તસવ્વુર (ખ્યાલ) દિમાગમાં લાવતા. ખજૂરના ઝાડોના ઝૂંડો હતા. મીઠા પાણીની વ્યવસ્થા હતી. લીલી હરિયાળી રાખવામાં આવતી હતી. બીજી અનેક કબરો પણ પાકી બનેલી હતી. આ જગ્યામાં દસ હજારથી પણ વધુ જલીલુલ કદ્ર સહાબીની કબરો રહી છે. કેટલાક સહાબીની કબરો ઉપર તેમના નામો, પેદાઈશની તારીખ અને ઈન્તિકાલની તારીખ લખેલી હતી. રાતે કબ્રસ્તાનમાં દીવા બા◌ીની અનેક કંડીલો સુંદર અને મીઠો પ્રકાશ પાથરતી હતી. લોકો આ માસુમો, ઇમામો, સહાબાઓની કબરો ઉપર પઢતા, રડતા, અને દુઆઓ માગતા. લોકોના અવાજો હવામાં ગુંજન

પેદા કરતા. રાતે તો ઠંડકમાં આ દ્રશ્ય વધુ સુંદર લાગતું હતું.

રસૂલે ઈસ્લામની હદીસ છે કે "જે શખ્શ માટે મદીના શરીફમાં મરવું શક્ય હોય તો તેને જોઈએ કે તે ત્યાં જ મરે, કારણ કે હું કયામતના દિવસે મુશરીક તથા મુનાફિક સિવાય તમામ બાઈમાન મુસ્લિમોની શફાઅત કરીશ."

આવી તો અનેક હદીસો છે. કેટલી વર્ણવું ? આ પવિત્ર જગ્યાને "અલ બકીઉલ ગર્દ" પણ કહેવામાં આવે છે. શરૂઆતમાં આ જમીન ૧૬૪ મીટર લાંબી અને ૧૧૦ મીટર પહોળી હતી. તેને ફરતે દોઢ મીટર ઊંચી વાડ હતી. ત્યાં એક અલાહેદો ભાગ છે. જ્યાં હુઝૂર પુરનુર (સલ.)ના એહલેબયતે પાકના ખુશનસીબો આરામ ફરમાવી

રહ્યા છે. આ બુઝૂર્ગવારોમાં આપણી કુર્આન પછીની પ્રથમ કીતાબ બુખારી શરીફ જેમને જન્નતની ઓરતોના સરદાર કહે છે તે માસૂમા, મઝલૂમા, સૈયેદા ફાતેમા ઝેહરા સલામુલ્લાહ આરામ ફરમાવી રહી છે. આપની બગલમાં જ આપના સંતાનો પણ છે.

નવાસાએ રસૂલ હઝરત ઈમામ હસન (અલ.), હઝરત ઈમામ અલી ઈબ્ને હુસૈન ઝયનુલ આબેદીન (અલ.) (જેઓ કરબલામાં મસલેહતે ઈલાહી બચી ગયા) આપના શાહઝાદા ઈમામ મોહંમદ બાકીર (અલ.) અને આપના શાહઝાદા ઈમામ જઅફર સાદીક (અલ.)ની મઝાર શરીફો એક અલાયદા ભાગમાં મસ્જિદે નબવી સામે જ છે.

તે સિવાય નબી (સલ.)ની પ્યારાં બીબી મા ખદીજા (રઝિ.) અને આપની ફોઈઓ પણ થોડેક જ દૂર છે. જેમનું વર્ણન અમો કરી ચૂક્યા છીએ.

આ કબ્રસ્તાનની અનેક વિશિષ્ટતાઓ હતી. જેમાં સુંદર નાના મોટા અનેક મકબરાઓ, કબરો, હજીરાઓ, સાથે રસૂલે ઈસ્લામની પ્યારી બેટી હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનો એક શાનદાર મકબરો હતો. આ મકબરો અતિ સુંદર, અતિ રમણીય હતો. હીજરી ૪૯૨માં સલજુગી સલ્તનતના મશહુર વજીર અબ્દુલ ફઝલ અસઅદ ઈબ્ને મોહંમદ આર્દસાનાએ બંધાવ્યો હતો.

તે એક સમય હતો કે જન્નતુલ બકીઅનું કબ્રસ્તાન તમામ સ્ત્રી-પુરુષો માટે ખુલ્લુ હતું. આ કબ્રસ્તાન તે સમયે એટલું સુંદર અને રમણીય હતું

કે અંદર દાખલ થનારને આ બુઝૂર્ગવારોનો દબદ્બો માલૂમ પડતો. એક શાન દ્રશ્યમાન થતી. દરેક મઝાર શરીફો અને નાના મોટા મકબરાઓમાંથી નીકળતું નૂર મોમીનોના દીલોને પ્રભાવિત કરતું, મોમીનો આ નૂરને મહસૂસ કરતા, તે નૂર મોમીનોને ખુદા પરસ્તી તરફ દોરી જતું. ખુદાની વહદાનીયતનો ખ્યાલ આ બુઝૂર્ગવારોની કબરોને જોઈ દરેકના દીલમાં પેદા થતો. કારણ કે આ બુઝૂર્ગવારોની સંપૂર્ણ જિંદગી તવહીદ અને રીસાલતના રક્ષણ કાજે વીતી હતી. ફક્ત આ બુઝૂર્ગોનું જીવન નથી વીત્યું, પરંતુ તેઓની યુવાની, શક્તિ, માલ દવલત, પતિઓ, પત્નીઓ, બાળકો, મા-બાપો, ભાઈબંધુઓ સર્વસ્વ કુરબાન થઈ ચૂક્યું હતું. સમગ્ર વિશ્વના ઈમાનના બીજ ત્યાં આરામ

ફરમાવી રહ્યા છે. ખુદાના રસ્તાના મુજાહિદ સ્ત્રીપુરુષો અહીં દફન થયેલ છે.

કેટલાક નાના મોટા મકબરાઓ તો તૂર્કી સલ્તનતે બનાવ્યા હતા. અરબસ્તાન ઉપર તેમની હુકુમત હતી. અફસોસ સાથે મારે લખવું પડે છે કે મુસલમાનોને તો પોતાના ઈતિહાસની જ ખબર નથી. આપણે તો ઈતિહાસ યાદ પણ રાખવો નથી. ભૂતકાળ બોધપાઠ માટે છે. ભૂતકાળ આપણને વર્તમાનમાં કેવી રીતે જીવવું તેની સમજ આપે છે. તૂર્કી ખિલાફત સમગ્ર મુસ્લિમ દેશોને એકસૂત્રતાની જેમ સાંકળતી હતી. તૂર્ક ખલીફા સમગ્ર મુસ્લિમ વિશ્વનો ખલીફા ગણાતો. બધા જ મુસ્લિમ દેશોની સંરક્ષણ વ્યવસ્થા એક જ ખલીફાના હસ્તક હતી. જો કોઈપણ દેશ કોઈ મુસ્લિમ દેશ ઉપર હુમલો કરે તો

બધા જ મુસ્લિમ દેશો તેનો પ્રતિકાર એકીસાથે, એક અવાજે કરતા. અત્યારના યુરોપીય મુલકો પણ તૂર્ક ખલીફાથી ડરતા હતા.

અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ અને તે સમયના રશિયાને આ વાત ખૂંચતી હતી. તેમણે મુસ્લિમોને વેરવિખેર અને કમજોર બનાવવાનું કાવતરું રચ્યું. તેના માટે તેઓએ બે યોજનાઓ અમલમાં મૂકી (૧) રાજકીય (૨) ધાર્મિક.

આ ચાર દેશોએ સાથે મળીને યોજનાપૂર્વક કેટલાંક કાવતરાં અમલમાં મૂક્યાં. જેની ઘણી જ ટૂંકી વિગત હું અત્યારે રજૂ કરું છું.

રાજકીય અને ધાર્મિક કાવતરાં બંને રૂપે આ લોકોએ હમ્ફ્રે નામના એક જાસૂસને તૈયાર કર્યો. જે બ્રિટનનો વતની હતો. તેને અરબી અને અફઘાની

બંને ભાષાઓ શીખવી. કેટલીક અફઘાની રીતભાતોનો પણ તેને જાણકાર બનાવ્યો. કારણ કે અરબસ્તાનમાં ધાર્મિક-રાજકીય બંને કાવતરાને પાર પાડવા માટે તેનો ઉપયોગ એક અફઘાની તરીકે કરવાનો હતો. અને તૂર્કો અફઘાનોને ચાહતા હતા. જેથી અફઘાની તરીકે અરબસ્તાનમાં તેને એન્ટ્રી મેળવવાની હતી.

પ્રથમ હમ્ફેએ સમગ્ર અરબસ્તાનનો પ્રવાસ કર્યો. નવયુવાન હતો હોંશિયાર-ચાલાક હતો. અંગ્રેજી તો તેની માતૃભાષા હતી. અરબો સાથે અરબી ભાષા દ્વારા અને સરકારી અધિકારીઓ - ઉચ્ચ હોદ્દેદારો તૂર્કી હોઈ તેમની સાથે અફઘાની ભાષા દ્વારા સંપર્ક કરતો. લોકો એનાથી ઘણા પ્રભાવિત થતા. મૃદુભાષી હસમુખો પણ હતો. જેથી

માન-અપમાનની પરવા કર્યા વગર તેણે સમગ્ર અરબસ્તાનમાંના મોટા મોટા શીયા-સુન્ની આલિમોનો સંપર્ક કર્યો. જેની લાંબી વિગતોને અત્યારે આપણે જતી કરીએ છીએ. છેવટે તેણે નજદના ઈલાકામાંથી મોહંમદ ઈબ્ને અબ્દુલ વહ્હાબના નામના અતિ મહત્વકાંક્ષી લોભી આલિમને પસંદ કર્યો. તે હમ્બલી મઝહબને અનુસરતો હતો. તેને મહાન બનવાનો ખૂબ જ શોખ હતો. હમ્ફ્રેએ આ અનુભવ્યું કે આ વ્યક્તિનો ઉપયોગ થઈ શકે એમ છે.

ધીમે ધીમે તેની સાથે ઘરોબો સંબંધ સ્થાપિત કરી તેને દવલતથી માલામાલ કરી દીધો. શરાબી બનાવ્યો, ખૂબ જ સુંદર સૂફિયા નામની એક યહૂદી કન્યા પણ તેને આપી.

આપણે મોહંમદ શબ્દ પ્રયોગ કાઢી નાખી આ આલિમને ઈબ્ને અબ્દુલ વહ્હાબ જ કહીશું. ઈબ્ને અબ્દુલ વહ્હાબને ત્યાં દરરોજ સવાર-સાંજ કસૂંબાપાણી થતાં. નજદના ઈલાકાના ગરીબ-ભૂખ્યા અરબોને નાસ્તો મળતો. આ રીતે ધીરેધીરે તેની આસપાસ લોકોના ટોળેટોળાં ભેગા થવા લાગ્યાં. એક મોટા જનસમૂદાયનો ઈબ્ને અબ્દુલ વહ્હાબ પીર બની ગયો. તે કહે તેમ કરવા લોકો તૈયાર હતા. આ રીતે હમ્ફ્રેએ માનવશક્તિ પેદા કરી. આ સમગ્ર જાસૂસી કાંડમાં દશ વર્ષનો સમય ખર્ચાયો, આ સમય દરમ્યાન તૂર્કોના જ રાજ્ય અમલમાં અરબસ્તાનમાં એક મુનાફિક અથવા ગૂમરાહ જમાતે જન્મ લીધો. આ ગૂમરાહ જમાતનો પીર-સર્વેસર્વા

આગેવાન ઈબ્ને અબ્દુલ વહહાબને ભરપૂર નાણા સહાય ઉપરોક્ત ચાર યુરોપીય દેશો કરતા.

સમગ્ર અરબસ્તાનમાં હમ્ફ્રેએ અરબ રાષ્ટ્રવાદના બીજ રોપ્યાં. તમારા ઉપર તૂર્કો રાજ કરે છે. આ વાત લોકોના મગજોમાં ઘુસાડી દીધી. તેમનામા બિન અરબથી નફરત જન્માવી. બુઝૂર્ગોની દીનની નફરતના બીજ લોકોમાં રોપવાનું શરૂ કર્યું. તેરસો વરસોના ઈસ્લામના જે પાયાના સિદ્ધાંતો હતા. જેમાં પેગંબરો, નબીઓ, રસૂલો, વસીઓ, ઈમામો, શહીદો, અવલીયાઓથી મહબ્બત તેમની સાથેનો દીલી સંબંધ હતો. તવસ્સુલ-વસીલો જે ઈસ્લામનો પાયાનો સિદ્ધાંત હતો. તેની બીજકની શરૂ કરવામાં આવી. આવો એક જનસમૂદાય નજદના ઈલાકામાં ઊભો થઈ ગયો. ત્યાં સુધી તૂર્કી

હુકુમતને તેની ગંધ શુધ્ધાં ન આવી. બાદશાહે ચોકન્ના રહેવું જોઈએ. ઘરના વડીલે પણ જાગૃત રહેવું જોઈએ. ઘરમાં બીમારી ઘૂસતાં પહેલાં તેનો ઈલાજ કરવો જોઈએ. ફીતનો ઘરમાં ઘુસી ગયા પછીની જાગૃતિ નકામી છે. પછી તો ફીતનાને વશ થવું પડે છે.

લાંબી મુદ્દતે ઈબ્ને અબ્દુલ વહ્હાબનો વિરોધ શરૂ થયો. નેકદીલ આલિમોએ તથા તૂર્કી સરકારે આંખ ખોલી, પરંતુ બીમારી ઊંડા મૂળ નાખી ચૂકી હતી. રોગ સમગ્ર શરીરમાં ફેલાઈ ચૂક્યો હતો. વિરોધ નકામો સાબિત થયો.

હવે રાજકીય કાવતરાનો ખ્યાલ મેળવીએ. હમ્ફ્રેએ પોતાની સરકારને જણાવ્યું કે આપણે ધાર્મિક કાવતરામાં સંપૂર્ણ કામ્યાબ રહ્યા છીએ. હવે આ જ

લોકોનો ઉપયોગ આપણે રાજકીય ક્ષેત્રે કરવાનો છે. માટે અમૂક નાણા ફાળવવામાં આવે. ત્રણેક અધિકારીઓ બ્રિટનથી નજદ આવ્યા. હમ્ફ્રેની કારકીર્દી જોઈ. અભ્યાસ કર્યો. નોંધ કરી, તીર બરાબર નિશાના ઉપર લાગેલું છે. ખૂબ કામ થયું છે. બ્રિટને હમ્ફ્રેને જણાવ્યું કે નાણાનો જરાય વિચાર ન કરો. તમને જેટલાં જોઈશે તેટલાં નાણા અમો ફાળવીશું.

હવે તૂર્કી હુકૂમતને ઉથલાવવા માટે શું કરવું તેની ચિંતામાં હમ્ફ્રે ફરતો હતો. તેણે પોતાની હકુમતને જણાવ્યું કે તૂર્કોને હટાવ્યા વગર આપણે સંપૂર્ણ કામ્યાબ રહીશું નહીં. જો વધુ મોડું કરવામાં આવશે તો તૂર્ક હકુમત ઈબ્ને અબ્દુલ વહ્હાબને કચડી નાખશે. બીજું તેણે એ પણ જણાવ્યું કે

મક્કામાં તથા મદીનામાં તથા બધી જ ઐતિહાસિક મોટી મોટી મસ્જિદોમાં મુસલમાનોના ચારેય ફિરકાના આલિમો વારાફરતી ત્રણ ત્રણ માસ પેશનમાઝપણું કરે છે. મતલબ વરસમાં હનફી, શાફેઈ, માલેકી અને હમ્બલી એમ ચારેય ફિરકાના પેશનમાઝો વારાફરતી નમાઝ પઢાવે છે અને તેમની પાછળ બધી જ મુસ્લિમ ઉમ્મત એકસાથે નમાઝ અદા કરે છે. એક ઘણી જરૂરી વાત મુસલમાનોનો એક સૌથી વધુ મજબૂત અને શક્તિશાળી ફિરકો શીયા ઇશ્નાઅશરી જેઓની જનસંખ્યા એ ચારને અલગ ગણતાં પણ વધુ છે. તેમના પ્રત્યે પણ આ તૂર્ક હકુમત કોઈ કીનોકપટ રાખતી નથી. જેથી આ શક્તિશાળી ફિરકાની માનવશક્તિ પણ તૂર્કી સાથે જ છે. તેમની શક્તિને

તોડવા માટે ઈબ્ને અબ્દુલ વહહાબની ટોળીમાં તો મેં શીયા-સુન્ની ઇશ્નાઅશરી વિરૂદ્ધ બીજ રોપી જ દીધાં છે. માટે હું એક રાજકીય કાવતરૂં તૈયાર કરી રહ્યો છે. જેમાં ભરપુર નાણાની જરૂર પડશે. રાજકીય કાવતરાની ચિંતામાં ફરતાં હમ્ફ્રેને સઉદનો ભેટો થઈ ગયો. સઉદ એક ગુંડા ટોળીનો સરદાર હતો. મોટા કુટુંબ કબીલાનો માલિક હતો. ખુંખાર વ્યક્તિત્વ ધરાવતો સઉદ પોતાની વિશાળ ટોળકી સાથે જંગલમાં લૂંટફાટ કરતો હતો. વરસોથી હજારો હાજીઓ એના હાથે લૂંટાઈ ચૂકયા હતા. પોતાના સગા હજમાં ગયા હોય તે ઘરે આવે ત્યારે જ સગાઓને શાંતિ થાય. આ ઓગણીસમી સદીના પૂવર્ધિનો સમયગાળો હતો. જ્યારે લોકો પગપાળા

અને ઊંટ સવારી તથા સ્ટીમરમાં હજ કરવા જતા હતા.

સઉદને હમ્ફ્રેએ એ બાબત સંમત કર્યો કે જો તૂર્કી હકુમતનો પરાજય થશે, તો હકૂમતનો ધર્મ ઈબ્ને અબ્દુલ વહ્હાબનો રહેશે. સઉદ પોતે બાદશાહ બનશે, ઈસ્લામ વિમૂખતાનું ધીમી ગતિનું ઝેર સમગ્ર નજદના ઇલાકામાં ફેલાઈ ચૂક્યું હતું. હમ્ફ્રેએ ઈબ્ને અબ્દુલ વહ્હાબની મુલાકાત સઉદથી કરાવી. પરસ્પર બંને પક્ષે સમજૂતિ થઈ. તૂર્કી હકુમત સાથે યુદ્ધનું બ્યુગલ વાગી ચૂક્યું.

ટૂંકમાં આ એક યોજનાબદ્ધ કાવતરારૂપે તૂર્કી હકુમતનો નાશ થયો. યુરોપીયનોએ બધા જ મુસ્લિમ દેશોને સરહદના પ્રશ્ને ઝઘડાવી એકબીજાથી

નફરત કરતા કર્યા ખિલાફતનો તાજ તૂર્કોએ ગુમાવી દીધો. બધા જ મુસ્લિમ દેશો છૂટા પડી ગયા.

સઉદે અરબસ્તાન અથવા હિજાઝે મુકદ્દશ જેવું બેહતરીન નામ બદલી અરબસ્તાનનું નવું નામ પોતાના નામ ઉપરથી સઉદી અરબ રાખ્યું. છેલ્લા તેર વર્ષથી ચાલતી હમ્ફ્રેની કાવતરાબોં પોતાનો ઉલ્લુ સિદ્ધ કરવામાં કામ્યાબ રહી. હિજરી સન ૧૩૩૮થી ૧૩૪૦ના સમયગાળામાં તૂર્ક હકુમતના નાશનો ખેલ ખેલાઈ ગયો. શાહ સઉદ સત્તા ઉપર આવ્યો. તેણે પોતાના દેશના સરકારી ધર્મને એહલે હદીસ નામ આપ્યું. જેને બોલચાલની ભાષા વહાબીઇઝમ પણ કહેવામાં આવે છે.

આ રીતે તૂર્કી ખિલાફતના અંત પછી ઈસ્લામ દુશ્મનોએ બધા જ અરબ મુસ્લિમ દેશોને

છૂટા પાડી દીધા. પોતાને ફાવતા, પોતાનું ધાર્યું કરે એવા ખેતરના ચાડિયા જેવા હાકેમો દરેક દેશ ઉપર સ્થાપિત કર્યા

આવા બે કાવતરાં પણ ઉપરોક્ત યુરોપીય દેશોએ અજમાવ્યાં. જેથી ઈસ્લામની નાબૂદી માટે સમગ્ર મુસ્લિમ વિશ્વ આવરી લેવાય પરંતુ તેમાં ઝાઝી કામ્યાબી મળી નહિ.

ઈરાનમાં બહાઈઝમ અને પાકિસ્તાનમાં કાદીયાનીયતના મઝહબી ફિતના ઊભા કર્યા ઈરાનમાં તો આ લોકો જરાયે ફાવ્યા નહિ. ત્યાં આજે બહાઈ મઝહબનું પૂછડું પણ બાકી રહ્યું નથી. નામ પણ નથી. પાકિસ્તાનમાં પણ કાદીયાનીયત એક તદ્દન સમંદરમાં બિંદુની જેમ અસ્તિત્વ ધરાવે છે, ચાર લાખ જેટલા સિમીત કાદીયાની ફિત્નાખોરો

ઊભા થયા. જે હજીપણ ત્યાંની બિન-મુસ્લિમ લઘુમતિ ગણાય છે, મતલબ ઈરાનમાં અને પાકિસ્તાનમાં યુરોપ તદ્દન નાસીપાસ રહ્યું, ન હુકુમત પ્રાપ્ત થઈ, ન ફીત્નો પ્રસરી શક્યો, ઉપરોક્ત વિસ્તૃત વિગતોને મેં તદ્દન ટૂંકાણમાં રજૂ કરી છે.

## પ્રકરણ – ૬ : ચવમે ગમ આહ ! જન્નતુલ બકીઅ

કોઈપણ મસ્જિદની શહાદત કે બરબાદીનો ગમ કેવો હોય તે ભારતીય મુસ્લિમને બરાબર યાદ છે. આ ગોઝારા દિવસોનો અનુભવ ભારતીય મુસ્લિમોએ કર્યો છે. જ્યારે એક અતિ સુંદર, લાલ પથ્થરની ખૂબ મજબૂત, જ્યાં પાંચ વખતની તથા નમાઝે જુમ્આ-ઈદનૈની નમાઝો ચાલૂ હતી એવી, વિશાળ ત્રણ ગુંબજોવાળી - જેના પથ્થરોમાંથી એક કાંકરી પણ ખરી ન હતી એવી, મોગલ બાદશાહ બાબરના નામથી બાંધવામાં આવેલી હિંદુસ્તાન યુ.પી.ના અયોધ્યા શહેરની મસ્જિદને તોફાનીઓએ તોડી નાખી. સમગ્ર વિશ્વના મુસ્લિમોની ઇજ્જતને ઠોકરે મારવામાં આવી. આ દેશના કોમવાદીઓએ ધોળે દિવસે, બપોરના સમયે છી ડિસેમ્બર-

૧૯૯૨ના રોજ આ ગોઝારું કૃત્ય કર્યું. કયામત સુધી મુસ્લિમો પોતાના હૃદય પર પડેલો આ કુહાડ ઘા કદી પણ ભૂલી શકશે નહિ.

એથીયે વધુ ગમનો દિવસ માહે સવ્વાલની આઠમી તારીખ હીજરી ૧૩૪૩નો દિવસ (ઈ. સ. ૧૯૨૫) સમગ્ર વિશ્વના મુસ્લિમો કદી ભૂલી શકશે નહિ. આ દિવસ મુસ્લિમો માટે રંજોગમનો દિવસ છે. હિજાઝની સઉદી સરકારે પ્યારા નબી હઝરત મોહંમદ સલ્લે અલ્લાહો અલયહે વસલ્લમના પ્યારા મદીનાના પાક કબ્રસ્તાન જન્નતુલ બકીઅના ભવ્ય મઝારો, મકબરાઓ, અને કબરોના નિશાનોને હરહંમેશ માટે ભૂંસી નાખ્યા હતા. સેંકડો મજૂરોને પાવડા, કોદાળીઓ, અને ત્રિકમો સાથે કબ્રસ્તાનમાં ઘુસાડી આ ભવ્ય અતિ સુંદર ઈમારતોને

જમીનદોસ્ત કરી દીધી. એટલું જ નહિ પરંતુ જમીનની અંદરના એના પાયાના નિશાનોને સમૂળગા ખોદીને કાઢી નાખ્યા. નબીઓ, ઇમામો, શહીદો અને અવલીયા અલ્લાહોના શરીરને કીડી મકોડીઓ ખાઈ શકતી નથી. તેમના શરીર સડતા નથી. તરોતાજા રહે છે. તેમના કફનો અને શરીર મુબારકની અલ્લાહ હિફાઝત કરે છે. આ લોકો મૃત્યુ પામતા નથી. સજીવન છે. અલ્લાહ તેમને પોતાની બેહતરીન કુદરતથી રોઝી પહોંચાડે છે. આ તો કુર્આનનો ફેંસલો છે. એમાં કોઈપણ ફિરકાનો ઈખ્તેલાફ નથી. અલ્લાહે પોતાની કુદરતના મોઅઝેઝા દ્વારા પાકપવિત્ર રૂહોના શરીરોને જમીનની અંદર વધુ ઊંડે અથવા અન્ય કોઈપણ રીતે હિફાઝત કરે છે. અલ્લાહની કુદરતને કોઈ

પહોંચી શકતું નથી. તેની પાસે પોતાના અવલીયાની જિસ્મ મુબારકો સાચવવાના અમૂક તરીકા છે. હું અત્યારે આવા કોઈ દ્રષ્ટાંતો આપતો નથી.

આવી પવિત્ર હસ્તીઓના શાનદાર મકબરા, મઝારો અને કબરોને જમીનદોસ્ત કરી દેવાયા, ત્યારે તે સમયમાં હિંદુસ્તાનમાં પણ અરેરાટી વ્યાપી ગઈ હતી. મરહુમ ખ્વાજા હસન નિઝામી અને મરહુમ મૌલાના મોહંમદઅલી જૌહરે મુસ્લિમોની આગેવાની લઈને જન્નતુલબકીઅની વેરાની માટે બુલંદ અવાજ ઉઠાવ્યો હતો, સમગ્ર વિશ્વના મુસલમાનોના વિરોધની પણ સઉદી સરકારે કોઈ પરવા કરી ન હતી. મોમીન બિરાદરી તો દરવર્ષે આઠમી સવ્વાલે યવમે જન્નતુલ બકીઅ અથવા

યવમે ગમ મનાવે છે. ઉપરાંત આ બાબત વિરોધ પણ પ્રદર્શિત કરે છે. પ્રતિવર્ષ પોતાના પ્યારા રસૂલ (સ.અ.વ.)ના કુટુંબીઓ, અસ્હાબ અને બુઝૂર્ગોના વેરાન મઝારોની ઝિયારતગાહ જન્નતુલબકીઅને ફરીથી આબાદ કરવાની માંગણી કરે છે.

હું નથી માનતો કે લાઈલાહા ઈલ્લલ્લાહ મોહંમદુરસુલુલ્લાહનો કલિમો પઢનાર કોઈપણ વ્યક્તિ પોતાના પ્યારા નબીની બેટી, નવાસા, ઓલાદો અને કુટુંબીઓની કબરોનો નાશ પસંદ કરે. તેમા હઝરત ફાતેમા ઝહરા સલ્લમહા અલયહા સાથે તો આ તેના બાપનો કલિમો પઢનાર મુસલમાન ગણાતા લોકોને શું દુશ્મની હશે કે યુવાનીકાળમાં તેમનું તો લોહી માંસ બધું જ આ લોકો ખાય ગયા. તેમને રડવા પણ ન દીધાં,

તેમના આ દુનિયાથી પરદે થયા પછી તેમના પવિત્ર મકબરાને ખોદી નાખ્યો. કબરને પણ ખોદી નાખી. યા અલ્લાહ ! શું દુશ્મની હશે ? આ ઉમ્મતને પોતાના નબીની બેટી સાથે કે જીવતાં તેનું ઘર સળગાવ્યું. તેના બે માસુમ સંતાનોને શહીદ કર્યા તેનું લોહીમાંસ પણ આ ઉમ્મત ખાઈ ગઈ અને તેની પવિત્ર હડ્ડીઓ જે જગ્યાએ દફન થઈ હતી, તે કબર પણ ખોદી નાખી. યા અલ્લાહ ! આ ભેદને તું જ જાણે છે, તું જ સમજી શકે છે. અમારી નાકીસ અકલો તેને સમજવા અસમર્થ છે.

**ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઈલયહે રાજેઉન**

માનનીય ઓલમાએ દેવબંદ, જમાઅતે ઓલમાએ હિંદ અને તબ્લીગી વિચારધારામા માનનારા લોકો આ બધાને હું વિનંતી કરીશ શું

તેઓ આ પ્રમાણે મકબરા, મઝારો અને કબરોને તોડી નાખવું જાઈઝ માને છે ? શું આ તોડી નંખાયેલ કબરો જુની-પુરાણી કે ખંડેયેર હતી ? શું આ પ્રમાણેની બેઅદબી આપની દ્રષ્ટિએ જાઈઝ છે? જો નથી તો શા માટે આપણે આ બાબતનો વિરોધ કરતા નથી ? આ મકબરાઓની જન્નતુલ બકીઅમાં ફરીથી સ્થાપના થાય તે માટે શા માટે કોશીશ કરતા નથી ? શું આપણી આ ગુનાહિત ખામોશી નથી ? સુન્ની બિરાદરોને મારે કઈપણ કહેવાનું નથી કારણ કે તેમના આલિમો તો આ બાબત જુમ્આના મિમ્બરો ઉપર અવારનવાર લોકોને જાગૃત કરતા જ રહે છે. ઉપરાંત મિલ્લતે ઇસ્લામની વહદતના ઇચ્છુક છે. જો કબરના અસ્તિત્વને આ પાસબાને હરમ ન સ્વીકારતા હોય તો મસ્જિદે નબવીમાં


amillibrary.com

વચ્ચોવચ આવેલી રસુલેખુદાની કબરનું શું કરીશું ? તે તો મસ્જિદની વચ્ચે છે અને વહાબીઓના મસઅલા પ્રમાણે તો કબરો શીર્કનું થાનક ગણાય છે. જ્યારે કે આપ (સલ.)ની બેટી અને તેમના પુત્રોની કબરોને કબ્રસ્તાનમાં પણ આ લોકો બાકી નથી રાખવા ઇચ્છતા !

તો સાંભળી લો. સઉદી સરકાર તો આમ ઇચ્છે જ છે કે મસ્જિદે નબવીમાંથી પેગંબરે ઇસ્લામની કબરને પણ નાબુદ કરી નાખે. અમેરિકાનો પણ સઉદી સરકારને આ જ હુકમ છે. પરંતુ સઉદી સરકાર અમલ કરતાં ડરે છે. પાછલા સમયમા એક વખત સખત ઉનાળામાં રોઝા આવેલા, તો અમેરિકાએ સઉદી સરકારને કહ્યું હતું કે તેઓ આ રમઝાનને શરદીઓમાં લઈ જાય. જેથી

લોકોને તકલીફ ન પડે. પછી પબ્લીક વિરોધના ભયે આ વાત પડતી મૂકવામાં આવી. એવી જ હજની ભીડ અંગે પણ અમેરિકાએ વ્યવસ્થા અંગેની ચિંતા દૂર કરવા સૂચન કરેલું કે હજને વરસના બે ભાગમાં વહેંચી નાખવામાં આવે. મતલબ વરસમાં બે સમય છ-છ માસના સમયાંતરે હજની ક્રિયાઓ માટે લોકોને બોલાવવામાં આવે. આ બાબત પણ અમેરિકાને સઉદી સરકારે એવો ઉત્તર આપેલો કે મુસલમાનો આ વાત સહન નહીં કરી શકે. સરકારનો આ ઉત્તર નહોતો કે એ શક્ય જ નથી. હજ આમ અદા થાય જ નહિ. હજ તો ખુદાએ મુકર્રર કરેલા દિવસોમાં જ અદા થાય.

માનનીય ઓલમાએ દેવબંદ અને એમને અનુસરનાર તમામ લોકો ખાસ તો પ્રચલિત

તબ્લીગી જમાતનું કાર્ય કરનાર સંગઠનો પણ એ વાત ન ભૂલે કે ઇઝરાયેલના નકશામા આપણા અતિ પવિત્ર સ્થળો હિજાઝે મુકદ્દશ તેમાંય ખાસ તો મક્કા અને મદીના પણ છે. અમેરિકા અને ઇઝરાઈલને વફાદાર રહેવાના ગુપ્ત કરારો પણ શાહ સઉદ અને અમેરિકા વચ્ચે થયેલા છે. ઇઝરાઈલના અસ્તિત્વનો ઇન્કાર કદીપણ શાહ સઉદ કરી શકે નહિ. અત્યારના શાહ ફહદ કરતાં અગાઉના ગાદી વારસ શાહ ફૈઝલ કંઈક અંશે નેક હતા. તેમના ઈઝરાઈલ વિરૂદ્ધ ઉચ્ચારણોના કારણે અમેરિકાએ તેમના જ કુટુંબી દ્વારા તેમનું ખૂન કરાવ્યું.

હું દ્રઢપણે માનું છું કે શાહ સઉદે અમેરિકા સાથે એટલે સુધીના ગુપ્ત દસ્તાવેજો કરેલા છે કે

અમારે (અર્થાત - અરબસ્તાન ઉપર આવનાર સઉદના પ્રથમ ગાદીવારસોએ) કોઈક વખત અમારી પ્રજાને રેં રાખવા દેખાવપુરતો - જાહેરમાં ઈઝરાઈલનો વિરોધ પણ કરવો પડશે, અત્યારે પણ સઉદીનો ઇઝરાઈલનો વિરોધ અને મુસ્લિમ દેશો સાથેનો સંબંધ ફક્ત દેખાવ પુરતો છે. પોતાની મુસ્લિમ પ્રજાજનોને રાજી રાખવા આ પ્રકારનો દંભ કરવા માટેની છૂટછાટો આપવાના પણ ગુપ્ત દરવાજો સઉદી બાદશાહતની સ્થાપના વખતે થયેલા છે.

આજે તો સઉદી અરબમાં જ અમેરિકાની ફોજો પડેલી છે. જે પાસબાને હરમનું રક્ષણ કરે છે. વહાબીઓ પોતાનું રક્ષણ કરી શકતા નથી, તેઓ વળી મક્કામદીનાનું શું રક્ષણ કરવાના ?

# પ્રકરણ – ૭ : મદીના શરીફમાં અમારો ત્રીજો દિવસ

પ્રથમ બે દિવસ હોટલ અને મસ્જિદે નબવી સાથે જન્નતુલ બકીઅ વગેરે જગ્યાએ જ અમારા સાથીઓ ઈબાદતો કરતા રહ્યા. થોડીઘણી ખરીદી પણ કરતા રહ્યા.

ખજૂર-પાણી-તબર્રુક અને બે-પાંચ નમાઝના મુસલ્લા જે દોસ્તોને આપી શકાય, તે સિવાય મારે કશી ખરીદી કરવાની હતી જ નહિ. કારણ કે આ માટે મારી પાસે નાણા જ ન હતા. સાથીઓ ખરીદી કરવા માટે બજારમાં ફરતા. ઈબાદતો અને બકીઅની ઝિયારતોમાં દરરોજ નિયમિત જતા. મારા વાઇફની થોડીક ડાંટડપટ મને રાતે સાંભળવા મળતી કે આપણી છોકરીઓ-દીકરા

વહુઓ માટે કંઈક તો ખરીદો તેઓ શું કહેશે ? હું કહેતો ઈન્શાઅલ્લાહ, ઈન્શાઅલ્લાહ, છેલ્લા દિવસે અહીંથી જતાં અગાઉ કંઈક ખરીદીશું. જો કે હું મને-કમને હા પાડતો પરંતુ ઈન્શાઅલ્લાહ તો સાચા દીલથી જ કહેતો. હું ઘણેભાગે નવરો રહેતો. મારા વાઈફને હરમમાં પહોંચાડી હું એકલો જ અટૂલો નિરીક્ષણ અર્થે બહાર નીકળી પડતો. અમારા સાલારે કાફલા જનાબ શાબાનઅલીભાઈ મને આ રીતે અનેક વખત જોતા, પૂછતા ક્યાં ફરો છો ? બસ એટલે જ તેઓ કોઈક વખત જ્યારે અમો બધા જમવાના ટેબલ પર હોઈએ ત્યારે ગમ્મત પણ કરતા કે “બીબીબેન ! આ ઇબ્રાહીમભાઈ તમને હરમમાં મૂકી આવી પછી બપોર સુધી રખડયા કરે છે. તમો કંઈ ધ્યાન આપતાં નથી.”

અમો બંને હસ્યા કરતાં. સાથીઓ પણ ગમ્મતમાં ખૂબ જ હસતા. બિનઉપદ્રવી કે નિર્દોષ (ગુનો ન બને એવા) જોક્સ કે ચૂટકલાં પણ હું સંભળાવતો. જે મારી હંમેશની આદત છે. રાતે તો મોટાભાગે અમો બધા સાથીઓ સાથે જ જન્નતુલ બકીઅમાં જતા. ત્યાં દુઆએ કોમેલ પઢતા અથવા ઈરાની હાજીઓની મજલિસમાં સામેલ થઈ જતા. નિયાઝમાં ખજૂર-ચોકલેટ પણ ખાવા મળતા. વળી અમારા સાથીઓમાંથી પણ કોઈક ખજૂર વહેંચતા. ઇરાની સ્ત્રીપુરુષોને (જેમા આબાલવૃદ્ધો બધા જ સામેલ હતા.) અમો હૈયાફાટ રુદન કરતા જોતા. કેટલાક ઈરાની નવયુવાનો તો મઝલુમ યા ફાતેમા.... યા હસન યા ઝયનુલ આબેદીન.... એવી ચીખો નાખી કલાકોના કલાકો સુધી બકીઅની જાળી

પકડી રડતા મેં જોયા. મને હંમેશા મોત સુધી આ વાતનો અફસોસ રહેશે કે હું અવાજથી રડી શકતો નથી. કવચિતજ આ હાલત ઊભી થાય છે. ફક્ત આંસુ પડી જાય છે. જીવનમાં બે વખત જ થોડાક અવાજથી હું રડી પડ્યો છું. જેમાં ધ્રૂસકાં આવી ગયાં હતા. એક વખત ઈમામ ખોમેની રહમતુલ્લાહ અલયહના ઇન્તેકાલના ખબર સાંભળી હું અવાજથી રડી પડ્યો હતો. બીજા વખત બાબરી મસ્જિદને સ્ટાર ટી. વી. ઉપર શહીદ થતી જોઈ હું અવાજથી રડી પડ્યો હતો. તે વખતે ઘરની સ્ત્રીઓ આ વાત જોઈ ન જાય તે માટે હું જાજરૂમાં ચાલી ગયો, ત્યાં ખૂબ જ રડ્યો.

ચોથા દિવસે અમો બકીઅ સિવાયની મદીનાની અન્ય ઝિયારતગાહો જોવા ગયા. જેમા

ખાસ તો ઐતિહાસિક મસ્જિદો જોઈ. જેની સાથે એહલેબયતનો ઈતિહાસ સંકળાયેલો હતો.

સૌપ્રથમ મસ્જિદે કુબા જોઈ જે મદીનાની સૌપ્રથમ બનેલી મસ્જિદ છે. જેની બનાવટમાં પેગંબરે ઈસ્લામ પોતે સામેલ હતા. હિજરત કરીને જ્યારે રસૂલે ખુદા મદીનામાં દાખલ થયા. ત્યારે પ્રથમ આ જગ્યાએ રોકાયા હતા. અને ત્યાં સહાબા સાથે મળીને એક મસ્જિદ બનાવી હતી. જેને મસ્જિદે કુબા કહેવાય છે. આપ (સલ.) હિજરત કરીને મદીનામાં આવ્યા તો પ્રથમ આ જગ્યાએથી મદીના દાખલ થયા હતા. આ જગ્યાએ કુલશુમ બિન હદમના ઘેર મદીનામા દાખલ થતાં અગાઉ બે અઠવાડિયા રોકાયા. આ રોકાણ દરમ્યાન આપ (સલ.)એ ત્યાં એક મસ્જિદનો પાયો નાખ્યો.

ઇતિહાસકારો લખે છે કે રસૂલે ઇસ્લામે મદીના આવ્યા પછી સૌપ્રથમ જે મસ્જિદમાં નમાઝ પઢી તે આ જ છે. આપ (સલ.)ને આ મસ્જિદથી એટલી મહબ્બત હતી કે આપ આ દુનિયાથી પરદે થતા સુધી અઠવાડિયામાં એક વખત મદીનાથી આ મસ્જિદે અચૂક આવતા અને નમાઝ પઢતા. કદાચ તે જ કારણથી હદીસમાં છે કે આ મસ્જિદમાં બે રકાત નમાઝ પઢવાનો સવાબ એક ઉમરાહના બરાબર છે. આ મસ્જિદનું વર્ણન કુર્આનમાં મોજૂદ છે.

ત્યા અમો તહીયતુલ મસ્જિદની બે રકાત નમાઝ પડ્યા. હું તો રસૂલે ઇસ્લામના ચૌદસો વરસ પહેલાંના ઈતિહાસમાં ખોવાઈ ગયો. અત્યારની મસ્જિદે કુબામાં ૨૦૦૦૦ નમાઝીઓ એક સાથે

નમાઝ અદા કરી શકે છે. ત્યાંથી આગળ ચાલી અમોએ મસ્જિદે બીલાલ હબસી (રઝિ.) જોઈ. હઝરત બીલાલ મસ્જિદે નબવીના પ્રખ્યાત મોઅઝ્ઝીન હતા. રસૂલે ઇસ્લામના ચહીતા સહાબી અને એહલેબયતના ચાહક હતા.

આગળ ચાલતા ગાડીમાં મસ્જિદે મુબાહેલા જોવા ગયા.

ઈતિહાસની આ એક અગત્યની ઘટના છે. સાથેસાથે પંજતન - મોહંમદ - અલી - ફાતેમા - હસન - હુસૈન (અલ.)નો મોઅજેઝો પણ છે. જેથી મુબાહેલાનું વર્ણન વાચકો માટે રસપ્રદ રહેશે.

આશ્ચર્ય પમાડે એવી વાત તો આ છે કે બિરાદરાને એહલે સુન્નત અને વહાબીઓમાં મુબાહેલાના વર્ણનનો રીવાજ જ નથી. અજીબ વાત

છે કે મુકર્રીરો, વાએઝીન કદીપણ મુબાહેલા અને હદીસે કીસાઅ જેવાં પ્રખ્યાત વર્ણનો સ્વયં તેમની પોતાની કિતાબોમાં સ્પષ્ટ અને કુર્આન પાકમાં પણ સ્પષ્ટ રીતે હોવા છતાં, તેઓ આ વિષયનો જરાયે ખ્યાલ પોતાની તકરીર, વાઅઝો કે ખુતબાતમાં લોકોને આપતા નથી. આ ઘણી જ અકળાવનારી અને ન સમજાય એવી વાત છે. અકીદાના ઘડતર વખતે જાણે આ વાત બંધારણીય રીતે કબૂલ થઈ હોય એમ કોઈક આલીમ ભૂલેચૂકેય એહલેબયતની શાનમાં આ ઘટનાનો ઉલ્લેખ કરતા નથી. આ એક પ્રકારની ગુનાહિત ચૂપકીદી છે. ખુદા એમનો જવાબ માંગશે. તેઓ માટે મુશ્કેલી આ પણ છે કે તેઓએ પોતે સ્થાપિત કરીને ઇતિહાસમાં આલેખેલા તેઓના કોઈ પ્રિય પાત્રો આ ઘટનામાં સામેલ નથી. નહીં તો

રસૂલે ઈસ્લામની શાન વધારવા અથવા એહલેબયતની શાન વધારવા માટે નહિ પરંતુ પોતાના પ્રિય પાત્રો તેમાં સામેલ હોય, તેમની શાન વધારવા આ ઘટનાઓના વર્ણન વારંવાર કરત. તે વર્ણનો લોકોના મોઢે ફરતાં હોત.

મારી ચાલીસ-બેતાલીસ વર્ષની ઉમર સુધી મારી પાસે અનેક ઉર્દૂ કીતાબો હોવા છતાંય મુબાહેલા અને હદીસે કીસાઅની ઘટનાઓથી હું તદ્દન અજાણ હતો. આજેપણ હું કોઈ મારા દોસ્તની સમક્ષ આ ઘટનાઓ વર્ણવુ છું, ત્યારે તેઓને નવી લાગે છે.

કુર્આનનો મોટો ભાગ નોખી રીતે કે અનોખી રીતે, સીધી રીતે કે આડક્તરી રીતે, પ્રત્યક્ષ કે પરોક્ષ, એહલેબયતની શાનમાં નાઝિલ થયો છે.

કુર્આનનાં રહસ્યોના માલિક તો સંપૂર્ણરીતે એહલેબયત જ છે.

મારી ઘણી નાની ઉંમરથી હું એક તફસીરનો ગ્રાહક બનેલો જે દેવબંદથી પ્રગટ થતી હતી. દર મહિને એક પારો પ્રગટ કરતા હતા. આ તફસીર શરૂમાં દેવબંદના આલીમ જવાબ કાસિફૂલ હાશિમી તથા જનાબ મૌલાના સઈદ પાલનપુરી હતા. તફસીરનું નામ છે. “હિદાયતુલ કુર્આન.” પાછળથી આ તફસીરની જવાબદારી દેવબંદ મદ્રસાના ઉસ્તાદે હદીસ જનાબ મૌલાના સઈદ પાલનપુરી સાહેબે લીધી અને તેને પૂર્ણ કરી. પાંચેક સીપારા પ્રગટ કર્યા પછી જનાબ કાસિફુલ હાશિમી સાહેબે “ઈદારા હિદાયતુલ કુર્આનેની સંપૂર્ણ જવાબદારી જનાબ સઈદ પાલનપુરી સાહેબને

સોંપી દીધી હતી. આ તફસીરમાં આયતે મુબાહેલાનું વર્ણન એટલું સુંદર એટલું વ્યવસ્થિત અને એટલું વિસ્તૃત કરેલું છે કે એટલું બેહતરીન અને વિસ્તૃત વર્ણન મેં કોઈ શીયા આલીમનું જોયું નથી. જો કે મારી પાસે શીયા આલિમોની અનેક તફસીરો છે.

## મુબાહેલા

અત્રે મુબાહેલાનું ટૂંકમાં વર્ણન કરી રહ્યો છું. યમનની ઉત્તરે લગભગ ૨૦૦ કીલોમીટરના અંતરે નઝરાન નામનો એક ઘણો જ લીલો હરિયાળો ઈલાકો હતો. ત્યાં નાની મોટી તોતેર વસ્તીઓ હતી. તોતેર ગામડાં જ સમજી લો. આ નઝરાન ઈલાકાની વસ્તી લગભગ ચાલીસ હજાર જેટલી હતી. તે બધા ઈસાઈઓ હતા. પૈસે ટકે ઘણા જ સુખી હતા. તેમણે પોતાના મઝહબી ક્રિયાકાંડો અદા કરવા ચર્ચ પણ

બનાવ્યું હતું. વખત જતાં નઝરાન ઈસાઈઓનું એક મરકઝ બની ગયું હતું. તેઓએ ઊંટના ચામડાથી મઢેલી એક બુલંદ ઈમારત બનાવી, તેને કલીસા-ચર્ચમાં ફેરવી નાખ્યું હતું. તેને કઅબએ નઝરાન કહેતા હતા.

દૂરસૂદૂરના ઈસાઈઓ આ જગ્યાના દર્શને આવતા હતા.

આ કલીસાની વાર્ષિક આવક તે સમયમાં બે લાખ સોનાના દીનારથી વધુ હતી. જે રાહીબો અને મઝહબી પેશ્વાઓ માટે ખર્ચતી. જ્યારે ઈસ્લામને મદીનામાં તરક્કી મળી, તો આ ઈસાઈઓના કાન ઊંચા થઈ ગયા. તેમનામાં કેટલાક ફિતનાખોર લોકો પણ હતા. જેઓને ઈસ્લામની તરક્કી ખટકતી હતી. રસૂલેખુદાને પણ

આવા ફિતનાખોરોથી શક અને ભય બંને હતા. વારંવાર આ નઝરાની ઈસાઈઓ મુસલમાનો માટે સાચી-જુઠી ખબરો ફેલાવી પોતાના સાક્ષીઓને આંતકીત કરતા. આપ (સલ.)ને પણ આ લોકોથી હંમેશા ફિતનાનો ડર રહેતો. તેમના ફીત્નાને દબાવવો જરૂરી હોઈ આપ (સલ.) એ એક પત્ર લખીને નઝરાનના ઈસાઈઓને ઈસ્લામની દઅવત પહોંચાડી, નહીં તો જઝયો આપવા જણાવ્યું.

પેગંબરે ઈસ્લામનું દઅવતનામું વાંચી નઝરાનના બધા અગ્રેસરો એકત્ર થયા. રસૂલે ઈસ્લામના દઅવતનામાના ઊકેલ અંગે વિચારવા લાગ્યા. ઘણા વિચાર વિમર્સ પછી આ વાત નક્કી થઈ કે આપણા મઝહબી પેશ્વાઓનું એક અતિ ઉચ્ચ પ્રતિનિધિ મંડળ મદીના જઈને મુસલમાનોના

પેગંબરની મુલાકાત કરે. પછી જોઈએ આ પરિસ્થિતિનો શું ઉકેલ નીકળે છે. નહીં તો પછી આગળ વિચારવામાં આવશે. તેમનું ચૌદ વ્યક્તિઓનું એક પ્રતિનિધિ મંડળ મદીના આવ્યું. તેની આગેવાની આકીબ, સૈયદ અને અબુ હારેશા ત્રણે લીધી. અબુ હારેશા ઈસાઈ જગતનો સર્વ શ્રેષ્ઠ આલીમ હતો. જ્યારે સૈયદ અને આકીબ બંને બુદ્ધિમાં, વાદવિવાદમાં, વાત સમજવામાં, દુરંદેશ લોકો હતા. મદીનાના મુસલમાનો બિચારા ભૂખ્યા, ગરીબ, કમજોર, મક્કાથી આવેલા, મુહાજિરો તો પોતાનું બધું જ છોડીને આવેલા, જેથી તદ્દન ગરીબ હતા. તે સિવાય ઈસ્લામને ખાતર, રસૂલની મુલાકાત માટે, ઈસ્લામને સમજવા માટે, દરરોજના અનેક લોકો મદીના આવતા, આ ઈસ્લામના

મહેમાનો હતા, ખુદાના મહેમાનો હતા, જેથી તેમનો ખાવા-પીવા-રહેવાનો ખર્ચ વગેરે પણ મદીનાવાસીઓના ઝિમ્મે હતો. જેમને અલ્લાહે અનસાર કહ્યા છે. અનસાર એટલે મદદ કરનારા.

જ્યારે નજરાનના ઈસાઈઓનું આ પ્રતિનિધિમંડળ મદીના આવ્યું તો તેમનો શાહાના કીંમતી લીબાશ, રેશમી અબાઓ, તથા ઠાઠમાઠ જોઈને મદીનાવાસીઓ આશ્ચર્ય પામ્યા. કારણ કે તેમના અગાઉ અનેક પ્રતિનિધિમંડળો આવેલાં. પરંતુ તેઓ આવા ઠાઠમાઠથી પેગંબરે ઈસ્લામની સમક્ષ નહીં આવેલાં. જ્યારે આ લોકો મસ્જિદે નબવીની નજીક પહોંચ્યા તો સવારીઓથી નીચે ઊતર્યા તેમના ગળામાં સોનાની ચેઈનો અને હાથોમાં સોનાની અંગૂઠીઓ હતી. લીબાશમાં પણ

મોતી પરોવેલા હતા. મતલબ આ લોકો ખુદાના રસૂલની સમક્ષ ઘણાજ ઘમંડ અને ફખર સાથે હાજર થયા. શકય છે કે તેમના આ રીતે આવવાનો હેતુ ગરીબ અને કમજોર ઈમાન મુસલમાનોને પ્રભાવિત કરવાનો હોય. પેગંબરે ઈસ્લામ અને આપની એહલેબયત હઝરત અલી અને ફાતેમાની તો માલદવલત કે ભભકો જોઈને પ્રભાવિત થવાની વાત જ ન કરો. અરે ! આપની એહલેબયતથી હઠીને આપ (સલ.)ની તે અઝવાજે મુતહહરાત જેમાંથી બે ત્રણની દાંટદપટ, કુર્આને કરેલી છે. તે સિવાયની ઉમ્મતની નેકદીલ માઓ જેમની તારીફ રસૂલે ફરમાવી છે, તે માઓ અને આપ (સલ.)ના નેકદીલ સહાબાઓની દ્રષ્ટિએ પણ દુન્યાની માલદવલત પહાડોના નકામા પથ્થર સમાન હતી.

આવા ઘમંડી લોકોને જોઈ આપ (સલ.) એ મોં ફેરવી લીધું, મુલાકાત આપવા ના કહ્યું. આ પ્રતિનિધિમંડળ હઝરત ઉસ્માન અને તેમના બનેવી અબ્દુર્રેહમાન બિન ઓફ પાસે ગયું. કારણ કે આ બંને ઘણા જ માલદાર હતા. મદીનાવાસીઓમાં માલદારીના કારણે શેઠ ગણાતા હતા. આ પ્રતિનિધિમંડળે તેમને ફરીયાદ કરી કે અમો પેગંબરે ઈસ્લામને મળવા આવ્યા છીએ, તેમણે અમને મુલાકાત આપવાનો ઈન્કાર કર્યો. આ બંનેએ ઉત્તર આપ્યો, ખબર નહિ રસૂલેખુદાએ આમ કેમ કર્યું ? તમો હઝરત અલી (અલ.)ને મળો. તેઓ જ આ બાબતનું રહસ્ય બતાવી શકે છે.

આ લોકો હઝરત અલી (અલ.)ની ખિદમતમાં હાજર થયા. અને પેગંબરે ઈસ્લામ વિશે

ફરિયાદ કરી કે આપ (સલ.) એ અમારી તરફ ધ્યાન ન આપ્યું, અમને મુલાકાત ન આપી.

હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું "તમે લોકો આ સોનાની અંગૂઠીઓ અને આ રેશમી પોશાક કાઢી નાખી સીધા સાદા લિબાશમાં પેગંબર (સલ.)ની ખિદમતમાં જાઓ. આપ (સલ.) તમને જરૂરથી મુલાકાત આપશે." તેમણે આમ જ કર્યું.

પેગંબરે ઈસ્લામ નમાઝે અસરથી પરવારી ચૂક્યા હતા. આપે આ લોકો સાથે અનેક મસાઈલ પર વાતચીત કરી, પછી તેમને ઈસ્લામની દઅવત આપી. તો તેમણે કહ્યું કે "અમે તો પ્રથમથી જ મુસલમાન છીએ." ફરમાવ્યું "તમે મુસલમાન કેવી રીતે છો ? સુવ્વરનું ગોશ્ત ખાઓ છો, ક્રોસની પુજા

કરો છો, હઝરત ઈસા બિન મરીયમને ખુદાના બેટા માનો છો.”

તેમણે ઉત્તર આપ્યો, “બેશક મસીહ ઈબ્નુલ્લાહ છે.” આપ (સલ.) એ ફરમાવ્યું “ઈસાનું ઉદાહરણ અલ્લાહને ત્યાં હઝરત આદમ (અલ.)ના જેવું છે. જેને અલ્લાહે માટીમાંથી પેદા કર્યા અને કહ્યું કે થઈ જાઓ તો થઈ ગયા.’

પેગંબરે ઈસ્લામના કહેવાનો મતલબ આ હતો કે જ્યારે અલ્લાહે પોતાની કુદરતથી હઝરત આદમ (અલ.)ને માટીમાંથી પેદા કર્યા તો હઝરત ઈસા (અલ.)ના વગર બાપે ફક્ત મા ના પેટથી પેદા કરવું શું નવાઈની વાત છે. મતલબ જો હઝરત ઈસા (અલ.)ના વગર બાપે પેદા થવું ખુદાના બેટા હોવાની દલીલ છે. તો હઝરત આદમ

(અલ.)ના તો મા અને બાપ બંને ન હતા. જેથી આદમ (અલ.) તો ખુદાના બેટા હોવું વધારે જરૂરી છે. પરંતુ હઝરત આદમ (અલ.)ને તો તમે લોકો ઈબ્નુલ્લાહ કહેતા નથી.

આપ (સલ.)ની લંબાણપૂર્વકની વાતચીત છતાં તેઓ ન માન્યા. વાદવિવાદ ચાલુ રહ્યો, તે જ વખતે અલ્લાહનો હુકમ નાઝિલ થયો.

(અય રસૂલ (સલ.)) જ્યારે તમારી પાસે ઈલ્મ (કુર્આન) આવી ચૂક્યું છે. ત્યાર પછી પણ આ લોકો હઝરત ઈસા (અલ.)ના મામલામાં તમારાથી દલીલો કરે, તો તેમને કહી દો કે આવો, આવી રીતે ફેંસલો કરીએ કે અમે અમારા પુત્રોને બોલાવીએ અને તમે તમારા પુત્રોને બોલાવો. અમે અમારી બેટીઓને બોલાવીએ, તમે તમારી બેટીઓને

બોલાવો, અમે અમારા નીકટનાઓને બોલાવીએ તમે તમારા નીકટનાઓને બોલાવો. પછી આપણે અલ્લાહ પાસે કરગરીને દુઆ કરીએ, અને જુઓ ઉપર અલ્લાહની ફિટકાર કરીએ. **અરબીમાં "અબ્ના અના વ અબ્નાઅકૂમ"**, બેટાઓની જગ્યાએ રસૂલે ઈસ્લામે હસનૈન (અલ.)ને લીધા.

અરબીમાં **"નિસાઅના વ નિસાઅકૂમ"** સ્ત્રીઓની જગ્યાએ આપ (સલ.)એ ફક્ત હઝરત ફાતેમા સલ્લમહા અલયહાને સાથે લીધાં. અરબીમાં **"અનફોસના વ અનફોસકૂમ"** નફ્સ - આત્મા - પંડ - સ્વયંની જગ્યાએ આપે હઝરત અલી (અલ.)ને લીધા, જેનો મેં 'નીકટના' તરજુમો કર્યો છે.

(પારહ - 3 સૂરત આલે ઇમરાન આયત નં. ૬૧)

આ તો તે સમય હતો જ્યારે જઝીરએ અરબમાં ઈસ્લામ ફેલાઈ ચૂક્યો હતો, બધી જ મોટી મોટી જંગો થઈ ચૂકી હતી. હિજરી સન દસનો સમય હતો. ઘણા બધા લોકો ઈસ્લામમાં દાખલ થઈ ચૂક્યા હતા. ઈસ્લામની જાહોજલાલીનો સમયગાળો હતો. ત્યારે મુબાહેલા પેશ આવે છે. મુસલમાનો કોઈક-કોઈકને રસૂલના ખાસ સાથી કહે છે, રસૂલને બહુ જ વહાલા કહે છે. રસૂલના ખૂબ જ નજીક, હોવાના ઢોલ જેઓ માટે પીટી રહ્યા છે. તેઓમાંથી એકને પણ રસૂલે સાથે ન લીધા. ફક્ત અલી (અલ.)ને લીધા. અલી નફસે રસૂલ છે.

મતલબ આ વાત કસમાકસમી - મુબાહેલા પર અટકી. જે દિવસે આ મુબાહેલા નક્કી થયો. તે દિવસે મોટા દરજાના સહાબા નાહી ધોઈને - સારા

કપડાં પહેરીને, વહેલી સવારથી રસૂલના દરવાજે એકત્ર થઈ ગયા હતા. કદાચ રસૂલની નજર પડી જાય, અને મુબાહેલા માટે પોતાના પર પસંદગી ઊતરી જાય.

પરંતુ પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફજરની નમાઝથી પરવારીને હઝરત સલમાન ફારસી (રઝિ.) ને બોલાવ્યા. એક લાલ ચાદર અને ચાર લાકડીઓ આપીને મુબાહેલાના મેદાન ઉપર જવા કહ્યું ત્યાં જઈને હઝરત સલમાને કમ્બલનું છાર ઊભું કર્યું.

પછી આપ (સલ.) ઘરમાંથી એવી રીતે બહાર આવ્યા કે ઈમામ હુસૈન (અલ.) આપ (સલ.)ની ગોદમાં હતા. ઈમામ હસન (અલ.)નો હાથ પકડ્યો. હઝરત ફાતેમા સલામુલ્લાહ

અલયહાને પોતાની પાછળ ચાલવા કહ્યું, અને હઝરત અલી (અલ.) હઝરત ફાતેમા મઝલૂમાની પાછળ ચાલ્યા.

મતલબ આપ (સલ.) એ પોતાના પુત્રોની જગ્યાએ નવાસાઓને, સ્ત્રીઓની જગ્યાએ પોતાની લાડલી બેટી માસુમા સૈયેદહ મઝલૂમા ફાતેમા (અલ.)ને અને નફસની જગ્યાએ - આત્માની જગ્યાએ - પંડ (સ્વયં પોતે)ની જગ્યાએ હઝરત અલી (અલ.)ને લીધા, પછી આપ (સલ.) એ નીચેની દુઆ ફરમાવી.

ખુદાવંદ ! દરેક નબીના અહલેબયત હોય છે. આ મારાં એહલેબયત છે. એમને દરેક બુરાઈથી મહફૂઝ અને પાક પાકીઝા રાખ."

મતલબ જ્યારે આ નૂરાની ચહેરાઓ મેદાને મુબાહેલામાં આવ્યા. તો નસારાનો સરદાર આકીબ એમને જોઈને કહેવા લાગ્યો.

"ખુદાની કસમ ! હું એવા ચેહરા જોઈ રહ્યો છું કે અગર તેઓ પહાડને પોતાની જગ્યા છોડવાનું કહે તો ચોક્કસ પહાડ પોતાની જગ્યા છોડી જાય. ભાઈઓ ! તમારી ભલાઈ એમાં જ છે કે મુબાહેલો ન કરો, નહીં તો કયામત સુધી નસારાની નસલમાં કોઈ જીવંત રહેશે નહિ."

છેવટે નઝરાનના આ પ્રતિનિધિ મંડળે મુબાહેલો ન કરવાનો નિર્ણય લઈ, જઝિયો આપવાનું નક્કી કર્યું. અને મેદાનમાંથી હટી ગયા.

**આપ (સલ.) એ ફરમાવ્યું**

“ખુદાની કસમ ! જો આ લોકો મુબાહેલો કરત તો ખુદાવંદે આલમ એમને સુવ્વર અને વાંદરાઓની શકલમાં ફેરવી નાખત; આ મેદાન આગ બની જાત. અને નઝરાનના ઈલાકાનો એક વ્યક્તિ તો શું ત્યાંની ચકલીઓ સુધ્ધાં જીવંત ન બચી શકત.”

આ હઝરત અલી (અલ.)ની ઉચ્ચોચ્ચ ફઝીલત છે કે હઝરત અલી અલ્લાહના હુકમથી નફસે રસૂલ બન્યા, રસૂલે ઇસ્લામનો આત્મા કરાર પામ્યા, રસૂલનો પંડ, સ્વયં રસૂલની જગ્યાએ, રસૂલના પછી રસૂલ જેવા જ. ઈમામતના દરજ્જે પહોંચ્યા. જેથી રસૂલે ઈસ્લામ પછી બધા જ નબીઓથી અફઝલ ગણાયા.

આ મસ્જિદે મુબાહેલા અમે જોઈ. અમો ત્યાં બે રકાત નમાઝ પડયા. આ જગ્યાની ઉપરોક્ત સમગ્ર ઘટનાઓ મારી નજરો સમક્ષ ઉપસ્થિત થઈ.

આ મસ્જિદે પણ પોલિશનો સખત પહેરો જોયો. જાણે લોકોને ડરાવવા ધમકાવવા આ પ્રમાણે કરવામાં આવતું હોય એમ લાગ્યુ. સમગ્ર ઘટનાનું વર્ણન કુર્આનમાં હોવા છતાં, મસ્જિદમાં કોઈ તખ્તામાં કે દિવાલ ઉપર ઉપરોક્ત ઘટનાનું કોઈ વર્ણન ન દેખાયું. જે સરકાર વગર ફોગટની નકામી સૂચનાઓ ઠેરઠેર લખે છે તેને અહીં આયતે મુબાહેલા અને તેના વર્ણનને લખવામાં શું પાપ લાગતો હશે ? કુર્આનને પોપટની જેમ રટવા સિવાયની કોઈ મહબ્બત આ લોકોને કુર્આન સાથે હશે કે નહિ ? આમ વિચારતો હતો, ત્યાં તો અમારા

સાલારે કાફલા મસ્જિદમાં આવ્યા, અને મને “યા અલ્લાહ ! યા અલ્લાહ ! એક સાથે બોલી એક ખાસ પ્રકારના અંદાજમાં અવાજ આપી. મેં ઊંઘમાંથી સફાળો જાગ્યો હોઉં એમ પાછળ જોયું તો મને ભાન થયું કે કાફલો બસમાં ગોઠવાઈ ગયો છે. અને મને બૂમ પડી રહી છે. ભગ્ન હૃદયે - દુ:ખી મને હું મસ્જિદમાંથી બહાર નીકળ્યો.

## મસ્જિદે ફસહ

આ મસ્જિદ ઓહદ પહાડની તદ્દન પાસે ગારની નીચે છે. રીવાયત છે કે જંગે ઓહદના દિવસે પેગંબરે ઈસ્લામ (સલ.)એ આ જગ્યાએ નમાઝે ઝહોરૈન અદા કરી હતી. મસ્જિદ ખંડિયર બની ચૂકી છે. મેહરાબ અને દીવાલોની નિશાનીઓ

સ્પષ્ટ દેખાય છે તેના રક્ષણ માટે તારની વાડ કરેલી છે.

## મસ્જિદે અલી

ત્યાર બાદ અમો મસ્જિદે અલી. મસ્જિદે નબવી શરીફથી ૨૯૦ મીટર અને મસ્જિદે ગમામાંથી ૧૨૨ મીટર દૂર આ મસ્જિદ આવેલી છે. આ મસ્જિદે પણ રસૂલે ખુદા (સલ.) નમાઝે ઈદૈન અદા ફરમાવતા હતા. નવું બાંધકામ છે. 33 X ૨૨= ૭૨૬ ચો. મી. ક્ષેત્રફળ છે. એના મિનારની ઊંચાઈ ૨૬ મીટર છે.

## મસ્જિદે ફઝીખ

બનુ નઝીર નામનો એક યહુદી કબીલો હતો. જે મદીના મુનવ્વરામાં આવીને આબાદ થઈ ગયો હતો અને અરબોની કબાઈલી જંગોમાં શરીક

થઈ ગયો હતો. જ્યારે પેગંબરે ઈસ્લામ હિજરત કરીને મદીના આવ્યા, તો આ કબીલા સાથે એક કરાર કરવામાં આવ્યો. જેથી થોડો સમય આ કરારના કારણે મદીનામાં અમન રહ્યો. પરંતુ બનુ નઝીર પોતાની ફિતનાખોર આદતોથી ન રોકાયા. અહીં સુધી કે તેમણે પેગંબરે ઈસ્લામના કતલનું કાવતરું બનાવ્યું. જેથી આપ (સલ.) એ આ કબીલાનો ઘેરાવ કર્યો. જે છ દિવસ સુધી બાકી રહ્યો. છેવટે તેમને મદીના મુનવ્વરાથી કાઢી મૂકવામાં આવ્યા.

આ દિવસો દરમ્યાન પેગંબર (સલ.)ની ઇમામતમાં આ જગ્યાએ નમાઝ પઢાઈ હતી. ત્યાં મસ્જિદ બનાવી દેવામાં આવી. આ મસ્જિદ પ્રથમ બની નજીર કહેવાઈ. તે જ સમયગાળામાં શરાબ

હરામ થવાનો હુકમ નાઝિલ થયો. ત્યારે જે વ્યક્તિ પાસે જેટલી શરાબ હતી. તે લઈને ત્યાં આવ્યા અને આ જગ્યાએ ઊંધી વાળી દીધી. તમામ લોકો પોતપોતાની પાસેની જેટલી શરાબ હતી તે બધી જ ત્યાં લાવી ઉઘેલી દીધી. મતલબ શરાબનો નાશ કર્યો. ફરમાબરદારીનું એક ઉચ્ચ ઉદાહરણ પુરૂં પાડ્યું. આ જગ્યા જ્યાં શરાબ ઉઘેલવામાં આવી છે. તે એક નાના કૂવા જેવા આકારમાં સલામત છે. તેને ઢાંકણથી ઢાંકવામાં આવે છે. મસ્જિદની સહેનની વચ્ચે આ જગ્યા છે. લોકો ઢાંકણ ખોલીને ઈતાઅતે ખુદા વ રસૂલની નિશાનીને જુએ છે. ફઝીખનો અર્થ ખજૂરની શરાબ જે ઉઘેલી દેવામાં આવી હોય એવો થાય છે.

મસ્જિદે ગમામા, મસ્જિદે નબવીના દક્ષિણ-પશ્ચિમમાં ૩૦૫ મીટર દૂરી પર આવેલી છે. પેગંબરે ખુદા અહીં ઈદની નમાઝ અદા ફરમાવતા હતા. અર્વાચીન ઈમારત સુલતાન અબ્દુલ મજીદ તુર્કીના જમાનાની છે. જે ઘણી જ ઉમદા છે.

**મસ્જિદે જુમા**

મસ્જિદે જુમા હિજરત અગાઉ જનાબ મુસઅબ બિન ઉમેર તથા અસઅદ બિન ઝરારહ મદીના મુનવ્વરામાં નમાઝે જુમા પઢાવતા હતા. જ્યારે પેગંબરે ઈસ્લામ હિઝરત કરીને મદીના આવ્યા. તો કુબામાં રોકાયા. જુમ્આના દિવસે ત્યાંથી મદીના જવા માટે રવાનગી થઈ. ત્યારે આ જગ્યાએ પેગંબરે ઈસ્લામે મસ્જિદે કુબાથી એક કીલોમીટર દૂર બની સલીમ કબીલાની આબાદી પાસે નમાઝે

જુમ્આ અદા ફરમાવી. આ મસ્જિદને મસ્જિદે જુમ્આ તથા મસ્જિદે બની સાલીમ પણ કહે છે. ત્યાં ૬૫૦ નમાઝીઓ નમાઝ અદા કરી શકે છે. ગુંબઝનો ઘેરાવો બાર મીટર અને મિનારની ઊંચાઈ ૨૫ મીટર છે.

ત્યારબાદ અમોએ મસ્જિદે સલમાન ફારસી, જોઈ, દરેક મસ્જિદમાં બે રકાત નમાઝ તહીયતુલ મસ્જિદ અદા કરી, દરેક જગ્યાએ અલ્લાહથી આજીજીપૂર્વક દુઆ કરી કે અહીં વારંવાર લાવે અને આ પાક જગ્યાઓની સાચી હુરમત આપણા હૃદયમાં પેદા કરે. અલ્લાહ આ મુકદ્દશ સરજમીનને બાઈમાન, નેકસાલેહ મોમીનોના કબજામાં આપે. કારણ કે વહાબીઓની કઠપૂતલી હુકુમત અમેરિકાની ગુલામ છે. દરેક મસ્જિદે કંઈને કંઈ તકલીફો આ

લોકો ઊભી કરે છે. ત્યાં રાખવામાં આવેલા વોચમેનો (પોલિસો) મોમીનોને શકની નજરથી જુએ છે, અમૂક જગ્યાએ આ લોકો ઝવ્વારોને ખોફઝદાહ પણ કરે છે.

હવે અમારે મસ્જિદે કીબ્લતૈન જોવાની બાકી હતી તે જોવા માટે અમારો કાફલો બસમાં ઉપડ્યો.

# પ્રકરણ – ૮ : મસ્જિદે કિબ્લતૈન

અમારી બસ મસ્જિદે કીબ્લતૈન સામે આવીને ઊભી રહી. સાથીઓ ઊતર્યા આ તે મસ્જિદ હતી જ્યાં રસુલુલ્લાહ (સલ.) નમાઝ પઢાવી રહ્યા હતા. રિવાયતો જુદી જુદી છે. પરંતુ નમાઝે ઝોહર રસુલ પઢાવી રહ્યા હતા અને બે રકાત પૂરી થઈ ચૂકી હતી. દરમ્યાન હાલતે નમાઝમાં સુરા બકરહની આયત ૧૪૪ નાઝિલ થઈ.

**કદ નરા તકલ્લોબ વજહેક ફીસ્સમાએ ફલનોવલ્લેયન્નક કીબ્લતન તરઝાહા ફવલ્લે વજહક સતરલ મસ્જિદીલ હરામ, વહયષો માકુન્તમ ફવલ્લુ વોજુહોકુમ સતરહ, વઈન્નલ્લઝીન ઊતુલ કીતાબ**

**લયઅલમૂન અન્નહુલ હક્કો મીર્રબ્બેહીમ વલમલ્લાહો બેગાફેલીન અમ્મા અયમલૂન.**

**અર્થાત** : અય રસૂલ ! અમે આપના ચેહરાને વારંવાર આકાશ તરફ ઊઠતો જોઈ રહ્યા છીએ, હવે અમે આપને તે કીબ્લા તરફ જ ફેરવીશું જેથી આપ ખુશ થઈ જશો. આપ આપનું મોઢું મસ્જિદે હરામ તરફ ફેરવી નાખો, અને આપ જ્યાં પણ હોવ પોતાનું મોં આ જ કીબ્લા તરફ રાખો. નિસંશય એહલે કીતાબને આ વાતની સારી પેઠે ખબર છે કે કીબ્લાનું બદલાવું તેમના પરવરદિગાર તરફથી છે. તે સત્ય છે અને અલ્લાહતઆલા તે કાર્યોથી અજાણ નથી. જે તેઓ કરી રહ્યા છે."

દુનિયાની દરેક કોમ, દરેક ટોળું, દરેક ધર્મની એક વિશેષ ઓળખ (નિશાની) હોય છે.

તરીકો હોય છે. નિશાની વગર તે કોમનું એક અલગ અસ્તિત્વ કાયમ રહી શકતું નથી. ઈસ્લામે આ ઓળખ, નિશાની કે તરીકો નમાઝ અદા કરવા માટેના કીબ્લાને ગણ્યો છે. જે ઘણાબધા કાયદાકાનૂનો અને રહસ્યોનો ભંડાર છે. ઈસ્લામના ખાસ પ્રકારના સ્પષ્ટ દેખાતા ગુણો સમાનતા, લોકશાહી, અને ભાતૃભાવ છે. જેની બુનિયાદ અમલે સાલેહ છે. મતલબ કે બધા જ મુસલમાનો એકસૂત્રતાથી બંધાયેલા, એકતાને વરેલા દેખાય, ઈસ્લામનો ઉચ્ચોચ્ચ અમલ નમાઝ છે. જે દિવસમાં પાંચ વખત બાજમાઅત એક ઇમામની રહબરીમા અદા કરવાની હોય છે. નમાઝીઓની એક એક હરકત તેના ઈશારા પર થાય છે. જેથી જરૂરી છે કે સમગ્ર વિશ્વના મુસલમાનોની નમાઝનું કેન્દ્રસ્થાન

એક જ દેખાય. આ જ તે સિદ્ધાંત જેના કારણે નમાઝના માટે એક ખાસ કીબ્લો નક્કી કરવામાં આવ્યો.

આ નિશાની - ઓળખ કીબ્લાને એટલી વિશેષતા અપાઈ કે તેના તરફ મોં રાખીને ઈબાદત કરવાને કુફ્રથી બેઝારી ગણવામાં આવી. મતલબ જેણે મુસલમાનોના કીબ્લાને કીબ્લો માન્યો, તે કુફ્રથી હટીને ઈમાન તરફ આવ્યો. યહુદી અને ઈસાઈ બયતુલ મુકદ્દશને કીબ્લો ગણતા હતા. કારણ કે તેમની મઝહબી હસ્તીઓનો સંબંધ તેની સાથે હતો. આ સિદ્ધાંત પ્રમાણે બુતશિકન હઝરત ઈબ્રાહીમ (અલ.)નો કીબ્લો ફક્ત કાઅબા જ હોય શકે. જે તે તવહીદના અમલબરદારની સૌથી મોટી ઓળખ હતી.

પેગંબરે ઈસ્લામ જ્યાં સુધી મક્કામાં હતા. મિલ્લતે ઈબ્રાહીમની બુનિયાદોને મજબૂત કરી, તેનું નવસર્જન કરવાનું હતું. જેથી કાબા તરફ મોં રાખવું જરૂરી હતું. પરંતુ મુશ્કેલી આ હતી કે કીબ્લાનો જે અસલ મકસદ હતો કે અન્ય કોમોથી જુદા પડવું - અલગ ઓળખ સ્થાપિત કરવી. તે શક્ય ન હતું. કારણ કે મુશ્રીકીન અને કાફિર પણ કાબાને જ પોતાનો કીબ્લો માનતા હતા. આ જ કારણથી હઝરત રસૂલે મકબુલ (સલ.) મકામે ઈબ્રાહીમ પર નમાઝ પઢતા હતા. જેની રૂખ બયતુલ મુકદ્દશ તરફ હતી. આ રીતે મક્કામાં બંને કીબ્લા રસૂલેપાક (સલ.) ની સમક્ષ આવી જતા હતા.

પેગંબરે ઈસ્લામ મદીના આવ્યા, ત્યાં બે જમાઅતો આબાદ હતી. મુશ્રીકો જેમનો કીબ્લો કાબા

હતો. અને એહલેકીતાબ જેઓ બયતુલ મુકદ્દશની તરફ મોં કરીને નમાઝ પઢતા હતા. શીર્કના મુકાબલામાં યહુદીયત અને નશરાનીયત બંને કંઈક મહ્વ ધરાવતા હોઈ આપ (સલ.) એ એક મુદ્દત સુધી એટલે કે લગભગ ૧૬ મહિના સુધી બયતુલ મુકદ્દશની તરફ નમાઝ અદા કરી. પરંતુ મદીનાશરીફમાં જ્યારે ઈસ્લામનો ફેલાવો વધ્યો, તો હવે એવી કોઈ જરૂરત ન હતી કે અસલ કીબ્લાને છોડીને બયતુલ મુકદ્દશ તરફ મોં કરવામાં આવે. જેથી આપ (સલ.) ઇચ્છતા હતા કે કાબા મુસલમાનોનો ફરીથી કીબ્લો બની જાય. અલ્લાહે ઉપરોક્ત આયતમાં રસૂલની આ ઈચ્છાનું વર્ણન પણ કર્યું છે.

"અય રસૂલ ! અમે આપના ચેહરાને વારંવાર આકાશ તરફ ઊઠતો જોઈ રહ્યા છીએ, હવે અમે આપને તે કીબ્લા તરફ જ ફેરવીશું જેથી આપ ખુશ થઈ જાઓ."

મુફસ્સેરીનનું વર્ણન છે કે આ આયત ઊતરવાની સાથે જ, તરત જ કીબ્લો તબ્દીલ થઈ ગયો. ઇબ્ને હિશ્શામ અને તબરીનું વર્ણન છે કે

કીબ્લાની તબ્દીલી શાબાનના મહિનામાં મંગળવારના દિવસે મદીનામાં, આપ (સલ.)ની મદીના તશરીફ લાવ્યાના અઢાર મહિના પછી થઈ. ઈબ્ને સઅદના વર્ણાનુસાર તારીખ પંદર શાબાન હતી.

મવાહિબે લદુનીયા, તારીખે મદીના અને શરહઝરકાનીમાં છે કે કીબ્લાની તબ્દીલી ચોક્કસ

મસ્જિદે કીબ્લતૈનમાં જ થઈ. સરકાર નમાઝ પઢી રહ્યા હતા. ત્યારે ત્રીજી રકાતમાં કીબ્લાની તબ્દીલીનો હુકમ નાઝિલ થયો, અને તે જ વખતે આપ (સલ.)એ પોતાની રૂખ કાબા તરફ ફેરવી લીધી.

(તારીખે મદીના ઈમામ સમહુદી, શરહ ઝારકાની, ભાગ -૨ પેજ નં. ૪૮૫, રોઝતુલ અહબાબ ભાગ-૧ પેજ નં. ૨૧૧)

મસ્જિદે કીબ્લતૈન જોઈ. ખૂબ સૂકુનની સાથે બે રકાત નમાઝ અદા કરી, નમાઝમાં કૂનુતમાં ખૂબ દુઆઓ માગી. દીલ આ મસ્જિદમાં વધુ રોકાવાનું ઈચ્છતું હતું. પરંતુ હજી ઘણી બધી ઝિયારતો બાકી હતી. સાલારે કાફલાએ યા અલ્લાહ.... યા અલ્લાહ (એક સાથે) ચાલો.... ચાલોની આવાઝ લગાવી.

ત્યાંથી અમો મસ્જિદે જુમા જોવા ગયા. આ વિશાળ મસ્જિદ ઘણી જ સરસ છે. બાંધકામ બધું જ નવું લાગતું હતું.

દિવસ આથમી ચૂક્યો હતો. નમાઝે મગરિબૈન પણ ત્યાં જ અદા કરી, અમો હોટલ ઉપર આવ્યા. ઘણા જ થાકી ગયા હતા. જમી પરવારી આરામ કરવા પથારીમાં પડ્યો. તરત જ ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. અડધી રાતના ઊઠી નાહી - કપડાં બદલી મસ્જિદે નબવીમાં ગયો. આજે કંઈ પણ જવાનો પોગ્રામ ન હતો. રસૂલે ઈસ્લામની મઝાર મુબારક સામે દુઆ કરવા ઈરાદો કર્યો. ફરી તે જ પરેશાનીઓ, તે જ રૂકાવટો, હટ, હટ, હોં હટ, હુટ, હુટ, હુટ, ની અવાજો લગાતાર ચાલુ હતી. કબરે અતહરની જાળીની બહાર ચોતરફ ૬૦ સે. મી.ની

ઓટલી બનાવેલી છે. તે ઓટલીઓ ઉપર - કબર તરફ પીઠ કરીને બેનૂર ચેહરા ઊભા હતા. જે ચેહરાઓ તરફ જોવું પણ ન ગમે, કેટલાકે લાલ રૂમાલો માથા ઉપર વીંટાળ્યા હતા. જે લોકોની જીભથી ચોવીસ કલાક હટ, હટ, હુટ, હુટ જ સંભાળતુ હતું. આ વહાબી પોલીશો ઝવ્વારોથી નફરત કરતા હોય એમ લાગતું હતું. હું જોઈ શક્યો કે ઘણાબધા હાજીઓ ગુસ્સામાં આવી જતા. પરંતુ શું કરે ? સત્તા સામે શાણપણ ખોટું છે. હું ઘણે જ દૂર ઊભો રહ્યો, ત્યાં પણ હાથ છૂટા રાખી દુઆઓ માગી. પોતાના જ મદીનામાં રસૂલે ઈસ્લામ, આપની બેટી અને તેમની અવલાદોને મઝલૂમ જોઈ આંખ ભીની થઈ. નમાઝે શબ પઢી ફજરની

નમાઝ જમાઅત સાથે અદા કરી, હોટલ ઉપર આવ્યો.

આજે નાસ્તા પછી બાકીની જીયારતો પૂર્ણ કરવાની હતી.

અમો બસમાં રવાના થયા, શહેરની વચ્ચોવચ અને મસ્જિદે નબવીની નજીકમાં જ મદ્સએ ઈમામ જઅફર સાદીક (અલ.)નું મકાન દૂરથી જોયું. સરકારે આ મકાનને ચારે તરફથી કોટ બનાવી તેનો નકશો જ બગાડી નાખ્યો છે. જુના માણસો અથવા જાણકારો જ કહી શકે કે આ ઈમામ જઅફર સાદીક (અલ.)નો મદ્રસો છે. કોઈને પાસે જવા પણ દેવામાં આવતા નથી. ન કોઈ બોર્ડ લગાવેલ છે. ન લખાણ છે. બસ મોમીનો આ અવાવરૂ પડેલા મકાનને જોઈને બે ચાર આંસુ સારી

લે છે. સઉદી વહાબીઓનો તો સિદ્ધાંત છે કે ઈતિહાસ બદલી નાખો, કુર્આનની તફસીર બદલી નાખો, નિશાનીઓ મીટાવી દો, વર્ણન જ ન કરો. બસ તારીખ બદલો, તફસીર બદલો, આષાર મીટાવો, અઝકાર મીટાવો.

પરંતુ આ વહાબીઓ એ વાત ભૂલી જાય છે કે તમો થાકી જશો, એહલેબયતથી મહબ્બત રાખનારા મોમીનો કદી થાકશે નહિ. આ લોકો કોઈ મકબરાહ જગ્યાને એક પછી એક દસ કોટ બનાવશે ખુદાની કસમ ! મોમીનો તો તે દસમા કોટની જાળી કે દીવાલ પકડીને પણ રડી લેશે અને ઘણી જગ્યાએ ત્રણ ત્રણ ચાર ચાર વાડો ઊભી કરી છે. ત્યાં ત્રીજી ત્રીજી કે ચોથી વાડના કોટને પકડીને મેં લોકોને રડતા જોયા છે. લોકો તો પોતાના પ્યારા

ઈમામોને યાદ કરશે. માટે તમે જ થાકી જશો. ઈમાન કદી થાકતું નથી. ત્યાર બાદ હઝરત ઈમામ હુસૈન (અલ.)નો મદ્રસો જોયો, તેના પણ આ હાલ છે. ત્યાં પણ અમો થોડીક વાર ઊભા રહ્યા. નિરીક્ષણ કર્યું. ત્યાંથી અમો યહુદીનો તે બાગ જોવા ગયા, જ્યાં મૌલા અલી પાણી ખેંચતા હતા. ત્યાં અત્યારે નળ મૂકેલો છે. અમે ત્યાં પાણી પીધું. અગાઉ આવી ગયેલા ઝવ્વારો કહેતા હતા કે અમે ૧૯૯૨માં આવ્યા ત્યારે અંદર જવાનો રસ્તો હતો, કૂવા સુધી જઈ શકાતું હતું. હવે બધી વાડ ઊભી કરી બહાર નળ મૂકી દીધો છે. મોમીનોએ તો તે પાણી પીધું અને સાથે પણ લીધું.

આગળ ચાલતાં અમારો કાફલો બાગે ફીદક પાસે રોકાયો આ બાગ આપ (સલ.)ની માલીકીનો

હતો અને રસૂલે ઈસ્લામે આ બાગ પોતાની વહાલી દીકરી હઝરત ફાતેમા (સલા.)ને આપેલો હતો. જે બાગ રસૂલની વફાત પછી હઝરત સૈયદેહ પાસેથી જુલમ કરીને છીનવી લેવામાં આવ્યો. આ ઘણો જ સુંદર, ખજૂરના લાજવાબ વૃક્ષોથી ભરપુર, સારી આવક આપતો બગીચો હતો. વર્ષો પછી બની ઉમય્યાના નેક હાકેમ હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝને આ વાતનો એહસાસ થતાં કે આ તો રસૂલનો હક છે તે તેમની સંતાનોનો વારસો છે, જેથી આ નેક બાદશાહે આ બાગે ફિદકને હઝરત હુસૈન (અલ.)ના સંતાનોને પરત આપ્યો હતો. ત્યાર બાદ આવનાર બાદશાહોએ વળી પાછો છીનવી લીધો.

આ સુંદર બાગના નિશાનો અલ્લાહે હજી મીટાવ્યાં નથી. અને કયામત સુધી મીટાવશે નહિ, ઈન્શાઅલ્લાહ, આ બાગ માટે પણ હઝરત ફાતેમા (સલામુ.) ઉપર બહુ જુલમ થયો હતો. માસુમા ઘણા રડ્યાં હતાં. માસુમા રડતાં રડતાં દરબારમાં ગયાં હતાં. ત્યાં આપનો દાવો રદ કરવામાં આવ્યો હતો. જન્નતની ઓરતોની સરદાર બીબી પાસે સાક્ષીઓ માગવામાં આવ્યા હતા. સ્વયં આરોપી જ દરબાર હતો અને આ દરબાર જ ફરીયાદી પાસે સાક્ષીઓની માગણી કરતો હતો. થોડીક કરવાહટવાળી વાતો છે જેથી હું તેને મારી આ નોંધપોથીમાં લખવા ઈચ્છતો નથી. જો કોઈ બાગે ફિદકનું વિસ્તૃત વર્ણન વાંચવા ઇચ્છે તેઓ અમારી કીતાબ “ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૧ નો અભ્યાસ કરે. કહેવાય છે કે

પહેલાં બાગનો માલીક તેને ખુલ્લો રાખતો હતો. ઝવ્વારો અંદર જતા હતા, ફરતા હતા. ખજૂરોની સીજનમાં ખજૂરો પણ આપતો હતો. પરંતુ કેટલાક ઝવ્વારોએ કોઈ બેઉસૂલી કરી હોઈ, હવે બાગ બંધ રાખે છે. અમે બહારથી જ બાગના ઝાડો જોયાં. હું ચૌદશો વર્ષ પહેલાના ઈતિહાસમાં ખોવાઈ ગયો, હું તો રસૂલની લાડલી બેટી - હસનૈનના મા ને દરબારથી નિરાશ થઈ રડતાં રડતાં પાછા ફરી મસ્જિદે નબવીમાં જઈ પોતાના બાપની કબર પાસે ફરીયાદ કરતાં જોઈ રહ્યો હતો કે બાબા આપની ઉમ્મતે અમારી સાથે કેવો વર્તાવ કર્યો. બાબા અમારી ઉપર આપની ઉમ્મતે ઘણો જ જુલમ કર્યો. બાબા, આ દરબારમાં તો તે લોકો બેઠા છે. જે લોકોએ મક્કામાં મારી મા ખદીજાનું ખૂબ ખાધું છે.

બાબા આ તમારી આસપાસ વીંટળાયા કરતા હતા અને ખાવાનો સમય થતાં મારી માના દસ્તરખાન પર ખાવા બેસી જતા હતા. બાબા તે લોકોએ મારો બાગ જે આપે મને આપેલો મારી પાસેથી જુલમથી છીનવી લીધો. જાણે હું હઝરત અલી (અલ.)ને આવતાં જોઉં છું. જેઓ હઝરત ફાતેમા (અલ.)ને બદદુઆ કરવાથી રોકી દવલતકદહ ઉપર વાપસ લઈ જઈ રહ્યા છે.

હું વિચારોમાં ગરકાવ હતો કે એક સાથીએ મારા ખભા ઉપર હાથ મૂકી કહ્યું, "ઈબ્રાહીમભાઈ કેમ ખોવાઈ ગયા છો ? આ બાગના ઝાડો તો જુઓ હજીય કેટલા સુંદર છે." ત્યારે હું કંઈક ભાનમાં આવ્યો, સ્વસ્થ થઈ ગયો.

ત્યાંથી અમો મસ્જિદે ખીફમાં આવ્યા, તેને મસ્જિદે ફજીઅ પણ કહેવાય છે તે જોવા ગયા. આ મસ્જિદ બાગે ફિદકની બાજુમાં જ આવેલી છે. બે રકાત નમાઝ અદા કરી, નમાઝે મગરીબૈન પણ પઢી, હજી અમારે બાગે સલમાન ફારસી, જ્યાં કરબલાના કાફલાએ ઊતારો કર્યો હતો, તે બાગ જોવાનો રહી ગયો, કારણ કે ઘણું મોડું થઈ ચૂક્યું હતું.

સાથીઓ ખૂબ જ થાકી ગયા હતા. ઊતારે આવ્યા. જમીપરવારી સૂઈ ગયા.

બીજા દિવસે મક્કા જવાનું હતું. રાતના ઘણો જ વહેલો ઊઠી ગયો. શરીર ઘણું જ કળતર કરતું હોઈ બે ટેબ્લેટ ખાઈ લીધી. મસ્જિદે નબવીમાં હાજરી આપી. આજે તો રસૂલનો પ્યારો સહવાસ,

રસૂલના રીસ્તેદારોને છોડવાના હતા. એક ગમનાક મંઝર હતો. દીલોદિમાગમાં ઘણી જ ઉથલપાથલ થતી હતી. પ્યારૂં મદીના છોડવાનું હતું. કોણ જાણે ફરી ક્યારે આવીશું ? ખુદા ફરીથી લાવશે જ, એ ઉમ્મીદ સાથે નમાઝે શબ અદા કરી, ઝિયારત પઢી, દુઆ માગવાનું શરૂ કર્યું. પરંતુ વિચારોના ઝૂંડ દિમાગ ઉપર ચઢી આવ્યાં કે હાથો અલ્લાહની સમક્ષ ફેલાયેલા રાખીને હું વિચારોમાં ગરકાવ થઈ જતો હતો, યાદ આવતા સ્વસ્થ થતો પાછો અસ્વસ્થ થઈ જતો, છેવટે એક થાંભલાને અઢેલી બેસી ગયો. સાથીઓ પણ આવી રહ્યા હતા. થોડીકવારમાં ફજરની નમાઝ ઊભી થવાની હતી. રસૂલથી રજા લીધી. ત્યાંથી જન્નતુલ બકીઅમાં આવ્યા, ત્યાં ઝિયારતો પઢી, એહલેબયતની મઝલૂમીયતની દૂર

થાય તે માટે ખુદા પાસે દુઆઓ માગી. ઝિયારતે જામેઆ પઢી, ઊતારે આવ્યા. ચા નાસ્તો કર્યો. બિસ્તરા પોટલા બંધાતા હતા - મક્કા તરફ પ્રયાણ કરવાનું હતું.

રસૂલે ખુદાનું પ્યારું મદીના છોડતાં અમારી સૌની આંખો અશ્રુભીની થઈ.

## પ્રકરણ – ૯ : જન્નતુલ બકીઅમાં સાંજનો એક ગમનાક બનાવ

હું કેટલાક સાથીઓ સાથે જન્નતુલ બકીઅ આવ્યો, ઝિયારત દુઆઓ પઢી, સાથીઓ આમતેમ વિખેરાઈ ગયા, હું અને મારા એક સાથી જનાબ હોં ડો. અબ્દુર્રહીમ સાહેબ (ધોળકા) બકીઅમાં જ હતા. બકીઅનો દરવાજો ખુલ્લો હતો, સવાર સાંજ બે કલાક દરવાજો ખોલવામાં આવે છે. જેથી ઝવ્વારો અંદર જઈ શકે, ઘણા બધા ઈરાની, ઈન્ડોનેશિઅન, ઈજિપ્સીયન તથા આફ્રિકન તેમજ ઇન્ડીયન - પાકિસ્તાની ઝવ્વારો કબ્રસ્તાનની અંદર અને બહાર પણ ઝિયારતો પઢતા હતા. સેંકડો સ્ત્રીઓ કબ્રસ્તાનની બહાર જાળી પકડી ઝિયારતો પઢતી હતી. તેમા ઈરાની સ્ત્રીઓ સૌથી વધુ હતી, જે

હૈયાફાટ રડતી હતી. અંદર બહાર સઉદી પોલીસ તો ચોવીસ કલાક ફરતી હોય છે.

તે દરમ્યાન પોલિસે ઝવ્વારોને બહાર નીકળી જવાનો હુકમ કર્યો. કારણ કે બકીઅ બંધ કરવાનો સમય હવે થવા આવ્યો હતો, ઝવ્વારો નીકળી રહ્યા હતા. તેમાં એક ઘણો જ ખૂબસુરત ઈરાની યુવાન જેની ઉંમર માંડ ૨૦ વર્ષની હશે. દાઢી મૂછની લકીરો દેખાતી હતી. તે અંદરથી બહાર આવવા માટે બકીઅના દરવાજા તરફ આવી રહ્યો હતો. તે દરમ્યાન જાનવર જેવા પોલિસે ફરીથી અવાજ આપ્યો કે ઝવ્વારો બહાર આવે. દરવાજાની તદ્દન નજીક પીવા માટેના પાણીની વ્યવસ્થા હતી, પેલો ઈરાની નવયુવાન ત્યાં પાણી પીવા બેઠો. પોલિસનું બીજા વખત બહાર નીકળવા માટે બોલવું

અને આ નવયુવાનનું બહાર નીકળવા માટે દરવાજા તરફ આવતાં આવતાં આબેઝમઝમ પીવા બેસવું. તેણે અંદર ઈબાદત કરી હતી, ઝિયારતો પઢી હતી, રડ્યો હતો, પ્યાસ લાગી હશે. અને જન્નતુલ બકીઅની બહાર નજીકમાં કોઈ જગ્યાએ પાણીની વ્યવસ્થા નથી. પછી તો મસ્જિદે નબવીમાં જ જવું પડે. મસ્જિદ તદ્દન બગલમાં હોવા છતાં પાણીની વ્યવસ્થા દૂર પડી જાય. જેથી આ નવયુવાન બહાર નીકળતાં નીકળતાં દરવાજાની નજીકની જ એકમાત્ર પાણીની વ્યવસ્થાની જગ્યાએ પાણી પીવા બેઠો, પણ સઉદી પોલિસ કોનું નામ ? બેમાંથી એક પોલિસ દોડી ગયો. તેને બોચીમાંથી પકડ્યો. સત્તાના મદમાં મદમસ્ત આ જાલીમો સારાસારનો ભેદ કે માનવતા જેવી વાતો પણ ભૂલી

જાય છે. પોતાના હુકમને જાણે ખુદાનો હુકમ સમજે છે. ઈરાની યુવાનને જન્નતુલ બકીઅની જાળીની અંદર ભોંયતળિયે લઈ ગયા. બકીઅનો દરવાજો બંધ થઈ ગયો. ૪૦૦ થી ૫૦૦ જેટલા ઈરાની સ્ત્રીપુરુષો બકીઅની જાળી પાસે એકત્ર થઈ ગયા. પેલા યુવાનને ક્યાં લઈ ગયા, કોઈને ખબર ન હતી. કહે છે કે બકીઅના ભોંયતળિયે પોલિસ ચોકી છે. ત્યાં આ યુવાનને ખૂબ માર માર્યો. ખભામાંથી તેનું હાડકું ભાંગી નાખ્યું. કલાકેક પછી પેલા યુવાનને છૂટો કરી, ભોંયતળિયેથી મસ્જિદ તરફ ખૂલતા દરવાજે બહાર મોકલી દીધો. તે રડતો હાથ પકડીને અમારી પાસે આવ્યો. ઈરાની હાજીઓ એકદમ ગુસ્સે થઈ ગયા. યુવાનની હાલત દયાપાત્ર હતી. હું અને ડો. હોં અબ્દુર્રહીમ ધોળકાવાળા

ચશ્મદીદ ગવાહ છીએ. આ ઘટના અમે જ્યાં ઊભા હતા ત્યાંથી ૩ મીટર જ દૂર બની હતી. ઈરાની હાજીઓની મોટું ટોળું બકીઅની જાળી પાસે એકત્ર થઈ ગયું, પેલા બંને પોલિસોને બોલાવ્યા, જાળી પાસે જ તેઓ ઊભા હતા. આ યુવાનને બતાવ્યો કહ્યું કે આનો શું ગુનો હતો ? બસ એટલો જ કે પોલિસના અવાજ પછી તે પાણી પીવા બેઠો, જે પાણી એની નજીક જ હતું. ઈરાની ઝવ્વારો ઉશ્કેરાઈ જવાની તૈયારી હતી, બંને પોલિસોને જાળી કૂદીને બહાર ફેંકે, ચકરડીની જેમ હવામાં ગુમાવી દડાની જેમ ફેંકે એવા શક્તિશાળી પુરુષો તેમાં હતા. મામલો ખૂબ જ ગરમ થઈ રહ્યો હતો. પોલિસો ખૂબ જ ખોફઝહદ બની ગયા હતા. એક પાકિસ્તાની બલૂચી ઝવ્વાર સાથે આ લોકોના જુલ્મ અંગે

વાતચીત કરી રહ્યો હતો, તેણે કહ્યું કે હવે અહીંથી ચાલો, ગોળીબાર થશે, મેં કહ્યું કે જુલમની સામે અવાજ ઊઠાવવો આપણી ફરજ છે. જે બધાનું થશે તે આપણું થશે. તે દરમ્યાન એક વિદ્વાન પુરુષ આયતુલ્લાહ જેઓ કાફલાના વડા હતા. ખૂબસૂરત નૂરાની ચેહરો અને ખૂબસુરત દાઢી પોશાક પરીધાન કરેલ હતા. એકદમ દોડી આવ્યા. પોતાના સાથીઓને હુકમ આપ્યો, ચૂપ રહેજો. પોલિસોને ઘણા જ ગુસ્સાથી ધમકાવ્યા. બંને માંયકાંગલા વાંદરાંઓ ગુનો કર્યાનાં એહસાસ સાથે ખામોશીથી આયતુલ્લાહની વાત સાંભળતા હતા. પોતાના સાલારનો હુકમ માની ઈરાની હાજીઓ જાળી પાસેથી થોડાક દૂર ખસ્યા. હું પેલા મઝલૂમ યુવાન પાસે ગયો તે દર્દથી કણસતો હતો. તેના સાથીઓ

તેને પકડી ચર્ચા કરતા હતા. મેં કહ્યું, “તમો જલ્દીથી આ છોકરાને દવાખાને લઈ જાઓ. એક્ષ-રે કરાવો.” કારણ કે તે પોતાના હાથને અડકવા દેતો ન હતો. ઈરાનીઓએ કહ્યું, “અમો એ જ ચર્ચા કરી રહ્યા છીએ.” તરત જ તેઓ પેલા ઘવાયેલા યુવાનને દવાખાને લઈ ગયા.

સાલારે કાફલા આયતુલ્લાહે પોલિસોને ધમકાવ્યા પછી પોતાના સાથીઓને કહ્યું, “આપણી થોડીક બેસબરી બે હુકુમતો વચ્ચેના સંબંધો બગાડી શકે છે. માટે ચાલો હટો અહીંથી, યાદ રાખો અલ્લાહ સબ્ર કરનારાઓને પસંદ કરે છે. સબ્ર નબીઓનો તરીકો છે. માંડ હમણા જ આપણા સંબંધો ઠેકાણે પડ્યા છે.” બીજી તો ઘણી જ સુંદર વાતો

આયતુલ્લાહ સાહેબે પોતાના સાથીઓને કહી, પરંતુ મને સમજાઈ નહિ.

તરત જ ઈરાનીઓ ત્યાંથી વિખેરાઈ ગયા. આમતેમ હટીને પોતપોતાની ઝિયારતો પઢવામાં લાગી ગયા. મેં બે સ્ત્રીઓને જોઈ જેમાંની એક યુવાન હતી જે પેલા યુવાનની પત્ની કે બહેન પણ હોઈ શકે અને બીજી મોટી ઉમરની મા હોઈ શકે, તેઓ ખૂબ જ આંસુ સારીને કહેતી હતી કે યા ફાતેમા, યા હસન, યા ઝયનુલ આબેદીન, યા સાદીકે આલે મોહંમદ, ગવાહ રહેજો, અમારી ઉપર જુલમ કરવામાં આવે છે. બીજી ઈરાની સ્ત્રીઓ આ બંનેને ખભામાંથી પકડીને શાંત કરતી હતી.

હું આ લખી રહ્યો છું ત્યારે વારંવાર મારી આંખો આંસુથી ભરાઈ જાય છે. વારંવાર રૂમાલથી આંખો લૂછવી પડે છે.

બીજા દિવસે સાંજે અમે તે જ યુવાનને ખભે અને હાથે પ્લાસ્ટર ઓફ પેરીસનો પાટો બાંધીને જન્નતુલ બકીઅમાં જોયો. મેં ઝવ્વારોનું ટોળું જોયું. નજીક ગયો તો લોકો પેલા યુવાનના ખભાને ચૂમી રહ્યા હતા. એની મુલાકાત કરી રહ્યા હતા. ખબરઅંતર પૂછી રહ્યા હતા. મને પણ એ સઆદત પ્રાપ્ત થઈ, મેં પણ તેના હાથને ચુમ્યો. તેની પીઠ ઉપર મારના લીસોટા પડેલા હતા. તે જન્નતુલ બકીઅમાં ઊંડે સુધી ગયો. ઈબાદતો ઝિયારતો પઢતો રહ્યો. કેહવાતા ઈસ્લામી પરંતુ સઉદી અમેરીકન પરસ્ત અરબના જુલમની નિશાની લઈને

આ યુવાન વિશ્વના એકમાત્ર ઈસ્લામી દેશ ઈરાન જશે. પોતાના વતનમાં જશે. ત્રીજા ચોથા દિવસે જ્યારે મેં જન્નતુલ બકીઅમાં તેને તલાશ કર્યો તો ખબર મળ્યા કે તેનો કાફલો મદીનાથી ચાલી ગયો છે.

જેના પર જુલમ થયો હોય, તે જ મઝલૂમની હાલત સમજી શકે છે. જુલમ બહુ બૂરી વસ્તુ છે. જુલમનું નામ કાબિલ છે. જુલમનું નામ આઝર છે જે હઝરત ઈબ્રાહીમ (અલ.)નો કાકો થાય છે. જુલમનું નામ ફિરઓન છે, હામાન છે, સદ્દાદ છે, જુલમનું નામ અબુજહલ છે, અબુલહબ છે, જુલમનું નામ ઉમ્મે જમીલ છે. અબુ સુફયાન છે. જુલમનું નામ હિન્દા છે. જેણે રસૂલના કાકાનું કલેજું તેમની શહાદત પછી પેટ ચીરીને ચબાવ્યું હતું. જુલમનું

નામ યઝીદ છે. જુલમનું નામ સદ્દામ છે, ફહદ છે, બુશ છે, ક્લીન્ટન છે, ઈસ્લામનું નામ હાબિલ છે. ઈસ્લામનું નામ ઈસા છે.

ઈસ્લામનું નામ ઈબ્રાહીમ છે, ઈસ્લામનું નામ મુસા છે. હારૂન છે, યુશોઅ છે. ઈસ્લામનું નામ યુસુફ છે. ઈસ્લામનું નામ મરિયમ છે. આસીયા છે. ઈસ્લામનું નામ મોહંમદ છે, ખદીજા છે, ફાતેમા છે, ફિઝઝા છે, ઝયનબ છે, સકીના છે, ઈસ્લામનું નામ અલી છે, હસન છે હુસૈન છે, અને તેમની અવલાદો છે. સલામુલ્લાહ અલયહ જેમાં ઈમામ ખોમૈની અલયહે રહમત પણ છે.

જુલમથી હંમેશા નફરત કરો, મારી જે મા-બહેનો સાસુ છે તેઓ હંમેશા પોતાની બોલચાલનો ખ્યાલ રાખે, કંઈ વહુ પર જુલમ તો નથી થઈ

જતો? એવું ન બને કે આપણે ઉમ્મે જમીલ (અબુલહબની પત્ની) અને હિન્દા (યઝીદની દાદી)ના ટોળામાં ઊઠીએ. બલ્કે આપણે તો મરિયમ, આસિયા, ખદીજા, ફાતેમા, ઝયનબ, સકીના, ફિઝઝા જેવી નેક સાલેહ ખુદાની પસંદીદા મા-બહેનોના ટોળામાં ઊઠવાનું છે. અને જન્નતમાં જવાનું છે.

જેના ઉપર જુલમ થયો હોય તે જ જુલમ સમજી શકે છે વહુઓ પણ યાદ રાખે કે જાણે અજાણે, આદત, ટેવ, પરંપરા પ્રમાણે તમારી સાસુઓએ તમારી ઉપર સખ્તી કરી હોય અને તે કમજોર થઈ જાય તો તમે તેનો બદલો ન લો, બલકે માફ કરો, ખુદા માફ કરનારાઓને માફ કરે છે. તમારી ગલતીઓને ખુદા માફ કરી દેશે. તમારા દરજ્જા

બુલંદ કરશે. આ સામાજિક વાત મને અત્યારે એટલા માટે યાદ આવી કે આપણા આટલા મઝહબી અને જાગૃત સમાજમાં સ્ત્રીઓના આપઘાતના કિસ્સા વધતા જાય છે. ઈમામ હુસૈનનું માતમ કરનારી મારી મા-બહેનો-બેટીઓ જેઓ સાસુ હોય કે વહુ હોય જુલમથી બચે, દીકરાઓએ પણ તટસ્થાપૂર્વક વિચાર કરીને મઝલૂમીના પડખે રહેવું જોઈએ. જો પોતાની પત્ની મઝલૂમ છે તો મા ના દરજ્જાનો - હકનો ખ્યાલ રાખી એલફેલ બોલ્યા વગર માને સમજાવવી જોઈએ. પત્નીને પણ થોડી સહનશીલતાથી કામ લેવા સમજાવી શકાય, સાસુ-વહુના ઝઘડા આપણા નેકસાલેહ મઝહબી, વેપારી, સુસંસ્કારી, સમાજનું કેન્સર છે. છતાંય બીજા સમાજોના મુકાબલામાં આપણો સમાજ ઘણો પ્રગતિશીલ છે.

# પ્રકરણ – ૧૦ : સિક્કાની બીજી બાજુ

કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાય છે. ઘટાટોપ અંધકારમાં પણ આશાનું કિરણ દેખાય છે. મદીનામાં અમને એક ઘણા જ નેક સાલેહ સાથી મળી ગયા. જેઓ ઉત્તર ગુજરાતના છે. વર્ષોથી મદીનામાં કામ કરે છે. છેલ્લા પંદર વર્ષોથી પોતાના પત્ની બાળકો સાથે ત્યાં જ રહે છે. (ઈરાદાપૂર્વક હું તેમનું નામ અત્રે લખતો નથી.) તેઓ અમારા સાથી રહ્યા, બલ્કે અમારી સ્ત્રીઓનો સંગાથ, સહકાર તેમના માનનીય પત્નીશ્રીએ પણ આપ્યો. ઘરે પણ લઈ ગયાં. બધી જ ઝિયારતોમાં આ બંને પતિ-પત્ની ઝવ્વારોના સંગાથે રહ્યાં.

તેમની શુક્ર ગુજારી અદા કરું છું. સાથે તેમના માટે દુઆ પણ કરું છું.

મે ઉમરાહમાં જતા અગાઉ ગુજરાતના એક અખબાર ગુજરાત મિત્રમાં એક નાની કોલમમાં એક સમાચાર વાંચેલા કે ઈરાનના મોં પ્રમુખ અને અત્યારની મજલિશે ખુબ્રઘાનના અગ્રગણ્ય સભ્ય ઉપરાંત રેહબરના ખાસ માણસ ઉચ્ચોચ્ચ રાજનીતિજ્ઞ એવા હુજ્જતુલ ઈસ્લામ રફસંજાની જેઓ ફક્ત આલમે ઈસ્લામની નહીં પરંતુ સમગ્ર વિશ્વની મશહુર વ્યક્તિ છે. તે ઉમરાહ અદા કરવા આવેલા ત્યારે મદીના શરીફમાં રસૂલેખુદાની ઝિયારત માટે પણ આવ્યા હતા. ત્યારે જુમ્મા દરમ્યાન મદીનાના કોઈ મોલ્વીએ આપનું અપમાન કરેલું, ગુજરાત મિત્રની નાની કોલમમાં બસ આટલા

જ સમાચાર હતા. મેં આ અંગે મદીના નિવાસી એવા અમારા ભોમિયા મિત્રને પૂછપરછ કરી, ત્યારે મને નીચેની વિસ્તૃત ઘટના જાણવા મળી, તેમણે ત્યાંના વર્તમાન પત્રોના હવાલા સાથે સમગ્ર ઘટનાનું સુંદર વર્ણન કર્યું. જે મારા પ્રિય વાચકોને ઉપરાંત ઈસ્લામી વહદતમાં માનતા દરેક મુસલમાનને ગમશે.

જનાબ રફસંઝાની ઉમરાહ - ઝિયારતોના પ્રવાસે શાહી મેહમાન બનીને આવ્યા હતા. પ્રથમ મક્કામાં ઉમરહ કર્યા બાદ મદીના આવ્યા. તેઓ અરબસ્તાનના પાટનગર જિદ્દહમાં પણ રોકાયા હતા. પ્રીન્સ અબ્દુલ્લાહ અને શાહ ફહદની મુલાકાત પણ લીધી હતી. આપની સાથે વિદ્વાન રાજનીતિજ્ઞો તથા ઈલ્મયાફતા આલીમોનો બાણુ જેટલા

માણસોનો કાફલો હતો. જ્યારથી સઉદીના દરેક અખ્બારમાં પ્રથમ પેજ ઉપર આ શાહી મેહમાનના આવવાના સમાચાર છપાતા સઉદી અને ઈરાનના સુધરતા સંબંધો આ ઉમ્મતનું દર્દ ધરાવનાર દરેક સઉદી નાગરિક ખુશ હતો. પ્રીન્સ અબ્દુલ્લાહ માટે કહેવાય છે કે તે એક બુધ્ધિશાળી વ્યક્તિ છે, ઉપરાંત અમેરિકાની ઈસ્લામ દુશ્મન પોલિસીથી પણ સુમાહિતગાર હોઈ ઈસ્લામી એકતાના ઇચ્છુક છે. ખેડૂત, મજૂર, વેપારી, મતલબ સામાન્ય પ્રજાજનો બધાં જ પોતાના દેશની ઈરાનની દોસ્તીથી ઘણા જ ખુશ હતા. ઉપરાંત અખબારોએ પણ તેને ઘણું જ મહ્વ આપ્યું હતું. પરંતુ અમેરિકા તરફી એક લોબીને આ વાત ગમતી ન હતી. તેમાં ખાસ તો તે કટ્ટર વહાબી અમેરિકા પરસ્ત આલિમોને ઈરાનના

નેતાની પોતાના દેશની મુલાકાત ગમતી ન હતી. બની શકે છે કે શીર્ક અને બીદઅતમાં જાતે જ પી.એચ.ડી. બની બેઠેલા આ વહાબી આલિમોને પોટાગોંગ અને વોશિંગ્ટનમાં બેઠેલા તેમના ખુદાઓ દોરવણી આપતા હોય. જેથી તવહીદના આ જુા અલમબરદારોને જનાબ રફસંજાનીની આ મુલાકાત બિલકુલ ન ગમી. પરંતુ તેઓ શું કરી શકતા હતા ? જીવ બાળીને બેસી રહેવા સિવાય આ ઈસ્લામ દુશ્મન, અમેરિકા પરસ્ત વહાબી લોબી પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો. છતાંય છેલ્લે છેલ્લે તો આ લોકો ફિત્નો કરી જ બેઠા.

જનાબ રફસંજાનીની મદીના શરીફની મુલાકાત દરમ્યાન જુમ્માનો દિવસ પણ આવતો હતો. જેથી પોતાના સમગ્ર કાફલા સાથે હુજ્જતુલ

ઈસ્લામ જનાબ રફસંજાની નમાઝે જુમ્આ અદા કરવા મસ્જિદે નબવીમાં આવ્યા. આપનું મસ્જિદમાં આવવું વળી લાખો લોકોનું આપને જોવું. એક ખાસ પ્રકારની ઇજ્જત આ નેતાને પ્રાપ્ત થવી, વગેરે વગેરે, મસ્જિદે નબવીના ઈમામને બિલકુલ ન ગમ્યું. જો જનાબ રફસંજાની પોતાની મદીનામાં હાજરી દરમ્યાન નમાઝે જુમ્આ શાહી મેહમાનખાનામાં અદા કરી લેત તો તો આ લોકો બહુ જ ખુશ થાત અને આ વાતને મઝહબે એહલેબયતની દુશ્મનીનો ઈસ્યુ બનાવત. અખબારોમાં સમાચાર છપાવત કે જુઓ આ લોકો મદીના મુવ્વરામાં હોવા છતાં મસ્જિદે નબવી જેવી બેહતરીન જગ્યા છોડી અન્ય જગ્યાએ નમાઝ અદા કરે છે. મોમીનોની નેકી અને ભલાઈ પણ આ

લોકોને ગમતી નથી, કારણ કે ટીકા કરવાનું કોઈ બહાનુ મળતું નથી. તમો પાક અને પવિત્ર રહો તો પણ આ લોકોને પસંદ પડતું નથી.

મદીના શરીફની ૪૦ ટકાથી વધુ વસ્તી શીયા હોઈ જનાબ રફસંજાનીની સાથે ઘણા બધા મદીના વાસીઓ પણ પોતાના એક મહાન આલિમે દીન અને મોં પ્રમુખ એવા વિશ્વના એક શ્રેષ્ટ રાજનિતિજ્ઞની સાથે નમાઝે જુમ્આ અદા કરવા મસ્જિદે નબવીમાં આવ્યા હતા. અખબારો પણ દરરોજની પૂર્તિમાં અલગથી લેખો લખી સઉદી-ઈરાન સંબંધોને ખૂબ જ મહ્વ આપતા હતા. ઈસ્લામી એક્તા અને બંધુત્વ સાથે એક શક્તિ પેદા કરવા પણ દુનિયાના બધા જ ઈસ્લામી દેશોએ હાથ મિલાવવા જરૂરી છે. આ વાતને નેક લોકો ભલે

પછી તેઓ શીયા હોય કે સુન્ની હોય માને જ છે. તેવા શીયા સુન્ની ઘણાબધા લોકો પોતાના મહોલ્લાની મસ્જિદો છોડી આજે મસ્જિદે નબવીમાં પધાર્યા હતા. જેથી સામાન્ય દિવસો કરતાં આજે ભીડ પણ વધુ હતી. ભલા આ વાત આ લોકો કેવી રીતે પસંદ કરી શકે છે ? કારણ કે વહાબીયત એ ઈસ્લામના ઓળામાં છુપાયેલી યહુદીયત છે. ઈરાનના નેતાની મક્કા, મદીના, રિયાધની મુલાકાતના આ દિવસો ત્યાંના રહેવાસી મુસલમાનો માટે ઘણા જ ખુશીના દિવસો હતા.

પરંતુ દરરોજ બનતી આ ઘટનાઓ, અખબારી અહેવાલો વગેરે વાંચીને મસ્જિદે નબવીના ઈમામના પેટમાં તેલ રેડાતું. સઉદી અરબમાં બધે જ નમાઝે જુમ્આમાં પઢવામાં

આવતા ખુત્બા વહાબી મુફતીઓ અગાઉથી તૈયાર લખીને મોકલે છે. તે જ ખુત્બા પેશનમાઝોએ વાંચી જવાના હોય છે. તેમને પોતાના તરફથી કંઈપણ મૌખિક બોલવાનો અથવા વાંચવાનો અધિકાર હોતો નથી. છતાંય મસ્જિદે નબવીના ઈમામે ગવર્નમેન્ટના લેખિત ખુત્બાથી હટીને મૌખિક બોલવાનું શરૂ કર્યું, કારણ કે એનો ઈરાદો સામાન્ય મુસલમાનોને ઉશ્કેરવાનો હતો. આ અમેરિકા લોબી જે બધા જ અરબ મુસ્લિમ દેશોમાં કાર્યરત છે તે ઇચ્છતી જ નથી કે મુસલમાનોમાં એકતા આવે - તેઓ એક તાકાત બને.

પ્રથમ તો આ ઇમામે યહુદીઓ ઈસ્લામના દુશ્મનો છે, ઈસાઈઓ ઈસ્લામના દુશ્મનો છે. તે અંગેની કુર્આની આયતો રજૂ કરી. પછી બોલ્યો કે

યહુદીઓ અને ઈસાઈઓ કરતાં પણ સૌથી વધુ ઈસ્લામના દુશ્મન શીયાઓ છે.

બસ આમ બોલવું જ હતું કે જનાબ રફસંજાની એકદમ ઊભા થઈ ગયા, આપની સાથે ઘણાબધા મુસલમાનો પણ ઊભા થઈ ગયા. આપ મસ્જિદે નબવીના એક ખૂણામાં જ્યાં જગ્યા હતી ત્યાં ગયા અને પોતાના સાથીઓ તથા અન્ય મુસલમાનોને નમાઝે ઝહોરૈન અદા કરાવી. સાથે સરકારી હિફાઝતી મીલીટરીના માણસો અને મદીનાના ગવર્નરને પણ નમાઝે ઝહોરૈન અદા કરવી પડી. પોતાના દેશના એક શાહી મેહમાન સાથે આવો હલકટ વ્યવહાર, તે પણ નમાઝે જુમ્આના ખુત્બામાં એક નીચ અને હલકટ વ્યક્તિ જ કરી શકે છે.

જનાબ રફસંજાની ઘણા જ ગુસ્સે થઈ ગયા હતા. આપે સાથીઓ સાથે નમાઝ અદા કરી મદીનાના ગવર્નરને કહ્યું, મને વી. આઈ. પી. રૂમમાં લઈ જાઓ.

આપને વી. આઈ. પી. રૂમમાં લઈ જવામાં આવ્યા. ત્યાં જઈ આપે પ્રીન્સ અબ્દુલ્લાહને ફોન કર્યો. જેઓ એક વજીરનો હોદ્દો ધરાવે છે. ઉપરાંત ડીફેન્સ મીનીસ્ટર પણ છે.

કહ્યું કે, “આપ અમારી મહેમાનનવાઝી પણ કરો છો અને પીટાઈ પણ થાય છે.”

પુછ્યું, “હઝરત શું બાબત છે ? આપે બધી જ વિગતો જણાવી, પ્રીન્સ અબ્દુલ્લાહ ઘણા જ ગુસ્સે થયા, આશ્ચર્ય વ્યક્ત કર્યું. માફી માગી પછી અબ્દુલ્લાહે કહ્યું, “હઝરત આપ જરાય ગભરાશો

 amillibrary.com

નહિ. હું એ બદમાશને સખતમાં સખત શિક્ષા કરીશ. આપ મદીનાના ગવર્નરને ફોન આપો. પછી પ્રીન્સ અબ્દુલ્લાહે નમાઝ પછી તરત જ ઈમામને ધરપકડ કરી રીયાધ લાવવાની સૂચના આપી. ત્યાર બાદ પ્રિન્સ અબ્દુલ્લાહે જનાબ રફસંજાનીને કહ્યું કે "હઝરત હું રીયાધમાના ઈરાની એલચી કચેરીના માણસોની હાજરીમાં આ શેતાનને શિક્ષા કરીશ.

હજી તો ઈમામ જુમ્આની બે રકાત નમાઝથી ફારિગ થાય છે. બીજી સલામ ફેરવે છે કે તરત જ પાછળ ઊભેલા મીલીટરી અધિકારીઓ તેની ધરપકડ કરે છે. હજારો લોકોની સામે તેના હાથમા હથકડી નાંખીને લોકોની શફો ચીરીને તેને લઈ જાય છે. વિમાનમાં બેસાડી રિયાધ પ્રીન્સ અબ્દુલ્લાહની સમક્ષ હાજર કરવામાં આવે છે. ત્યાં

 amillibrary.com

ઈરાની વિદેશકચેરીના અધિકારીઓ પણ હાજર હોય છે.

પ્રીન્સ પેશેનમાઝને પૂછે છે. (ગુસ્સાથી) કેમ તારું મગજ બેહકી ગયું છે ? પેશનમાઝ - મારા ઉપર શયતાન સવાર થઈ ગયો. ધ્રુજે છે.

પ્રીન્સ - અહો ! મસ્જિદે નબવીમાં મીમ્બરે રસૂલ ઉપર બેસીને તારા ઉપર શયતાન સવાર થઈ જાય છે તો મસ્જિદની બહાર શયતાન તારા ઉપર કેવોક સવાર થતો હશે !!

પછી પ્રીન્સે તેના બધા જ માનચાંદ-ઈલ્કાબો પાછા લઈ લીધા અને તેને જેલમાં ધકેલી દીધો.

છેલ્લા પચ્ચીસ વર્ષથી તે મસ્જિદે નબવીનો પેશનમાઝ હતો. હવે એવું કહેવાય છે કે તેને યમન ધકેલી દેવામાં આવ્યો છે.

મિમ્બરે રસૂલ ઉપર બેસીને-મસ્જિદે નબવીમાં લોકોને ઉશ્કેરવાનું આવું કાર્ય કરનારા ઈસ્લામના દુશ્મનો છે. આવાં લોકોથી આપણે હંમેશા ચેતતા રહેવું જોઈએ.

## પ્રકરણ-૧૧ : ક્યા કહું ! કૈસે કહું !

મસ્જિદે નબવીની અસલ પરિસ્થિતિને મતલબ જૂના માળખાને તો આ લોકો ખતમ જ કરી ચૂક્યા છે. પેગંબરે ઈસ્લામની અઝવાજના ઘરોને પણ જમીનદોસ્ત કરી ચૂક્યા છે. તે ઉપરાંત પેગંબર (સલ.)ની અનેક નિશાનીઓને આજે પણ બરબાદ કરી રહ્યા છે. હઝરત અલી (અલ.) તથા હઝરત ફાતેમાના ઘરને પણ રહેવા દીધું નથી. યઝીદી ઈસ્લામની તોડફોડ આજ ચૌદશો વર્ષોથી મક્કા અને મદીના બંનેમાં ચાલુ છે. નઝૂલે કુર્આનની તમામ જગ્યાઓ પણ આ વહાબીઓ ઈરાદાપૂર્વક મીટાવી રહ્યા છે. આ લુખ્ખા - સુક્કા - જાડી બુદ્ધિના માણસોને ઈસ્લામની રોનક, રોશની, કલા

કારીગીરી, સંસ્કૃતિ વગેરે સાથે કોઈ લગાવ નથી. એમને લગાવ છે તો અમેરિકન સંસ્કૃતિ-યુરોપિયન કલ્ચર સાથે લગાવ છે. ઢોંગ પુરતો અરબી ઝભ્ભો અને માથે સાપ જેવો કાળો વીંટો પોતાના અરબી હોવાની નિશાનીરૂપે ચાલુ રાખ્યો છે.

શાહઝાદાઓના મહેલોના ભોંયતળિયાઓમાં બ્લ્યુ ફિલ્મો જોવાતી હોય છે. દુનિયાની જેટલી પણ બેહયાઈ બેશરમી કહી શકાય એટલી બેશરમી અને અય્યાસી આ ધમંડી શાહોના મહેલોની રોનક બની ચૂકી છે. તે પણ ઈસ્લામના વાઘા પહેરીને - ઈસ્લામના નામ સાથે બિદઅત અને શીર્કના બૂમબરાડા તો એમનો નર્યો ઢોંગ છે. શરીઅતના હુકમોનું સરેઆમ ઉલંઘન મક્કા અને મદીનામાં રીયાધ અને જિદ્દામાં થાય છે. બિનઅરબોને હદ

વટીને અન્યાયો પણ થાય છે. અરબ રાષ્ટ્રવાદની એક બીમારી અમેરિકાએ અહીં ચાલુ કરી છે. જે ઈસ્લામની બુનિયાદોને ખોખરી કરવા માટે જ છે. ઈસ્લામી વિચારધારા જેને પેગંબરે ઈસ્લામે લોકોમાં રચીપચી કરી હતી. કે દરેક કલિમાગો મોમીન પછી તે અરબ હોય કે બિનઅરબ હોય, પૂર્વનો હોય પશ્ચિમનો હોય, કાળો હોય કે ગોરો હોય, કોઈપણ ઈમાનવાળા મુલકમાં બધા જ અધિકારો ભોગવવાનો હક ધરાવે છે, ઈસ્લામની આ વિચારધારાની અહીં ઘોર ખોદવામાં આવે છે. બિનઅરબો પછી તે લાંબી દાઢીવાળા નમાઝી કેમ ન હોય, તેમને આ લોકોના યુરોપીયન ખુદાઓ જેટલા પણ હક પ્રાપ્ત નથી. દુનિયાના ભલાભોળા

મુસલમાનોનો પોતાના આ બાયલા પાસબાને હરમ વિશેષનો ભરમ હજી ચાલુ જ છે.

આ લોકોનું રક્ષણ અમેરિકા કરે છે. વળી આ લોકો પોતાને દુનિયામાં તવહીદના અલમબરદાર પણ સમજે છે. અમેરિકાની મદદ માગવામા એમને શીર્ક દેખાતું નથી.

અહીં જાલીમ વહાબી શાસકો હંમેશા ભયમા જીવે છે. તેથી જ મક્કા અને મદીનામાં ઠેર ઠેર કેમેરા, અને સીક્યોરિટી વ્યવસ્થા ખૂબ જ જોવા મળે છે. નાના નાસમજ બાળકની જેમ આ અરબશાસકોને અમેરિકા જેમ દોરવણી આપે તેમ આ લોકો દોરવાય છે, અહીંના પ્રજાજનો પછી તે સુન્ની હોય કે શીયા, પોતાના શાસકોથી જરાય ખુશ નથી. જેના અનેક દ્રષ્ટાંતો અત્રે મારી પાસે છે. આ

બાબતનો ફક્ત એક જ અનુભવ વર્ણવું છું જે મને મક્કાના ટેલિફોન બુથમાં થયેલો. કીતાબ મોટી થઈ જવાનો ભય મને સતત સતાવી રહ્યો છે.

મક્કામા હરમની તદ્દન નજીક જ અમારી હોટલ હતી (દરેકના નામઠામ બધું જ હોવા છતાં ઈરાદાપૂર્વક રજૂ કરતો નથી). જેની બિલકુલ સામે જ એક ટેલિફોન બુથ હતું. જ્યાં પંદર સાર માણસો એક સાથે ટેલિફોન કરી શકે તેવી વ્યવસ્થા હતી. હું ફજરની અઝાન અગાઉના સમયમાં ત્યાં ટેલિફોન કરવા ગયો. કામ પતી ગયા પછી કાઉન્ટર ઉપર અરબ નવયુવાન સાથે પૈસા આપતી વખતે મેં કેટલીક પૂછપરછ કરી. મારા પ્રશ્નોના તે ઉત્તર આપતો રહ્યો. તેને અંગ્રેજી સમજાતું ન હતું. જેથી મેં તેને અંગ્રેજી શીખવાનું સૂચન કર્યું.

મને તેણે કહ્યું કે ક્રિશ્ચિયન લેંગવેજ છે તેને શા માટે શીખવી ? મેં કહ્યું. ઓ અક્કલમંદ ! ખુદાનો દીન તમે યુરોપીયનો સુધી કેવી રીતે પહોંચાડશો ? અગર તમે તેમની ભાષાથી નફરત કરશો. તમારી કમજોરીને ઢાંકવા માટે અવળી વાત કરો છો ? તમે અમેરિકાના તો પી◌ુ છો, અમેરિકા જ તમારો કાબા છે.

મારા આશ્ચર્ય વચ્ચે તે મારી ઉપર બગડી બેઠો. જે અત્યાર સુધી તદ્દન ધીમે ધીમે અને આસાન અરબી ટૂકડે ટૂકડે બોલીને મને સમજાય એમ વાત કરતો હતો. તે હવે બરાડીને ઝડપથી બોલતો હતો. બે બાંગલાદેશી દેખાતા સફાઈકામદારો આ અવાજથી પોતાનું રોડ સફાઈનું કામકાજ છોડી મારી મદદે આવ્યા હોય એમ મારા

બંને ખભા પાસે ઊભા થઈ ગયા. બાજુની દુકાનમાંથી એક ખૂબસુરત નવયુવાન પણ અમારી પાસે આવ્યો. ટેલિફોન બુથવાળો યુવાન શાહફહદનું નામ પણ બોલતો હતો. વળી પ્રીન્સ અબ્દુલ્લાહ શબ્દપ્રયોગ પણ કરતો હતો.

બાજુમાંથી આવેલ યુવાને મને ઉર્દુમાં પૂછ્યું કે તમે હિન્દુસ્તાની છો ? મેં હા કહ્યું. “હું પાકિસ્તાની છું.” તેણે કહ્યું, હું ખુશ થઈ ગયો કે ચાલો ભાષાનો પ્રોબ્લેમ તો પત્યો. મેં તેને પૂછ્યું કે આ કોની ઉપર અકળાયો છે. અને શું બોલે છે. તેણે કહ્યું કે તે શાહ ફહદની વિરૂદ્ધ બોલે છે. પ્રીન્સ અબ્દુલ્લાહને ચાહે છે. અમેરિકા વિરૂદ્ધ પોતાનો રોષ ઠાલવી રહ્યો છે. આપને કશું નથી બોલતો. આ સાંભળી હું ઘણો જ ખુશ થયો. મને પેલા યુવાનની વાતમાં કંઈક એવી

લચક દેખાઈ. જેથી મેં તેને સીધું જ પૂછ્યું, "આર યુ બડી શીન" તે એકદમ હસતો હસતો બોલ્યો. "યશ" "એન્ડ યુ ?" "આઈ એમ ઓલશો" મેં ઉત્તર આપ્યો. મેં પેલા અરબ ટેલિફોન બુથવાળાના વિષયમાં પૂછ્યું. "ઈઝ હી બડી શીન ?" "નો, નો, હી ઈઝ છોટી સીન" તેણે કહ્યું પછી તો ટેલિફોન બુથવાળા અરબ યુવાનની બધી જ વાતોનો તરજુમો મને કરાંચીવાળા યુવાને કહી સંભળાવ્યો. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. તેનો કહેવાનો હેતુ આ હતો કે અમો બધા જ શાહ ફહદથી બેઝાર છીએ, નફરત કરીએ છીએ, અમે અમારા દેશમાં જ ગુલામ જેવા છીએ, અમને વાણી કે વિચારની જરાય આઝાદી નથી. જો ફહદ મરી જાય ને ઈન્શાઅલ્લાહ અબ્દુલ્લાહ આવશે તો અમેરિકન ફોજોને

અબ્દુલ્લાહ તરત જ કાઢી મૂકશે - ઈન્શાઅલ્લાહ. તેણે એક ઘણી જ સરસ વાત કરી, તે સાંભળી મારી પાપણો ભીની થઈ. તે બોલ્યો ઈરાનથી અલગ રહીને કદીપણ તાકાત પેદા કરી શકાશે નહિ. માટે આપણે શીયા-સુન્ની ભેદભાવ ભૂલીને કલિમાની બુનિયાદ ઉપર ઈસ્લામી એકતા સ્થાપિત કરવી પડશે. તેણે ચા નાસ્તો મંગાવ્યો. મેં ફક્ત ચા જ લીધી. નાસ્તામાં કોણ જાણે શું હતું મને ભાવ્યું નહિ.

ફજરની અઝાન શરૂ થઈ. કરાંચીવાળા યુવાને મને કહ્યું કે અહીં મક્કામાં ૩૦ ટકા વસ્તી શીયા છે. પરંતુ ખામોશી સાથે જીવી રહી છે. એ જ પ્રમાણે મદીનામાં પણ ૪૦ ટકા વસ્તી શીયા હોવા છતાં પોતાની રીતે મઝહબી મરાસીમ અદા કરી લે છે. બધા જ ખામોશીથી જીવન ગુજારે છે. અહીં

સઉદી અરબમાં સુન્નીઓનો મોટો ભાગ પણ હુકુમતથી વિરૂદ્ધ હોવા છતાં શાહના જુલમની સામે મઝલૂમ છે. સુન્નીઓ પણ મોટાભાગે હુકુમતના વિરોધી છે. છતાંય જીભ પર ભાગ્યે જ કોઈ આવા શબ્દો લાવે છે. હુકુમતની સી. આઈ. ડી. ઠેર ઠેર ફરતી હોય છે.

ફજરની અઝાન થઈ ચૂકી હતી. અમો છૂટા પડ્યા. હું ખુદાના શુક્ર સાથે ખુશ થતો હરમમાં દાખલ થયો. ઈસ્લામી એકતાનો આગ્રહી આ નવયુવાન મને ખૂબ ગમ્યો.

તમો અમેરિકા, કેનેડા કે બ્રિટન જેવા બીજા લગભગ બધા જ યુરોપીયન મુલકોમાં એક વખત દાખલ થઈ ગયા પછી તો તમો આઝાદ છો. કાયદેસર પાસપોર્ટ સાથે દાખલ થયા છો, માટે

પછી તમારે તે દેશના કોઈપણ શહેરમાં કે ગામડામાં જવાની છૂટ હોય છે. મતલબ દેશના કોઈપણ ખૂણે આસાનીથી ફરી શકો છો. જ્યારે સઉદી અરબમાં તમો ફક્ત મક્કા મદીના અને ઝિદ્દહથી આગળ બીજા કોઈ પણ શહેરમાં ફરવા કે જોવા માટે પણ જઈ શકતા નથી. આવા જહાલતભર્યા કાનૂનો પણ વિશ્વનો અતિ પવિત્ર જગ્યા હિઝાજે મુકદ્દશમાં (અરબસ્તાનમાં) જોવા મળશે. બલ્કે તમારી માગણી ઉપર પણ તમને મક્કા-મદીના-જિદ્દહ સિવાયના શહેર કે ગામડામાં ફરવા જવાની વીઝા આપતા નથી. શા માટે ? એમની પેટ્રોલની ફેક્ટરીઓમાં બધે જ અમેરિકનો હોય છે. સમગ્ર અર્થતંત્ર અમેરિકા, ફ્રાન્સ, બ્રિટનના અધિકારીઓના કબજામાં છે. આવા હજારો

કારકૂનોને માટે આ લોકોએ શરાબનું લાયસન્સ આપવું પડે છે, ત્યાં બિનમુસ્લિમ યુરોપીયનો માટે શરાબ જાઈઝ છે. જે તેમને લાયસન્સ દ્વારા પ્રાપ્ત થાય છે, આ યુરોપીયનોની અંદરમાં કામ કરતા નાના કામદારો જેવા કે હિન્દુસ્તાનીઓ, પાકિસ્તાનીઓ, બાંગ્લાદેશી બધા જ આસાનીથી શરાબની હેરાફેરી કરી શકે છે. યુરોપીયનોના લાયસન્સ ઉપર આ લોકો સહેલાઈથી શરાબ મેળવી શકે છે. જેથી સઉદી સરકારનો ઈસ્લામી કાનૂન પાંગળો - લૂલો લંગડો બનીને રહી ગયો છે. અત્યારે અમેરિકન લશ્કરને શરાબ, સુવ્વરનું માંસ અને આનંદપ્રમોદ માટે ‘ગરીબ દેશોની છોકરીઓ પણ પૂરી પાડવામાં આવે છે. જે લશ્કર કુવેત-ઈરાકની લડાઈ પછીથી સઉદી અરબમાં પડેલું છે.

આ તવહીદના અલમબરદારો પોતાની હિફાઝત નથી કરી શકતા. એમને પોતાની હિફાઝત માટે ઈસાઈઓ અને યહુદીઓને કાલાવાલા કરવા પડે છે. શા માટે ? કદી આ બાબત એક મુસ્લિમ તરીકે આપણે વિચાર કર્યો છે ? નથી કર્યો તો કેમ નથી કર્યો ? શું આપણી ફરજ નથી ?

શું અડધી દુનિયા ઉપર છવાયેલી મુસ્લિમ ઉમ્મત પાસે બહાદુર, તાકતવર ફોજોની કમી છે ? શું યુદ્ધ સામગ્રીની કમી છે ? શું મુસ્લિમો પાસે અદ્યતન વિજ્ઞાન ટેક્નોલોજી નથી ?

જવાબ છે ના, ના, ના. મુસ્લિમો પાસે બધું જ છે, બેહતરીન તાકતવર ફોજો, અદ્યતન શસ્ત્રો, યુદ્ધ સામગ્રી તથા વિજ્ઞાન ટેક્નોલોજી પણ છે. અત્યારના આપણા ઈરાન, ઈરાક, પાકિસ્તાન,

અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, તાજકીસ્તાન, સીરીયા, ફલશ્તીન, મિસર, જોર્ડન, ઈન્ડોનેશીયા, મલેશિયા, ચેચન્યા તેમજ રશિયા સાથેથી છુટા પડેલ છ ઈસ્લામી પ્રાંતોના સૈનિકો અમેરિકન સૈનિકો કરતાં વધુ શક્તિશાળી, વધુ બહાદુર, વધુ તંદુરસ્ત છે. પેટ્રોલ આપણી પાસે છે. જે યુરોપની જીવાદોરી છે. છતાંય તવહીદ પરસ્ત સઉદીને અમેરિકાના કાફિરો પાસે રક્ષણની ભીખ માગવી પડે છે. ત્યાં એમને શીર્ક દેખાતું જ નથી. મલેક ફહદ કદી કાબામાં જઈને ખુદા પાસે રડ્યા નહીં હોય, શા માટે રડે ? એમનો મોટો ખુદા અમેરિકા જે વિશ્વના બધા જ મુસલમાનોનું સૌથી વધારે દુશ્મન છે. તે એમનું દોસ્ત છે. તે એમનું રક્ષણ કરશે, બલ્કે

એમની ધરતી પરથી ઈરાકનાં ગરીબ મુસલમાનો ઉપર બોંબવર્ષા થાય છે.

આજે જ તા. ૨૦-૨-૨૦૦૧ના હું પેપરના પ્રથમ પાને સમાચાર વાંચી રહ્યો છું કે કુવૈત અને સઉદી અરબની ધરતી પરથી ઉડીને અમેરિકા અને બ્રિટનના વિમાનોએ ઈરાકના બગદાદ શહેર ઉપર બોંબવર્ષા કરી છે. ટી. વી. ઉપર પણ બગદાદના મૃત્યુ પામેલા અને ઘવાયેલા લોકોને જોયા તથા તૂટીને ભંગાર થઈ ચૂકેલી બિલ્ડિંગો પણ જોઈ. મુસ્લિમોનો નાશ કરવા માટે અમેરિકાને પોતાની જમીનનો ઉપયોગ સઉદી અને કુવૈત કરવા દે છે. એ જ ઈરાકના શાસક સદ્દામે આઠ આઠ વર્ષ સુધી ઈરાન સામે નાહક જંગ લડી છે. તેમાં પણ ઈરાનને કચડી નાખવા આ જ સઉદી અને કુવૈત ઉપરાંત

બીજા પણ મુસ્લિમ દેશો ઉપરાંત અત્યારના અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઈટલી વગેરે ઈરાકના દુશ્મન દેશો ઈરાન સાથેની આઠ આઠ વર્ષ ચાલેલી લડાઈમાં ઈરાકના દોસ્ત હતા, ઈરાકના મદદગાર હતા, આજ લોકો બેવકૂફ સદ્દામને લડાઈ માટે તૈયાર કરનારા હતા. ઈરાન સાથેની લડાઈમાં દુનિયાના પચ્ચીસ દેશો ઈરાકના પચ્ચીસ દોસ્ત મુલકો આજે એના જ દુશ્મન બની ગયા છે. આ બેવકૂફ, બુઝદીલ, લામઝહબ, ઢોંગી સદ્દામે લાખો મુસલમાનોનું નાહક લોહી વહાવ્યું. પોતાના અમેરિકન ખુદાઓના ઇશારે. તે જ સદ્દામને મુસલમાનોએ હીરો બનાવેલો. આજે તે જ ઝીરો થઈ ગયો છે. ખુદાની કુદરતનો વિચાર કરો.

 amillibrary.com

બીજી પણ એક વાત વિચારો કે મુસલમાનો હંમેશા પરપરસ્ત રહ્યા છે. આ બાબત ઘણી જ ગંભીર છે. હંમેશા મુસલમાનોએ મુસલમાનોને કચડી નાખવા માટે કૂફ્રનો સાથ લીધો છે. કાફિરોથી દોસ્તી કરી છે. આ આપણા અકીદાની જ કંઈક ખામી છે. તે આપણને સમજાતી નથી. આપણા અકીદાના મૂળમાં યઝીદ મલઉન બેઠેલો છે. તે કાફિર લંપટ, ઝાની અને મુશરીક હતો. આપણા આલીમોએ તેને મોમીન ચીતરી દીધો છે. અકીદાની આ જ ખામી આજ ચૌદસો વર્ષોથી આપણું અંદરોઅંદર લોહી વહાવતી આવી છે.

આપણા અકીદામાં એહલેબયતની બાદ્બાકી છે. મોહંમદ-અલી-ફાતેમા અને હસન હુસૈન (અલ.)ની પણ બાદ્બાકી છે, આપણો વિચિત્ર અકીદો

મોહંમદ (સલ.) સાથે મોહબ્બતનો દાવો અને તેમની અવલાદોને શહીદ કરનારા સતાવનારા, પરેશાન કરનારા, તેમના ઘરો સળગાવનારા જાલીમો, મુનાફિકો અને મુસ્લિમ નામ ધારી - દાઢી ઝભ્ભા ધારણ કરનારા કાફિરો સાથે આપણી મહબ્બત છે. દોસ્તી છે. આપણા અકીદાની મૂળ ખામી જોવાની છે. તેના મૂળમાં યઝીદ લાનતુલ્લાહ છે. અમારી દ્રષ્ટિએ યઝીદ ફક્ત એક નથી. દરેક નબીના દુશ્મનો પણ યઝીદ હતા. રસુલના સમયમાં પણ યઝીદ અને યઝીદીઓ હતા. જેમની મહબ્બતના પહાડ જુઠી હદીસો ઘડનારાઓએ આપણાં દિમાગોમાં ઘુસાડી દીધા છે. પછી ખુદાની મદદ આપણને કેવી રીતે પહોંચે ?

## મક્કા મદીનાના બજારો

બંને શહેરોમાં હરમની લગોલગ યુરોપીય ઢબે બજારો સજાવવામાં આવ્યા છે, દુનિયાભરના દેશોની પ્રકાર પ્રકારની વસ્તુઓ તેમા વેચાય છે. મસ્જિદે નબવીની સામે જ અને તે પણ સહેનની બહાર કદમ મૂકતાં જ વ્યક્તિનો બીજો કદમ આ બજારોની રોનકદાર દુકાનોમાં પડે છે. તેમાંય સોના-ચાંદીના ખાસ તો સોનાની જ દુકાનો હારબંધ જોવા મળે છે. વ્યક્તિ હરમમા જવા પોતાના રહેઠાણની હોટલમાંથી નીકળે તો તે ભાગ્યે જ હરમમાં પહોંચે અને તેમા સ્ત્રીઓ તો ન જ પહોંચે. સિવાય કે વોંબ નમાઝ પઢવાની હોય. યુવાન સ્ત્રી-પુરુષો ચોવીસ કલાક બજારોમાં ફરતા દેખાય છે. કમજોરો વૃદ્ધો અને નાદારો સિવાય હરમમા

ઈબાદત કરનારા ભાગ્યે જ દેખાશે. મારી આ વાત નોંધવામાં આવે. મસ્જિદની બહાર કદમ મૂકો તો તમને એમ ન લાગે કે અમો રસૂલે ખુદાના ઘરમાં, ફાતેમા અલીના ઘરમાં, કે બિલાલે હબસીના મોહલ્લામાં ફરી રહ્યા છીએ. એમ પણ ન લાગે કે સદીઓ પહેલાં પણ અહીં કોઈ રહેતું હશે. આર. સી. સી.ના જંગલો ઊભા કરી દેવાયાં છે. એમ જરૂર લાગે કે આપણે કુવૈત, અબુધાબી કે બેહરૈન અથવા પેરીસ, ન્યૂયોર્કના બજારોમાં ફરી રહ્યા છીએ. રસૂલે ઈસ્લામના જમાનાની એકએક નિશાનીને જડમૂળથી કાઢીને ફેંકી દેવામાં આવી છે. આ બધું કંઈ ભૂલભાલમાં કે શરતચૂકથી કે અજ્ઞાનીપણાની પરિસ્થિતિમાં નથી બન્યું. બલ્કે ઈરાદાપૂર્વક એક સોચી સમજી સ્કીમ-યોજનાપૂર્વક બન્યું છે. આલે

સઉદના અમેરિકી ખુદાઓના ઈશારે બન્યું છે. લોકો બસ બજારોમાં જ ફર્યા કરે, ખાધાપીધા કરે, સુંદર કપડાં-જણસો પહેરીને ફરે અને ખરીદે, ન તેમને રસૂલેખુદાના સમયની કોઈ યાદગાર જોવાનો શોખ થાય, ન તો આવી યાદગાર તરફ તેમનું ધ્યાન જાય. લોકોનો  સૌથી વધુ સમય બસ ખરીદીમાં જ વીતી જાય.

વહાબી મૂફતીઓને આ બાબતનું પૂરેપુરું ભાન છે. પરંતુ એ લોકો પણ જાણે છે કે આપણા નાના ખુદાઓ (આલે સઉદ) તેમના મોટા ખુદાઓના (અમેરિકા, બ્રિટન) ઈશારે ઈરાદાપૂર્વક આ બધું કરી રહ્યા છે. ચૂપ બેસી રહેવામાં જ મજા છે. નહીં તો ફાંસીની સજાથી ઓછી સજા થવાની નથી. આલે સઉદની આ નાપાક પોલીસી વિરૂદ્ધ જો

કોઈ આલીમ જરા પણ ચૂં ચા કરે તો તેના ખાનદાન સહિત તેનું સત્યાનાશ વાળી દેવામાં આવે છે. અને આ સજા પણ એવી રીતે અપાય છે કે હુકુમતના વિરોધી તરીકે બલ્કે બિચારાઓ ઉપર ઝીનાનો આક્ષેપ મૂકીને શિરચ્છેદ કરવામાં આવે છે.

## ઈદના ચાંદ વિશે

ઈદના ચાંદ વિશે પણ નવાઈભર્યા ફતવા જોવા મળે છે. કદીક ઈન્ડિયાથી એકાદ-બે દિવસ આગળ કે પાછળ ઈદ થઈ જાય છે. આ ખૂબ જ નવાઈભર્યો મામલો છે. છતાંય ઈન્ડિયાના વહાબી આલિમો કે દેવબંદી મકતબે ફિક્રના મૂફતીઓ કદીપણ આ બાબતનો વિરોધ કરતા દેખાતા નથી. બસ સઉદી મૂફતી જાહેર કરી દે છે કે ફલાણી તારીખે ઈદ ગણવામાં આવશે. ઈદ થઈ જાય છે.

ભૌગોલિક દ્રષ્ટિએ સરખા અક્ષાંશ ઉપર આવેલા સ્થળોનો ચાંદ એક જ દિવસે થતો હોય છે, પરંતુ સઉદીઅરબમાં કદીપણ ચાંદ જોવાનો રિવાજ જ નથી. સઉદી મૂફતીની ચાંદ અંગેની જાહેરાત હુકુમતના ઈશારે જ થતી હોય છે. સમગ્ર દેશમાં જ્યાં કોઈપણ મસ્જિદનો પેશનમાઝ જુમ્મા કે ઈદનો ખુત્બો મૌખિક પઢી શકતો નથી. હુકુમત તરફથી લખાઈને આવે છે. આગલે દિવસે તેમને પહોંચી જાય છે. વળી હુકુમત તે દરેકે દરેક ખુત્બાની બીજી નકલ જ પોતાના સી. આઈ. ડી.ઓને આપે છે તે સી. આઈ. ડી.ઓ જે તે દરેકે દરેક મસ્જિદમાં હાથમાં ખુત્બાની નકલ લઈને બેઠા હોય છે. કે પેશનમાઝ શું પઢે છે ? તે જાણી શકાય આવા દેશમાં ઈલ્મનો વિકાસ કેવી રીતે થાય ? જ્યાંનું

કોઈ ચોપાનીયું પણ આઝાદીથી કંઈપણ છાપી ન શકે. અને તે પણ હુકુમતની તો જરાપણ વિરૂદ્ધ ન લખાય. તોબા, તોબા - આવી જાલીમ રાજાશાહીની ટીકા હિંદુસ્તાન - પાકિસ્તાન અને અન્ય દેશોના આલિમો કે સંગઠનો શા માટે કરતાં નથી ?

કોઈ કિતાબ દેશમાં હુકુમતની મંજૂરી વગર છાપી ન શકાય. વળી બહાર દેશથી કોઈપણ કિતાબ દેશમાં દાખલ ન થઈ શકે, ટપાલમાં કે કારગોમાં તો તમો મોકલી જ ન શકો, હાથોહાથ એરપોર્ટ ઉપર તપાસની કમજોરી કે તપાસનાર આંખ આડા કાન કરીને નાની-મોટી કોઈ કીતાબ ચાલી જવા દે તો અલગ વાત છે. તે પણ બીજી કોઈ ન સમજાતી હોય એવી ભાષાની કિતાબ અંદર દાખલ થઈ જાય. ઉર્દૂ-અરબીને વીણી ચૂંટીને કાઢી

લે છે. કચરાપેટીમાં ફેંકી દે છે. મક્કા અને મદીનાએ અવર્ચીન સદીમાં આપણને વિશ્વ લેવલનો કોઈ વિચારક આપ્યો છે ? કોઈ વિદ્વાન આપ્યો છે ? સંગ્રહિત પાણી સડી જાય છે. વાસ મારે છે. તેમ તેઓના ઈલ્મની હાલત પણ થઈ છે. મને મારા એક વડીલ મિત્ર જેઓ મારા મુખ્ય શિક્ષક પણ રહી ચૂક્યા છે. ઉપરાંત લેખનકાર્ય પણ કરે છે. તેમના બધા જ સંતાનો લંડન-કેનેડા હોઈ - સતત ઈન્ડિયા બ્રિટન આવ-જા કરતા રહે છે. તેમણે મારી સાથેની ચાંદ અંગેની ચર્ચા દરમ્યાન મને કહ્યું કે આપની વાત તદ્દન સાચી છે. ચાંદ અંગેનો સઉદી અભિગમ તદ્દન બિનઈસ્લામી છે. તેમણે એક એવી વાત કરી કે હું નવાઈ પામ્યો, જણાવ્યું કે બ્રિટનમાં એક મુસ્લિમ સંસ્થા છે જેમણે દરવરસે પોતાના માણસો

મોકલીને સઉદીમાં ચાંદ જોઈને તેની નોંધ કરી પછી દસ વર્ષની ચાંદની વિગતો સઉદી ગર્વનમેન્ટને મોકલી કે તમોએ એકેય વરસે ચાંદ પ્રમાણે ઇદ કરી નથી બલ્કે બે દિવસ અગાઉ અથવા તો એક દિવસ પાછળ ઈદ કરી છે. પણ હુકુમતે ન તેમની કોઈ નોંધ લીધી કે તેનો ઉત્તર આપ્યો.

## સઉદી અરબનું સમાજજીવન

સઉદી અરબનો એક ચેહરો જે આપણને દેખાય છે. તે મોર્ડન ચહેરો છે. મેકઅપ કરેલો. અંદરથી કાળો છે. જો મેકઅપ કાઢી નાખવામાં આવે તો અભણતાનું પ્રમાણ વધુ છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનારાઓની સંખ્યા તદ્દન ઓછી છે. ઈલ્મી મેહફીલોનું તો નામોનિશાન ન મળે. જો થાય છે તો

સરકારી નિગરાનીમાં. સી. આઈ. ડી. ની હાજરીમાં. જ્યાં શબ્દેશબ્દ માણસ વિચારીને બોલતો હોય છે. વારંવાર ચાલતી ગાડીની ઉપર પગ મૂકીને ડ્રાઈવર કઈ મિનિટે તેને કયાં અટકાવવા માગે છે તે પણ ન સમજાય, તેવી રીતે ઈલ્મી મેહફીલો થાય છે. જો કોઈ આલીમ અટકી અટકીને શબ્દોને ગોઠવીને ન બોલ્યો હોય - જરા ફાસ્ટ બોલી ગયો હોય તો તેને રાતે ઊંઘ પણ ન આવે. કદાચ કોઈ શબ્દમાંથી હુકુમતના વિરોધનો કે શીર્ક બીદઅતનો કે ઈમામ ખોમેની અથવા ઈસ્લામી ઇન્કિલાબના ફેવરનો ફણગો ફૂટી નીકળશે તો ? આ વિચારે તેની ઊંઘ હરામ થઈ જાય છે.

અહીં સી. આઈ. ડી. ની સંખ્યામાં દર વર્ષે અતિશય વધારો થતો જાય છે. ભારેલો અગ્નિ જેવી

પરિસ્થિતિ છે. સઉદી સરંક્ષણખાતુ અમેરિકન નિષ્ટણાતોની નિગેહબાનીમાં ચાલે છે. લોકોનો સમૂહ કોઈક નાની સરખી જગ્યાએ પણ એકત્ર થાય તો, ત્યાં મીલીટરી અને સી. આઈ. ડી.ની સંખ્યા વધુ હોય છે. સઉદી અરબનું સરંક્ષણ ખાતું જે ડાયરેક્ટ અમેરિકનોની નિગેહબાનીમાં ચાલે છે. બેજાન, બેરૂહ, મુરદાર, રસ્મી ઈબાદતો સિવાય અહીં કશું થવા ન પામે.

પેગંબરે ઈસ્લામ (સલ.)ની ઈસ્લામી ચળવળનું કેન્દ્ર મક્કા અને મદીના આજે બેરૂહ છે. નિર્જીવ છે. જે સરજમીનથી ઈસ્લામનો સૂર્યોદય થયો હતો. જે મુકદ્દશ સરજમીન ઉપરથી પેગંબરે ઈસ્લામે તથા ત્યાર બાદ હઝરત અલી (અલ.) એ ઈસ્લામી ઈન્કિલાબને દૂનિયાભરમાં ફેલાવ્યો હતો.

ઈસ્લામી ઈન્કિલાબના આ નૂરથી આજે અડધું વિશ્વ **"લાઈલાહા ઈલ્લલ્લાહ મોહંમદુર્રસુલુલ્લાહ"** નો કલિમા પઢી રહ્યું છે તે જ જગ્યાઓએ આજે બેનૂરી દેખાય છે. જો ઊંડી નજર કરો તો ફક્ત રસ્મી અને ડંડાના જોરે કરાવવામાં આવતી વોંબ ઈબાદતો - મોડામાં મોડો મસ્જિદે જાય અને ભાગીને પાછો ક્યારે દુકાનમાં આવી જાય - એવી નમાઝ જે એક દેખાવ માત્ર છે. સિવાય ઈસ્લામનું કંઈપણ દેખા દેતું નથી, શાહો અને શાહઝાદાના મહેલો તો વેશ્યાખાના બની ગયા છે. આ શાહોને જમીન પોતાના પગ નીચેથી સરકતી દેખાય છે. આ ખતરો માત્ર ધારી લીધેલો કે ખ્યાલી નથી. આ શાસનની વાસ્તવિક્તાનું ચિત્ર આ છે કે આલે સઉદનું પોતાના પ્રજાજનો પ્રત્યેનું વલણ વરૂના બકરી તરફના

વર્તન જેવું છે. શાસકો ઈચ્છે છે કે રાજકારણને ઈસ્લામથી અલિપ્ત કરી દો, બસ હજના બધા જ અરકાનોને એક રસ્મી, ચીલાચાલુ, બનાવી દો, આ ઈબાદતો પાછળના ઈસ્લામના હેતુને જ મુરદા સમો બનાવી દો, જ્યાં સમગ્ર વિશ્વના ખૂણેખૂણેથી વિદ્વાનો, આલિમો, શાઈરો, વેપારીઓ, ખેડૂતો, મજદૂરો, મતલબ સમાજના બધાં જ વિભાગનું બુદ્ધિધન જ્યાં એકત્ર થતું હોય ત્યાં ઈસ્લામ અંગે કોઈ વાત ન થાય ?

જ્યાં ઈસરાઈલના વિશે શબ્દ પણ ન બોલી શકાય ? જે ઈસરાઈલે આપણા કિબ્લા બયતુલ મુકદ્દશને આજે પચાસ પચાસ વરસ થયા પચાવી પાડ્યો છે સાથે ત્યાંનો ફલશ્તીનની લબ્નાનની મજલૂમ કોમ ઉપર બોંબવર્ષા કરે, ગોળીઓ ચલાવે

નિર્દોષોની કત્લેઆમ કરે !! ઈરાકની મઝલૂમ પ્રજા ઉપર અમેરિકા બોંબવર્ષા કરે !! અમેરિકા અફઘાનિસ્તાનને ધમકીઓ આપે ! અમેરિકા પાકિસ્તાનને ધમકીઓ આપે ! અમેરિકા ઈરાનને ધમકીઓ આપે ! ઈસરાઈલની બધી જાલીમાના કારવાઈને અમેરિકા પ્રોત્સાહન આપે ! બલ્કે ઈસરાઈલના મોં ઉપરના મહોરાને હટાવવામાં આવે તો અંદર અમેરિકાનો ખૂની ચહેરો દેખા દેશે.

આ બધું જ આપણે શા માટે સહન કરી લેવાનું ! જ્યારે કે વિશ્વ સ્તરે આપણું બુદ્ધિધન હજના એક આલમી ઈજતેમામાં એકત્ર થતું હોય, ત્યાં અમેરિકા કે ઈસરાઈલના જુલમની વિરૂદ્ધ કોઈ મશ્વિરો ન કરે ? આ જાલીમોના જુલમની રોકથામ માટે વિશ્વસ્તરે કોઈ વાટાઘાટો કરી. સમગ્ર

દુનિયાના મુસ્લિમોને જાગૃત કરવાની યોજના ન ઘડે ? ત્યાં કોઈ ઈસરાઈલ મૂદર્બાદ કે અમેરિકા મુદર્બાદનો નારો ન લગાવી શકે ? અરે ! સમગ્ર દુનિયાના મુસ્લિમોમાં ઈસ્લામી ઈન્કિલાબ માટે જાગૃતિ લાવવાનો આ એક અતિ ઉત્તમ મોકો છે. જેને આપણે હજ્જે બયતુલ્લાહ કહીએ છીએ. હજ આપણું વિશ્વ સંમેલન છે. અને જો આ રાજકારણ હોય તો દીન કોને કહેશો ? ઈસ્લામની સરબુલંદી માટે એકત્ર થઈ વિચારવું દીન નથી ?!!

આ જ આલે સઉદના શાસકોએ ૧૯૮૭ની સાલમાં હજમાં ૪૦૦ જેટલા નિર્દોષ હાજીઓ ઉપર હેલીકોપ્ટર ઉપરથી ગોળીઓનો વરસાદ વરસાવી શહીદ કર્યા હતા. જેઓએ કાબતુલ્લાહથી છ કિલોમીટર જેટલે દૂર એક ઈજતેમા ભરી તેમાં

અમેરિકા અને ઈસરાઈલ વિરૂદ્ધ નારા પોકારી તેમના રાષ્ટ્ર ધ્વજો સળગાવ્યા હતા.

કોઈ એક વ્યક્તિએ પણ કોઈપણ જાતનું અડપલું કર્યું ન હતું. કીબ્લએ અવ્વલની માંગણી અને અમેરિકા ઈસરાઈલ મુદર્બિાદના નારા એક ઈબાદતના રૂપમાં આ લોકો લગાવતા હતા. કોઈ સઉદી હાકિમો વિરૂદ્ધ એક શબ્દ પણ આ જુલુશમાં બોલવામાં આવ્યો નથી.

આ શાંત જુલુશને ઘેરી લઈને ચારે તરફથી ગોળીઓનો વરસાદ વરસાવાયો. આ હુમલો જે એક ખાસ પ્રકારના હુકમના આધારે કરવામાં આવ્યો. તે સાથે સરકારી ગાડીઓ અને પ્રાઈવેટ ટેક્ષીઓને પણ ખાસ સૂચના આપવામાં આવી હતી કે તેઓ ઈરાની હાજીઓને પોતાની ગાડીઓમાં સવાર ન કરે. મોટે

ભાગે આ ઈરાની હાજીઓ બયતુલ્લાહથી ઘણે દૂર પંદર વીસ કીલો મીટરે ઊતરે છે. જેથી આ નિર્મમ હત્યાકાંડની વાત સાંભળીને તેઓ અહીંયા આવી ન શકે.

આવા સામૂહિક જુલમને આંખે જોનાર રડી પડે એવું દર્દનાક દ્રશ્ય સર્જાયું હતું. કેટલાક લોકોનું આમ કહેવું કે આવા પ્રકારના દેખાવો મક્કામાં ન કરવામાં આવે કે આવી વાતો ઈસ્લામી શિક્ષણની વિરૂદ્ધ છે.

આવી વાતો કરનારા અવ્વલ દરજાના જાહીલો છે. સાધુવાદી વિચારસરણી ધરાવનારા છે, કારણ કે હજ દરમ્યાન જે જુદી જુદી રસમો અદા કરવામાં આવે છે. દા.ત., સઈ, મીના, અરફાત કે તવાફની આ બધી જ ક્રિયાઓ એક પ્રકારના દેખાવો

નથી તો બીજું શું છે ? હજની બધી જ ક્રિયાઓ એક પ્રકારના દેખાવો જ છે. આ સર્વે તમામ ઈન્સાનિયતના અસ્તિત્વ માટે એક ઈસ્લામી દેખાવ છે. અને આવો આક્ષેપ કે ઈરાનીઓ મક્કાના અમનમાં ખતરો ઊભો કરે છે. ફક્ત સઉદી હુકુમતનો પ્રોપેગેન્ડો છે. જે પોતાના આકાઓથી હુકમો મેળવે છે.

આ સામૂહિક હત્યાકાંડ ૧૯૮૭ના હજના સમયનો છે. આ બેગૂનાહ લોકોની કત્લેઆમને પ્રત્યક્ષ જોનાર હિંદુસ્તાનના જમહુરીયા ઈસ્લામી ઈરાના સફીર જનાબ દાક્તર ઈબ્રાહીમ બહનામ પોતે હતા. તેઓ આ જ વરસે પોતાના પત્ની સાથે હજ અદા કરવા ગયા હતા.

**જનાબ દાક્તર સાહેબે ઈન્ડિયા આવી દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી. પત્રકારો સાથેની આપની વાતચીત અત્રે પ્રસ્તુત છે.**

**પ્રશ્ન** : (૧) કુર્આન શરીફમાં હુકમ આપવામાં આવે છે કે કોઈએ હજ દરમ્યાન કોઈપણ પ્રકારનો ઝઘડો વગેરે કરવો ન જોઈએ. આ બાબત આપ શું કહો છો?

**જવાબ** : કોઈપણ વ્યક્તિ ત્યાં ઝઘડો કે ફસાદ કરવા ગયા ન હતા. જો કોઈ વ્યક્તિ મજલૂમ કોમોની લાચીરીની શિકાયત કરે છે. જો તેઓ પોતાના પરવરદિગારને પોતાના ઉપર થતી નાઈન્સાફીની શિકાયત કરે છે. તો તેનો મતલબ કોઈથી પણ ઝઘડો કરવાનો નથી. ખરેખર તો આ બીજા લોકો છે જેમણે આ લોકો ઉપર ઝઘડો થોકી

બેસાડ્યો છે. જો સઉદી અરબની હુકુમતે પણ, આ કુર્આનના હુકમનો મતલબ સમજી લીધો હોત, તો તે બેગૂનાહ હાજીઓને આ રીતે શહીદ ન કરત.

**પ્રશ્ન. (૨)** આ વરસે (૧૯૮૭માં) જે કઈ મક્કામાં બન્યું તે જોતાં શું ઈરાની હાજીઓ આવતા વર્ષે હજમાં શિરકત કરશે ?

**જવાબ** : કાબતુલ્લાહ - મક્કા અને મદીના તમામ દુનિયાના મુસલમાનોના છે. કોઈને પણ કોઈ બહાનુ બનાવી આ હક નથી પહોંચતો કે તે તેમને હજથી રોકી શકે. દરેકને ત્યાં શિરકત કરવાનો હક છે. યકીની રીતે હજ અમારી ઈબાદતોનો એક ભાગ છે. અને અમે એ ઈબાદતને આટલી આસાનીથી નજરઅંદાજ નથી કરી શકતા. અમો હજમાં જઈશું કોઈ અમને રોકી નહીં શકે.

**પ્રશ્ન (3)** મોહતરમ સહીર સાહેબ, શું આપ આ ઘટના વખતે ઘટના સ્થળે જ હાજર હતા ? શું કોઈ ઈરાનીએ સઊદી રાજા વિરૂદ્ધ નારો લગાવ્યો હતો ? બીજુંકે ઈરાનીઓના સિવાય કેટલા લોકો આ ઘટનામાં શહીદ થયા ? અને તેમાં સ્ત્રીઓ કેટલી હતી ?

**જવાબ** : હું આગળ પણ જણાવી ચૂક્યો છું કે આ સંપૂર્ણ દેખાવ દરમ્યાન હુકુમતે સઉદીયા અને સઉદી રાજા અથવા હુકુમતે ઈરાક વિરૂદ્ધ એકપણ નારો લગાવવામાં આવ્યો નથી. હું આ વરસે હજની અદાયગી માટે ગયો હતો. જેથી મેં મારો પાસપોર્ટ સાથે અન્ય જરૂરી પેપર્સ જમહુરી ઈસ્લામી ઈરાનના પ્રતિનિધિ પાસેથી મેળવ્યા હતા. કારણ કે મારેતરત જ જલ્દીથી પાછા આવવું હતું.

મેં મારી આંખોથી સઉદી પોલીસોને ગોળીઓ ચલાવતાં જોયા છે. શહીદ થનારાઓમાં ૨૨૮ સ્ત્રીઓ છે. જેમાની મોટાભાગની તો ચાર ચાર પાંચ-પાંચ બચ્ચાઓની માઓ છે. શહીદો બધા જ દેશોના હતા. આ બાબત હિંદુસ્તાની પાકિસ્તાની હાજીઓના બાબતે ઓળખાણ મુશ્કેલ છે. કારણ કે તેઓના ચહેરા તથા પોશાક એકબીજાને મળતા હોય છે. આવતા બેએક અઠવાડિયામાં આ બાબતની ચોખવટ થઈ જશે.

(આ હજ પછી તરતનો ઈન્ટરવ્યુ છે)

**પ્રશ્ન (૪)** લીબીયા કહે છે કે હજની ક્રિયાઓની વ્યવસ્થા ફક્ત સઉદીઓના જ હાથોમાં ન હોવી જોઈએ. પરંતુ આ કામે એક વિશ્વસ્તરે ઈસ્લામી સંગઠન હોવું જોઈએ. આ બાબત ઈરાન શું કહે છે ?

**જવાબ** : હું કહી ચૂક્યો છું કે હજનો મસઅલો અને આ મુકદ્દશ સ્થળોનો મસઅલો વિશ્વના બધા જ મુસલમાનો સાથે સંબંધ ધરાવે છે.

અત્યાર સુધી હુકુમતે ઈરાને આ બાબત કંઈપણ કહ્યું નથી. પરંતુ સઉદી અરબ તરફથી આવો બરબરતાભર્યો જુલમ થયા પછી જો કોઈ મક્કા-મદીનાની વ્યવસ્થાના મામલામાં કોઈ બેહતર દ્રષ્ટિકોણ કે બેહતર વ્યવસ્થાતંત્રની રજૂઆત કરે છે તો વિશ્વાસથી કહી શકાય કે ઈરાનની હુકુમત તેની મદદ કરશે. ઈરાનની હુકુમત ઓલમાએ ઈસ્લામથી ઉમ્મીદ રાખે છે કે તે આ મક્કાની બેહતર વ્યવસ્થા માટે કોઈ નવો રસ્તો કે પ્રોગ્રામ બનાવશે. કારણ કે સઉદી અરબે આ બાબતમાં પોતાની અણઘડતા સાબિત કરી દીધી છે. અમે ઉમ્મીદ કરીએ છીએ

ઓલમા, ફોકહા, અને ઉમ્મતનો બુદ્ધિશાળી વર્ગ આ બાબત કોઈ પ્રોગ્રામ તૈયાર કરે, પછી ઈરાનની હુકુમત તેના ઉપર વિચાર કરશે.

પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન પત્રકારોમાંથી એક સ્ત્રી પત્રકારે એક ફિલ્મ માટે સ્પષ્ટતા માગી જે હિંદુસ્તાનમાં બતાવવામાં આવી હતી. જેમાં ઈરાની હાજીઓને પથ્થર ફેંકતા અને પોલીશ સાથે ઝઘડતા બતાવવામાં આવ્યા હતા.

હિંદુસ્તાનમાં ઈરાની રાજદૂત જનાબ દાક્તર ઈબ્રાહીમ બહનામે પ્રશ્ન કર્યો કે શું હિંદુસ્તાની ટેલીવિઝનને આ ફિલ્મ સઉદી અરબે મોકલાવી હતી ? અથવા કોઈ હિંદુસ્તાની ફોટોગ્રાફરે પોતે તૈયાર કરી હતી. પત્રકારને આ બાબતની જાણ ન હતી. જવાબમાં ઈબ્રાહીમ સાહેબે ફરમાવ્યું

આ ફિલ્મ સઉદી અરબના જુા પ્રોપેગેન્ડાનો જ એક ભાગ છે. જે દુનિયાના ઈન્સાફ પસંદ લોકો સમક્ષ પોતાનો જુલમ છુપાવવા માગે છે. સાથેસાથે પોતાના આકા અમેરિકાની બદનામીને પણ રોકવા માગે છે.

## આ વિષયમાં કેટલીક હકીકતો

(૧) ઈરાની હાજીઓ છેલ્લા છ વર્ષોથી (૧૯૮૭ના આ કત્લેઆમ પહેલા) હજના મોકા ઉપર આ પ્રકારના દેખાવો યોજતા આવતા હતા. (ઈ. સ. ૧૮૯૧થી)

(૨) સઉદી હુકુમતે આ વર્ષે પણ (૧૯૮૭માં) આ દેખાવોની મંજૂરી આપી હતી.

(૩) આ દેખાવકારોમાં શ્રેષ્ટ ઈલ્મ ધરાવનારા લોકો પણ હતા. આગેવાની આયતુલ્લાહોની હતી.

ઈરાનીઓ પોતાના લીડરના હુકમની કદીપણ - જરા બરાબર પણ અવગણના કરતા નથી. આ દેખાવકારોએ સઉદી હુકુમત વિરૂદ્ધ કે અન્ય અરબ હાકેમો વિરૂદ્ધ એક પણ નારો લગાવ્યો નથી.

(૪) આ લોકોએ ફક્ત અમેરિકા અને ઈસરાઈલના વિરૂદ્ધ નારા બુલંદ કર્યા હતા.

(૫) આ દેખાવોની આગલી હરોળમાં સ્ત્રીઓ અને બાળકો હતાં. જેઓ જંગમાં લાચાર બની ગયેલા લોકો હતા.

(૬) છેલ્લી બાબત આ કે સઉદી પોલીશોએ દેખાવકારો ઉપર ત્યારે ગોળીઓ વરસાવી જ્યારે આખો પ્રોગ્રામ પૂરો થઈ ચૂક્યો હતો.

## કેટલાક સવાલો

(૧) આવા દેખાવો છેલ્લા કેટલાય વરસોથી થતા આવ્યા હતા. તો પછી આ વરસે સઉદી હુકુમતની મંજૂરી સાથે કેવી રીતે ગેરકાનૂની થઈ ગયા ?

(૨) શું અમેરિકા કે જેણે હંમેશા મુસલમાનોની પીઠપાછળ છરા ભોંક્યા છે. આવા નાપાક કાફિરો વિરૂદ્ધ નારા લગાવવાની આટલી મોટી સજા ? કે ચારસોથી વધારે હાજીઓ મરદો તથા ઓરતોને ગોળીઓથી ભુંજી નાખવામાં આવે ?

(૩) હરમૈન શરીફૈનના ખાદીમો આવા છે કે તેઓ બયતુલ્લાહના મેહમાનોને ઝબહ કરી દે ?

## તબ્લીગી જમાતો અને ઓલમાએ દેવબંદ

તબલીગી જમાતો અને ઓલમાએ દેવબંદ ભલાભોળા મુસલમાનોને એમ સમજાવે છે કે હજ

તો ઈબાદતની જગ્યા છે. ત્યાં રાજકારણ કેવું ? શું પેગંબરે ઈસ્લામ હજના સમયમાં જુદા જુદા સ્થળોએથી આવતા કાફલાઓ સાથે ઈસ્લામની સરબુલંદી માટે વાટાઘાટો કરતા ન હતા ? દેશવિદેશના કબીલાઓના આગેવાનોને મળતા ન હતા ? આપની નજર સામે કોઈ મુસલમાનને બેગુનાહ રહેંસી નાખવામાં આવતો હોય, મારવા-પીટવામાં આવતો હોય, લૂંટી લેવામાં આવતો હોય અને તમો હાથમાં, તસ્બીહ પકડીને દાણાં ફેરવતા હોય - શક્તિ હોવા છતાં તેનો બચાવ કરવો છોડી એમ કહેતા હોય કે અરે ભાઈ ! હું તો દુરૂદ શરીફ પઢું છું. દીનનું કામ કરું છું.

મારા પ્રિય વાચકો ! હજ વિશ્વસ્તરનો એક આલમી સેમીનાર છે. આલમી ઈજતેમા છે. જેમાં

સમગ્ર વિશ્વના મુસલમાનોનું બુદ્ધિધન એકત્ર થતું હોય છે. તેના અરકાનો અદા કરવા સાથે, સમગ્ર વિશ્વના મુસલમાનોની એક્તા, જાગૃતતા, સધ્ધરતા, સલામતી માટે વિચારવિમર્સ થવો જોઈએ. પોતપોતાના ઈલાકાના મઝલૂમ મુસલમાનોની દ્બાયેલી કચડાયેલી આવાજોને વિશ્વસ્તરે વિશ્વસંમેલનાં રજૂ કરવી જોઈએ. જો આ બુદ્ધિ વગરના વહાબીઓની દદ્રષ્ટિએ આ રાજકારણ હોય તો એ રાજકારણ અમને પસંદ છે. અમારી દ્રષ્ટિએ એ અવ્વલ નંબરનો દીન છે. તમારો દીન તમને મુબારક, તમારી બેરૂહ ઈબાદતો તમને મુબારક.

તમારી એક સુંદર પાકી, મજબૂત પથ્થરોની બનેલી બાબરી મસ્જિદને ધોળે દિવસે તોડવામાં આવતી હોય, તેના શ્યો સમગ્ર વિશ્વના લોકો ટી.

વી. ઉપર જોતા હોય, દુનિયામાં તમારી ઈજ્જત આબરૂને ઠોકરે મારવામાં આવતી હોય અને તમો હજ્જે બયતુલ્લાહ જેવા વિશ્વસ્તરના આલમી ઈજતેમામાં આ અંગે દુનિયાના મુસ્લિમોને જાગૃત કરો, વાકેફ કરો તે બેદીની અને રાજકારણ ગણાય!! અસ્તગફિરૂલ્લાહ, ઠેર ઠેર આ દેશમાં મુસ્લિમોની માલમીલકત લૂંટાઈ રહી છે. મુસ્લિમો આ દેશમાં મઝલૂમ બની ગયા છે. ૧૯૯૨ના રમખાણોમાં સુરતમાં મુસલમાન નવયુવાન છોકરીઓ ઉપર બળાત્કારો કરી તેમના વીડીયો સીન લેવામાં આવેલા. કાશ્મીરમાં પોલીસો અને લશ્કરના જુલમો હદ વટીને થાય છે. નિર્દોષ સ્ત્રીઓના શિયળ લૂંટાય છે. નમાઝ પઢતી નિર્દોષ બાનુઓની ચાદરો વિખેરી નાખી તેમના ઉપર લશ્કરના જાલીમો બળાત્કારો

કરે છે. તેમના રૂદન અને આંસુ આપણને પોકારી રહ્યા છે. જો આ મઝલૂમોની આપણે મદદ નહીં કરીએ તો આપણે પણ જાલીમોમાં ખપીશું. જો વિશ્વસ્તરે મુસલમાનોમાં જાગૃતતા પેદા કરવાને આપ લોકો રાજકારણ કહેતા હોય તો અમારી દ્રષ્ટિએ એ અવ્વલ દરજાનો દીન છે, અને અમો આજે પણ અનેક રીતે અનેક ભાષાઓમાં જુદી જુદી પદ્ધતિ અપનાવી દીને ઈસ્લામના રક્ષણ માટે અમ્ર બિલ મઅરૂફનું કાર્ય કરીએ છીએ અમારી દ્રષ્ટિએ આ અવ્વલ દરજાનો દીન છે. અલ્લાહ જરૂર અમારી મદદ ફરમાવશે.

**ઈન્તન શુરૂલ્લાહ યનશુરકુમ વયોસબ્બીત અકદામકૂમ.**

## પ્રકરણ – ૧૨ : સઉદી અરબની વસ્તી તથા ભૌગોલિક પરિસ્થિતિ

સઉદી અરબની યુવાન પેઢી પ્રગતિચાહક છે. તેઓ શીયા હોય કે સુન્ની અરબ નવયુવાનો પોતાના શાસકોની વિરૂદ્ધ થતા જાય છે. આ વાત આલે સઉદ સારી રીતે જાણે છે. જેથી પરદેશમાં ભણતા એક એક વિદ્યાર્થીની પાછળ સઉદી અરબમાં આવે ત્યારે એક એક સી. આઈ. ડી. ફરતો હોય છે.

જ્યારે અમો મસ્જિદે ફાતેમાની ઝિયારતે ગયા ત્યાં હું નમાઝ પઢતો હતો. મારી આદત છે કે હું મોટાભાગે નમાઝમાં જ દુઆઓ માગી લઉ છું. કુનૂત પઢી લઉં છું. મારી બાજુમાં એક અરબી નવયુવાન હતો, જે પહોળા પગ રાખીને નમાઝ પઢતો હતો. તેના પહોળા પગ તેના એહલે હદીસ

હોવાની નિશાની હતી. જેવી રીતે કે મારા છૂટા હાથ અને નમાઝની બીજી રકાતમાં કૂનૂત મારા ફિકહે જાફરી હોવાની નિશાની છે. હું દીવાલની સાથે હતો. મારા પગનો દુ:ખાવો અસહ્ય હતો, જેથી દરેક જગ્યાએ હું એક તરફ દિવાલ જ તલાશ કરતો.

નમાઝ પછી આ યુવાને મારી તરફ મીઠી નજરથી જોયું. મેં પણ તેની સામે જોયું. તે મૂછમાં હસ્યો. હું પણ હસ્યો. તેણે 'લાઈલાહા ઈલ્લલ્લાહ' કહીને મારા તરફ બંને હાથ લંબાવ્યા. જો કે એહલે હદીસોના મસઅલા પ્રમાણે એક જ હાથ મેળવવો જોઈએ. બંને હાથ મેળવવા બીદઅત છે. છતાંય આ યુવાનનું કલેમાના પ્રથમ શબ્દો 'લાઈલાહા ઈલ્લલ્લાહ' સાથે મારા તરફ બંને હાથ લંબાવવું મારા માટે અચરજ હતું. મેં પણ તરત જ કલિમાની

પૂર્તિ કરતાં ‘મોહંમદુર્રેસુલુલ્લાહ’ કહી મારા બંને હાથ તેના હાથમાં આપી દીધા.

પછી અમોએ થોડીક વાતચીત કરી. તેણે મને હિંદુસ્તાની હોવાની પૂછપરછ પછી ફિકહે જાફરીને અનુસરો છો ? એમ પૂછતાં મને આ યુવાન રસિક જણાયો. તેણે કહ્યું કે હું બ્રિટનમાં અભ્યાસ કરું છું. કેટલાક ઈરાની વિદ્યાર્થીઓ મારા દોસ્તદાર છે. અમો દીને ઈસ્લામ વિશે ચર્ચા કરીએ છીએ.

મેં પૂછયું, ‘આપનો ફિકહે જાફરી વિશે શું અભિપ્રાય છે ? તેણે કહ્યું, ‘અમો પેદાઈશી શાફેઈ છીએ. પરંતુ ફિકહે જાફરી રસૂલે ઈસ્લામની ઓલાદો દ્વારા પ્રચલિત થતી ફિકહ છે. સમાજજીવનને સૌથી વધારે અનુકૂળ ફિકહ છે. દીનને આસાન બનાવે છે.

અનેક બિનજરૂરી કૈદથી આઝાદી અપાવે છે. તેના આવા ઉચ્ચારણથી હું આભો જ બની ગયો.

પ્રથમ દ્રષ્ટિએ તો એક સેકન્ડ એમ લાગ્યું કે આ છોકરો મારી મજાક કરે છે. મેં તેને કહ્યું, 'વૉટ આર યુ સ્પીક ? તેણે કહ્યું, 'ખરેખર કહું છું.' તે કોણ લોકો છે ? જે રસૂલેખુદાની અવલાદ ઈમામ જાફર સાદીક (અલ.)થી મહાન હોઈ શકે. 'સુલેહ ઈમામ હસન (અલ.) અને મઆવીયા' પછીના રાજકારણે અવલાદે રસૂલને પાછળ હડસેલી દીધી છે.

મારી આંખો આંસુઓથી ભરાઈ ગઈ. આંસુ ટપકી પડયાં. તેણે મને પુછયું 'આ શું છે ? આંસુ શા માટે ?' મેં કહ્યું, 'ખુશી અને ગમી બંને માટે મિશ્રિત આંસુ છે. તેણે પૂછયું, 'ખુશી તો સમજાય કે

મારા વિચારોથી આપ ખુશી અનુભવો, પરંતુ ગમી શા માટે ?'

મેં કહ્યું, 'ગમી એટલા માટે કે અમે લોકો (શીયાઓ) દુનિયાના મુસલમાનો સુધી ફિકહે જાફરીને પહોંચાડી શક્યા નથી. જે કામ ઈરાની વિદ્યાર્થીઓ કરી રહ્યા છે.' પછી તેણે કહ્યું કે મારા ઉપર (આ કારણથી) મારા બાપ તથા દાદાની ઘણી જ વોચ છે. મને રોકવાની ભરપુર કોશીશ છે. એટલામાં એને કોઈ અરબે બૂમ પાડી. યુવાન મારા હાથ ચૂમી તરત જ ચાલી ગયો.

મને વિચારતો છોડી ગયો. હું દુઆ માગતો રહ્યો કે અય અલ્લાહ ! તારા નબીની અવલાદો સાથે મહબ્બત રાખનારા તારા નબીના મદીનામાં જ મઝલૂમ કેમ છે ? ખુદા તારો ભેદ તું જ જાણે છે.'

એટલામાં મને પણ બૂમ પડી ચાલો, તમારી રાહ જોવાય છે. હું ધીમેથી ઊભો થઈ મસ્જિદની બહાર આવ્યો.

અરબસ્તાનની ભૌગોલિક પરિસ્થિતિ કંઈક જુદા જ પ્રકારની છે. અરબસ્તાન દેશ નજદ અને હિજાઝ નામના બે મોટા વિભાગોમાં વહેંચાયેલો છે. હિજાઝ દક્ષિણે અને નજદનો ઈલાકો ઉત્તરપૂર્વે આવેલ છે હિજાઝના મહવના નગરો જિદહ, મક્કા, મદીના, તબૂક, તાઈફ, રાબિગ, મસ્તુરહ, કસીમ, અસ્કલાન અને હજરમોત છે. જ્યારે નજદના ખાસ ખાસ શહેરોમાં મબરઝ, દમામ, ઝહરાન અહસા મજાબલ અને રિયાદ છે. લગભગ બધી જ પેટ્રોલ ઉત્પાદન કરતી જમીનો નજદના ઈલાકામાં છે. જ્યારે હિજાઝના ઈલાકામાં મદીનામાં મળતી ખજૂર

સિવાય કંઈ પણ ઉત્પાદન થતું નથી. હિજાઝે મુકદ્દશમાં તો આ અક્કલમંદ સઉદીઓએ આડેધડ ખજૂરના ઝાડોના ઝૂંડના ઝૂંડ અને વાડીઓને વેરાન કરી નાખી છે. બસ બાંધકામ, રોડ, રસ્તા વગેરે માટે, હવે બહુ મોડું એમને આ વાતનું ભાન થયું છે. પરંતુ ઘણું મોડું થઈ ગયું છે. નજદમાં પુષ્ટકળ પ્રમાણમાં ખનીજતેલ ઉપરાંત થોડીક ખજૂર અને ઘઉં પણ પાકે છે, નજદના ઈલાકામાં હિજાઝ કરતાં વધુ ગીચ વસ્તી છે, હિજાઝમાં બહુમતિ સુન્નીઓની છે. છતાંય ૨૦ ટકા શીયાઓની આબાદી છે.

જ્યારે નજદના ઈલાકામાં રિયાદ અને ઝહરાન આ બંને શહેરોને છોડીને બીજે બધે જ શીયાઓની બહુમતિ છે. એટલે કપથી ૭૦ ટકા વસ્તી શીયા બિરાદરીની છે. નજદના ઈલાકામાં

ઈસ્લામી ઇન્કિલાબ પ્રત્યે હકારાત્મક અભિગમ જોવા મળે છે. આ લોકો ઈરાની રેડિયો-ટેલિવિઝનના અરબી પ્રોગ્રામો સમાચારો નિયમિત સાંભળે છે, જુએ છે. કતીફ અને અહસામાં ઈન્કીલાબી વિચારધારા ધરાવતા આલિમોનું એક જુથ ખાસ્સું સક્રિય છે. આ જગ્યાના શીયાઓ પોતાના કોઈપણ પ્રશ્નો ઝઘડા પછી તે જમીન, મકાન કે તલાક અહીં સુધી કે મારામારી વગેરે ફોજદારી કે દીવાની કેસો માટે ભાગ્યે જ સઉદી કોર્ટનો આશરો લે છે. શીયાઓ પોતાના કેસો - પ્રશ્નો પોતાના મરજએ તકલીદની સેવામાં રજૂ કરી ત્યાંથી પતાવટ કરી લે છે. અહીં સુધી કે તેઓમાંથી કેટલાક તો પોતાની મસ્જિદના પેશનમાઝ કુર્આન સુન્નત પ્રમાણે કોઈ ફેંસલો આપી દે તો તેને બખુશી સ્વીકારી લે છે. આટલા બધા

નરમ તબીયતના છે. હુસેનીયત તેઓમાં રચીપચી છે.

સઉદી ગામડામાં શિક્ષણનો અભાવ છે. છતાંય ગામડાના સુન્ની બિરાદરોમાં પણ અમેરિકાથી નફરત જોવા મળે છે. તેઓ ઈસ્લામી ભાતૃભાવ અને એકતાને પસંદ કરે છે. ઈસ્લામી ઈન્કિલાબ પણ આ જ વાતોનો પ્રચાર પ્રસાર કરે છે.

સઉદી સરકારે અહસા, કતીફ, મબરઝ, મજાબલ વગેરે ગીચ વસ્તીવાળાં શીયા બહુમતિ ધરાવતાં શહેરો ઉપરાંત બીજા કેટલાક મોટાં ગામોમાં પણ શીયાઓને પોતાની રીતે અઝાન આપવાની, મહોર્રમમાં મજલિસોના પ્રોગ્રામ રાખવાની છૂટ આપી છે. ઘણા ગામડામાં પણ સઉદી સરકારે શીયાઓને પોતાની રીતે મઝહબી

પ્રવૃત્તિઓ કરવાની છૂટ આપી છે. નવી નસલના યુવાનોમાં શીયા-સુન્ની ઘણો જ મનમેળ જોવા મળે છે.

ઉપરોક્ત બધીજ માહિતી ઉત્તર ગુજરાતના બે મિત્રો જેઓ સઉદીમાં વર્ષોથી રહે છે. તેમની પાસેથી સાંભળી, પ્રશ્નો કરી, બંનેનો અલગ અલગ સમયમાં વિસ્તૃત ઇન્ટરવ્યુ લઈ, મુદ્દાઓ નોંધી લીધા હતા. તેને વિસ્તૃત કરી રજૂ કરી છે. ઈન્શાઅલ્લાહ વાચકો માટે રસપ્રદ થઈ પડશે.

# પ્રકરણ - ૧૩ : અલ્લાહનું ઘર કાબા

મદીનાથી લકઝરી બસમાં અમો મક્કા આવ્યા. અલ્લાહના ઘરની તદ્દન નજીક રૂમની બારીમાંથી ખાનએ કાબા દેખાય એટલા નજીકની હોટલમાં અમારો ઊતારો હતો. અમોએ મીકાતથી એહરામ બાંધી લીધો હતો. ત્યાં મગરીબૈન પણ અદા કરી હતી. જેથી મક્કા આવતાંની સાથે સીધા જ અમારે તવાફ અને સઈ કરીને ઉમરાહના અહકામ પૂર્ણ કરવાના હતા. રાતે જ અમોએ તવાફના સાત ફેરા અદા કર્યા સાથે સફા મરવાના સાત ચક્કર લગાવી ફરી તવાફુન્નીશા અદા કરી ઉમરાહથી ફારીગ થયા. પછી એહરામ ઉતારી નમાઝે ફજર અદા કરી. આ સમગ્ર ઈબાદત પૂર્ણ

કરવામાં અમારા ચોવીસ કલાક પૂરા થયા. જેમ કે ૧૨ કલાક તો અમારા સઉદી સરકારી કાર્યવાહી જે સંપૂર્ણ બિનજરૂરી અને હેરાનગતિ કરવાના હેતુથી જ કરવામાં આવી હતી. તેમા વળી બે અરબી ડ્રાઈવરો જેમાના એકને દાઢી હતી. બીજો વગર દાઢીનો હતો. રસ્તામાં અરબી ગાયનોની કેસેટો વગાડતા હતા. વારંવાર કાળી ચા પીતા હતા. તેમાંના એકે અમને ઘણી હેરાનગતિ કરી. મદીનાથી બહાર નીકળ્યા બાદ સરકારી ઓફિસે મદીના છોડવાની કાર્યવાહી અંગેના સહીસિક્કા કરવાના હતા. આ કાર્યવાહીમાં પૂરા ૩ કલાક નીકળી ગયા. સહીસિક્કા લઈ અમારા સાલારે કાફલા બસ ઉપર આવ્યા. અમોએ હાશ કરી સંતોષ અનુભવ્યો. ત્યાં તો ખબર પડી કે ડ્રાઇવર નથી. આમતેમ તલાશ કરવા છતાં

તેનો ક્યાંય પાન લાગ્યો. બીજો ડ્રાઈવર આવ્યો. તેણે કહ્યું કે તેનો સાથી પોતાના નાણાની ઉઘરાણી કરવા ગયો છે. અમો ઈન્તિઝારમા થાકી ગયા. સાંજ ઢળવા આવી હતી. અમોએ ત્યાંની એક કેન્ટીનમાં નાસ્તો કર્યો. પૂરા બે કલાક બાદ પેલો ડ્રાઈવર આવ્યો. ગુસ્સો કરવાનો હતો જ નહિ. બસ મક્કા તરફ દોડવા લાગી. અમને શાંતના થઈ. રસ્તામાં મીકાતના સ્થળે નમાઝે મગરીબૈન અને એહરામ બાંધવાની ઈબાદતો પૂર્ણ કરી. તે વખતે પણ મને ચિંતા થતી હતી કે આ ડ્રાઈવર પાછો કઈ રખડવા ન નીકળી પડે તો સારું. પરંતુ અલ્લાહના ફઝલથી આમ થયું નહીં. કહેવાય છે કે આ ડ્રાઈવરો ઘણા જ બદમાશ હોય છે. જો એમને ઠપકો આપવામાં આવે તો જાતે જ વધુ મુશ્કેલીઓ ઊભી કરે છે. ગમે ત્યાં,

ગમે તે બહાને બસ અટકાવી દે છે. અથવા જ્યાં કંઈ લાગતું વળગતું ન હોય તેવી સરકારી ઓફિસો પાસે આપણને વગર કારણ સંડોવી દે છે. પછી આપણે રેગ્યુલર હોઈ થાય તો કંઈ નહિ. પણ આપણા કલાકોના કલાકો નકામા બરબાદ થઈ જાય.

ગમે તેમ અમે અલ્લાહની રહમત સાથે તેના હઝૂરમાં આવી ગયા. ઉમરાહ અદા થઈ ગયો. એહરામ ઊતારી નાખ્યા. અમો ખૂબ જ થાકી ગયા હતા. અમારી સાથે કેટલાક ઝઈફો પણ હતા. ઝઈફ સ્ત્રીઓ પણ હતી. છતાંય હું જોતો હતો કે તેઓ અમારા કરતાં કંઈક વધુ પ્રફુલ્લીત અને ઉત્સાહી જણાતા હતા. આજનો પૂરો દિવસ આરામ કર્યો.

ઈસ્લામ વિશ્વનો પ્રથમ અને છેલ્લો મઝહબ

ઈસ્લામ અલ્લાહનો પસંદ કરેલો ધર્મ અને કુર્આન તેની કીતાબ છે. હંમેશાંથી છે અને હંમેશા રહેશે. તમામ અંબિયા અને રસૂલોની તબ્લીગી કોશીશ ફક્ત ઈસ્લામ માટે જ હતી હઝરત આદમ (અલ.) જે પૈગામ લાવ્યા હતા તે પણ ઈસ્લામ જ હતો. જનાબે શીશ, ઈદરીશ અને નૂહ અંબિયા અલયહિસ્સલાતો વસ્સલામે જે હુકમોની તબ્લીગ કરી તે પણ ઈસ્લામ હતો. આ રીતે જેટલા પણ અંબિયા દુનિયામાં આવ્યા તે બધા ઈસ્લામના જ મુબલ્લીગ હતા. હઝરત આદમ (અલ.)થી લઈને ખાતેમુન્નબીય્યીન મુરસલે આઝમ હઝરત મોહંમદ (સલ.) સુધી બધા નબીઓની આમદ ઈસ્લામનો જ એક ભાગ છે.

હઝરત ઈબ્રાહીમ (અલ.)થી અગાઉ ‘ઈસ્લામ’ શબ્દ બોલચાલની ભાષામાં પ્રચલિત ન હતો. કુર્આન કહે છે કે શબ્દ ‘ઈસ્લામ’ ની શરૂઆત હઝરત ઈબ્રાહીમ (અલ.)ના જમાનાથી થઈ. અલ્લાહે જ હઝરત ઈબ્રાહીમ (અલ.)ના તાબેદારોનું નામ સૌપ્રથમ મુસ્લિમ રાખ્યું. જેવી રીતે કે ઇરશાદે ખુદાવંદી છે.

**વજાહેદુ ફિલ્લાહે હક્ક જેહાદેદી હોવજતબાકૂમ વમા જઅલ અલયકુમ ફિદ્દીને મિન હરજીન મિલ્લત અબીકૂમ ઈબ્રાહીમ હોવ સમ્માકોમૂલ મુસ્લિમીને મિન કબ્લો વ ફી હાઝા લેયકૂન ર્રસૂલો શહીદન અલયકુમ વ તકૂનુ શોહદાઅ અલન્નાસ, ફઅકીમુસ્સલાત,**

**વઆતુઝઝાકાત વઅતસેમુ બિલ્લાહે હોવ મૌલાકુમ ફનેઅમલ મૌલા વનેઅમન નસીર.**

(સુરા હજ આયત નં. ૭૮)

**અર્થાત** - અને અલ્લાહની રાહમા જેહાદ કરો, જેવો જેહાદ કરવાનો હક છે. તેણે તમને ચૂંટી લીધા છે. અને તમારા ઉપર દીનનાં વિષયમાં કોઈ સખ્તાઈ નથી કરી. આ તમારા બાપ ઈબ્રાહીમની જ મિલ્લત છે. અલ્લાહે જ તમારું નામ ‘મુસ્લિમ’ રાખ્યું છે. પહેલાંથી અને આ કુર્આનમાં પણ. જેથી રસૂલ તમારા કર્મો અને વર્તન ઉપર ગવાહ રહે અને તમે તમામ લોકો ઉપર ગવાહ રહો. માટે તમો નમાઝ કાયમ કરો અને ઝકાત અદા કરતા રહો, અને અલ્લાહને દ્રઢતાપૂર્વક વળગી રહો, એ જ તમારા

કાર્યો પાર પાડનાર અને માલીક છે. તે તમારો ઉત્તમ કાર્યસાધક અને બેહતરીન મદદગાર છે.'

સૌથી પ્રથમ આ લકબ "મુસ્લિમ"થી ઓળખ પામનાર પણ હઝરત ઈબ્રાહીમ (અલ.) અને આપના ફરઝંદ હઝરત ઈસ્માઈલ (અલ.) હતા. જેમણે પોતાની વંશજોમાં આ લકબ બાકી રાખવાની દુઆ પણ અલ્લાહને કરી હતી. જેમ કે કુર્આનેપાકમાં ઈરશાદે ઈલાહી છે.

**વઈઝ યરફઓ ઈબ્રાહીમ ક્વાઈદ મિનલ બયતે વ ઈસ્માઈલો**

**રબ્બના તકબ્બલ મિન્ના ઈન્નક અનતસ્સમીઉલ અલીમ.**

(સુરહ બકરહ આયત નં. ૧૨૭)

'ઈબ્રાહીમ (અલ.) અને ઈસ્માઈલ (અલ.) કાબાની બુનિયાદ અને દિવાલો ઊઠાવતા હતા, અને કહેતા હતા કે અય અમારા પરવરદિગાર, તું અમારી આ સેવા કબૂલ કર, તું જ સાંભળવાવાળો અને જાણકાર છે.'

**'રબ્બના વજઅલના મુસ્લેમૈને લક વમીન ઝુર્રીયતેના ઉમ્મતમ મુસ્લેમતલ લક વ અરેના મના સેકના વતુ બ અલયના ઈન્નક અન્નાવ્વાબુર્રહીમ.**

(સુરા બકરહ આયાત ૧૨૮)

**અર્થાત** 'અય અમારા રબ અમને તારા' મુસ્લિમ (ફરમાબરદાર - આજ્ઞાપાલક) બંદા બનાવી લે. અને અમારી અવલાદમાંથી પણ એક મુસ્લિમ ઉમ્મત ઊભી કર, અને અમોને અમારા

હજના મકામ બતાવ. અને અમારી તોબા કબૂલ કર, બેશક તું તોબા કબુલ કરવાવાળો મહેરબાન છે.'

ઉપરોક્ત આયતો સ્પષ્ટ બતાવે છે કે અવલાદે ઈબ્રાહીમની વંશજો મુસ્લિમ હતી. બલ્કે બધા જ નબીઓ એક જ દીન દીને ઈસ્લામનું જ શિક્ષણ લઈને આવ્યા હતા. પાછળથી તેમની ઉમ્મતોએ પોતાના માટે નવા નવા નામો ઊભાં કરી દીધાં. અસલ શરીઅતોને બદલી નાખી. ઈરશાદે ઈલાહી છે.

**"માકાન ઈબ્રાહીમો યહુદીય્યંવ વલા નસરાનીય્યંવ વલાકીન કાન હનીફમ મુસ્લિમા, વમાકાન મિનલ મુશરેકીન."**

(સુરા આલે ઈમરાન આયત ૬૭)

**અર્થાત** "ઈબ્રાહીમ ન યહુદી હતા, ન નસરાની હતા. બલ્કે તે તો ખાલીસ (પાકા) મુસલમાન હતા. તેઓ મુશ્રીક પણ ન હતા."

હઝરત ઈબ્રાહીમ જ પ્રથમ વ્યક્તિ હતા જેમણે પોતાના અમલથી મેહમાનનવાઝીનો સબક આપ્યો. ખત્નાનો હુકમ કર્યો. મૂછો અને નખ કાપવાનો હુકમ આપ્યો. દાતણ કર્યું. વાળને કાંસકી વડે સંભાળવાનો તરીકો શીખવ્યો. પાણીથી નાક અને મોં સાફ કરવાનું બતાવ્યું. નમાઝ પઢવાનો હુકમ આપ્યો, નમાઝનો તરીકો શીખવ્યો. સજદા નક્કી કર્યા પાણીથી ઈસ્તીનજાનો તરીકો ચાલુ કર્યો.

હઝરત ઈબ્રાહીમ (અલ.)ને અલ્લાહે પ્રથમ નબી બનાવ્યા. નુબુવ્વતનો હોદ્દો આપ્યો. પછી રસૂલનો હોદ્દો આપ્યો. ત્યાર બાદ અલ્લાહે આપને

ઈમામતનો હોદ્દો આપ્યો. આ વાતથી સ્પષ્ટ થાય છે કે નબીના હોદ્દાથી રસૂલનો હોદ્દો ઉચ્ચ છે. અને રસુલના હોદ્દાથી ઈમામતનો હોદ્દો ઉચ્ચ છે. નબી પછી રસૂલ અને પછી ઈમામ આપ બન્યા.

**ઈરશાદે ઈલાહી છે.**

**કાલ ઈન્ની જાએલુક લીન્નાસે ઈમામા,**

(સુરહ બકરહ આયત નં. ૧૨૪)

'હું તમોને લોકોના ઈમામ બનાવવાનો છું.'

આ અગાઉ હઝરત ઈબ્રાહીમ (અલ.)ને રિસાલતનો હોદ્દો મળી ચૂક્યો હતો. 'રિસાલત' પછી 'ઈમામત' આપવાનો અલ્લાહનો ઈરશાદ એમ બતાવે છે કે રિસાલત કરતાં 'ઈમામત' અફઝલ છે. નહીં તો 'ઈમામત' નો ઝીક્ર કરવાની કોઈ જરૂર જ ન હતી.

## ખાનાએ કાબાનું બાંધકામ

હઝરત ઈસ્માઈલ (અલ.) બાલિગ થઈ ગયા તો અલ્લાહે હઝરત ઈબ્રાહીમ (અલ.) ને હુકમ આપ્યો કે તમે અને ઈસ્માઈલ મળીને ખાનએ કાબાની તઅમીર કરો.

ખાનએ કાબાનું બાંધકામ મુસલમાનો માટે દીને ઈસ્લામના એક મુકદ્દશ મરકઝનું (પવિત્ર કેન્દ્રસ્થાન) બાંધકામ હતું. જે સમગ્ર વિશ્વ માટે નજાતનું સાધન અને કુર્આનમાં અલ્લાહના હુકમ અનુસાર તેનું ઘર છે. મતલબ બંને બાપ બેટા આ કાર્યમાં લાગી ગયા. હઝરત ઈબ્રાહીમ કડીયાનું કામ કરતા હતા. અને હઝરત ઈસ્માઈલ મજદૂરનું કામ કરતા હતા. જો કે કબીલા જરહમના ઘણાબધા લોકો મક્કામાં તે સમયે આબાદ હતા. જેથી મઝદૂરોની

કમી ન હતી, પરંતુ કદાચ અલ્લાહને આ જ પસંદ હતું કે પોતાનું ઘર આ બંને નબીઓના પવિત્ર હાથો વડે બને. આ તે જ સમય હતો. જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલ.) ઈસ્માઈલ (અલ.)ની મદદથી કાબાની દિવાલો ઊંચી લેતા હતા સાથે સાથે પોતાના વંશજો માટે ઈસ્લામ ઉપર કાયમ રહેવાની દુઆ કરતા હતા. તેનું વર્ણન થઈ ચૂક્યું છે.

જ્યારે ખાનએ કાબાનું બાંધકામ પૂર્ણ થઈ ગયું. તો જનાબે ઈબ્રાહીમ (અલ.)ને હુકમ થયો કે હવે તમે હજનું એલાન કરી દો. જેથી આપે એલાન ફરમાવ્યું અને લોકોને હજ્જે બયતુલ્લાહની દઅવત આપી. આ દવઅતમાં કંઈક એવી તાસીર હતી કે સમગ્ર અરબસ્તાનમાં ભલે પછી તે મોમીન હોય કે કાફિર આ અવાજની અસર લીધા વગર ન રહી

શક્યા. અહીં સુધી કે જ્યારે ખત્મે રિસાલત મુરસલે આઝમ હઝરત મોહંમદ (સલ.) તશરીફ લાવ્યા, ત્યારે અરબનો સમગ્ર સમાજ નમાઝ, રોઝા, ઝકાત અને અન્ય દીની ફરાઇઝોની અદાઈગીથી નાવાકેફ હતો. છતાં પણ હજની રસમ તો તે વખતે પણ કાયમ હતી.

# પ્રકરણ – ૧૪ : મેં તો અબુઝહલને મક્કામાં ફરતો જોયો

કોણ કહે છે કે અબુજહલ મરી ગયો છે ? ખોટી વાત છે. કોણ કહે છે કે અબુલહબ મરી ગયો છે. વલીદ બિન મુગીરહ મરી ગયો છે ? કોણ કહે છે કે ઉકબા બિન અબી મુઈત, આશ બિન વાઈલ, ઉમય્યા અને ઉબય મરી ગયા છે ?

અરે ભાઈ, બધા જ જીવતા છે. જેઓ મરી ચૂક્યા છે તે પેગંબરે ઈસ્લામના જમાનાના દુશમનો મરી ગયા છે. તે માણસોને ભલે આપણે મરી ગયેલા માની લઈએ, પરંતુ તેમની સીફતો તો મરતી જ નથી. ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામના તે જ દુશ્મનો તે જ સીફતો-ગુણો ધરાવતા આજે પણ મક્કામાં ચકલે ચોટે, ગલી કુંચીઓમાં બજારોમાં,

કાબામાં ફરતા દેખાય છે. તે સમયના અબુજહલોની દુશ્મનીનું કેન્દ્રસ્થાન ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામ હતું આ જમાનાના અબુજહલોનું કેન્દ્રસ્થાન ઈસ્લામ અને ઈમામે જમાના-ઈમામ મેહદી (અલ.)ના અનુયાયીઓ છે. આ અમારા પ્યારા ઈમામ રસૂલની અવલાદ છે. રસૂલની બેટી મા ફાતેમાની અવલાદ છે. જેમના માટે રસૂલ વારંવાર ફરમાવતા. 'હસન-હુસૈન મારા બેટા છે. મારી બેટીના બેટા છે. મારા જિગરના ટૂકડા છે. મારું લોહી માંસ છે. જેઓ મારી જ સીફતો - ગુણો ધરાવે છે. તેઓ બંને જન્નતના જવાનોના સરદાર છે. અને તેમની મા જન્નતની ઓરતોની સરદાર છે.

મક્કા મોઅઝઝામાં પેગંબરે ઈસ્લામના કેટલાક બદતરીન દુશ્મન હતા. જેઓને દુશ્મને

ઈસ્લામ કહેવાય છે. તેમાંથી અમૂકની ઓળખ આ જગ્યાએ જરૂરી સમજું છું.

**(૧) અબુ લહબ**

આ પેગંબરે ઈસ્લામ (સલ.)નો કાકો થતો હતો. પડોશી પણ હતો. રસૂલના મકાનમાં વારંવાર ઝાંકતો, નમાઝ પઢી રહેલ પેગંબર ઉપર કચરો ફેંકતો. રસુલે ઈસ્લામના ઘરની અને આ દુશ્મને ખુદાના ઘરની દિવાલ એક જ હતી. જે છાપરા પાસેથી કંઈક ખરાબ કરી નાખી, ત્યાંથી હેરાનગતિ કરતો. તેની પત્ની ઉમ્મે જમીલ પણ એટલી જ બદમાશ હતી. આ બંને પતિ-પત્નીએ મુસલમાનોને તકલીફ પહોંચાડવામાં પણ કંઈ જ કસર રાખી ન હતી. અલ્લાહે એના નામથી કુર્આનમાં સુરત નાઝિલ ફરમાવી. આપણે આ સુરતને સમજીએ

## બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ

શરૂ કરું છું અલ્લાહના નામથી જે ઘણો જ મહેરબાન અને ઘણી જ રહેમ કરવાવાળો છે.

**તબ્બત યદા અબી લહબીંવ વતબ્બ**

(૧) અબુ લહબના બંને હાથ તૂટી જાય, અને તે હલાક થઈ જાય.

**મા અગ્ના અન્હો માલોહુ વમા કસબ.**

(૨) ન તો તેનો માલ તેના કામમા આવ્યો. ન તો તેની કંઈપણ કમાણી (તેના કામમાં આવી).

**સયસ્લા નારંઝાત લહબીંવ**

(૩) તે નજીકમાં ભડકવાવાળી આગમાં જશે.

**વમ્રઅતોહુ હમ્મા લતલ હતબ**

(૪) અને તેની સ્ત્રી પણ જે લાકડીઓ ઢૂંઢી રહી છે. (બોજો ઉપાડી ફર્યા કરશે)

(૫) તેના ગળામાં ખજૂરીના રેશાનું વળ ચઢાવેલું દોરડું હશે.

જ્યારે પેગંબરે ઈસ્લામને હુકમ થયો કે પોતાના રીશ્તેદારોને દોઝખની આગથી બચાવો - તબ્લીગ કરો. તો આપ (સલ.)એ શફા પહાડી ઉપર ચઢીને લોકોને આવાજ આપી. યા સબાહ ! આ પ્રકારની અવાજ ખતરાની ઘંટડી સમજવામાં આવતી હતી. જેથી આપ (સલ.)ની અવાજ ઉપર લોકો એકત્ર થઈ ગયા.

આપ (સલ.) એ ફરમાવ્યું “જરા બતાવો, જો હું એમ કહું પહાડની પેલી તરફ એક ઘોડે સવાર લશ્કર છે. જે તમારા ઉપર હુમલો કરવાનું છે. તો તમે મારી વાતને સાચી માનશો ?”

બધાએ કહ્યું, “કેમ નહિ ? અમે આપને કદી જુઠ બોલતા નથી જોયા.”

પછી આપ (સલ.)એ ફરમાવ્યું “હું તમને એક મોટા અઝાબથી ડરાવી રહ્યો છું. તમો કુફ્ર અને શીર્કમાં ફસાએલા છો.”

આ સાંભળીને અબુ લહબ બોલ્યો.

“તું હલાક થાય. શું તે આટલા માટે અમને અહીં બોલાવ્યા હતા ?”

ત્યારે અલ્લાહતઆલાએ ઉપરોક્ત સુરત નાઝિલ ફરમાવી.

અબુ લહબનું અસલ નામ અબ્દુલ ઉઝઝા હતું. પોતાના ચેહરાની અતિશય લાલાશ અને ખૂબસુરતીના કારણે તેને અબુલહબ (આગના શોલા જેવો) કહેવામાં આવતો. તે પેગંબરે ઈસ્લામનો કાકો

થતો હતો. જે જહન્નમનું બળતણ બની ગયો. તેની પત્ની ઉમ્મે જમીલ પણ રસૂલે ઈસ્લામના રસ્તામા કાંટાવાળા ઝાંખરા (લાકડીઓ) નાખતી હતી. પેગંબર રાતે મોડા ઘરે આવતા, અથવા સવારે અંધારામાં વહેલા નીકળી જતા, તો આપ આ કાંટાળા ઝાંખરામાં અટવાઈ જતા ચોટ આવતી, ઉમ્મે જમીલ ચૂગલખોર પણ હતી. પડોશણ હોઈ રસૂલના ઘરની બધી હરકતો બીજા કાફિરો સુધી પહોંચાડતી.

અબુ લહબ માલદાર પણ હતો. કંજુસ પણ હતો. તેને પ્લેગ જેવી બીમારી થઈ. મરી ગયો તો ત્રણ દિવસ સુધી તેના કોઈ બેટા પણ તેની પાસે ન આવ્યા. લાશ ગંધાઈ ગઈ, બીમારી લાગી જવાના ડરથી બધા દૂર જ રહ્યા. છેવટે લોકોના

મ્હેણાંટોણાંના ડરથી તેને બહાર ઘસડી જઈ દૂરથી જ તેના ઉપર માટી નાખી દીધી, જેથી અલ્લાહ કહે છે કે તેનો માલ તેને કંઈ જ કામ ન લાગ્યો.

**(૨) અસવદ બિન અબ્દ યગુશ**

આ એક મજાકીયો હતો. જ્યારે તે ગરીબ મુસલમાનોને જોતો તો મજાકમાં કહેતો 'આ ગરીબ તંગદસ્ત, બેવકૂફો પોતાને જમીનના બાદશાહ માને છે કે જાણે બહું જ જલ્દી ઈરાનના તાજ તખતના માલીક બની જશે."

પરંતુ મોતે તેને સમય ન આપ્યો. નહીં તો તે પોતાની આંખોથી જોઈ લેત કે ઈમાનદારો કૈશર અને ક્રિષ્નાના તખ્તો તાજના માલીક બની ગયા, આ બદમાશે પણ ઈમાનવાળાઓને ખૂબ જ હેરાન કર્યા હતા.

## (૩) વલીદ બિન મુગીરહ

કુરૈશનો એક મોટી ઉમરનો વ્યક્તિ ખૂબ જ દવલતમંદ હતો. ઘણો જ ઘમંડી, જાલીમ અને કપટી સ્વભાવનો હતો. મુસલમાનોને અને પેગંબરે ઈસ્લામને ખૂબ જ હેરાન કરતો. ગુંડાઓ રોકીને નવમુસ્લિમોને જેઓ ગરીબ હતા. કુટુંબ કબીલાના માલીક ન હતા. મતલબ કોઈ તેમનો હાલ પુછનાર ન હતું. તેવાઓને ખૂબ જ પરેશાન કરતો હતો.

## (૪) ઉમય્યા અને ઉબય

બંને ખલફના પુત્રો હતા. ખુદા રસૂલના દુશ્મન હતા. ઉબયે એક વખત એક સડેલું હાડકું લઈને પેગંબરે ઈસ્લામની સમક્ષ આવી પૂછયું, ‘શું? તારો પરવરદિગાર આ હડ્ડીઓને ફરીથી સજીવન કરશે ? તરત જ વહીએ ઈલાહી થઈ. “(અય

મોહંમદ (સલ.) કહી દો કે તે જ પરવરદિગાર જેણે પ્રથમ વખત તેને પેદા કર્યો છે. તે જ ફરીથી સજીવન કરશે." આ બંને ભાઈઓ જંગે બદરના દિવસે માર્યા ગયા.

**(૫) અબુ જહલ**

આ તો ઈસ્લામનો ઘણો જ મોટો દુશ્મન હતો. તેનું નામ અબુલહકમ બિન હિશ્શામ હતું. તેની દાસ્તાનો તો પૂરી થાય એવી જ નથી. મોટી કીતાબ જોઈએ. મુસલમાનોએ એને અબુજહલનો ખિતાબ આપેલો (જાહીલોનો બાપ) તો પણ જંગે બદરમાં માર્યો ગયો. એણે પણ મુસલમાનોને ખૂબ જ સતાવ્યા હતા.

**(૬) આસ બિન વાઈલ**

તે અમર બિન આસનો બાપ હતો. તે હઝરત રસૂલે મકબૂલ (સલ.)ને અક્તર કહેતો હતો. (વંશ કપાયેલ - વાંઝીયો, ઉછછેદીયો)

**(૭) ઉકબા બિન અબી મુઈત**

ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામનો સખત દુશ્મન હતો. તેણે મુસલમાનોને મારવા તકલીફ આપવામાં કદી કચાસ રાખી નથી.

એક બીજું ટોળું હતું જે મુનાફિક હતું. તેનો સરદાર અબુ સુફયાન હતો. તે પણ નીતનવા ગતકડાં કાઢી ઈસ્લામને બદનામ કરવા ઉપરાંત મુસલમાનોને પરેશાન કરવામાં અગ્રેસર હતો. મક્કાનો સરદાર હતો. તેની સાથે તેના જેવા બીજા લોકો પણ હતા. ફતહે મક્કા પછી દેખાવ પુરતો મુસલમાન થયો, તેનો બેટો મઆવીયા અને

મઆવીયાનો બેટો યઝીદ મલઉન કદી સાચા દીલથી ઈસ્લામ લાવ્યા જ નથી. આ એક ખતરનાક ટોળું હતું.

ઉપરોક્ત બધી જ જાતના માણસો આજે પણ મક્કાની ગલીઓમાં, બજારોમાં અરે કાબતુલ્લાહમાં પણ આંટાફેરા મારતા જોવા મળે છે. કેટલાક પોલિસના રૂપમાં, કેટલાક કાબાની વ્યવસ્થાના રૂપમાં, કેટલાક સરકારી દફતરોમાં ઝવ્વારોને હેરાન કરતા દેખાશે.

બીજા દિવસે હું ઝહોરની નમાઝ જમાઅત સાથે અદા કરતો હતો ત્યારે એક અબુસુફયાન પહોળા પગ કરીને મારી સાથે ઊભો હતો. હું જેમ પગ સંકોરતો તે પોતાના પંજાની ગુંટી મને લગાવવા પગ પહોળા કરતો. આખરે વધુ પહોળા

તેનાથી થવાયું નહિ. અને ગુંટી મારા પગને લાગી નહિ. તેણે મારા હાથ છૂટા જોયા, સમજ્યો કે હું જાફરી છું. સાચે જ તેણે મને પોતાની કોણી વડે ચાલુ નમાઝમાં ત્રણથી ચાર વખત ધક્કા લગાવ્યા. નમાઝ પછી મેં તેની તરફ ગુસ્સાથી જોયું તેણે મોં ફેરવી લીધું ઊઠીને ચાલતો થયો. નમાઝને સૂકુનથી અદા ન કરવી અને તેમાં હલનચલન કરવું, ચાલુ નમાઝમાં ઘડિયાળનો સમય જોવો, આ વહાબીઓની આદત છે.

આ અબુજહલોની દ્રષ્ટિએ યા મોહંમદ, યા અલી, યા હસન કે યા હુસૈન કહેવું શીર્ક છે. પરંતુ યા ક્લીન્ટન મદદ કરો, યા રેગન મદદ કરો, યા બુશ મદદે આવો - અમને મુસીબતોથી બચાવો. એવું બોલવું જાઈઝ છે. આ એક અજીબ પ્રકારના

વહાબીઓ છે. જેઓ મહામૂર્ખ છે. આ લોકોનો ખુદા વોશિંગ્ટન કે પેટાગોંગમાં બેઠો છે. જેઓ વારંવાર પોતાના ખુદાનો સંપર્ક ફોનથી કરતા હોય છે. તાઝીમ, ફિરૂત્ની, આજીજી, આદર સત્કાર, માન આપવું વગેરે બાબતોને આ જાહીલો શીર્કની સાથે સાંકળી લે છે. આ લોકો સદરે ઈસ્લામની ઈન્કલાબી ચળવળની યાદ તોં કરતી બધી જ નિશાનીઓ મીટાવી દેવા માગે છે.

કેટલાક લોકો તો ઝવ્વારોની મશ્કરી કરતા દેખાય છે. દ્રષ્ટાંતરૂપે તમે હાથમા અકીક કે ફિરોઝાની અંગૂઠી પહેરી હોય અને જો કોઈ અસવદ બિન અબ્દ યગુશ જેવો દુશ્મને ઈસ્લામ જોઈ જાય તો તમને પ્રશ્નોત્તરી કરી તમારી મજાક કરે. આવા

અસવદો પણ મને મક્કાની બજારોમાં ફરતા દેખાયા.

ત્રીજા દિવસે અમો ગારે હિરા જોવા ગયા. મારી તબીયત નાદુરસ્ત હતી. અકસ્માતવાળા પગમાં ઘણો દુ:ખાવો થતો હતો. ટેબ્લેટો અસર કરતી ન હતી. એનું કારણ એ હતું કે હું અડધી રાતના તવાફ કરવા નીકળી પડતો, દરેક મિત્રો અને સંબંધીઓ તરફથી મેં તેમના નામ સાથે તવાફ કર્યા મારી એ ખુશનસીબી હતી કે રાતના દરેક તવાફ પછી હું હજરે અસવદ પાસે પહોંચી જતો. આસાની સાથે તેને ચૂંબન પણ કરી લેતો. દિવસના અને વહેલી રાતે મારા માટે આ ચૂંબન મુશ્કેલ હતું. રાતે ઘણી જ ઓછી ઊંઘ મળતી. વળી બીજા દિવસે બીજો ઉમરાહ પણ  અદા ફરમાવ્યો. જે મારાં

વાલીદ-વાલીદહ તરફથી હતો. મને ભય લાગતો કે જો હું વધુ બિમાર પડી જઈશ તો કશુય અદા નહીં થઈ શકે અને હજી તો મારે સીરીયા, ઈરાક અને ઈરાનની ઝિયારતો પણ બાકી છે.

અતિશય થાક, ઓછી ઊંઘ, છતાંય હું સ્વભાવે કે વાતચીતે અપસેટ ન હતો. વારંવાર ચાલવાના કારણે અકસ્માતવાળા પગના ઘસારાને ગોળીઓ અસર કરતી ન હતી.

અમો ગારે હિરા પાસે પહોંચ્યા. આ ગુફા ખાસ્સી ઊંચે છે. જ્યારે પેગંબરે ઈસ્લામ ઘરેથી ઈબાદત કરવા ચાલી જતા. કેટલીક વખત તો મા ખદીજા (રઝિ.) ત્યાં ખાવું પહોંચાડતાં. મા ખદીજા (રઝિ.) સાથે મને હઝરત ફાતેમા સલ્લમહા અલયહા પણ યાદ આવ્યાં. મા ની સાથે મા ની


amillibrary.com

બેટી બતુલ કેમ યાદ ન આવે. ફરીથી મારી આંખો ભીની થઈ. પરસેવો થયો હોય એમ મોં લુંછ્યું. ગારે હિરા પાસે પહોંચ્યા, મારા પગના સખ્ત દુ:ખાવાના કારણે હું ઉપર જવાની હિંમત કરી શક્યો નહિ. મારી સાથે ઘણા ઝઈફ ઝવ્વારો પણ ન ગયા. નીચે બેસી વિચારતો રહ્યો, કે પગેંબરે ઈસ્લામ (સલ.)એ પોતાના ખુદાથી સંબંધ કેળવવા કેવી એકાંત જગા પસંદ કરી. ઘણા બધા હાજીઓ ઉપર જઈ, નીચે ઊતરી રહ્યા હતા. ઈરાની, પાકિસ્તાની, બાંગ્લાદેશી, મિસરી, તૂર્કી હાજીઓની અવરજવર ચાલુ હતી. એક પાકિસ્તાની હોં જે ગારે હિરા પર જઈ આવ્યા તેમને ઊભા રાખી થોડીક વાતચીત કરી મેં તેમનો હાથ ચૂમ્યો. આ તેજ પહાડની ગાર છે જે મૂળરૂપમાં છે. જેને રસૂલેખુદાના હાથ-પગ અને શરીર લાગેલું છે.

તે સિવાયનું તો બધું જ આ અબુલહબોએ ફેરવી નાખ્યું છે.

ગારે હિરા ત્રિકોણ આકારની છે. તેની બાજુઓ લગભગ સરખી લંબાઈની છે. ગાર લગભગ એક ફલસના આકારની છે. ત્રિકોણના છેડે એક નાનુ બાકોરૂં છે. જેમાંથી માણસ પસાર ન થઈ શકે પણ હવા આવી શકે. ગારની ડાબી તરફ એક ત્રિકોણાકાર બારી જેવું છે. જ્યાંથી ખાનએ કાબા સ્પષ્ટ દેખા દેતી હશે. પરંતુ આજે તો ઘણી ઊંચી હોટલો અને મકાનો ઊભા કરી દેવાયાં છે. જેથી કદાચ આજે ખાનએ કાબા જોઈ શકાય નહિ. ગારમાં માત્ર એક જ માણસ નમાઝ પઢી શકે એટલી જગ્યા છે.

યા અલ્લાહ, પેગંબરે પોતાના રબથી વાતચીત કરવા માટે કેવી અનેરી જગ્યા પસંદ કરી. હું આજથી ચૌદશો વર્ષ પહેલાંના ઈતિહાસમાં પહોંચી ગયો. અમૂક વખત રસૂલ આ ગારમાં રાતવાસો પણ કરતા. મને એવો ભાસ થયો કે મા ખદીજા રસૂલ માટે ટીફીન લઈને આવી રહ્યાં છે સાથે મઝલૂમા સૈયેદા ફાતેમા માની આંગળી પકડીને પોતાના બાબાને ટીફીન આપવા આવી રહ્યાં છે. હું સાચે જ રડી પડ્યો. ગારે હિરા તરફથી નીચે જોઈ રૂમાલ મોં ઉપર ફેરવી સ્વસ્થ થયો. ફરી ઊંચું જોયું. રસૂલના જમાનાને નિહારવા.

હું આગળ લખી ચૂક્યો છું કે આ વહાબીઓ રસૂલની નિશાનીઓને મિટાવવા માગે છે. સઉદીઓના પેટાંગોંગવાળા ખુદા તરફથી આ બધું

આયોજન ઘડાય છે. આ લોકો મુસલમાનોને પોતાનો સદરે અવ્વલનો એક ક્રાંતિકારી જમાનો ભૂલાવી દેવા માગે છે. આ લોકો ઈસ્લામની રૂહને જ મિટાવી દેવા માગે છે. ઈસ્લામના અસ્તિત્વને જ ખતરો ઊભો થયો છે.

ગારે હિરાની નીચે મોટા બોર્ડ ઉપર અંગ્રેજી અને અરબીમાં લખેલું હતું.

“પહાડોની ઝિયારત નાજાઈઝ છે. અને હાજીઓને એ કામથી કંઈ સવાબ મળતો નથી. બલ્કે એ એક બિદઅત છે. આસારની (ચિન્હોની) તઅઝીમ બિદઅત છે. હાજીઓ પહાડોના શિખરો ઉપર ચઢીને પોતાને થકવી નાખે છે. પૈસો બરબાદ કરે છે આ શરઈ કામ નથી.”

પહાડ ઉપર ઘણા હાજીઓ બરકતના માટે ઈબાદત સમજીને, ખુદા-રસૂલની નઝદીકી માટે બે રકાત નમાઝ પઢે છે. કાબા તરફ જ મોં રાખીને પઢે છે. આ નમાઝને પણ આ અબુજહલોનો વેચાયેલો દરબારી મુફતી શીર્ક કહે છે. હજના સમયમાં તો અહીં સરકારી માણસો ઈસ્લામના દુશ્મનો ઉમય્યા અને ઉબય ઊભેલા હોય છે. જેઓ હાજીઓને ગારે હિરામાં બે રકાત નમાઝ પઢવાથી રોકે છે. શીર્ક શીર્કની બૂમરાણ મચાવે છે. હાજીઓને હિરાને ચુંમવાથી પણ મના કરે છે. તઅઝીમને આ લોકો કંઈ સમજતા જ નથી. કેટલાક અબુલહબો તો હાજીઓને મારે પણ છે.

આ જગ્યાએ મને દીલમાં અનેક તમન્નાઓ હતી. તબીયતે સાથ ન આપ્યો. હું વિચારવા

લાગ્યો. ખુદાયા, તે દિવસો અને તે રાતો કેવી હશે ? કે જ્યારે મોહંમદ (સલ.) એ આ રણભૂમિ અને આ પહાડો ઉપર પગ મૂક્યા હતા. અને જ્યારે તેમણે બધાની નજરોથી સંતાઈને આ પર્વતના શિખર પર આશરો લીધો હતો. આ પથ્થરોને તો ચૂમી લેવા જોઈએ. કમસેકમ આ તો બદલાયા નથી. નબીએ પાકનું જિસ્મ એની સાથે મસ થયું છે, આ હવાને પણ ચુંબન કરવું જોઈએ. તેની સુગંધ લેવી જોઈએ. અહીંથી નજરે પડતી ક્ષિતિજનું પાન કરવું જોઈએ. તે પ્યારા રસૂલની મુનાજાતો, રોઝાઓ, અને દુઆઓ આ જગ્યાએ થઈ હતી. શું તે જગ્યાએ ઈબાદત કરવી -- તે જગ્યાએ ખુદાને વાસ્તે નમાઝ પઢવી બીદઅત ?

અસ્તગફિરુલ્લાહ, અસ્તગફિરુલ્લાહ.

આ વહાબીઓ ભલે હાજીઓને ગમે તેટલા રોકે પરંતુ ઈન્સાનોનો પ્રવાહ સમંદરના પાણીની જેમ ચાલુ જ રહે છે. જેણે આ પહાડોના શિખરો ઉપર પણ માર્ગ કરી દીધો છે. આ બધું જાણતાં, જોતાં, વિચારતાં મારા શરીરમાં કપકપી આવી ગઈ. વિચારતો વિચારતો બસ તરફ ચાલ્યો કે

આજે મક્કા અબુલહબના હાથમાં છે. અબુસુફયાનના હાથમાં છે. કુફ્રના હાથમાં છે. શિર્કના સકંજામાં છે. ખુદાના દુશ્મનોની પકડમાં છે. મુસલમાનો અને ઈન્સાનોના વેરીઓની પક્કડમાં છે. બકરીના વેશમા ફરતા વરૂઓના કબજામાં છે. જેમના ચહેરા તો ખરેખર વરૂ જેવા જ છે, નિફાકના દ્વાણમાં છે. જબ્બાર હાકેમોની છુપી પોલિસના પગ હેઠળ છે. હાથમા હન્ટર લઈને ફરનારા વાંદરાઓના

હાથમાં છે. ખુદાયા ! આ તારું ઘર છે જે જાતજાતની ઝંજીરોમાં જકડાઈ ગયું છે. અમેરિકા અને ઈઝરાઈલની ઝંજીરોમાં જકડાયેલું છે. ફરીયાદ કોને કરવી ? સિવાય કે અલ્લાહને. બધા જ મુસ્લિમ દેશોની પ્રજાઓ પોતાના જબ્બાર હાકેમોના જુલમ નીચે દ્બાયેલી છે. વેરવિખેર છે, શક્તિ પેદા કરીને, બંદૂકથી આ જાલીમોનો મુકાબલો કરી શકતી નથી.

યા અલ્લાહ ! અમો તને જ ફરિયાદ કરીએ છીએ. તું આ ઝિલ્લતને, આ બદબખ્તીને, આ બેહુરમતિ તથા બેગયરતીને અને આ ઈન્સાનિયત વિરોધી જુલ્મો સીમતને અમારા માટે પસંદ ન ફરમાવ.

યા અલ્લાહ ! અમને જાલીમ ન બનાવ અને મઝલૂમ પણ ન બનાવ. અમે આ વાતથી

તારી પનાહ માગીએ છીએ કે અમે કોઈના પર જુલમ કરીએ અને એ વાતથી પણ પનાહ માગીએ છીએ કે કોઈ અમારા ઉપર જુલમ કરે.

યા અલ્લાહ આ તારા મુકદ્દશ ઘરને જાલીમોના કબજામાંથી છોડાવી બાઈમાન નેક સાલેહ ઈન્સાનોને તેના ઉપર હાકેમ બનાવ. જેઓ હાજીઓ અને ઝવ્વારો માટે રહમતરૂપ બને.

આમીન, ઈલાહી આમીન

હજી અમારે અનેક ઝિયારતો બાકી હતી. સૌપ્રથમ અમો અબુકુબૈસની જગ્યાએ પહોંચ્યા જ્યાં પેગંબરે ઈસ્લામ (સલ.) એ ચાંદના બે ટૂકડા કર્યા હતા. જેને શક્કુલ કમરનો કિસ્સો કહેવાય છે. મોટા ભાગે બધા જ ઝવ્વારો ત્યાં જાય છે. જેથી આ બાબતની વિસ્તૃત જાણકારી ઈલ્મી વર્તુળોમાં ઘણી જ જરૂરી સમજી તેને ટૂંકમાં રજૂ કરું છું.

**શક્કુલ કમર**

અલ્લામા દિયારબકરીએ તારીખે ખમીસમાં લખ્યું છે કે બઅસતના નવમાં વર્ષે (બઅસત એટલે પેગંબરે ઈસ્લામની નુબુવ્વતની જાહેરાત થઈ તે વર્ષ) શક્કુલ કમરનો મોઅજેઝો થયો છે, મવાહિબુલ લદુનીયામાં છે કે આ ઘટના હિજરતથી પાંચ વરસ

અગાઉ થઈ. બહરહાલ બંને રીતે જોતાં સમયગાળો લગભગ ચોક્કસ જણાય છે, ફેર પડતો નથી.

ઈબ્ને અબ્બાસનું વર્ણન છે કે હજના સમયગાળામાં ચૌદમી રાતે અબુ જહલ એક યહુદી અને કેટલાક મુશરીકો સાથે રસૂલે મકબુલ (સલ.)ની પાસે આવ્યો. કહેવા લાગ્યો તમે તમારી નુબુવ્વતનો કોઈ સ્પષ્ટ મોઅજેઝો બતાવો. તો અમે આપને નબી માની લઈશું. આપ (સલ.) એ ફરમાવ્યું "તમો લોકો શું ઇચ્છો છો ?" ત્યાર બાદ અબુજહલે પેલા યહુદી સાથે મશ્વેરો કરીને કહ્યું, "આ ચાંદના બે ટૂકડા કરી બતાવો." આપ (સલ.) એ તરત જ દુઆ કરી અને આંગળીથી ઈશારો કર્યો, તરત જ ચાંદના બે સરખા ભાગ થઈ ગયા. બંને ટૂકડા એટલા દૂર હટી ગયા કે કોહે હરાબીચમાં

સ્પષ્ટ દેખાવા લાગ્યા. થોડીક વાર આ જ પ્રમાણે રહ્યા. ત્યારે અબુજહલ કહેવા લાગ્યો કે અય મોહંમદ “આ નજરબંધી છે” મક્કાથી જે લોકો બહાર ગયા છે. તેઓ પાછા ફરશે તો તેમને પૂછીશ. જો તેઓ પણ આ વાતનો ઈકરાર કરશે, તો માની લઈશ.” જ્યારે બહારથી લોકો મક્કા પાછા ફર્યા તો તેમણે પણ શક્કુલ કમરની વાતને પુદ્રષ્ટિ આપી. કે અમે પણ ચાંદના બે ટૂકડા થતા જોયા હતા. તો અબુજહલે કહેવા લાગ્યો. મોહંમદે તો સમગ્ર દુનિયાની નજરબંદી કરી હતી.

આ મોઅજેઝાની પુષ્ટટી અઈમ્માએ માસુમીને પણ કરી છે સહાબા પણ આ મોઅજેઝાના ગવાહ છે. હિંદુસ્તાનમાં પણ આ મોઅજેઝો લોકોએ જોયો. તે વખતે અહીંયા મદારીયા કોમની હુકુમત

હતી. અને તેમનું પાટનગર બિહાર હતું. તારીખે ફરીશ્તાએ આ વાત નોંધી છે.

અમોએ ત્યાં અબુકુબેસની જગ્યા જોઈ, ત્યાં નમાઝ પઢવાનો કોઈ મોકો ન હતો. આ બધી નૂઝૂલે કુર્આનની પવિત્ર જગ્યાઓ છે. અલ્લાહને યાદ કરતા કરતા ત્યાંથી અમો જબલે સોર પર પહોંચ્યા. આ તે પહાડ છે. જ્યાં પેગંબરે ઈસ્લામ હિજરતના દિવસે રોકાયા હતા.

## પેગંબરે ઈસ્લામની હિજરત

હું એમ ઈચ્છું છું કે મોમીન જ્યારે જબલે સૌર ને જુએ તો પેગંબરે ઈસ્લામની હિજરતની યાદ તેને તોં થઈ જાય. બીજું હિઝરત બાબત કેટલીક ગલત માન્યતાઓ પ્રવર્તે છે. કે મક્કાના કાફિરોએ રસૂલની કતલનો મનસુબો કર્યો હતો. જેથી પેગંબરે

ઈસ્લામે મક્કા છોડી દીધું. આ વાત તદ્દન ગલત છે. રસૂલે કોઈના ડર ખોફથી મક્કા છોડ્યું નથી.

હિજરત કરવાથી રસૂલનો મતલબ પોતાની જાન બચાવવાનો ન હતો. બલ્કે ઈતિહાસ સ્પષ્ટ ઈશારાઓ કરે છે કે હબશાની હિજરત માટે જ્યારે રસૂલે સહાબાને છૂટ આપી, ત્યારથી જ આપ (સલ.) એ ઈસ્લામના પ્રચારને વેગ મળે તે હેતુથી પોતે પણ હિજરતનો ઈરાદો કરી લીધો હતો.

સ્પષ્ટ છે કે કુફ્ફારે કુરૈશને પેગંબરે ઈસ્લામ અથવા મુસલમાનો સાથે કોઈ અંગત દુશ્મની હોત તો તેઓ રસૂલે ઈસ્લામની હિજરતથી ખુશ થાત, કે માથાનો દુ:ખાવો ગયો. પરંતુ તેઓને તો તે ધ્યેય અને મિશનથી દુશ્મની હતી. જેને તેઓ સ્વયં પોતાના માટે ખતરો સમજતા હતા. ઈસ્લામના

ફેલાવાથી તેમને પોતાની સરદારી પણ છીનવાઈ જવાનો ભય દેખાતો હતો. તેથી જ્યારે તેમને ખબર પડી કે મુસલમાનોને યસરબના (મદીનાના) લોકોની હિમાયત હાસિલ થઈ રહી છે. અને તેઓ પોતાના બીબી બચ્ચાં સાથે મદીના જઈ રહ્યા છે. તો તેમને આ ફિકર થવા લાગી કે જેવી રીતે તમામ મુસલમાનો વતન છોડીને મદીનાની તરફ જઈ રહ્યા છે, તેવી રીતે જો પેગંબર પણ જતા રહ્યા, તો આ જ જમાઅત એક દિવસ આપણી વિરૂદ્ધ મોરચો માંડીને તૈયાર થશે. એટલા માટે તેમણે ફેંસલો કર્યો કે રસૂલ (કદાચ) મક્કા છોડી જાય તે પહેલાં જ તેમને કતલ કરી દેવામાં આવે. જેથી ભવિષ્યમાં આપણને કોઈ ખતરો જ ન રહે, આથી સ્પષ્ટ થાય છે કે કતલ થઈ જવાના ડરખોફથી આપે હિજરત

નથી કરી. બલ્કે પેગંબરના હિજરતના ઈરાદાની જાણ થયા બાદ કાફિરોએ આપને કતલ કરવાનો મનસુબો કર્યો.

(જુઓ તબકાત ઈબ્ને સઅદ ભાગ-૧ પેજ નં. ૧૫૩)

કીતાબ આઅલામુલ વરામાં અલ્લામાં તિબરસી લખે છે કે, “ઈસ્લામના પ્રચાર પ્રસારને રોકવા માટે શું કરવું તે બાબત મક્કામાં દારૂન્નદવા નામના સ્થળે મક્કાના માલદાર અને શરીફોનો એક ઈજતેમા થયો. જેમાં ચાલીસ વ્યક્તિઓ હાજર હતી. આ ઈજતેમાં ભરતા અગાઉ એલાન થયું હતું કે આ મશ્વેરામાં ચાલીસ વરસથી ઓછી ઉમરનો કોઈ વ્યક્તિ ભાગ લઈ શકશે નહિ. ફક્ત એક ઉતબા બિન રબીયા (મઆવીયાનો નાનો) એવો હતો જેની

ઉમર ચાલીસથી થોડીક ઓછી હતી, છતાં આ ઈજતેમામાં શરીક હતો.

અલ્લામા દિયાર બકરીનું વર્ણન છે કે આ મજલિશે મુશાવેરતમાં બની હાશિમના સિવાય અરબના બધા જ કબીલાના અગ્રેસરો શરીક હતા. કબીલા બની અબ્દુશમ્સથી ઉતબા, શીબા અને અબુસુફયાન, બની નૌફલથી તઈમા બિન અદી, જબીર બિન મુતઅમ અને હારિશ બિન આમીર, બની અબ્દુદ્દારથી નઝર બિન હારિશ, બની અસદથી અબુલબખ્તરી બિન હિશામ, ઝમાઅ બિન અસવદ અને હકીમ બિન હિઝમ, બની મખઝૂમથી અબુ જહલ બિન હિશામ, બની સહમથી નબયાહ અને મનબા હિજાઝના પુત્રો, બની જમહથી ઉમય્યા બિન ખલફ. આ બધા આગેવાનો સિવાય પણ

કેટલાક બીજા લોકોએ ભાગ લીધો. નજદ ઈલાકાનો એક ઘરડો માણસ પણ તેમાં શરીક થયો.

આ લોકોમાંથી એક વ્યક્તિએ વાતની શરૂઆત કરતાં કહ્યું કે "તમને લોકોને ખબર છે કે મુસલમાનોએ બહારના લોકોથી સંબંધ શરૂ કરી દીધો છે. આ લોકો ગમે તે વખતે મોટી શક્તિ બનીને આપણો મુકાબલો કરી શકે છે. આપણે આ બાબત ઉપર ખાસ વિચારવિમર્સ કરવાની જરૂરત છે. જો આ બાબતની રોકઠામ કરવામાં નહીં આવે તો એક ન એક દિવસે મોહંમદની સરદારીમાં આ લોકો આપણી ઉપર ચઢાઈ કરી દેશે. જેથી કોઈ એવી તદબીર કરવામાં આવે કે ઈસ્લામનો જ ખાત્મો થઈ જાય. અને મોહંમદને પણ એવી સખત

સજા મળે કે ભવિષ્યમાં આપણા મઝહબ વિરૂદ્ધ બોલવાની કોઈની હિંમત જ ન રહે.

આશ બિન વાઈલ, ઉમય્યા બિન ખલફ અને ઉબય બિન ખલફે કહ્યું કે મોહંમદના હાથપગમાં વજનદાર સાંકળો વડે બાંધીને તેને એક ઓરડામાં પૂરી દેવામાં આવે. અહીં સુધી કે એ ત્યાં જ તડપી, તડપીને મરી જાય.”

આ સાંભળી શેખ નજદી બોલ્યો “આ પગલું યોગ્ય નહીં ગણાય. જો આમ કરવામાં આવશે તો તેની કોમ, કબીલો તથા તેના અનુયાયીઓ હુમલો કરીને તેમને છોડાવીને લઈ જશે. અને તમે લોકો હાથ ચાટતા રહી જશો.”

ઉતબા, શીબા અને અબુ સુફયાને પોતાનો મત પ્રદર્શિત કરતાં કહ્યું, “તેમને દેશનિકાલ કરી

દઈએ. જેથી આપણા ખુદાઓના વિરૂદ્ધ કોઈ અવાજ આપણા સુધી ન પહોંચે."

શેખ નજદીએ અબુસુફયાનના વિચારને નાપસંદ કરતાં કહ્યું, "તે જ્યાં પણ જશે પોતાની વાચાળતાના કારણે પોતાના અનુયાયીઓ પેદા કરી લેશે. કારણ કે તેમની જીભમાં પણ જાદુ જેવું આકર્ષણ છે. જે અનુયાયીઓ તમારી વિરૂદ્ધ મોરચો માંડશે પછી તમો તેમને રોકી શકશો નહિ.

છેલ્લે અબુજહલ જે અત્યાર સુધી ખામોશ બેસીને બધાની રાયનો અભ્યાસ કરતો હતો. બોલ્યો "મારો મત આ છે કે દરેક કબીલામાંથી મજબૂત શક્તિશાળી યુવાનોને પસંદ કરવામાં આવે તે બધા ભેગા મળીને મોહંમદને કતલ કરી નાખે. જો આ રીતે થશે તો કોઈ એક વ્યક્તિ કે કોઈ એક કબીલો

આ બાબત ગુનેહગાર નહીં ગણાય, અને બની હાશિમ માટે આ વાત મુશ્કેલ છે કે તે અરબના બધા જ કબીલાઓ સામે જંગ કરી શકે, અથવા ખૂનનો બદલો માગે. જેથી તે (બની હાશિમ) ખૂનના બદલાના રૂપમાં દિયત (ખૂનનો બદલો) ઉપર રોં થઈ જશે. અને આપણે બધા એકત્રીત રીતે ઘણી આસાનીથી દિયત આપી દઈશું."

અબુજહલનો આ મત બધાંને પસંદ પડ્યો. શેખ નજદીએ પણ આ વિચારને આવકાર્યો. આ વાતાઘાત ઉપર અમલ કરવા માટે નક્કી કર્યું કે આજે સાંજથી જ મોહંમદના ઘરની ચોતરફ પહેરો બેસાડી દેવામાં આવે. જે તેમની હિલચાલ ઉપર નજર રાખે. જેથી તે હુમલો કરવાં અંગેના કોઈ અણસાર પામીને આમતેમ ન થઈ જાય. પછી

જ્યારે અંધારું છવાઈ જાય તો તમામ નવયુવાનો ઘરમાં ઘુસી જઈને મોહંમદને કતલ કરી નાખે.

આ તરફ પરવરદિગારે આલમે પોતાના મેહબૂબને આ લોકોના નાપાક ઈરાદાઓથી બાખબર કર્યા કુર્આનમજીદમાં ઈરશાદે ઈલાહી છે.” (અને અય રસૂલ ! તે વખતને યાદ કરો) જ્યારે કુફ્ફાર તમારી સાથે છળકપટ કરી રહ્યા હતા. કે તમને કૈદ કરી દે, અથવા તમને મારી નાખે, અથવા તમને ઘરથી બેઘર કરી દે. તેઓ તો આવી યુક્તિઓ કરી રહ્યા હતા. પરંતુ ખુદા પર તેમના વિરૂદ્ધ મનસુબો કરી રહ્યો હતો. અને ખુદા તો બધાથી બેહતર યુક્તિ કરનાર છે.”

(સુરા અનફાલ આયત નં. ૩૦)

ઈબ્ને સઅદનું વર્ણન છે કે જિબ્રઈલ અમીન રસૂલે ખુદાની પાસે આવ્યા અને આપને કાફિરોના નાપાક મનસુબાના ખબર આપ્યા. ઉપરોક્ત હુકમે ઈલાહી પહોંચાડ્યો કે આજની રાતે આપ પોતાના બિસ્તર ઉપર આરામ ન કરશો.

(તબકાત ભાગ - ૧ પેજ નં. ૧૫૩)

ત્યારબાદ આપ (સલ.) એ હઝરત અલી (અલ.)ને બોલાવ્યા અને કહ્યું, "અય અલી કુરૈશે આ ફેંસલો કર્યો છે કે તેઓ આજ રાતે મને કતલ કરી નાંખે અને મારા અલ્લાહે મને હુકમ આપ્યો છે કે હું મક્કા છોડીને મદીના ચાલ્યો જાઉં અને તમને મારા બિસ્તર ઉપર સુવડાવી દઉં. તેથી તમે મારી લીલા રંગની ચાદર ઓઢીને મારા બિસ્તર ઉપર સૂઈ જાઓ અલ્લાહ તમને દુશ્મનોથી મહફૂઝ રાખશે."

યા રસુલુલ્લાહ ! મારા આપના બિસ્તર ઉપર સૂઈ જવાથી આપની જાન બચી જશે ? ફરમાવ્યું 'હા, જો તમે સૂઈ જશો તો હું મુશ્રીકોથી બચીને નીકળી જઈશ." આ સાંભળીને હઝરત અલી (અલ.) એ સજદએ શુક્ર અદા કર્યો. પોતાની પેશાની જમીન પર રાખી દીધી. ઈબ્ને શહર આશુબ માઝરંન્દાની કહે છે કે અલી તે છે જેમણે સૌપ્રથમ સજદએ શુક્ર અદા કરી પોતાની પેશાની ખાક પર મૂકી.

(મનાકીબ ભાગ - ૧ પેજ નં. ૧૨૭)

સજદએ શુક્રથી પેશાની ઉઠાવી હઝરત અલી (અલ.)એ કહ્યું, "યા રસુલુલ્લાહ ! આપ અલ્લાહના હુકમની તાબેદારી કરો અને મદીના

તશરીફ લઈ જાઓ. હું આપના બિસ્તર ઉપર સૂઈ જઈશ.”

હઝરત અલી રસૂલે ઈસ્લામના બિસ્તર ઉપર સૂઈ ગયા અને આ તરફ પેગંબરે ઈસ્લામે ચપટી ખાક લીધી કુફ્ફારે કુરૈશની આંખોમાં ફેંકી દીધી. તરત જ ગારેશોરની તરફ રવાના થઈ ગયા.

જ્યારે અલ્લાહ રબ્બુલ ઇજ્જતે આ દ્રશ્ય જોયું તો ફરીશ્તાઓને ફરમાવ્યું, “અને લોકોમાંથી કોઈ એવો પણ છે જે અલ્લાહની ખુશી સંપાદન કરવા માટે પોતાનો જીવ પણ વેચી નાખે છે. અને ખુદા આવા બંદાઓ ઉપર ઘણો જ માયાળુ છે.”

(સુરા બકરહ આયાત નં. ૨૦૭)

મક્કાની હદથી બહાર નીકળીને પેગંબરે ઈસ્લામે પાછળ જોયું તો આપને એમ લાગ્યું કે કોઈ

ઊંટ સવાર આપનો પીછો કરી રહ્યો છે. આપ તેજ રફતારથી આગળ વધવા લાગ્યા. જલ્દી ચાલતાં રસૂલે ઈસ્લામનો પગ મુબારક પહાડી જમીનના એક ધારદાર પથ્થર સાથે ટકરાયો. આપ (સલ.)ની પાંચેય આંગળીઓ લોહીલુહાણ થઈ ગઈ. પાછળ જોયું તો ઊંટ સવાર બરાબર પીછો કરી રહ્યો છે. છેવટે આપે અટકીને ધ્યાનથી જોયું તો એમ લાગ્યું કે કદાચ અબુબકર જેવો માણસ લાગે છે. પેગંબરનો અંદાજ સાચો હતો. તે અબુબકર જ હતા. આ ડરથી કે કદાચ દુશ્મનોને ખબર ન પડી જાય. પેગંબરે ઈસ્લામે અબુબકરને પણ પોતાની સાથે લઈ લીધા. પછી થોડેક જ આગળ ગારે શોર આવતાં બહુકમે ઈલાહી તેમાં દાખલ થઈ ગયા.

(તારીખે ખમીશ, ભાગ - ૧, પેજ નં. ૩૨૫, બુખારી ભાગ-૧ પેજ નં. ૬૯, અલખોલફા ભાગ-૧ પેજ નં. ૬૫)

ત્યાર બાદ અલ્લાહના હુકમથી કરોળીયાએ ગુફાના મોં ઉપર જાળું બનાવી લીધું. કબૂતરોએ ઈંડા મૂકી ત્યાં બેસવાનું ચાલુ કર્યું. સાથે ગારના મોઢા ઉપર બાવળના જેવું એક કાંટાદાર ઝાંખરૂં પણ ઊગી નીકળ્યું. જેથી દુશ્મનોને ગુફામાં કોઈના દાખલ થયા હોવાનો શક પણ ન થાય.

કુફ્ફારે કુરૈશ રાત ભર પેગંબરના ઘરને પહેરો ભરતા રહ્યા. અંદર ઝાંખીને જોયું તો પેગંબરને બિસ્તરા ઉપર ચાદર ઓઢીને સૂતેલા જોયા. સંતોષ પામ્યા. જ્યારે સવાર થઈ તો હાથમાં ખુલ્લી તલવારો સાથે એકદમ ઘરમાં દાખલ થઈ

ગયા. હઝરત અલી (અલ.) એ અવાજ સાંભળીને ચાદર હટાવી દીધી. કાફિરોના ચેહરાનો રંગ ઊડી ગયો. ગભરાઈને પૂછ્યું, “મોહંમદ ક્યાં છે ?” આપે કહ્યું, “શું મને સોંપીને ગયા હતા ? તે મને પૂછી રહ્યા છો ? અલ્લાહ બેહતર જાણે છે કે તેઓ ક્યાં છે.” કુફ્ફાર આ જવાબ સાંભળી હકબક થઈ ગયા. આ ઉત્તરને રદ પણ કરી શકતા ન હતા. તેમના ઈરાદાઓ નિષ્ટફળ થઈ ગયા. સમજી ગયા કે પેગંબર અમારા હાથોમાંથી છટકીને ચાલી ગયા છે.

પોતાની નિષ્ટફળતા પછી કુફ્ફાર સાથે મશ્વેરો કરીને અબુજહલે એલાન કર્યું કે “જે વ્યક્તિ મોહંમદનું માથું કાપીને અથવા જીવતા ગીરફતાર કરીને લાવશે તેને ૧૦૦ ઊંટ ઈનામ આપીશું.” આ જાહેરાત સાંભળીને ઘણાબધા લોકો પેગંબરે

ઈસ્લામને તલાશ કરવા આમતેમ મક્કાની બહાર નીકળ્યા. બધા તો નિષ્ટફળ ગયા. પરંતુ સરાકા બિન માલીક નામનો એક માણસ શોધખોળ કરતો કરતો ગાર સુધી પહોંચી ગયો. આ વ્યક્તિનો સંચળ સાંભળીને અબુબકર રડવા લાગ્યા. આવા નાજૂક સમયમાં અબુબકરનું આમ રડવું પેગંબરે ઈસ્લામના કતલનું કારણ બની શકતું હતું. પરંતુ જ્યારે પેગંબરે (સલ.) એ ફરમાવ્યું "શા માટે રડો છો ? અલ્લાહ મારી સાથે છે." ત્યારે અબુબકર ચૂપ થઈ ગયા.

પહેલી રબીઉલ અવ્વલ નુબુવ્વત ચૌદમાં વર્ષે ગુરુવારે રાતે કુફ્ફારે આપના ઘરને ઘેરો ઘાલ્યો. ૨ રબીઉલ અવ્વલ જુમ્માના દિવસે ફજર થતા અગાઉ રાતે જ આપ ગારે શોરમાં પહોંચી

ગયા. અને ચાર રબીઉલ અવ્વલ રવિવાર સુધી ત્યાં જ રહ્યા. ચોથા દિવસે જ્યારે કુફ્ફારે કુરૈશથી હઝરત અલી (અલ.)ને થોડોક સંતોષ થયો કે તેઓએ હવે પેગંબરને શોધવાથી માંડી વાળ્યું છે. ત્યારે આપ અબ્દુલ્લાહ બિન અરકીટ અને આમીર બિન ફહીરો સાથે સવારીઓ લઈને રસુલે ઈસ્લામની સેવામાં આવ્યા. તેમને ગુફામાંથી બહાર કાઢી અબુબકરને પણ સાથે રાખી મદીના તરફ રવાના કર્યા અઠવાડિયા સુધી સફરની તકલીફો ઊઠાવ્યા પછી બાર રબીઉલ અવ્વલે આપ મદીના પહોંચી ગયા. મદીનાથી પાંચ કીલોમીટર દૂર અમરુ બિન ઓફની વસ્તી કુબામાં રોકાયા.

રસૂલે ઈસ્લામને મદીનાના રસ્તે રવાના કર્યા બાદ અમીરુલ મોઅમેનીન હઝરત અલી

(અલ.) ત્રણ દિવસ સુધી મક્કામાં રોકાયા. જે જે લોકોની અનામતો આપના ઝીમ્મે હતી. તે બધી તેમના માલીકોને વાપસ કરી. પછી ચોથા દિવસે હઝરત ફાતેમા બિન્તે મોહંમદ, ફાતેમા બિન્તે અસદ અને ફાતેમા બિન્તે ઝૂબેરને સાથે લઈને મદીના જવા રવાના થયા. કુરૈશને જ્યારે આ વાતની ખબર પડી કે અલી પણ મક્કા છોડી રહ્યા છે, તો એમને પોતાની બેઈજ્જતીનો એહસાસ થયો, જેથી તેમને રોકવા માટે આઠ સવારોને રવાના કર્યા જેમને સૂચના આપવામાં આવી કે અલીને મજબૂર કરીને મક્કા પાછા લાવો. હજી હઝરત (અલ.) મક્કાથી ચાલીસ કિલોમીટર દૂર કોહે ઝજનાકની પાસે પહોંચ્યા હતા કે આ લોકો પણ ત્યાં પહોંચી ગયા. હઝરત અલી (અલ.) એ જ્યારે આ લોકોને દૂરથી

જોયા તો આપે ઓરતોના ઊંટોને પહાડની તળેટીમાં છુપાવી દીધા. અને પોતે આગળ રસ્તા ઉપર ઊભા થઈ ગયા. મક્કાના ઊંટ સવારોએ આપને ઘેરાવામાં લીધા. ગુસ્સાભર્યા શબ્દોમાં આપને પાછા ફરવા જણાવ્યું. જો સીધેસીધા નહીં આવો તો મજબૂર કરીને પણ મક્કા લઈ જઈશું.

હઝરતે તે લોકોની વાત કાન પર ન ધરતાં ઊંટને તે લોકોની સામે નજીક કર્યું. હઝરત અલી ને આગળ વધેલા જોઈ હરબ બિન ઉમ્મ્યાના ગુલામ જન્નાહે તલવાર ખેંચી અને સામે આવ્યો. અસદુલ્લાહના ગુસ્સાનો પાર ન રહ્યો. કારણ કે આપે પોતાના મા, પોતાના અહલીયા જેવી નેકબખ્ત ઓરતોનું પણ રક્ષણ કરવાનું હતું. આપે તલવાર પર હાથ મૂક્યો અને ઊંટને તે લોકોની

વધુ નજીક લઈ ગયા. જન્નાહે હઝરત અલી ઉપર પ્રથમ વાર કર્યો. પણ રહમતે ઈલાહી તે વાર ખાલી ગયો. પછી આપે પોતાનો તલવારના એક જ ઝાટકે તેના બે ટૂકડા કર્યા તેના સાથીઓ ઉપર અલ્લાહે ખોફ સવાર કરી દીધો. તેઓ ભાગી છૂટ્યા.

અમીરૂલ મોઅમેનીને તે રાત કોહે ઝનનાનની તળેટીમાં જ પસાર કરવી પડી. કારણ કે આ બદમાશો સાથેની ઝપાઝપીમાં સાંજ ઢળવા આવી હતી. વળી સાથે ઓરતો પણ હતી. બીજા દિવસે સવારે આ કાફલો મદીના તરફ ચાલ્યો ગરમીની સીજન, લાહ્ય જેવી ગરમી, રેતીનું રણ ગરમ દાઝાડતી ઉડતી રેતી, હઝરત અલી (અલ.)ના પગ ઉપર છાલાં પણ પડી ગયા હતા. આપ મકામે કુબા પહોંચી ગયા.

શું દ્રશ્ય હતું ! રસૂલેપાક આંખોમાં આંસુ સાથે, આગળ વધ્યા, આપને છાતી સરસા ચાપી દીધા. પેગંબરે ઈસ્લામે પોતાના મુબારક હાથો વડે અલીના શરીર અને કપડાં પરથી માટી સાફ કરી, પછી એકાદ બે દિવસ રોકાઈ કાફલો મદીનામાં દાખલ થયો.

આજે હિજરીસનનું ૧૪૨૨મું વર્ષ ચાલે છે. રસૂલે ઈસ્લામની હિજરતના પ્રથમ વર્ષથી મુસલમાનોમાં હિજરીસનની શરૂઆત થઈ. ઈસ્લામના પ્રચાર-પ્રસારને હિજરતને ખાસ સંબંધ છે. મદીનામાં ઈસ્લામની એક શક્તિશાળી હુકુમત બની, એક ઈસ્લામી સ્ટેટની રચના થઈ. કુર્આનના હુકમો લાગુ થયા. હિજરત એક ઘણી જ અગત્યની ઘટના છે. જબલે શોરનું મહ્વ આ પ્રસંગને કારણે

ખૂબ જ વધી જાય છે. ગારે શોરને જોવું, તે સમયના ઈતિહાસને સમજવું આ બધી વાતો એક ઈબાદત છે, ગારે શોરમાં અલ્લાહની રઝામંદી ખાતર બે રકાત નમાઝ પઢવી શું બીદઅત ગણાશે? કેવી રીતે ? વહાબી મુફતીઓ બીદઅત અને શીર્કના નામે ઈસ્લામની નિશાનીઓ જ મીટાવવા માગે છે.

# પ્રકરણ – ૧૬ : એક કડવી વાત

આ જગ્યાએ હું એક કડવું સત્ય રજૂ કર્યા વગર રહી શકતો નથી. એહલે સુન્નતની તબ્લીગી-જમાઅતે ઈસ્લામી વિચારધારામાં મારા જીવનના ૪૦/૪૨ વર્ષો પસાર થયા છે. આ બંને વિચારધારામાં મારો આગેવાનીભર્યો હિસ્સો રહ્યો છે. જેથી ઈસ્લામી ઈતિહાસની અગત્યની ઘટનાઓ ઉપરાંત જે ઘટનાઓ પાછળ ઈસ્લામની હક્કનીયત છુપાયેલી છે. તેને રજૂ કર્યા વગર રહી શકતો નથી.

હઝરત રસૂલે ઈસ્લામની હિજરતની ઘટના માટે પ્રખ્યાત છે કે હઝરત અબુબકરે બે ઊંટણીઓ હિજરત માટે તૈયાર કરેલી, એક પોતાના માટે અને એક રસૂલે ઈસ્લામ માટે. તેના ઉપર બેસીને રસૂલે

હિજરત કરી. આવા તો કેટલાય ગપગોળાઓ યઝીદી ઈસ્લામે વહેતા કર્યા છે. કારણ કે યઝીદ અને તેના બાપ મઆવીયાની છાપ કયામત સુધી આપણે ઈસ્લામ પરથી ભૂંસી શકવાના નથી. આ બંને બાપ-બેટાના શાસનકાળમાં જે ગપગોળાઓ ઈસ્લામના નામથી હદીસની કિતાબોમાં આયોજન સાથે ગોઠવવામાં આવ્યા, તેની એક લાંબી અનુક્રમણિકા બને એમ છે.

પ્રથમ વાત તો સ્પષ્ટ કરી દઉં કે હઝરત અબુબકર, ઉમર અને ઉસ્માન આ ત્રણે વ્યક્તિઓનું રસૂલ (સલ.)ના મિશનમાં કે ઈસ્લામમમાં કોઈ જ મહ્‌વ ન હતું. ફક્ત એટલું જ તે બંને મિત્રો પોતાની દીકરીઓ રસૂલના નિકાહમાં આપવામાં કામ્યાબ રહ્યા. ઉપરાંત પેગંબર (સલ.)ના ઈન્તિકાલ પછી

રસૂલે ઈસ્લામના મિશનના સાચા રૂહાની વારસદાર મિનઝાનિબિલ્લાહ ખાલીફા હઝરત અલી (અલ.)નો હક મારી રસૂલે સ્થાપિત કરેલી ઈસ્લામી હુકુમતના માલીક બની બેઠા.

ઈસ્લામી ઇતિહાસ તો કહે છે કે રસૂલે હિજરત સમયે હઝરત અબુબકરને પોતાની સાથે લીધા નથી. ન તો રસૂલને આ બંને સાહેબો ઉપર વિશ્વાસ હતો. રસૂલે ઈસ્લામની હિજરતને હઝરત અલી અને હઝરત ફાતેમા સિવાય કોઈ જાણતું ન હતું. છતાંય નબીની હિલચાલ ઉપર નજર રાખનાર હઝરત અબુબકર પામી ગયા કે નબી (સલ.) મક્કા છોડી ગયા છે. જેથી આપ (સલ.)ની પાછળ પાછળ રવાના થઈ ગયા. હઝરત અબુબકરને પાછા કાઢવામાં (પોતાની સાથે ન લઈ જવામાં) ભય હતો

કે કાફિરો ઉપર વાત ખૂલી જાય. તેમને ગારે શોરમાં સાથે લઈ લેવામાં જ સલામતિ હતી. જેથી પેગંબરે ઈસ્લામે તેમને સાથે લઈ લીધા.

કુર્આનેપાક રસૂલની હિજરતના ઉલ્લેખને લગતી સુરએ તોબાની ચાલીસમી આયાત જેને એહલેસુન્નત બિરાદરો હઝરત અબુબકરની ફઝીલત માને છે. તેનો તરજુમો અમો અત્રે રજૂ કરીએ છીએ. જેમાં કોઈ ફઝીલત નથી.

## સુરા તોબાની ચાલીસમી આયત.

“અગર તમે રસૂલની મદદ નહીં કરો, તો કાંઈ પરવા નથી. ખચીત જ અલ્લાહે તો તેની મદદ એવા સમયે કરી હતી, જ્યારે તે લોકોએ કે, જેઓ ઈમાન લાવ્યા ન હતા (તેમણે) તેને એવી હાલતમાં કાઢી મૂક્યો હતો, કે તે બે માંહેનો બીજો

હતો. જ્યારે કે તેઓ બંને ગુફામાં હતા. તે વેળા રસૂલ પોતાના સાથીને કહી રહ્યા હતા કે હાયવોય કર નહિ, નિ:સંશય અલ્લાહ આપણી સાથે છે.”

“બે માંહેનો બીજો” કુર્આનનો આ શબ્દ પ્રયોગ રસૂલે ખુદા માટે છે, ન કે હઝરત અબુબકર માટે. “ઇઝ યકુલો લેસાહેબેહી” તેણે પોતાના સાથીને કહ્યું, મતલબ રસૂલે કહ્યું, “લાતહઝન” ડરો નહિ. અહીં તો રસૂલ હઝરત અબુબકરને તતડાવી રહ્યા હતા. “રસૂલ પોતાના સાથીને કહી રહ્યા હતા.” “ઈઝ યકુલો લેસાહેબેહી” અર્થાત તેણે પોતાના સાથીને કહ્યું, મતલબ પેગંબરે ઈસ્લામે અબુબકરને કહ્યું

અહીં કુર્આને હઝરત અબુબકર માટે “સાહિબ” શબ્દ પ્રયોગ કર્યો છે. ઓલમાએ એહલે સુન્નત આ “સાહિબ” શબ્દના અનુસંધાનમાં પોતાના

અનુયાયીઓને છેતરી રહ્યા છે, કહે છે કે હઝરત અબુબકરને તો અલ્લાહે રસૂલના સાથી કહ્યા. આ એક ઉઘાડી છેતરપીંડી છે. જે આલિમો પોતાનો અકીદો બચાવવા માટે કરી રહ્યા છે.

કુર્આનમાં તો આવા સેંકડો દ્રષ્ટાંતો છે. જેમાં “સાહિબ” શબ્દ મોમીન, કાફિર બંને માટે વપરાયો છે.

જુઓ સૂરએ યુસુફ આયત નં. ૪૧ જેમાં કાફિર માટે સાહિબ શબ્દ વપરાયો છે. એ જ સુરએ યુસુફની ૩૯મી આયતમાં પણ અલ્લાહે કયદખાનાના કાફિરો માટે “સાહિબ” શબ્દ પ્રયોગ કર્યો છે. બીજા પણ અનેક દ્રષ્ટાંતો છે, જેનો આ નાની કિતાબમાં અવકાશ નથી, મદીનાની હિજરતના વિષયમાં જો વાચકો વધુ વિસ્તારથી

માહિતી ઇચ્છતા હોય તો અમારી કિતાબ “ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૧”ના ૧૭ અને ૧૧ બંને પ્રકરણો અવશ્ય વાંચી જાય.

બીજી એક કડવી વાત પણ હું અત્રે લખ્યા વિના રહી શકતો નથી.

મુસલમાનોની કિતાબોમાં હઝરત ઉમરની બહાદુરીના ખૂબ જ વખાણ છે. કહે છે કે હઝરત ઉમરના ઈસ્લામ લાવ્યા પછી મુસલમાનો કાબાની અંદર નમાઝ અદા કરતા થયા, હઝરત ઉમર ખૂબ જ બહાદુર હતા. તે કોઈ રૂસ્તમ પહેલવાન જેવી વ્યક્તિ હોવાનું ચિત્રણ મુસલમાનોનો ઈતિહાસ કરે છે.

તો અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે પેગંબરે ઈસ્લામની હિજરત વખતે હઝરત ઉમર ક્યાં સંતાઈ

ગયા હતા ? ત્યાં રસૂલની મદદે આવતા કેમ દેખાતા નથી ? બલ્કે સમગ્ર હિજરતના સમયગાળામાં આપનું નામ જ ઈતિહાસમાં દેખાતું નથી. ફક્ત હઝરત અબુબકરનું નામ છે. તે પણ રસૂલની હિંમતને તોડતા અને રસૂલને ડરાવતા દેખાય છે. જેમાં કુર્આને “હાયવોય ન કર” શબ્દ પ્રયોગ કર્યો છે.

હઝરત ઉમરની પોતાની હિજરત માટે એવાં બણગાં ફૂકવામાં આવે છે કે તેમણે હિજરત કરી ત્યારે પ્રથમ સમગ્ર મક્કામાં જ્યાં કાફિરોના ટોળાં જમા થતાં હતાં ત્યાં. દરેક ટોળી પાસે વારાફરતી ઉઘાડી તલવાર સાથે ગયા અને કહ્યું, “હું આવતીકાલે હિજરત કરવાનો છું. જે એમ ઈચ્છતો હોય કે તેની પત્ની વિધવા બને અને તેના

બાળકો યતીમ બને, તે મારી પાછળ આવીને મને રોકે” આ જ હઝરત ઉમર રસૂલે ઈસ્લામની હિજરત વખતે તેમની કોઈ જ મદદ કરતા નથી. બલકે રસૂલ રાતના અંધકારમાં હિજરત કરે છે. ગારે શોરમાં રાતે જ પહોંચીને તેમા આશરો લે છે. ત્રણ દિવસ ત્યાં જ રોકાય છે. આ બધી જ ઘટનાઓ બુદ્ધિશાળીઓ માટે હિદાયતનો રસ્તો ખોલે છે.

હઝરત અબુબકર માટે કહેવાય છે કે તેઓ પેગંબર ઉપર ઈમાન લાવનાર પ્રથમ પુરુષ છે. જોકે આ વાત ઐતિહાસિક દ્રષ્ટિએ સાચી નથી. બલ્કે અબુબકર અગાઉ પચાસ વ્યક્તિઓ ઈમાન લાવી ચૂકી હતી. પરંતુ અમારી દ્રષ્ટિએ અત્યારે એ વાત ચચર્મિાં નથી, માની લઈએ કે તે પ્રથમ વ્યક્તિ હતા. છતાંય એહલે સુન્નતની તારીખે તબરીની

રીવાયત અનુસાર પણ આપ પાંચમાં વ્યક્તિ ગણાય છે. આપના પરમ મિત્ર જનાબ ઉમર નુબુવ્વતના સાતમા વર્ષે ઈસ્લામના વર્તુળમાં દાખલ થયા. કેટલાક ઈતિહાસકારોની દ્રષ્ટિએ હઝરત ઉમર નુબુવ્વતના છા વર્ષની આખરમાં ઈસ્લામ લાવ્યા.

## શોઅબે આબી તાલિબમાં બાયકોટ

પેગંબરે ઈસ્લામે કુંટુંબ કબીલા વગરના ગરીબ મુસલમાનો જેમના ઉપર ખૂબ જ જુલમ થતો હતો તેમને હબશા જવાની છૂટ આપી દીધી હતી. ઘણા બધા સ્ત્રીપુરુષો બાળકો હબશા હિજરત કરી ગયા હતાં.

કુફ્ફારે મક્કા આથી ઘણા જ ગુસ્સે ભરાયા હતા. તેઓનું એક પ્રતિનિધિમંડળ હબશાના

બાદશાહ પાસે ગયું. કે તે મુસલમાનોને પોતાના દેશમાંથી કાઢી મૂકે. આશરો નહીં આપે. પરંતુ શાહે હબશાએ ઈન્કાર કર્યો. બલકે મુસલમાનોને દેશમાં ગમે ત્યાં વસવાની છૂટ આપી. આ બધી પરિસ્થિતિથી નિરાશ અને માયુશ કુફ્ફારે મક્કાએ બાકાએદા એક લખાણ લખીને તેને કાબાના દરવાજે ચીપકાવ્યું. જે દ્વારા બધા જ કબીલાઓએ પેગંબરે ઈસ્લામ અને મુસલમાનો સાથે સંપૂર્ણ બાયકોટ કર્યો. સમગ્ર મક્કાએ લેવડ-દેવડ, ખરીદ-વેચાણ વિનિમય સંપૂર્ણ બંધ કર્યો અહીં સુધી કે વાતચીત પણ બંધ કરવામાં આવી.

આ પરિસ્થિતિમાં સમગ્ર મક્કામાં છુટાછવાયા રહેતા બની હાશિમ અને ગરીબ મુસલમાનો માટે જીવન મુશ્કેલ બની ગયું. મજબૂર

થઈને ઈમાનના આ બીજને શોઅબે અબી તાલિબમાં (પહાડોની તળેટીમાં) આશરો લેવો પડ્યો. જેમા જનાબે અબુ તાલિબ સાથે હતા. પોતાના કુટુંબ કબીલાને લઈને કુફ્ફાર રાતે અચાનક હુમલો ન કરી દે એ ડરથી રસૂલની પથારી વારંવાર બદલતા રહેતા. પોતાના પુત્રોને રસૂલના બિસ્તરા ઉપર સૂવાડી દેતા. ખાસ તો હઝરત અલી (અલ.) ને સૂવાડતા. જનાબ અબુ તાલિબ પોતે જ પહેરો ભરતા. નુબુવ્વતના રક્ષણ માટે હંમેશા ઈમામત આગળ આગળ રહી છે. આ ઇમાનના બીજ શોઅબે અબી તાલિબમાં રહ્યા. પાદડાં ચબાવ્યાં, સ્ત્રીઓના દૂધ સૂકાય ગયાં. નાના બાળકોનું રૂદન પથ્થરદીલ ઈન્સાનોને પણ નરમ બનાવી દેતું. આ કયદ દરમ્યાન કુફ્ફારે કુરૈશ હજ

યાત્રીઓને પણ આ લોકો સાથે મળવા દેતા ન હતા. જેથી કંઈક ખાવાપીવાનો સામાન આ લોકો મેળવી શકે.

જીવનના આ અતિ મુશ્કેલ દિવસોમાં હઝરત અબુબકર અને હઝરત ઉમર શોઅબે અબીતાલિબમાં ન હતા. રસૂલે ઈસ્લામની સાથે ન હતા. આ કયદ બની હાશિમને હતી. ત્યારે આ બંને બુઝૂર્ગો મક્કામાં આસાનીથી જીવન ગુજારતા હતા. આ પૂરા ત્રણ વર્ષના સમયમાં રસૂલે ઈસ્લામને કોઈ મદદ પહોંચાડવાની ઘટના પણ આ બંને બુઝૂર્ગો માટેની નોંધાઈ નથી. બીજા અનેક લોકો છાનાછપના કાફિરોની નજર ચૂકવીને કંઈક મદદ આપી જતા. બલકે ઈતિહાસ તો કહે છે કે જનાબ ઉમરના નાટકીય

ઢબે ઈસ્લામ લાવવા અને તેની જાહેરાતના કારણે રસૂલે ઈસ્લામની તકલીફોમાં વધારો કર્યો હતો.

જો હઝરત ઉમર ખૂબ જ બહાદુર હતા તો કુફ્ફારે મક્કાનો મુઆહેદો (લખાણ) ફાડી કેમ ન નાખ્યો ? શોઅબે અબી તાલિબમાંથી આ લોકોને બહાર કેમ ન લાવ્યા ? બલ્કે હઝરત ઉમરે મદીનાની હિજરત લપાય છુપાઈને કરી છે. છાનામાના રાતના જ ગૂપચૂપ મદીના ચાલી નીકળ્યા હતા. દીને હકની તલાશ કરતા વ્યક્તિઓને તંદુરસ્ત દિમાગ સાથે, ઈન્સાફનો દામન પકડી આ બધી ઘટનાઓનો તલસ્પર્શી અભ્યાસ કરવાનું અમો સૂચન કરીએ છીએ.

# પ્રકરણ – ૧૭ : આબે ઝમઝમ અને સઈ

પ્રથમ દિવસ તવાફ વખતે જ મકામે ઈબ્રાહીમ, હજરે અસવદ અને ઝમઝમના કૂવા વગેરેથી વાકેફ થઈ ગયા હતા. આ અતિ પવિત્ર સ્થળો નબીઓની નિશાનીઓ છે. આ જગ્યાઓને તવહીદ, નુબુવ્વત અને ઈમાન સાથે સંબંધ છે. સઆએરીલ્લાહ (અલ્લાહની નિશાનીઓ) છે. કાબતુલ્લાહના એરીયાની બહાર પરંતુ લગોલગ જ ઝમઝમનો કૂવો છે. જ્યાંથી મશીન દ્વારા બધે પાણી સપ્લાય થાય છે. આ એક અજીબોગરીબ મોઅજેઝો છે કે લાખો ગેલન પાણી નીકળ્યે જ જાય છે. બેશુમાર વપરાશ હોવા છતાં કદી આ મીઠા અને પવિત્ર પાણીની ખોટ વરતાતી નથી.


amillibrary.com

સફા અને મરવા બે પહાડીઓ છે. બંને વચ્ચે લગભગ ૧ કીલોમીટર જેટલું અંતર હશે. જેની સઈ (દોડ) સાત ફેરા દરેક હોં માટે કે ઉમરાહ કરનાર માટે વોંબ છે. સફા પહાડી પરથી મરવા પહાડી ઉપર એક ચક્કર ગણાય છે. પછી મરવા પહાડી પરથી શફા ઉપર આવતા બીજો ચક્કર ગણાય છે. આમ દરેક હોંએ તથા ઉમરાહ કરનારે કાબાનો તવાફ કર્યા પછી સાત ચક્કર શફા-મરવાના ફરજિયાત લગાવવા પડે છે. જેને સઈ કહેવાય છે.

શફા મરવાની સઈ શા માટે છે ? તે અંગે આપણે થોડીક જાણકારી મેળવીએ.

શફા મરવાની સઈ શા માટે ?

અંબિયા અને મુરસલીનની અઝમત આપણી ઉપર વોંબ કરવામાં આવી છે. તેનાથી પણ એક કદમ આગળ વધીએ છીએ. ખુદાવંદેઆલમનો ઈરશાદ છે.

**ઝાલેક વ મંય્યોઅઝઝીમ શઆએરલ્લાહે ફઈન્નહા મિન તકવલ કોલુબ**

(સુરા હજ આયાત નં. ૩૨)

**અર્થાત** - અને જે વ્યક્તિ અલ્લાહની નિશાનીઓની તઅઝીમ કરશે. (તેને માન આપશે.) તો નિશંસય તે કાર્ય દીલોની પરહેઝગારી માંહેનું ગણાશે."

ખાનએ કાબા, હજરે અસવદ, મકામે ઈબ્રાહીમ શાઆએરીલ્લાહ (અલ્લાહની નિશાનીઓ) છે. જે પથ્થરો છે અથવા પથ્થરમાંથી બનેલા છે.

છતાંય ખુદાવંદે આલમે તેમની તઅઝીમ કરવાનો આપણને હુકમ આપ્યો. કાબાનો તવાફ કરવો, રૂકનેયમાનીને અડકવું, હજરે અસવદને બોસો આપવો, મકામે ઈબ્રાહીમની નજીક નમાઝ પઢવી. આ બધી જ ક્રિયાઓ તઅઝીમે શઆએરીલ્લાહ છે. અને આ બધી જ તઅઝીમ ખુદાની ઈબાદત ગણાય છે. આ બધાની તઅઝીમ કરવાથી સવાબ મળે છે.

હકીકતમાં આ બધી તઅઝીમ અલ્લાહના માટે જ છે. અથવા તેમની તઅઝીમનો પરવરદિગારે હુકમ ફરમાવેલ છે. હજરે અસવદની તઅઝીમ પણ બહુકમે ખુદા છે. કોઈ મુસલમાન આ બાબતોને શીર્ક કહી શકતો નથી. મતલબ કે એક પથ્થરની પણ તઅઝીમ થઈ શકે છે. પરંતુ બહુકમે ખુદા. તો પછી અંબિયા, અઈમ્માની તઅઝીમ કેમ

ન થઈ શકે ? જ્યારે કે ઘણીબધી આયતોમાં અલ્લાહતઆલાએ અંબિયા અઈમ્માની શાન અને અઝમત વર્ણવી છે. મસલએ તવસ્સુલમાં (તવસ્સુલ એટલે ઝરીયો, આધાર, કાર્યસિદ્ધિ માટે કોઈને વચમાં નાખવું.) આ બાબત પ્રમાણિત છે કે તે વ્યક્તિને ખુદાની બારગાહમાં વસીલો બનાવી શકાય છે. જે ખુદાની નજરોમાં મુકર્રમ અને મોઅઝઝમ હોય. આ બાબત પ્રમાણસિદ્ધ છે, નિર્વિવાદ છે, ઝઘડા વગરની છે કે અંબિયા - અઈમ્માને ખુદાની સમક્ષ ઝરીયો બનાવવામાં આવે, પોતાના કાર્યોની સિદ્ધિ માટે વસીલો લેવામાં આવે.

આખરે સફા મરવા શું છે ? આમને-સામને આવેલી બે પહાડી તો છે. તેની સઈ કરવી તેને

સાત ચક્કર લગાવવા શા માટે ? અને તે પણ કયામત સુધી આવનાર વિશ્વની તમામ ઈન્સાનિયત માટે વોંબ શા માટે ? એ પહાડીઓમાં શું છે ? બીજા પહાડોની જેમ કાળા પથ્થરો તો છે. પણ ભાઈઓ ! એ શઆએરીલ્લાહ છે. એ પથ્થરો ઉપર એક નબીના અને નબીની મા ના પવિત્ર કદમ મુબારકો પડેલા છે. તે બીબીના કદમ જેણે પોતાના ખુદાના હુકમની એવી તાબેદારી કરી, જેવી આપણા જેવા સામાન્ય ઈન્સાનો કરી શકતા નથી. હઝરતે બીબી હાજરા - હઝરત ઈસ્માઈલ (અલ.)નાં અમ્મા સાહિબાએ આ બયાબાન રેગીસ્તાન, તપતી આગ ઝરતી રેતી, ધમધગતા બપોર અને અંધકારમય રાતની ભયાનકતા, પાણીનું કે ઈન્સાનનું નમોનિશાન નહિ. અરે તે સિવાયના કોઈપણ

જીવજંતુ ત્યાં ન જીવી શકે એવા ભયાનક રેતીના રણની પહાડીઓ.

એક માનો વલોપાત અલ્લાહને પસંદ આવી ગયો. જે મા પોતાના નાના બાળકને જીવાડવા માટે આવી ભયાનક જગ્યાએ પાણીની તલાશમાં હાફણીફાંફણી દોડતી હતી. તે બાળક પાણી વગર રડતું હતું. તે મા પાણીની તલાશમાં ગરમ બપોરે પોતે પણ પ્યાસી અને ભૂખી આમતેમ દોડતી હતી. પોતાના અલ્લાહને રાઁ કરવા ખાતર. અલ્લાહનો હુકમ નબીને થયો. નબીએ તે હુકમ પોતાની બીબીને પહોંચાડયો, બીબીએ કહ્યું “આમન્ના સકના”

બસ અલ્લાહની રહમત જોશમાં આવી. મારી બંદીની અદા કયામત સુધી ચાલુ રાખો. શફા મારવાની સઈ કરો.

અલ્લાહની તે નેક બંદી હઝરત હાજરા, હઝરત ઈબ્રાહીમ (અલ.)ના અહલીયા અને હઝરત ઈસ્માઈલ (અલ)ના મા થાય છે.

હઝરત ઈબ્રાહીમ (અલ.) બાબુલ અરબના ઈલાકામાં તબ્લીગનું કાર્ય કરતા હતા. બાદશાહ નમરૂદ આપનો જાની દુશ્મન બની ગયો હતો. આપને અનેક રીતે સતાવ્યા. ભયાનક આગ સળગાવી તેમાં નાખ્યા. છતાંય નબી તો સાજામાજા નીકળ્યા. છેવટે થાક્યો, કહ્યું કે આ ઈબ્રાહીમને મારી હુકુમતમાંથી દેશનિકાલ કરો, એનો બધો માલસામાન જાનવરો પણ લઈ લો, જે એણે

(હઝરત ઈબ્રાહીમ અલ. એ) આપણી હુકુમતમાં રહીને કમાયો છે. હઝરત ઈબ્રાહીમ (અલ.) એ કહ્યું કે "માલ સામાન લેવાનો હુકુમતને કોઈ અધિકાર નથી. જો એ માલસામાન જાનવરો લઈ લે તો નમરૂદ મને મારી તે જિંદગીનો સમય પાછો આપે જે મેં આ મુલકમાં વીતાવ્યો છે." નમરૂદથી કોઈ ઉત્તર આપી શકાયો નહીં. આપને આપના માલસામાન જાનવરો સાથે દેશનિકાલ કરવામાં આવ્યા.

હઝરત ઈબ્રાહીમ (અલ.) પોતાના અહલીયા જનાબ સારા અને પોતાના ભત્રીજા હઝરત લુત (અલ.)ને લઈને બાબુલથી ચાલી નીકળ્યા. હલબ અને દમિશ્કના રસ્તે ફલસ્તીન આવ્યા. જેને તે જમાનામાં કીનઆન કહેવાતું હતું.

ફલસ્તીનમાં આપનું રહેઠાણ યરૂસલેમથી પંદર કીલોમીટર દૂર જરૂન નામનું ગામ હતું. આપ આ જગ્યાએ રોકાઈને ઈન્સાનોને દઅવતે તવહીદનું શિક્ષણ આપવા લાગ્યા. અમ્ર બિલ મઅરૂફના કામમાં આપને ઘણી મુશ્કેલીઓ ઝીલવી પડી.

એક વખત પોતાની અહલીયા સાથે ક્યાંક જઈ રહ્યા હતા. ત્યારે મિસરના શાહની દ્રષ્ટિ આપની અહલીયા સારા ઉપર પડી. તેની નિય્યત બગડી. તેણે કંઈક મોકો પામીને ચેનચાળા કરવા ઇચ્ચુંીન. જેવો હાથ લંબાવ્યો, તો અલ્લાહે તે હાથને સૂકવી નાખ્યો. હાથ નિર્જીવ થઈ ગયો. આ પરિસ્થિતિ જોઈને શાહે મિસરે પોતાની ગલતીની માફી ચાહી, તોબા કરી, કંઈ ભેટસોગાદો પણ નબીની ખિદમતમાં પેશ કરી. હાથ સારો થઈ ગયો. આ ભેટ

સોગાદોમાં હાજરા નામની એક કનીઝ પણ હતી. જે કનીઝ પાછળથી હઝરત ઈબ્રાહીમ (અલ.)ના હરમમાં આવી ગયાં. સાથે સાથે આ તવહીદ પરસ્તોના ખાનદાનનો એકભાગ બની ગયાં.

તારીખે તબરીનો કર્તા લખે છે કે હઝરત હાજરા મિસરના ફિરઓન અલવાન ઈબ્ને સનાનની પુત્રી હતી. હઝરત ઈબ્રાહીમ (અલ.) એ મિસરથી જરૂન આવીને તેને પોતાનું રહેઠાણ બનાવી પરવરદિગાર પાસે અવલાદની દુઆ કરી. જેથી દઅવતે તવહીદમાં તેમનો મદદગાર બને. અલ્લાહે આપની દુઆ કબૂલ કરી. આપ છયાસી વર્ષના હતા અને હાજરાના પેટથી પ્રથમ પુત્ર હઝરત ઈસ્માઈલનો જન્મ થયો. પછી થોડાક જ સમય

પછી હઝરત સારાને પણ પુત્ર જન્મ થયો. જે અવલાદથી માયુસ થઈ ગયાં હતાં.

હઝરત સારાની ગોદ ભરાઈ તો તેમણે હઝરત ઈબ્રાહીમ (અલ.)ને કહ્યું કે આપ હાજરા અને ઈસ્માઈલને કંઈ બીજે લઈ જાઓ. અલ્લાહના હુકમથી હઝરત ઈબ્રાહીમ (અલ.) હાજરા અને હઝરત ઈસ્માઈલ (અલ.)ને લઈને હિજાઝે મુકદ્દશના રણમાં (જ્યાં અત્યારે કાબા છે) આવ્યા. આ ભયાનક રણ જ્યાં પાણીનું નામોનિશાન ન હતું. ઈન્સાનની તો શું વાત કરવી પરંતુ કોઈ પશુ પક્ષી પણ અહીં જીવીત રહી શકે એમ ન હતું. પરંતુ અલ્લાહ વહદહુ લાશરીકલુહએ રોઝે અઝલથી આ નક્કી કરી રાખ્યું હતું કે આ સહરાને બરબાદ ન રાખશે. બલ્કે આબાદ કરશે. બલ્કે આ મુકદ્દશ

સરજમીનને ઉમ્મુલ કુરા (આબાદીઓની મા - જ્યાં વસ્તીઓ પેદા થતી હોય એવી જગ્યા - સરચશ્મા) બનાવશે.

હઝરત ઈબ્રાહીમ (અલ.) દ્વારા આ વેરાન જગ્યાએ આબાદીની શરૂઆત થઈ. આપે હઝરત હાઝરા અને હઝરત ઈસ્માઈલ (અલ.)ને અહીં ઠેરાવ્યાં. આ રીતે કુદરતે આ બંઝર રેગીસ્તાન, સૂક્કી પાણી વગરની જમીનને પોતાની રહમતમાં લઈ લીધી.

હઝરત ઈબ્રાહીમ (અલ.)ને અલ્લાહનો હુકમ હતો કે આ બંને મા-દીકરાને અહીં છોડી જલ્દીથી ફલસ્તીન જઈ પોતાનું તબ્લીગી મિશન સંભાળી લો, જરાપણ રોકાશો નહિં. જેથી ખલીલુલ્લાહ આ બંનેને એકલા છોડીને પાછા

ફરવાનો ઈરાદો કરે છે. તો આ નેક ફરમાંબરદાર બીવી અને નૂરેનઝર માસુમ દૂધપીતા બાળકને જોઈને આપની આંખો અશ્રુભીની થાય છે. જ્યારે આપ આ બયાબાન રેગીસ્તાનમાં આ લોકોને તન્હા છોડીને કોહેકદાના વળાંક પર પહોંચ્યા જ્યાંથી આ લોકો દેખાતા બંધ થતા હતા. તો પાછા ફરીને જોયું. હાજરા અને ઈસ્માઈલને જોયાં, એક અબળા નેક પ્રેમાળ પત્ની અને માસુમ નાના ફરઝંદને જોઈ રડી પડ્યા, ખૂબ જ રડ્યા, આ કસોટી હતી નબીની. રડતાં રડતાં અલ્લાહથી દુઆ માગી, જે દુઆના શબ્દો - નબીની ઝબાનથી નીકળ્યા તે અલ્લાહને એટલા પસંદ પડ્યા કે કયામત સુધીના કરોડો ઈમાનવાળાઓ અબજો વખત કુર્આનની તીલાવત

કરશે. આ આયતોને જરૂરથી પઢશે. જે નબીના અંત:કરણની અવાજ છે.

(સુરએ ઈબ્રાહીમની ૩૬મી આયત.)

**રબ્બના ઈન્ની અસકન્તો મિન ઝૂર્રીય્યતી**
**બેવાદીન ગયરે ઝી ઝરઈન, ઈન્દ બયતેકલ**
**મોહર્રમ, રબ્બના લે યો કીમુસ્સલાત ફજઅલ**
**અફઈદતમ મિનન્નાસે તહવી એલયહીમ**
**વરઝૂકહુમ મિનસ્સમરાતે લઅલ્લહુમયશકોરૂન.**

(સુરા ઈબ્રાહીમ આયત નં. ૩૭)

"પરવરદિગારા ! મેં તારા મુકદ્દશ ઘરની પાસે એવી જમીન ઉપર જ્યાં ખેતીવાડી નથી થતી, મારી કેટલીક અવલાદને વસાવી છે. એટલા માટે કે અય મારા પરવરદિગાર, તેઓ નમાઝ કાયમ કરે, તો તું કેટલાક લોકોના દીલોને તેમના તરફ વાળી

દે તથા તેમને ફળોની રોજી આપ, જેથી તેઓ તારા શુક્રગુઝાર બંદા બને.”

ખલીલુલ્લાહને અલ્લાહની કુદરત ઉપર પુરૂં યકીન હતું. છતાંપણ આ દુઆ કર્યા પછી તેમનું દીલ વધારે સંતોષ પામ્યું. પછી તો આપ જે દિશામાથી આવ્યા હતા. તે દિશામાં જલ્દીથી રવાના થયા. કે કંઈ પત્ની અને માસુમ બચ્ચાની મહબ્બતમાં મોડું થઈ જાય, તો ખુદાની નાફરમાની થઈ જાય. નબીઓ અને ઈમામોના કદમ કદી ડગમગતા નથી હોતા. દરેક નબી અને ઈમામ અલ્લાહની કસોટીમાંથી પાર ઊતર્યા છે.

આ તરફ જનાબ હાજરા નેકબખ્ત ઓરત, અલ્લાહના હુકમને માન આપી, પોતાના શોહર નબીની વાત ઉપર સંપૂર્ણ વિશ્વાસ કરી ચાદર તાણી

છાંયડો કરે છે. માથું ફાટી જાય એવી ગરમીમાં પોતાના માસુમ બચ્ચાને લઈને ચાદરમાં છુપાવીને બેસી જાય છે. જો કે ચારે દિશામાં ખામોશી અને સન્નાટો હતો. પરંતુ આ બુલંદ હિંમત ખાતુન નાહિંમત ન થઈ, હાયવોય ન કરી. અલ્લાહ ઉપર ભરોસો કરીને રેતીના આ રણની જિંદગીને જેમાં ફક્ત બે જ જીવ હતા પોતે અને બચ્ચું, બખુશી સ્વીકારી લીધી. થોડુંક પાણી પાસે હતું. તે અડધા દિવસમાં ખતમ થઈ ગયું. હવે પાણીની ચિંતા થઈ. થોડીવાર ધીરજ રહી, પછી જેમ જેમ સૂરજ તપતો ગયો ગરમીમાં પ્યાસ વધવા લાગી, બચ્ચાના મુરઝાયેલા ચેહરા ઉપર દ્રષ્ટિ કરતાં જ જનાબ હાજરા બેચેન થઈ ગયાં. આ વિચારથી કે કદાચ કોઈ દિશામાંથી પાણી હાથ લાગી જાય. ઊભા થયાં.

શફા અને મરવા પહાડીઓની ટોચ ઉપર ચઢીને આમતેમ જોવા લાગ્યાં. આ પહાડીઓના દરમ્યાન સાત ચક્કર લગાવ્યા. પાણીની તલાશમાં ચક્કર લગાવતાં લગાવતાં પણ નાના બાળકની (હઝરત ઈસ્માઈલ અલ.ની) ચિંતા સતાવતી હતી. વારંવાર મેદાનમાં સુવાડેલા બાળકને જોતાં, અજીબ બેચેની હતી. અવર્ણનીય ચિંતા હતી. મોત સામે દેખાતું હતું. છતાંય આ ભાગદોરમાં પણ કઈ પાણી નજરે પડ્યું નહિ. જ્યારે થાકથી બદહાલ થઈને-પાણી ન મળતાં નિરાશ થઈને બચ્ચા પાસે આવ્યાં અને જોયું તો પથ્થરોની વચ્ચેથી પાણીનું ઝરણું ફૂટી રહ્યું છે. જોયું તો મીઠું અને ઠંડુ પાણી હતું. ચહેરા ઉપર ખુશી વર્તાઇ, પાણી ખૂબ પીધું. થોડીક પાળ બનાવી કાંકરીઓ એકત્ર કરીને પાણીને રોકવાની કોશીશ

કરી. એકદમ જીભથી નીકળી ગયું “ઝમઝમ” જેનો અર્થ ઈબરાની ભાષામાં “રોકાય જા, રોકાય જા” એવો થાય છે. આ જ શબ્દો આગળ જતાં આ પાણીનું નામ બની ગયા. આપણે આજે પણ આ ઝરણાને ઝમઝમ કહીએ છીએ.

જનાબ હાજરાએ આ પાણી વડે બાળકની અને પોતાની તરસ છીપાવી, પથ્થરો એકત્ર કરી પાણીને રોક્યું, ભેગું કર્યું. પાણીને જોઈને આકાશમાં પક્ષીઓ ઊડવા લાગ્યાં. પક્ષીઓ નીચે ઉતર્યા ઝરણાની આસપાસ પીંડાલ બનાવી પાણી પીવા લાગ્યા. જોતજોતામાં આ ભયાનક રેગીસ્તાનમાં જીવન ધબકતું થયું.

આ સમયગાળામાં બની જરહમનો એક કાફલો યમનથી શામ જતાં પહાડીઓ ઉપરથી

પસાર થતો હતો. તેઓએ પર્વતોની તળેટીઓમાં પક્ષીઓના ઝૂંડ જોયાં. તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. કારણ કે આ અગાઉ તેઓએ આ જગ્યાએ પક્ષીઓને ઊડતાં જોયા ન હતા. અહીં ન તો પાણી છે, ન તો લીલોતરી. ત્યાં પક્ષીઓ કેવાં ?

કાફલો આગળ વધતાં રોકાઈ ગયો. પહાડીઓ પરથી નીચે ઊતર્યો, જોયું તો ખાતુન અને બાળક પણ હતાં. ખાતુને માથું નીચું કરી દીધું. પડદો કર્યો. પાસે જ પાણીનું ઝરણું સરર સરર વહેતું હતું. કાફલાએ ખાતુન પાસે રજા માગી કે જો આપ ઇજાઝત આપો તો અમે પણ અહીં જ વસી જઈએ. આ રીતે આબાદી શરૂ થઈ.

બસ આટલેથી આ કિસ્સાને અટકાવું છું. શફા મરવાની સઈ તે અદા છે. જે એક નેકબખ્ત

ખાતુનની ચિંતા ફિક્ર છે. તેની દોડ છે. જે પરવરદિગારને પસંદ આવી ગઈ અને આપણા માટે કયામત સુધી દરેક હોં ઉપર શફા મરવાની સઈ વોંબ થઈ. આજે પણ તે નેકબખ્ત નબીઓના સદકામાં આ લોકો ફળોની રોજી ખાઈ રહ્યા છે.

## પ્રકરણ – ૧૮ : મક્કામાં અમારો પાંચમો દિવસ

અલ્લાહના ઘરના દરરોજના તવાફ સાથે અલ્લાહના મુકદ્દશ ઘરના ઈતિહાસને વાગોળતો હું વિચારોના વંટોળમાં અટવાઈ જતો હતો. આ તે મુકદ્દશ સરજમીન છે જ્યાં હજારો નબીઓના, બાર ઈમામોના, ચૌદ માસુમીનના, કરોડો અવલીયાઓના કદમ મુબારક પડેલા છે. આ અતિ પવિત્ર માસૂમ હસ્તીઓએ અલ્લાહના આ ઘરની ફિઝામાં શ્વાસ લીધેલા છે. મારા પ્યારા ઈમામ મેહદી (અલ.) તો ત્યાં ઘણેભાગે હોય છે. આ વિચારથી મારા શરીરમાં કપકપી આવી ગઈ. આંખો અશ્રુભીની થઈ. રૂમાલથી આંખો લૂંછતો હું હાથમા અરબી - કુર્આનની દુઆઓ પઢતો પઢતો તવાફ કરતો હતો, ફજરની નમાઝ થઈ ગઈ હતી, ભીડ

વધી રહી હતી. તવાફ પૂર્ણ થતાં હું હોટલ પર આવ્યો. આજે નાસ્તા પછી બાકી રહી ગયેલી ઝિયારતો કરવાની હતી.

સ્નાનાદિ પછી નાસ્તાથી પરવારી બસમાં નીકળ્યા. બસ દોડતી થઈ. અમો મુઝદલફા પહોંચ્યા. જ્યાંથી શેતાનોને મારવા કાંકરીઓ લેવામાં આવે છે. ત્રણ શેતાનોએ હઝરત ઈબ્રાહીમ (અલ.)ને અને હઝરત હાજરા તથા હઝરત ઈસ્માઈલ (અલ.)ને ભરમાવવાની કોશીશ કરી હતી. તે જગ્યા જોઈ. જ્યાં કાંકરા-પથ્થર બીલકુલ ન હતા. જેમ તેમ કાંકરા શોધી શેતાનોને મારવાની કોશીશ કરી, જોકે આ ક્રિયા અમારા ઉમરાહ કરનારા માટે વોંબ ન હતી. છતાં એક એવા સ્થળની મુલાકાત જેમાં નબીઓની દાસ્તાન છે. અને

નબીઓની કસોટીની જગ્યા પણ છે. તે જોઈ ઈમાન તાજું થયું. ત્યાંથી મીના ગયા, ત્યાં કુરબાનીની જગ્યાઓ જોઈ.

## કુરબાની અને શયતાનોને કાંકરી મારવી

હું અગાઉ લખી ચૂક્યો છું કે અલ્લાહતઆલા નબીઓની, ઈમામોની અને પોતાના નેક બંદાઓની કસોટી કરે છે. તેમની હિંમત અને તેમના ઈમાનને ચકાસે છે. તે પાર ઉતરતાં પોતાના વાયદા દુનિયા અને આખેરતના પૂરા કરે છે. અલ્લાહે હઝરત ઈબ્રાહીમ (અલ.)ને ઈમામ બનાવ્યા. તે અગાઉ આપની બહુ ભારે કસોટીઓ કરી છે. એક પછી એક પરીક્ષા લીધી છે. પરંતુ તે દરેક પરીક્ષામાં હઝરત ઈબ્રાહીમ (અલ.) અવ્વલ નંબર આવ્યા છે. આગમાં નાખવામાં આવ્યા, નમરૂદે પોતાની હુકુમતમાંથી

દેશનિકાલ કર્યો. તકલીફો ઉઠાવતા ઉઠાવતા બાબુલ (ફલશ્તીન) પહોંચ્યા. ત્યાં બીબી હાજરાને હઝરત ઈસ્માઈલ (અલ.)નો જન્મ થયો. બીબી હાજરા આપના ખૂબ જ ચહીતી બીબી હતાં. ફરઝંદ ઈસ્માઈલ આપને ખૂબ જ વહાલા હતા. બંને મા-દીકરો આપને ખૂબ જ વહાલાં હતાં. અલ્લાહ ઇચ્છતો હતો કે મારા બંદાના દીલમાં મારો જ પ્રેમ હોય. અમો તેને આખિરતમાં સંપૂર્ણ આરામ આપવાના છીએ. દુનિયા તો અમોએ એની ખરીદી લીધી છે.

અલ્લાહનો હુકમ થયો હાજરા અને ઈસ્લમાઈલને હિજાઝે મુકદ્દશના રણપ્રદેશમાં મૂકી આવો. રોકાશો નહિ. તરત પાછા આવો. તેનું વર્ણન આપણે વાંચી ચૂક્યા છીએ. અલ્લાહને આ નબીથી

કામ લેવું હતું. હઝરત ઈબ્રાહીમ (અલ.) પોતાના કુટુંબ સાથે ભેગા થઈ જાય છે. ઘટનાઓ આપણે છોડી દઈએ છીએ. અત્યારે ખાસ આપણે કુરબાનીની વાત કરવાની છે. સમજવાની છે. શા માટે ? કેમ ? અલ્લાહે હઝરત ઈબ્રાહીમ (અલ.)ને નબીનો હોદ્દો તો પ્રથમથી આપી દીધો હતો. નમરૂદના આગમાં નાખવા અને આપના સબ્રના ઉત્તર તથા દેશનિકાલ ઉપર આપના તહમ્મુલ અને બરદાસ્તની પરાકાષ્ટઠા પછી આપને રસૂલનો હોદ્દો મળે છે. અને છેલ્લે અલ્લાહ આ બરગુઝીદ નબીની અતિકપરી કસોટી કરે છે. પોતાના અતિ-પ્યારા બેટા ઈસ્માઈલની કુરબાની માગે છે. આ કસોટીમાંથી પાર ઉતરતાં આપને ઈમામ બનાવવામાં આવે છે. (જુઓ અલકુર્આન) હઝરત ઈબ્રાહીમ (અલ.)ની

તરફથી ખુદાની બારગાહમાં પેશ કરવામાં આવેલી તમામ કુરબાનીઓમાં હઝરત ઈસ્માઈલ (અલ.)ની કુરબાની સૌથી અગત્યની અઝીમ કુરબાની છે. જેનું વર્ણન એક ખાસ અંદાજથી કુર્આનમાં મોજૂદ છે.

**કુરબાની શા માટે ?**

હઝરત ઈબ્રાહીમ (અલ.)ને બેટા હઝરત ઈસ્માઈલથી ઘણી જ મહબ્બત હતી. એક દિવસ અલ્લાહના આ બરગુઝીદહ નબીએ સ્વપ્ન જોયું કે તેઓ પોતાના પુત્રને ઝબહ કરી રહ્યા છે. આ હુકમે ઈલાહી ખ્વાબની હાલતમાં હતો. એની પરિસ્થિતિ વહી, ઈલ્હામ કે ગયબી આવાજની ન હતી. જેથી હઝરત ઈબ્રાહીમ (અલ.)એ તે દિવસે કંઈ પણ કદમ ન ઊઠાવ્યો. બીજી રાતે ફરીથી વિચારતા રહ્યા કે અલ્લાહ મારાથી શું ઈચ્છે છે ? ત્રીજી રાતે જ્યારે

આપે ફરીથી આ જ ખ્વાબ જોયો, તો આપે વિચાર્યું કે હુકમે ઈલાહી જ છે, જેની તાબેદારી જરૂરી છે જેથી આપે બેટા ઈસ્માઈલ (અલ.)ને જેમની ઉમર લગભગ દસબાર વર્ષની હતી ફરમાવ્યું "બેટા ! હું સ્વપ્નમાં જોઈ રહ્યો છું કે હું આપને ઝબહ કરી રહ્યો છું. તમે વિચારીને મને બતાવો કે આ બાબતમાં તમારો શું મત છે ?

તરત જ હઝરત ઈસ્માઈલ (અલ.) એ ફરમાવ્યું : અબ્બાજાન ! ખુદાના તરફથી આપને જે હુકમ થઈ રહ્યો છે અને જે હુકમ ઉપર આપને મુકર્રર કર્યા છે તેના ઉપર અમલ કરો. ઈન્શાઅલ્લાહ, આપ મને સબ્ર કરવાવાળાઓમાં જોશો (અલકુર્આન)

જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલ.) એ પોતાના ફરઝંદનો પાકો નિર્ણય અને ઈરાદો જોયો તો આપ બીબી હાજરાની પાસે આવ્યા. અને તેમને ફરમાવ્યું “મને એક છરી અને રસ્સી આપો. બીબી હાજરાએ તે વસ્તુઓ આપી. આ બંને બાપ બેટા ઘરથી બહાર મેદાન તરફ રવાના થયા. એક ચોક્કસ જગ્યાએ પહોંચીને હઝરત ઈબ્રાહીમ (અલ.) એ પોતાની કબા જમીન ઉપર બિછાવી દીધી. પછી હઝરત ઈસ્માઈલ (અલ.)ને તેમની ઈચ્છા પ્રમાણે હાથ-પગ બાંધીને પેશાની સામે રાખીને તેના ઉપર સુવડાવી દીધા. ત્યારબાદ આપે પોતાની આંખો ઉપર પણ પટ્ટી બાંધી દીધી. જેથી પુત્રના ઝબહ થવા અને તડપવાના દ્રશ્યને ન જુએ. પછી આપે હઝરત ઈસ્માઈલની ગરદન ઉપર છરી રાખીને તેને

પુરી શક્તિથી ચલાવવા ઈચ્છયું કે હુકમે ઈલાહીથી હઝરત જિબ્રઈલ (અલ.) એ છરી ઉલટાવી નાખી. બીજી વખત પણ આમ જ થયું. કારણ કે અલ્લાહની કુદરત જનાબ ઈસ્માઈલની વંશજોમાં એક અતિ અઝીમ કુરબાનીને જોઈ રહી હતી. તેથી હઝરત ઈબ્રાહીમ (અલ.)ના સ્વપ્નનું રહસ્ય વર્ષો પછી આવનારી કુરબાનીમાં જ છુપાયેલું હતું. જેથી હુકમે ઈલાહીને બજાવી લાવવા સાથે હઝરત ઈસ્માઈલને બચાવવા પણ જરૂરી હતું. જેથી ત્રીજીવાર જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલ.) એ છરી ફેરવી. તો અલ્લાહની કુદરતથી હઝરત ઈસ્માઈલ (અલ.)ને બચાવી લેવાયા, અને તેમની જગ્યાએ દુંબો ઝબહ થઈ ગયો. હઝરત ઈબ્રાહીમ (અલ.) એ જ્યારે પોતાની આંખોથી પટ્ટી હટાવી તો આ જોઈને

આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. જોયું તો હઝરત ઈસ્માઈલ (અલ.) સિજદામાં છે અને તેમની જગ્યાએ ઝબહ થયેલ દુંબો પડેલો છે. આપ બેચેન થઈ ઊભા થયા તો ગયબથી અવાજ આવી

“અય ઈબ્રાહીમ તમે તમારા ખ્વાબને સાચો કરી બતાવ્યો. અમે નેકી કરવાવાળાઓને ભલાઈનો બદલો આપીએ છીએ. અને અમે આ કુરબાનીનો બદલો ઝબહે અઝીમ એટલે કે એક ઘણી મોટી કુરબાનીને માનેલો છે. જે ઈસ્માઈલની વંશમાં અમલમાં આવશે. અને અય ઈબ્રાહીમ ! અમે તમારા દરજ્જાને બુલંદ કરીને તમને ઈમામ બનાવ્યા. હઝરત ઈબ્રાહીમે અ૯૯૮૧૧૨૧ કરી કે પરવરદિગાર ! શું આ હોદ્દો મારી અવલાદને પણ આપવામાં આવશે ? ઈરશાદ થયો કે “હા” પરંતુ


amillibrary.com

જેઓ જાલીમ હશે, તેઓ આ હોદ્દાથી વંચિત રહેશે. જુઓ સુરએ સાફ્ફાત આયત નં. ૧૦૧ થી ૧૧૦ સુધી રબ્બેહબ્બી મિનસ્સાલેહીન

અય મારા પરવરદિગાર ! મને એક નેક ફરઝંદ અતા કર.

**ફબશ્શરનાહો બેગુલામીન હલીમ - ૧૦૧**

તો અમે તેમને એક નરમદીલ ફરઝંદ પેદા થવાની ખુશખબરી આપી

**ફલમ્મા બલગ મઅહુસ્સઅય કાલ યા બોનય્ય**
**ઈન્ની અરા ફીલ મનામે અન્ની અઝબહોક**
**ફન્ઝૂર માઝા તરા કાલ યા અબતીફ અલ**
**મા તુઅમરો સતજેદુની ઈન્શાઅલ્લાહો**
**મેનસ્સાબેરીન - ૧૦૨**

પછી જ્યારે ઈસ્માઈલ પોતાના વાલીદની સાથે હરતા ફરતા થઈ ગયા. તો એક વખત ઈબ્રાહીમે કહ્યું, “બેટા હું ખ્વાબ જોઈ રહ્યો છું કે હું પોતે તને અલ્લાહના નામ પર ઝબહ કરી રહ્યો છું. માટે હવે તું વિચાર કરીને કહે કે આ બાબત તારી શી મરજી છે ? ઈસ્માઈલે કહ્યું અબ્બાજાન ! આપને જે હુકમ થયેલ છે. તેના પર અમલ કરો. ઈન્શાઅલ્લાહ આપ મને સબર કરવાવાળાઓ માંહેનો જોશો.

**ફલમ્મા અસ્લમા વતલ્લહુ લીલઝબીન - ૧૦૩**

પછી જ્યારે બંનેએ અમારા હુકમાનુસાર અમલ કર્યો અને બાપે બેટાને જમીન ઉપર ઉંધે મોઢે નાખી દીધો.

**વનાદયનાહો અંય યા ઈબ્રાહીમ - ૧૦૪**

**કદ સદ્દક્તર રોઅયા ઈન્ના કઝાલેક નજઝીલ મુહસેનીન -૧૦૫**

ત્યારે અમે તમને અવાજ આપી, અય ઈબ્રાહીમ !

તમે તમારા ખ્વાબને ખરેખર સાચું કરી બતાવ્યું. હવે તમને બંનેને ઉચ્ચ મરતબો મળશે. ખચિત જ નેકી કરનારાઓને અમે એવી જ રીતે ઉમદા બદલો આપીએ છીએ.

**ઈન્નહાઝા લહોવલ બલાઉલ મોબીન - ૧૦૬**

ચોક્કસ આ ઘણું જ સખ્ત ઈમ્તેહાન હતું

**વ ફદયનાહો બેઝબ્હીન અઝીમ-૧૦૭**

અને અમે ઈસ્માઈલનો ફીદયો (કુરબાનીનો બદલ) એક ઝબહે અજીમ (ઉચ્ચોચ્ચ મોટી કુરબાની) નક્કી કરી, તેને મૂક્તિ આપી.

**વ તરકના અલયહે ફીલ આખરીન - ૧૦૮**

અને તેની ભલી યાદ અમોએ પાછળ આવનારાઓમાં બાકી રાખી.

**સલામુન અલા ઈબ્રાહીમ - ૧૦૯**

સમગ્ર ખુદાઈમાં ઈબ્રાહીમ ઉપર સલામ જ સલામ છે.

**કઝાલેક નજઝીલ મોહસેનીન - ૧૧૦**

નેકી કરનારાઓને અમે આવો જ બદલો આપીએ છીએ.

આજ કુરબાનીની યાદ અલ્લાહે કયામત સુધી ચાલુ રાખી છે. જે હાજીઓ મીનામાં કરે છે. અને વિશ્વના દરેક સ્થળના મુસલમાનો પણ કુરબાની કરે છે. આ દિવસે ઝબહે અજીમની યાદ પણ તોં થાય છે. અલ્લાહ કહે છે કે અમે

ઈસ્માઈલની કુરબાનીને એક ઝબહે અઝીમ તરફ લઈ જઈ રહ્યા છીએ. આ ઝબહે અઝીમ ઉચ્ચોચ્ચ કુરબાની તે હઝરત ઈમામ હુસૈન (અલ.)ની કરબલામાં કુરબાની છે. કરબલાની આ કુરબાની જે ઝબહે અઝીમ હતી, તેને હઝરત ઈસ્માઈલ (અલ.)ના બદલારૂપ ગણી. હઝરત ઈસ્માઈલ (અલ.)ને મૂક્તિ આપી. ઝબહે અઝીમની યાદ પણ અલ્લાહે વિશ્વના ખૂણેખૂણે સજીવન રાખી છે. ખુદાના કરોડો બંદાઓ વર્ષના અગિયાર મહિના આ કુરબાનીની રાહ જોઈને તેની તૈયારી કરે છે. મહોર્રમ આવવાના છે. મહોર્રમ શરૂ થશે, મહોર્રમ શરૂ થશે, આલિમો, ઝાકિરો, વેપારી વર્ગ બધા જ તેની રાહ જોતા હોય છે અને ૪૦ દિવસ સુધી તો ખાસ, પરંતુ સામાન્ય રીતે બારેમાસ અને ૩૬૦

દિવસ જ્યાં પણ મજલિસ થાય છે. તેમાં ઝીક્રે હુસૈન અને માતમે હુસૈન તો હોય જ છે. અલ્લાહ કહે છે કે અમે તેનો ઝિક્ર બાકી રાખીશું. તો તેણે બાકી રાખ્યો જ છે.

ત્યાંથી અમારી બસ અરફાતના મેદાન તરફ ચાલી, જબલે રહમત જોયો. આ તે પહાડ છે જ્યાં હઝરત આદમ (અલ.)ની દુઆ કબૂલ થઈ હતી. ત્યાં મસ્જિદે નૂમરાહ પણ જોઈ સાથીઓમાંથી કેટલીક કમજોર બહેનો ઉપર આવી શકી નહિ. તેમણે નીચેથી જ આ પવિત્ર જગ્યાના દીદાર કરી દુઆઓ કરી. કેટલાક સાથીઓ સાથે હું જબલે રહમત ઉપર ચઢી ગયો. બધા બે બે રકાત નમાઝ પઢી રહ્યા હતા. કેટલાક દુઆઓ કરી રહ્યા હતા. અજીબ મંઝર હતો. દીલકશ દ્રશ્ય હતું. મેં પણ ત્યાં

દુઆઓ માગી. જબલે રહમત પરથી કોઈપણ સાથી નીચે ઊતરવાનું નામ લેતા ન હતા. પરંતુ અમારા સાલારે કાફલા શાબાનઅલી ભાઈએ અવાજ કર્યો.

યા અલ્લાહ, યા અલ્લાહ, ચાલો, ચાલો, હજી આપણે જન્નતુલ માવા કબ્રસ્તાન જવાનંમ છે. ત્યાં પહોંચતા રાત પડી જશે. માટે આપણે અજવાળે અજવાળે જન્નતુલ માવા પહોંચી દુઆ-ફાતેહા અદા કરીએ. બધા ધીમે ધીમે નીચે ઊતરવા લાગ્યા. બસમાં ગોઠવાયા. થોડીકવારમાં સડસડાટ દોડતી બસ અમને જન્નતુલ માવા પાસે લાવી. કબ્રસ્તાનમાં જવાની મનાઈ છે. ચારે તરફ મકાનોનું જંગલ ખડકી દેવાયું છે. કબ્રસ્તાનને બંધ કરી દેવાયું છે. શા માટે ?

વાઘને કોણ પૂછે કે તારું મોં ગંધાય છે. બસ એક જ વાત છે જે આગળ હું લખી ચૂક્યો છું તારીખ (ઈતિહાસ) બદલો તફસીર (કુર્આનનું વિવરણ) બદલો, આષાર, (ઈસ્લામની નિશાનીઓ) મીટાવી દો, અઝકાર (નબી અને તેમના કુટુંબીઓનું વર્ણન) મીટાવી દો.

સાલારે કાફલાએ અમને એક ઊંચા બ્રીજ ઉપર ઠેરવ્યા. પછી બ્રીજની લગોલગ પણ નીચે જન્નતુલ માવા કબ્રસ્તાન બતાવ્યું. જ્યાં રસૂલે ઈસ્લામના વાલીદહ મોહતરમા હઝરત આમેના આરામ ફરમાવી રહ્યાં છે. જનાબે ખદીજતુલ કુબરા પેગંબર (સલ.)ના સૌથી પ્યારાં બીબી, હસનૈનના નાની સાહેબા જેમની દવલત ઉપર ગરીબ ઈસ્લામની સંપૂર્ણ ઈમારત ચણાઈ છે. જે નેકબખ્ત

ખાતુનની દવલતે રસૂલને તબ્લીગે ઈસ્લામ માટે આઝાદ રાખ્યા. સૌથી પ્રથમ ઈમાન લાવનાર અને પેગંબરને પોતાની અઢળક દવલત દ્વારા મદદ કરનાર દુનિયાની ચાર શ્રેષ્ટ ઓરતોમાના એક જનાબે ખદીજા (રઝિ.) છે. આ હદીસે રસૂલ છે.

**(૧) હઝરત મરિયમ (૨) હઝરત આસિયાહ (ફીરઓનના બીવી) (૩) હઝરત ખદીજા (રઝિ.) (૪) હઝરત ફાતેમા સલ્લમહા અલયહા.**

જેઓએ હઝરત ફાતેમા (સલા.)ને અને હઝરત અલી (અલ.)ને સતાવ્યા છે. તે બધા જ જાલીમોએ રસૂલે ઈસ્લામના દસ્તરખાન ઉપર મા ખદીજાની રોટીઓ ખાધી છે. આજે આ મઝલૂમ જન્નતુલ માવામાં આરામ ફરમાવી રહી છે.

 amillibrary.com

આ અમારી છેલ્લી ઝિયારતો હતી. અમારે હવે પછી એકાદ દિવસમાં આ મુકદ્દશ સરજમીન છોડવાની હતી. સીરીયાની ઝિયારતો માટે અમારે દમિશ્ક બાય એરથી પહોંચવાનું હતું. સાંજ ઢળવા આવી હતી. પૂરા દિવસના સફરથી દરેક સાથી ઉપર થાક વરતાતો હતો.

જન્નતુલ માવામાં જનાબ આમેના પેગંબરે ઈસ્લામના બુઝૂર્ગ મા મોમીને કુરેશ જનાબે અબુતાલિબ, પેગંબરે ઈસ્લામના દાદા જનાબ અબ્દુલ મુત્તલિબ, રસૂલે ઈસ્લામના પૂર્વજ જનાબ હાસિમ અને જનાબે અબ્દે મુનાફ વગેરેની કબરો છે. અમોએ ત્યાં ઝિયારતો પઢી. ઘણીવાર દુઆઓ માગતા રહ્યા. ઉપરોક્ત તમામ બૂઝૂર્ગો વિશેની વિસ્તૃત માહિતી મારી હવે પછી તરત પ્રકાશિત

થનારી કીતાબ "હઝરત અલી(અલ.)નું મુબારક જીવનચરિત્ર" ના ભાગ-૧માં વાંચવા મળશે. જે અલહમ્દોલિલ્લાહ પ્રેસમાં તો પહોંચી જ ગઈ છે. આ જગ્યાએ ફક્ત મા ખદીજા (રઝિ.)ના જીવન ઉપર થોડોક પ્રકાશ નાખવાનું જરૂરી સમજું છું.

એક અગત્યની ઝિયારત "ખુમે ગદીર" સંજોગવશાત્ અમો ન પહોંચી શક્યા. તે બાબતનો હંમેશા અફસોસ રહેશે. આ તે જગ્યા છે જ્યાં પેગંબરે ઈસ્લામે હઝરત અલી (અલ.) માટે ખિલાફતની જાહેરાત કરી હતી. તે જગ્યાએ એક મસ્જિદ પણ છે જેને મસ્જિદે અલજુઅફા કહે છે. તે મક્કાથી ૧૫૦ કીલો મીટર દૂર છે.

# પ્રકરણ – ૧૯ : મા ખદીજા (રઝિ.)

મા ખદીજા (રઝિ.) રસુલે ખુદાના સૌથી ચહીતા બીવી હતાં. ઈસ્લામના સૌથી વધુ મદદગાર હતાં. રસૂલના મિશનના સાથી હતાં. રસૂલે ખુદા તેમને વારંવાર યાદ કરતા હતા. કારણ કે રસૂલેખુદાની બે પત્નીઓએ રસૂલની પાછલી જિંદગીને ઝેર બનાવી દીધી હતી. હું નૂઝૂલ કુર્આનના પ્રદેશમાં હતો. જન્નતુલ માવાની નજીકના એક બ્રીજ ઉપર ઊભો હતો. ચારે તરફની મક્કાની પહાડીઓને જોતો હતો. જો આ જગ્યાએ હું મા ખદીજા (રઝિ.)ની દુશ્મન એવી રસૂલની પત્નીઓ વિશે ન લખું તો હું ગુનેહગાર ગણાઉં. તેમાં ખાસ તો બે જ શોએકો જેમણે રસૂલને ઘણા જ સતાવ્યા,

આ બંને પત્નીઓ હઝરત ફાતેમા સલ્લમહા અલયહાની પણ દુશ્મન હતી. આ બાબત કુર્આનને દરમ્યાનગીરી કરવી પડી.

મુસલમાનો કુર્આનનો અભ્યાસ જ ક્યાં કરે છે. તેઓ તો પોપટની જેમ તેનું રટણ કરે છે. કુર્આનને રાગ રાગીણીની જેમ કિરાઅત કરીને પઢનારા કારીઓના ભાવ બોલાય છે. પોપટને “યા અલી” બોલાવો કે “હે રામ” બોલાવો તેને બિચારાને કશું જ ભાન નથી કે રામ અયોધ્યાના રાજા દશરથના પુત્ર છે. અને અલી ઈમામુલ અવશીયા છે. પેગંબરે ઈસ્લામના આધ્યાત્મિક વારસદાર છે. ભાઈ છે. દામાદ છે. કુર્આને રસૂલની નાફરમાન બીબીઓની ધૂળ ખંખેરી નાખી છે. તલાક આપી દેવાની વાત કરી છે. નૂહ (અલ.)ની અને લૂત

(અલ.)ની કાફિરા ઓરતો સાથે તેમની સરખામણી કરી છે.

આ જગ્યાએ હું કુર્આનને કેવી રીતે ભૂલી શકું જ્યારે કે હું તેના નઝૂલની જગ્યાઓ મક્કા, મદીના, મુઝદલફા, મીનાનો પ્રવાસ કરી રહ્યો છું. અને પેગંબર (સલ.)ના નેક સાલેહ ઓરત હઝરત ખદીજા (રઝિ.)ની કબરના આષારને જોઈ રહ્યો છું. જેથી આ જગ્યાએ રસૂલના મિશનના મદદગાર મા ખદીજા (રઝિ.)નું થોડુંક પણ વર્ણન કરું તેવું મારું દીલ ચાહે છે.

મદીનાની હિઝરત પછી રસૂલના મિશનને તો વેગ મળ્યો. ઈસ્લામનો પ્રચાર તો થયો. પરંતુ રસૂલે ઈસ્લામની મુસીબતોમાં પણ એટલો જ

વધારો થયો. તેથી જ છેલ્લી હજથી પાછા ફરીને રસૂલે ઈસ્લામે મદીનામાં ફરમાવ્યું.

"મને ઈસ્લામના ખાતર એટલો સતાવવામાં આવ્યો જેટલા કોઈ નબીને સતાવવામાં નથી આવ્યા. મને એટલી મુસીબતો પહોંચી જેટલી કોઈ નબીને નથી પહોંચી."

ઉપરોક્ત હદીસને શીયા સુન્ની બંનેની કિતાબોએ વ્યવસ્થિત નોંધેલી છે.

ઘરમાં પોતાની જ ઓરતો રસૂલની દુશ્મન બની. નબીની એકલોતી સંતાનને પણ સતાવતી હતી. બહાર એક મુનાફિક ટોળી આકાર લઈ રહી હતી કે ચિરાગ ક્યારે બુઝાય અને અમે હાકેમ બની જઈએ. બહાર કુફ્ફાર પણ દુશ્મન હતા. આવા સમયે રસૂલને પોતાની મક્કી જિંદગી યાદ આવે છે.

રસૂલે એક વખત બીબી આયેશાની હાજરીમાં મા ખદીજાને યાદ કર્યા (રસૂલ તો મા ખદીજાને અનેક વખત યાદ કરતા હતા. પરંતુ આ વખતે ત્યાં આયશાની ઉપસ્થિતિ હતી. આહ ! ખદીજા તું મને યાદ આવે છે. બીબી આયેશાને આ વાત પસંદ ન પડી મોં મચકોડીને કહ્યું. "યા રસુલુલ્લાહ ! તે બુઢ્ઢીને (ઘરડીને) શું યાદ કરો છો ? શેહઝાદી ફાતેમા આ સાંભળી રડવા લાગ્યાં. આપ (સલ.) ગુસ્સામાં લાલ થઈ ગયા, આપના ચેહરાનો રંગ બદલાઈ ગયો, આપે આયેશાને ખૂબ જ ઊંચા અવાજથી ગુસ્સામાં કહ્યું "ખામોશ અય આયેશા હવે એક શબ્દ પણ ન બોલીશ. શું તને ખબર છે કે ખદીજાથી ઈસ્લામને કેટલો ફાયદો પહોંચ્યો છે." જેટલો કોઈથી પણ નથી પહોંચ્યો.

આયશાએ ડરથી ખામોશી ઈખ્તીયાર કરી. કેટલાક લોકો એમ કહે છે કે આયેશા રસૂલની ચહીતી બીબી હતાં. આ જ તો મઆવીયાવાદીઓની ચાલ છે. આમ કહેનાર કુર્આનના ખુલ્લા ઈન્કારી ગણાશે. એક વખત પેગંબરે ઈસ્લામે એક ખ્વાબ જોયું કે મારા મિમ્બર ઉપર વાંદરા નાચી રહ્યા છે. એટલામાં હઝરત જિબ્રઈલ વહી લઈને આવ્યા. ફરમાવ્યું કે જિબ્રઈલ મેં આ પ્રમાણે ખ્વાબ જોયું છે. હઝરત જિબ્રઈલે ઉત્તર આપ્યો કે "યા રસુલુલ્લાહ ! તમારા પછી ઈસ્લામી હુકુમત ઉપર બની ઉમય્યા કબજો જમાવી લેશે. અને તમારી સંતાનોને મઝલૂમ બનાવી દેશે.

આજે પણ મક્કા અને મદીના ઉપર રિયાધ અને ઝિદ્દહ ઉપર એ જ બની ઉમય્યાના

વાંદરાઓનો કબજો છે. જંગે સિફ્ફીન અને જંગે જમલના ઈસ્લામના દુશ્મનોના ટોળેટોળાં આજે મક્કા અને મદીનામાં દેખા દે છે.

જે લોકો એમ કહે છે કે આયેશા રસૂલના ચહીતી બીવી હતાં. મને તાઅઝઝૂબ થાય છે એવા લોકો ઉપર જેઓ દીનની તબ્લીગના નામથી રાતદિવસ વ્યર્થ મહેનત કરતા હોવા છતાં સમગ્ર જિંદગીમાં એક વખત પણ પૂરા કુર્આનનો અભ્યાસ કરતા નથી. બસ એક જ કીતાબ વાંચ્યા કરે છે. પહેલી ચોપડીમાંથી કદી બીજી ચોપડીમાં આવતા જ નથી.

સૂરએ તહરીમમાં અલ્લાહે આયેશા અને હફસા રસૂલે ઈસ્લામની બંને બીબીઓની ખૂબ જ ડાંટડપટ કરી છે. બલ્કે તલાકની ખુલ્લી ધમકી

આપી છે. આ બંને સ્ત્રીઓને ચાલબાઝ કહી છે. રસૂલને સતાવનાર રસૂલના હુકમનું ઉલ્લંઘન કરનાર, રસૂલના ભેદને ઉઘાડો કરી નાખનાર કહી છે. અલ્લાહે પેગંબરે ઈસ્લામની આ બંને પત્નીઓને પેગંબર નૂહની કાફિર પત્ની વાએલા તથા પેગંબર લૂતની કાફિર પત્ની વાહેલા સાથે સરખાવી છે. જે બંનેએ પોતપોતાના નબી પતિઓને દગો દીધો હતો તેમની સાથે સરખાવી છે.

અમો અમારા વાચકોના જ્ઞાન માટે સૂરએ તહરીમની આ આયાતોના તરજુમો રજૂ કરીએ છીએ.

## સુરએ તહરીમ - આયાત નં. ૧

અય રસુલ, જે ચીજો ખુદાએ તમારા માટે હલાલ કરી છે. તેનાથી તમારી બીબીઓની ખુશીના

માટે કેમ દૂર રહો છો ? (મતલબ છોડી દો છો, ઉપયોગ નથી કરતા.) અને અલ્લાહ તો ઘણો મોટો બક્ષીશ કરનારો છે. મહેરબાન છે. (આયત નં. ૧) અલ્લાહે તમારા લોકો માટે કસમોને તોડવાનો કફ્ફારો નક્કી કર્યો છે. અને ખુદા તમારો રક્ષક છે. અને તે સર્વ વાતોથી વાકેફ હિકમતવાળો છે.

(આયાત નં. ૨)

અને જ્યારે નબીએ પોતાની પત્નીઓમાંથી એક પત્નીને (હફસાને) ખાનગી રીતે એકવાત કરી, પછી તેણીએ તે ભેદની વાત નબીના મના કરવા છતાં બીજીને (આયેશાને) કહી દીધી. પછી ખુદાએ આ બનાવની રસૂલને જાણ કરી દીધી. તો રસૂલે તે બીજીને (મતલબ આયેશાને) ભેદની વાતનો કેટલોક ભાગ (કીસ્સા મારીયા) જણાવ્યો જ્યારે

કેટલાક ભાગની વાત (કીસ્સા સહ્દ) ટાળી દીધી. (ન જણાવ્યો) જ્યારે નબીએ તે પહેલીને (હફસાને) તેનાથી ભેદના ખોલવા વિશે વાકેફ કરી, ત્યારે તે આશ્ચર્યથી કહેવા લાગી કે આપને તે બાબતની ખબર કોણે આપી ? ફરમાવ્યું સૌથી વધુ જાણનાર ખુદાએ ખબર કરી છે.

(આયત નં. ૩)

(અય હફસા અને આયેશા) તમે બંને અલ્લાહની હુઝૂરમાં તોબા કરો (તો ઠીક છે) કારણ કે તમારા બંનેના હ્રદયમાં અવળચંડાઈ છે. (સત્યથી તમારાં દીલ ફરી ગયાં છે) અને જો તમે બંને અમારા રસૂલની વિરૂદ્ધ એકબીજાની સહાયક બનશો, તો કાંઈ પરવા નથી કારણ કે ખુદા અને જિબ્રઈલ તથા મોઅમીનોમાંથી સૌથી સારો મોઅમીન તેના

મદદગાર છે અને તે સિવાય તમામ ફરીશ્તાઓ પણ મદદગાર છે. (આયત નં. ૪)

અગર રસૂલ તમને તલાક આપી દે તો તરત જ તેનો પરવરદિગાર તમારા બદલામાં તેને એવી પત્નીઓ આપશે કે જે તમારા કરતાં બેહતર હોય, ફરમાંબરદાર, ઈમાનદાર, તાબેદારી કરનાર, ગુનાહોથી તોબા કરનાર, ઈબાદત ગુઝાર, રોજા રાખનાર, વિધવાઓ અને કુમારિકાઓ પણ.

(આયાત નં. ૫)

ખુદા કાફિરોની ઈબ્રતના વાસ્તે નૂહની પત્ની (વાએલા) અને લૂતની પત્ની (વાહેલા) નું દ્રષ્ટાંત વર્ણવે છે. કે આ બંને અમારા બંદાઓના નિકાહમાં હતી. તે બંનેએ પોતાના પતિઓ સાથે દગો કર્યો. તેથી તે બંને સ્ત્રીઓને અલ્લાહના

અઝાબથી બચાવવામાં આ બંને બંદા કંઈ પણ કામ આવ્યા નહિ. અને તે બંનેેને કહેવામાં આવ્યું કે તમો જહન્નમમાં દાખલ થનારાઓની સાથે જહન્નમમાં દાખલ થઈ જાઓ.

(આયત નં. ૧૦)

અને અલ્લાહ ઈમાનવાળાઓ માટે ફિરઓનની પત્ની (આસીયાહ)નો દાખલો વર્ણવે છે જ્યારે તેણીએ અરજ કરી કે અય મારા પરવરદિગાર ! મારા માટે જન્નતમાં એક મકાન બનાવી દે, અને મને ફિરઓન તથા તેના દુષ્ટ કૃત્યોથી છુટકારો દે, અને જુલમગાર કોમથી પણ છુટકારો આપ.

(આયાત નં. ૧૧)

અને બીજું દ્રષ્ટાંત ઈમરાનની બેટી મરીયમનું છે. જેણે પોતાની ઈજ્જતનું રક્ષણ કર્યું, તો અમે તેનામાં પોતાની રૂહ ફૂંકી દીધી અને તેણે પોતાના પરવરદિગારની વાતો તથા તેની કીતાબોની તશદીક કરી હતી. તેણી તાબેદારી કરનારાઓ માંહેની હતી.

(આયત નં. ૧૨)

ઉપરોક્ત સૂરએ તહરીમમાં ઘણાબધા સુન્ની મુફસ્સીરોએ રસૂલની આ બે પત્નીઓમાં આયેશા અને હફસાના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. કેટલાકે કોઈ જ નામનો ઉલ્લેખ કર્યો નથી. આ મુફસ્સીરો પોતાને વધારે હોશિયાર સમજતા હોય તો યાદ રાખે કે આ તેમની ગુનાહિત ખામોશી છે. જે ખુદા માફ નહીં કરે. કુર્આનના બીજા પ્રકરણોમાં

તો તમો ખુદાના ઈશારાઓ ઉપર સ્પષ્ટ તફસીર કરી નામો લખી દો, તે વખતે તો તમે ફખર કરો કે અમો નામો સુધ્ધા શોધી લાવ્યા અને આ જગ્યાએ સૂરએ તહરીમમાં તમે તમારા આત્માને છેતરીને મનમાં નામો હોવા છતાં કોની વફાદારીમાં નામો આપતા નથી ? શું આ તમારા ખુદાની વફાદારી છે ? રસૂલની વફાદારી છે ? આ બંને સિવાય જેમની વફાદારીમાં તમે આ પત્નીઓના નામો સૂચવતા નથી તેમની વફાદારી તમારા ઉપર વોંબ છે ? આ ઈલ્મી ખિયાનત શા માટે ? કોને રોં કરવા ? કબરમાં કે રોજે મેહશર શું આ લોકોને તમારે હિસાબ આપવાનો છે ?

અસલ તો આલિમોની આ વફાદારી અકીદાની વફાદારી છે. જો બંને પત્નીઓના નામનો

ઉલ્લેખ કરવા જાય તો પીછું બહું લાંબું થઈ જાય. સમાજને ઉત્તર આપવા મુશ્કેલ થઈ જાય. અકીદાનું બોદાપણું સાબિત થઈ જાય. રસૂલની સતામણીનો ઉલ્લેખ કરી આ પત્નીઓની ડાંટડપટ ફીટકાર કુર્આન કરે, અલ્લાહ તો પોતાના નબીને વફાદાર રહે અને તમો બીજાઓને ? બસ અમે તો આ જગ્યાએ અસ્તગફિરૂલ્લાહ કહીશું.

રસૂલની એક સાથે આઠ અથવા નવ પત્નીઓ હયાત હતાં અતિ ઉદાર, પરહેઝગાર ખાનદાની માની એક જ સંતાન બેટીએ તો મદીના આવીને મઝલુમીયત સિવાય કશું જ જોયું નથી. બેટી તો મદીના આવીને પોતાના દીલને દરીયા જેટલું મોટું બનાવીને બધી જ કડવાશને ઘોળીને પી ગઈ. અહીં સુધી કે બાપના ઈન્તેકાલ પછી તો આ

ઝાલીમોએ બેટીના રડવા ઉપર પણ પાબંદી મૂકી હતી. તમારા રૂદનથી અમારી ઊંઘ બગડે છે.

આ બેટીનું નામ લેતાં જ અમારાથી તો રડી પડાય છે. અમે આંસુઓને રોકી શકતા જ નથી. તે બેટીએ પોતાના બાપને આ પત્નીઓની કોઈ શિકાયત પણ ન કરી. બલ્કે રસૂલના મિશનમાં આ બેટી પોતાના પિતોં અને શોહરની સંપૂર્ણ મદદગાર રહી. ચક્કી પીસી - ઘરનું કામ કર્યું. હાથ પર છાલા પડી જતાં તે બધું જ સહન કર્યું. સૌથી વધુ તો આ બેટી મક્કા અને મદીનામાં બાપના મિશનની ભાગીદાર બની. ઈમાનનું બીજ બની. આ શેહઝાદીને અમારા લાખો દુરૂદો સલામ.

રસૂલે ઈસ્લામની આ આઠ અથવા નવ પત્નીઓમાં ફક્ત એક જ પત્ની કુમારીકા હતી અને

તે આયેશા હઝરત અબુબકરની દીકરી. આયેશા યુવાન હતાં. તે સિવાય હફસા ઉમરના બેટી તલાકશુદા થયા પછી રસૂલે તેમની સાથે અકદ કર્યો. તે થોડાક યુવાન હતાં. તે સિવાયની રસૂલે ખુદાની સાત પત્નીઓ ઉમર રસીદા હતી. ચાલીસી વટાવી ચૂકેલી હતી. અમૂક તો પચાસ ઉપર પણ પહોંચી ચૂકેલી હતી. બે ત્રણે તો રસૂલની પોતાને ત્યાં આવવાની વારી પણ છોડી દીધી હતી.

હવે આપણે વિચારીએ તો રસૂલના ઈન્તેકાલ વખતે સ્પષ્ટ રીવાયતો જોતાં આઠ પત્ની હયાત હતાં. આ આઠમાં આયેશા અને હફસા ને બાદ કરતાં બીજી છ પત્નીઓ ઉમ્મે સલમા (રઝિ.) ઉમ્મે હબીબા (રઝિ.) મારીયા કીબ્તીયા (રઝિ.) સોદા બિન્તે જમલ (રઝિ.) સોદા બિન્તે જહસ

(રઝિ.) ઉમ્મે ઝાવેરીયા (રઝિ.) જેવી ઉમર રસીદહ ઓરતો હતાં. મારીયા કીબ્તીયા બાંડી હતાં અને યુવાન હતાં.

જે બે પત્નીઓ ઉપર કુર્આને ફિટકાર કરી છે. સદરે અવ્વલના તફસીરકારો તેમના નામો લખતા આવ્યા છે. અને ચાલુ સમયના તફસીરકારો તે બંનેના નામો છોડી આ સૂરએ તહરીમમાં બીજી નેક પત્નીઓને સામેલ કરવા માગે છે આ કેટલી નીચી કક્ષાની સમજ છે. લકવાગ્રસ્ત દિમાગ ગણાશે. આ બાબતને અમોએ ગુનાહિત ખામોશી કહી છે. જેમાં બિન ગુનેહગારને પણ આપણા આલિમો ગુનેહગાર બનાવવા માગે છે.

રસૂલની આ બંને પત્નીઓએ હંમેશા રસૂલને સતાવવાનું, રસૂલને હેરાન પરેશાન

કરવાનું જ કાર્ય કર્યું છે. પરંતુ એહલે સુન્નતના ઈતિહાસકારોએ કોણ જાણે કોની વફાદારીમાં રસૂલની બધી જ પત્નીઓને સામેલ કરીને હફસા અને આયેશાને બચાવી લેવાની કોશીશ કરી છે. તબ્લીગી ભાઈઓ જે એક જ કીતાબ પોતાની સાથે કુર્આનની જેમ લઈને ફરે છે તેનું નામ “તબ્લીગી નિશાબ” છે. આના પ્રથમ ભાગ હિકાયતે સહાબામાં છે કે રસૂલની પત્નીઓએ મદીનામા એક વખત આપ (સલ.)ને ઘણા જ સતાવ્યા, મુખ્ય ફરીયાદ હતી કે અમને ઓછા સામાનથી નહીં ચાલે, ઓછો અને હલકો ખોરાક અમે નહીં ખાઈએ, ખજૂરો ઉપર અમે જીવન નહીં ગુજારીએ. પત્નીઓએ અમૂક માંગણીઓ કરી, જેથી રસૂલ પત્નીઓથી એટલા બધા નારાઝ થઈ ગયા કે તેમની પાસે ન જવાની

કસમ ખાઈ લીધી અને મસ્જિદે નબવીમાં ચાલી આવ્યા. આપ (સલ.) કોઈપણ સહાબીને પોતાના હુજરામાં આવવા દેતા ન હતા. બિલાલ (રઝિ.)ને દરવાજા ઉપર કોઈ રજા વગર દાખલ ન થાય તે માટે મુકર્રર કર્યા હતા. પછી હઝરત ઉમરે બે ત્રણ વખત રજા માંગતા તેમને રજા મળી અને તેમણે રસૂલેખુદાને ખુશ કરવાની કોશીશ કરી.

આ ઘટના એવું બતાવે છે કે રસૂલે ઈસ્લામની બધીજ પત્નીઓ રસૂલને સતાવતી હતી. જોકે આ બે જ આયેશા અને હફસા રસૂલને સતાવતી હતી. પરંતુ બિચારા નેકદીલ આલિમો ઘણું વિશાળ મગજ ધરાવે છે. જેથી “રસૂલની પત્નીઓ” શબ્દ પ્રયોગ કરી બિચારી બેગુનાહ ઉમર રસીદહ પત્નીઓને પણ અંદર સામેલ કરી દીધી.

આ તો દીનદાર આલિમો કહેવાય. સૂરએ તહરીમની જે આયતોનો આપણે તરજુમો જોયો તેની તફસીર પણ સમજી લઈએ.

સુરએ તહરીમની પ્રથમ આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે અય નબી જે ચીજ ખુદાએ તમારા ઉપર હલાલ કરી છે. તેનાથી તમો તમારી બીબીઓની ખુશી માટે કેમ દૂર રહો છો ? વાત એમ બની કે કોઈએ આપ (સલ.) ઉપર મધની એક કુપ્પી (ચામડાની મધથી ભરેલી) તોહફો મોકલ્યો. આપ (સલ.) તેને ઉમ્મે ઝયનબ (રઝિ.) (રીવાયતોમાં સોદાનુ નામ પણ આવે છે.) પાસે સાચવવા માટે મોકલી આપ્યું. આપ (સલ.) દરરોજ દરેક બીબીના ઘેર થોડીક થોડીક વાર જતા, બેસતા. પરંતુ ઉમ્મે સલમા (રઝિ.)ના ઘેર મધ

રાખેલું હોઈ ત્યાં મધ નોશ ફરમાવતા જેથી થોડીક વધારે વાર થઈ જતી.

આયશા અને હફસાને આ વાત ખૂંચતી કે રસૂલ ઉમ્મે ઝયનબ પાસે કેમ વધારે રોકાય છે ? નોકરડી દ્વારા જાણ કરાવી-છૂપી રીતે તો ખબર પડી કે આપ (સલ.) મધ નોશ ફરમાવે છે. જેથી બંનેએ ત્રાગડો રચ્યો કે જો રસૂલ તારી પાસે પ્રથમ આવે તો તારે આમ કહેવાનું કે શું યા રસૂલુલ્લાહ ! આપે મુગાફિર ખાધું છે ? જે એક બદ્બોદાર ગુંદર થાય છે. હું પણ આમ જ કરીશ. બીજા દિવસે સાંજે રોજની આદત મુજબ પેગંબર પોતાની પત્નીઓની ખેરખબર પૂછવા નીકળ્યા અને આપ હફસા પાસે ગયા તો હફસાએ નાક પર હાથ મૂકી કહ્યું કે યા રસુલુલ્લાહ ! શું આપે મુગાફિર ખાધો છે ? રસૂલે

ઈસ્લામે ફરમાવ્યું કેમ ? "આપના મોઢામાંથી મુગાફીરની બદ્બો આવે છે. રસૂલે ઈસ્લામે ફરમાવ્યું "ના મેં તો ઝયનબને ત્યાં મધ ખાધું હતું. ત્યાર બાદ રસૂલે ખુદા આયેશા પાસે ગયા તો આયેશાએ પણ આ પ્રમાણે કહ્યું અને કર્યું. રસૂલે ખુદાએ પણ ફરમાવ્યું "ના મેં ઝયનબને ત્યાં મધ ખાધુ હતું. આયેશાએ કહ્યું "બની શકે છે કે મધુમખ્ખી મુગાફિરના ફૂલ ઉપર બેઠી હોય" આપ (સલ.) નફીસ અને નાજુક તબીયતના હોઈ હવે પછી મધ ન ખાવાનો નિર્ણય કર્યો. અને આયસાને છાની રીતે કહ્યું કે હવે હું ત્યાં મધ ખાઈશ નહીં, પરંતુ તું આ વાત ખાનગી રાખજે, પણ ભલા આ વાત કેવી રીતે ચૂપ રહી શકે ? તેણે તો રસૂલે ખુદા હુજરાની બહાર નીકળતાં તરત જ હફસાનો દરવાજો ખટખટાવ્યો

અને વાત કહી દીધી. બંને ખુશ પણ થઈ કે આપણો હેતુ સિદ્ધ થઈ ગયો. જેથી અલ્લાહે ઉપરોક્ત આયતો નાઝિલ ફરમાવી. લગભગ બધા જ તફસીરકારોએ આ જ રીવાયત લખી છે.

(હયાતુરસહાબા હઝરતજી ભાગ-૭ પેજ નં. ૮૦૧)

આ જ આયતોના ઉતરાણ માટે એક સાથે બીજા બે ત્રણ દ્રષ્ટાંતો આ જ બંને ઉમ્મતની માઓ વિશેના છે. તેમાંથી પણ આપણે એક દ્રષ્ટાંત સમજીએ. આ જ સમયગાળામાં આ ઘટના બની કે હફસા રસૂલે ઈસ્લામની મંજૂરી લઈને પોતાના પિયર ગઈ. તે રાતે રસૂલના આરામ કરવાની વારી તેમનું જ ઘર હતું. મતલબ હફસાની વારી હતી.

જ્યારે પેગંબરે ઈસ્લામ પોતાની જરૂરતોથી પરવારીને હફસાના ઘેર આવ્યા, તો બિસ્તરો ખાલી

જોયો. આપ જાણતા પણ હતા. આપે ત્યાં જ આરામ કરવાનું વિચાર્યું. જેથી મારીયા કીબ્તીયા (રઝિ.)ને પોતાની સેવા માટે ત્યાં બોલાવી લીધાં. બીજા દિવસે બપોર પછી હફસા પિયરથી ઘેર આવી. તો આ વાતની જાણ થઈ. ઊં, ઊં, ઊં, મારા હુજરામાં ગુલામડીને બોલાવી ? હસદની આગથી સળગી ઊઠી. તે દરમ્યાન વળી પેગંબર ઈસ્લામ બેટા હઝરત ઈબ્રાહીમ જે મારીયા કિબ્તીયાના પેટથી હતા, તેમને ખભે બેસાડીને આ તરફ રમાડતા રમાડતા આવ્યા. આયશા બહાર નીકળી, રસૂલે ઈસ્લામે પૂછ્યું, 'આ બેટો કોને મળતો છે ?' તમે ગયરતદાર છો, મને તો કંઈ સરખાપણું દેખાતું જ નથી. પેગંબરે ખુદાએ ફરમાવ્યું, "શરીરમાં તો કંઈ સરખાપણુ હશે ?" આયશા બોલી "જે બકરીનું દૂધ

ખાયને મોટો થાય તેનામાં ખૂબસુરતી તો હોય જ.” રસૂલના નિકાહમાં આયશા દસ વર્ષ રહ્યાં, પરંતુ અવલાદ ન હતી. એ જ હાલ હફસાનો પણ હતો. રસૂલે ખુદા આયેશા સાથે આ વાતો કરતા હતા. આપના ખભા ઉપર બેટા ઈબ્રાહીમ રમતા રમતા હસતા હતા. હફસાનો હુજરો પાસે જ હતો. ગઈ રાતની વાતથી તે પેગંબરથી ઘણી જ નારાજ હતી. બહાર ડોકાઈને આ દ્રશ્ય જોયું છેક જ બળી ગઈ. ગુસ્સામાં હાંફતી કાંપતી આવી. બંને હઝરત મારીયાથી ઈર્ષા કરતી હતી. વળી હઝરત ઈબ્રાહીમને રસૂલના ખભે જોયા. પોતાનો ખોળો ખાલી જોયો. હફસા રસૂલની સમક્ષ આવીને એલફેલ બોલવા લાગી. ગુસ્તાખીમાં ઘણુબધું બોલી નાખ્યું. કહ્યું કે તમે (રસૂલે ખુદાએ) મારી ઈજ્જતનો

પણ ખ્યાલ ન રાખ્યો. એક લોંડીને મારા બરાબર બનાવી દીધી. મારું મકાન ને મારું બિછોનું ? તે લોંડી તેને તો તમે માથે ચઢાવી દીધી છે."

પેગંબરે ખુદા હફસાની આવી બેઅદબીથી ઘણા જ નારાજ થયા કહ્યું કે "શું તે મારા માટે હલાલ નથી ?" પરંતુ હફસાએ તો ફરીયું માથે લીધું. એકદમ શોરગુલ મચાવી દીધો. આપે તેને કિનારે લઈ જઈ અથવા તેના જ હુજરામાં લઈ જઈ કહ્યું, "તારા ખાતર હું કસમ ખાઉં છું કે હવે પછી મારીયા સાથે સંબંધ નહીં બાંધું. પરંતુ શરત કરું છું કે તું આ વાતને ખાનગી રાખજે. કોઈને પણ વાત જાહેર ન કરતી." આમ કહીને નબી તો બહાર ચાલ્યા ગયા. પરંતુ હફસાના પેટમાં તો ખલબલી મચી ગઈ. તરત જ આયશા પાસે જઈને વાત


amillibrary.com

જાહેર કરી દીધી. જેથી અલ્લાહે ઉપરોક્ત આયતો ઉતારી કે "અય નબી ! તમે તમારી ઉપર હલાલ કરેલી વસ્તુને તમારી પત્નીઓને ખુશ કરવા ખાતર હરામ કેમ કરો છો ? અલ્લાહે તમારા માટે કસમ તોડવાના પણ નિયમો નક્કી કર્યા છે." સાથે જ અલ્લાહે એમ પણ ફરમાવ્યું કે "અલ્લાહ દયા કરનારો છે. અલ્લાહ તમારો રક્ષક છે." અલ્લાહના આ બંને વાક્યો પણ ઘણબધું કહી જાય છે. આગળ આ આયતોમાં અલ્લાહ બંનેની ખૂબ જ ડાંટડપટ કરે છે. એકદમ ધમકાવે છે. તરજુમો ફરીથી વાંચી જાઓ.

અહીં મારું લખાણ વાંચનાર કોઈ નવયુવાન કે કોઈપણ પુરુષ એમ વિચારે કે નબી (સલ.) શા માટે દ્બાયા, વળી ઓરતોથી શું દ્બાવાનું ? એકાદ બે

તમાચા ચોડી દેત, ખૂબ જ ગુસ્સે થઈને હફસાને સીધી કરી દેત. આવો વિચાર કોઈને પણ આવે. કારણ કે આપણે તો ગંદા અને ગુનેહગાર લોકો છીએ, આપણે દુનિયાપરસ્ત છીએ. ખાધું-પીધું ઊઠયા સૂતા, કમાયા, વાપર્યું તે સિવાય આપણી જિંદગીનો કોઈ મકસદ નથી. કોઈ ધ્યેય નથી. આપણે તો આ ગંદા ગલીચ, દુનિયા પસ્ત સમાજને આપણી કિંમતી જિંદગીનો બેહતરીન સમય આપી દીધો છે. બસ આ ગંદો અને ગલીચ સમાજ આપણી જિંદગીનાં આ બહેતરીન સમયને જ્યાં વેડફે ત્યાં વેડફવા દઈએ છીએ, પેલો આપણે ઘેર શાદીમાં આવેલો, પેલો નથી આવ્યો, ફલાણો મોં મચકોડીને ચાલે છે. આપણે પણ તેને હવે પડતો મૂકી દેવાનો છે. આ કપડાં મને બરાબર સૂટ થાય

છે. મને તો અસ્ત્રી વગરના કપડાં ચાલે જ નહિ. હું તો કોઈ દિવસ પણ બકરીના દૂધની ચા પીતો જ નથી. બીફનું માસ તો જિંદગીમાં મે હોઠ પર લગાવ્યું જ નથી. આ તો બેચાર વાતો છે. આપણા સમાજની પરિસ્થિતિ સાસુવહુના ઝઘડા, સસરા પણ બિચારા દોરવાઈ જાય. બેકાર વાતોને વાગોળવી, ઘુંટયા જ કરીએ, બસ આપણી જિંદગીના આપણે માલિક જ નથી રહ્યા. આપણે જિંદગીના મકસદથી જ હટી ગયા છીએ. પેગંબરે ઈસ્લામને તો સમગ્ર વિશ્વના ઈન્સાનો અને જિન્નાતો સુધી દીન પહોંચાડવાનો હતો. આપ એક મિશન લઈને આવ્યા હતા. કલૂષિત અને ગંદા જાલીમ સમાજને સુધારવાનો હતો. એક અતિ ઉચ્ચતમ, અતિ મહાન અને અતિ મુશ્કેલ કાર્યનો ભાર આપના ખભા ઉપર

હતો. દરિયામાં રહીને માછલી જેમ પોતાના અંદર પાણીને સ્વીકારતી નથી. તેમ આપ (સલ.) પણ સમાજમાં રહીને સંસારી જીવન જીવીને સંસારથી એટલા જ અલિપ્ત પણ હતા.

આપને મામલાને ટૂંકાવવો હતો, થાળે પાડવો હતો, તેથી આપે હફસાને કહી દીધું કે તું ચૂપ થઈ જા, બકબક ન કર, હું કસમ ખાઉં છું કે હવે પછી મારીયાથી સંબંધ નહીં બાંધું, બીજા હજારો કામોની ઝિમ્મેદારી આપની પાસે હતી.

રસૂલે ખુદાના અખ્લાક અને સ્વભાવ વિશે કુર્આને ફરમાવ્યું "વલ્લાહો ખોલોકીન અઝીમ" અય રસૂલ ! આપ બેહતરીન અખ્લાકવાળા છો. આવા બેહતરીન અખ્લાકવાળા રસૂલ હફસાના તોફાનથી શરમીંદા થયા અને વિચાર્યું કે જો આ જલ્દી ચૂપ ન

થઈ તો સમાજના લોકો એકત્ર થઈ જશે. મારી ચિંતા વધી જશે.

હફસાને આપે જે વાત ખાનગી રાખવાનું કહ્યું હતું તે તેણે તરત જ આયશાને કહી દીધી. બંનેની સાંઠગાંઠ હતી. રસૂલને સતાવવામાં બંને સાથે જ હતી. અલ્લાહે આ વાતની ખબર પણ રસૂલને વહી દ્વારા જણાવી દીધી. સાથે અલ્લાહે પોતાની નારાજગી પણ વ્યક્ત કરી છે. જુઓ આયત નં. ૩નો તરજુમો. ફરીથી જોઈ જાઓ.

બીજો મુદ્દો રસૂલેખુદાના આવી કસમ ખાઈને વાત ટૂંકી કરવાનો હેતુ આ પણ છે કે પેગંબરે ઈસ્લામ પાસે હજારો કામો હતા. ફક્ત મદની જિંદગીના અગિયાર વર્ષોમાં હિજરતથી લઈને વફાત સુધીમાં એકસો પચાસ જંગો થઈ.

નાની મોટી સરાયા અને ગઝવાઓ જેમાં મુખ્તલીફ રીવાયતો પ્રમાણે રસૂલે ઈસ્લામે પચ્ચીસ અથવા સત્તાવીશ ગઝવાઓમાં હિસ્સો લીધો. બાકી નાના મોટાં લશ્કરો ટૂકડીઓ રવાના કરી. વિચારો કે આ બધા કાર્યોમાં કેટલો સમય અને શક્તિ જોઈએ. જ્યારે કે પ્યારા રસૂલ પોતાની પત્નીઓ પાસે કંઈક ચેન સૂકુનની આશામાં આવે. પત્ની પાસે કંઈક દીલની રાહત મળે તે હેતુથી આવે. નાના ફરઝંદ ઈબ્રાહીમને લઈને રમાડવાના બહાને દીલો દિમાગને કંઈ શાંતિ મળે. ત્યારે હફસાની આવી ધમાલે આપને કેટલા પરેશાન કરી દીધા હશે ! કે આપે હઝરત મારીયા (રઝિ.) સાથે હવે પછી સંબંધ ન બાંધવાની કસમ ખાઈ લીધી.

ત્રીજો મુદ્દો કે મદીનામાં આપને મુનાફિકોનો ઘણો જ ભય હતો. મુનાફિકતનું જાળું આપની આસપાસ જ વીટળાયું હતું. જેમાં આપની આ બંને ઓરતો પણ સામેલ હતી. જેથી અલ્લાહ વારંવાર આપને શાંતવંત આપે છે કે અય નબી ! ડરો નહિ. અલ્લાહ તમારો રક્ષક છે. આ જગ્યાએ પણ અલ્લાહ આયત નં. ૨માં જણાવે છે કે "અલ્લાહ તમારો રક્ષક છે તે સર્વે વાતો જાણનાર અને હિકમતવાળો છે." અલ્લાહ રક્ષણ કરવાનું ક્યારે કહે કે જ્યારે રસૂલે ઈસ્લામને પોતાના ઘરમાંથી પણ મુનાફિકતનો ભય હોય. વિચારો, વિચારો, કસમના કફ્ફારાની વાતો ચાલે છે તેમાં અલ્લાહ વગર કારણે પોતાના નબીને એમ થોડો જ કહી દે કે અલ્લાહ તમારો રક્ષક છે.

પ્યારા વાચકો ! આ બધી જ વાતો વિચાર માગી લે છે આપની દરેક હિલચાલની જાસુસી ઘરમાં જ થતી હતી. આપને હેરાનગતિ પણ ઘરમાંથી ઉદ્ભવતી હતી. જે જરાય ચેન લેવા દેતી ન હતી. આ બધી પરિસ્થિતિ આપણને ઘણબધું કહી જાય છે.

એક વખત હઝરત રસૂલેપાક (સલ.)ને બેટી ફાતેમા મળવા આવે છે. રસૂલ પોતાની પ્યારી બેટીને જોઈને નુબુવ્વતની જાહેરાતનો તેં દિવસ યાદ કરે છે. જે દિવસે ગારે હિરામાં પ્રથમ સુરા નાઝિલ થઈ હતી. ઘરે આવતાં જનાબે ખદીજાને જણાવે છે કે અય ખદીજા ! હું અલ્લાહનો નબી છું. આ પવિત્ર ખાતુન તરત જ ઈમાન લઈ આવે છે. હઝરત ફાતેમાને જોઈને રસૂલે ખુદા કહે છે કે બેટા!

 amillibrary.com

મને તારી મમ્મી યાદ આવે છે. ઇસ્લામ પ્રત્યેનો તેનો પ્રેમ, મારા પ્રત્યેની તેની આસ્થા અને ખુદા વાસ્તેની તેની કુરબાની મને યાદ આવે છે. બેટા તને જોઉં છું અને મને તારી માનો પ્રેમ યાદ આવે છે. તે જ સમયે ક્યાંકથી આયશા રસૂલના બીવી અને હઝરત અબુબકરના બેટી આવી ચઢે છે. બાપ-બેટીની આ વાતો સાંભળીને નાક-મોં સંકોડે છે. ફરીથી તે જ શબ્દો ઉચ્ચારે છે. જે મેં અગાઉ વર્ણવ્યા છે યા રસૂલુલ્લાહ ! શું તે બુીને (ઘરડીને) યાદ કર્યા કરો છો. પોતાની પ્યારી મા માટેના આવા શબ્દો સાંભળીને હઝરત ફાતેમા રડી પડે છે. રસૂલે ઈસ્લામ હઝરત ફાતેમા સલ્લમહા અલયહાના માથે હાથ ફેરવે છે. છતાંય હઝરત ફાતેમા રડતાં જ રહે છે. વિચારો કે ઘરમાં અને

બહાર રસૂલની સામે કેવાં કેવાં ષડયંત્રો ચાલતાં હશે.

ઈતિહાસમાં આવી તો અનેક ઘટનાઓ નોંધાયેલી છે અને સેંકડો ઘટનાઓ નોંધાયેલ વગરની પણ હશે. આયશા હંમેશા ઈર્ષાથી પીડાનાર ઓરત હતી. તેના અનેક દ્રષ્ટાંત મૌલાના યુસૂફ કાંધલવી-તબ્લીગ જમાતના બીજા નંબરના હઝરતજી ગણવામાં આવતા આલીમની એક પ્રખ્યાત કીતાબ “હયાતુશ્સહાબા” માં છે. આ કીતાબ 3 ઝિલ્દોમાં અને દસ ભાગમાં મારી લાયબ્રેરીમાં છે. જેમા બીજી ઝિલ્દમાં નીચેની ઘટનાઓ આલેખાયેલી છે. તબ્લીગી જમાતના આદ્ય સ્થાપક મો. ઈલ્યાસના મોટા પુત્ર મૌ. યુસુફ સાહેબની કીતાબમાં છે જેથી કોઈના પણ ઈન્કારનો પ્રશ્ન જ નથી.

એક વાત પેગંબર ઉમ્મે ઝવેરીયા અથવા ઉમ્મે સલમાને ત્યાં તશરીફ લઈ ગયા એટલામાં ક્યાંકથી ગોશ્તનો એક પ્યાલો તોહફો ત્યાં આવ્યો. હઝરત આયશાનું ત્યાં ધ્યાન દોરાયું. કે જો રસૂલ સલમાને ત્યાં ખાવુ ખાશે, તો ત્યાં જ રોકાય જશે. જેથી પોતાની નોકરડીને બોલાવી કહ્યું કે તું સલમાને ઘેર જા અને ચાલતા ચાલતા પેલો પ્યાલો ઉલટી દે. નોકરડીએ તે ખાણાનો પ્યાલો ઉલટી દીધો. જાણે બધું ભૂલભાલમાં થયું છે.

રસૂલે ઈસ્લામના એક પત્ની હઝરત સોદા બિન્તે યમાનીયા જરા ઊંચો અવાજ સાંભળતાં હતાં. એક દિવસ સ્નાનાદિથી પરવારી ઘણા જ સુંદર નવા કપડાં પહેરી આયશાને મળવાં આવ્યાં. આયશા અને હફસા પણ ત્યાં જ હતાં. પેગંબરે

ઈસ્લામનો આવવાનો પણ સમય હતો. આ બંનેએ વિચાર્યું કે રસુલ આવવાની તૈયારી છે. આપણે બંને તો ગંદીગોબરો જેવી છીએ અને સોદા આપણી વચ્ચે ચટકીલી અને ખૂબસુરત દેખાઈ રહી છે. માટે રસૂલના આવતા અગાઉ આપણે એને બગાડી નાખીએ.

આ બંનેમાંથી એકે કહ્યું, “અય સોદા તે કંઈ સાંભળ્યું છે ? કાણો દજ્જાલ આવી ચૂક્યો છે. રસૂલે ખુદા હંમેશા એવું કહેતા હતા કે કાણો દજ્જાલ આવશે ખૂબ જ નજીકના ભવિષ્યમાં તે આવશે. જેથી સોદા આ વાત સાચી સમજ્યાં. કહ્યું, “હેં દજ્જાલ આવી ગયો ?” બંનેએ કહ્યું, “હા આવી ગયો છે.” હઝરત સોદાનો હુજરો થોડેક દૂર હતો તે આ તરફ ફરતાં ફરતાં આવી ચડ્યા હતાં. ભલીભોળી

નેક બખ્ત ઓરત હતાં. બોલ્યાં, "બાપ રે હું ક્યાં જાઉં ? મારે સંતાવું છે." આયશાએ ખજૂરના ઝાડનો એક ઘણો જ જૂનો તંબુ હતો, ખજૂરની ડાળીઓનો બનેલો હતો. તેમાં કરોળીયાના જાળાં પણ હતાં. અંદર માણસ સંકોડાઈને બેસી શકે એમ હતું. ત્યાં સંતાઈ જાઓ. હઝરત સોદા જલ્દી જલ્દી ત્યાં સંતાઈ ગયાં. એટલામાં પેગંબર તશરીફ લાવ્યા. આ બંને આયશા અને હફસા હસતી હતી. રસૂલે ફરમાવ્યું "ખુદાથી ડરો, શું મામલો છે ?" પેલું ખજૂરનું સૂકું થડ બતાવ્યું. પેગંબર ત્યાં પહોંચ્યા. જોયું તો સોદા તેમાં સંતાયાં હતાં. થરથર કાંપતાં હતાં. રસૂલે ખુદાએ ફરમાવ્યું "કે અય સોદા તું અહીં કેમ સંતાઈ છે ?" કહ્યું કે શું યા રસુલુલ્લાહ કાણો દજ્જાલ આવી ગયો ?" ફરમાવ્યું "નહિ અય સોદા

તે આવશે જરૂર ! અય સોદા હું ખુદાનો રસૂલ મોજૂદ છું. બહાર નીકળ." સોદા બહાર નીકળ્યાં. એમના ખૂબસુરત નવા કપડાં ધૂળ, રેતી, અને જાળાંથી ખરાબ થઈ ગયાં હતાં. મોં, માથું પણ ધુળથી ભરાઈ ગયું હતું. આપ (સલ.) એ પોતાના હાથ મુબારકથી તેમને સાફ કર્યાં. પછી આ બંને તરફ ઘણા જ ગુસ્સે થયા. માફી માગવાનું કહ્યું, તોબા કરવાનું સૂચન કર્યું. પરંતુ આ બંને ઓરતો હસતી હસતી ત્યાંથી ભાગી ગઈ.

(હયાતુશ્સહાબા, જિલ્દ ૨, ભાગ-૭. પેજ નં. ૮૦૦)

હવે એકાદ બે ઘટનાઓ લખીને વાતને ટૂંકાવું છું. આપણી સિહાહ સિ◌ા ગણાતી છ કીતાબો જોતાં મુખ્ય બે જ વ્યક્તિઓની રીવાયતો મળશે. એક છે હઝરત આયેશા અને બીજા છે અબુહુરયરહ.

આ બંને ઓરત મરદની રીવાયતો ઉપર આપણા સંપૂર્ણ દીનની ઈમારત ઊભેલી છે. હઝરત આયશાને તો આપણે ઓળખી લીધાં. કોઈ વખત જો મને મોકો મળશે તો હઝરત અબુહુરયરાહ સાહેબની પણ ઓળખ આપીશ.

હાલ તો ફક્ત બે ઘટનાઓના વર્ણન પછી આ પ્રકરણ સમેટી લેવા માગું છું.

આપણને પેગંબરથી ખૂબ જ મહબ્બત છે. હોવી જ જોઈએ. જો પેગંબરની મહબ્બત અને ઈજ્જત આપણા દીલમાં નથી તો ઈમાન જ ક્યાં રહ્યું. રસૂલ સાથે મહબ્બત, તેમની ઇજ્જત ઉપરાંત આપના ઉપર સંપૂર્ણ વિશ્વાસ ઈમાનની નિશાનીઓ છે. કારણ કે આપણે મોહંમદદુર્રસુલુલ્લાહ પઢીએ છીએ. જો આપ (સલ.)ની ઉપર આપણે અવિશ્વાસ

કરીશું તો ઈમાન જ ડગમગી ઊઠશે. રસૂલ આદિલ છે. રસૂલ સાદિક છે. એમ યકીન સાથે આપણે દીલમાં ઊતારવું પડશે. જો રસૂલના આદિલ હોવા ઉપર આપણે શક કરીશું તો ત્યાંથી કૂફ્રની ઊંડી ખાઈ પડવા સિવાય કંઈપણ મેળવી શકીશું નહી. મતલબ આપણા ઈમાનનો સંપૂર્ણ આધારસ્થંભ રસૂલેખુદાને આદિલ - ન્યાયી - ઈન્સાફ કરનાર અને સંપૂર્ણ સાદીક - સત્ય વચન બોલનાર માનવાનો છે.

હઝરત આયશા અને હફસાની અમૂક ઘટનાઓ તો એવી છે કે તેમનું સંપૂર્ણ ઈમાન જ શકપૂર્ણ બનાવી દે છે. જેમાં ન તોબા થઈ છે ન તોબાને કોઈ અવકાશ છે. સબે બરાતની ફઝીલતમાં (સબેબરાત - ૧૫મી સાબાન) આપણી કીતાબોમાં

એક મશ્હુર રીવાયત વર્ણવવામાં આવી છે. તે દિવસે દરેક મિમ્બર પરથી ફઝીલતમાં આલીમો તેણે વર્ણવે છે તે આ પ્રમાણે છે.

સબે બરાતની રાતે પેગંબરે ઈસ્લામ ઈબાદતથી પરવારી ઘણા મોડા આયશાના હુજરામાં આવ્યા તે રાતની વારી આયશાની હતી. આયશા પોતે જ રાવી પણ છે કે

કહે છે કે મારી વારી હોવાથી રસૂલ થોડા મોડા હુજરામાં આવ્યા. હું સૂઈ ગઈ હતી. પરંતુ જાગતી પથારીમાં પડી હતી. મેં જોયું કે રસુલે હુજરામાં આવી નમાઝ શરૂ કરી, થોડીવાર પછી મને કહ્યું, “અય આયશા ! તું મને ઇજાઝત આપે છે. હું આજે મારા પરવરદિગારની ઈબાદત કરવા ઇચ્છું છું. આજે બની સકીફ  કબીલાની બકરીઓના

વાળના પ્રમાણમાં ખુદા ઈન્સાનોને જહન્નમથી આઝાદ કરે છે. (તે કબીલા પાસે ખૂબ જ બકરીઓ હતી.)

આયશા કહે છે કે મેં રજા આપી. પછી રસૂલ નમાઝ પઢતા રહ્યા, દુઆઓ માગતા રહ્યા. હું જાગતી પડી રહી. થોડીવાર પછી મેં જોયું તો રસૂલે ખુદા હુજરાની બહાર ગયા, હું બેઠી થઈ જોવા લાગી કે ક્યાં જાય છે ? મેં રસૂલે ખુદાને ચાલતા જોતાં હું પણ લપાતી છુપાતી બહાર નીકળી પાછળ પાછળ ચાલવા લાગી. મને શક હતો કે ચોક્કસ રસૂલ મારી કોઈ શોકય ને ત્યાં જાય છે. પરંતુ મેં જોયું તો રસૂલ જન્નતુલ બકીઅમાં દાખલ થયા. ત્યાં મુદડાઓ માટે દુઆ કરવા લાગ્યા. છતાંય હું પાછી ન ફરી. જ્યારે

રસૂલ પાછા ફર્યા તો હું પણ આગળ દોડતી દોડતી હુજરામાં ભાગી આવી.

રસુલ હુજરામાં આવ્યા, તો મારી સાંસ ખૂબ ચાલતી હતી. તે જોઈ આપે મને પૂછ્યું "અય આયશા ! તારો શ્વાસ ખૂબ ચાલે છે ?" જો હું જુઠું બોલીશ તો ખુદા આપને ખબર કરી દેશે તેથી મેં સાચી વાત જણાવી દીધી. પછી રસૂલે મને ફરમાવ્યું "અય આયશા શું તને મારા ઉપર અવિશ્વાસ છે. શું ખુદાનો રસૂલ તારી સાથે નાઈન્સાફી કરશે ?"

આ રીવાયતને ઉપરછલ્લી રીતે વર્ણવનારા વર્ણવી દે છે. અને સાંભળનારા સાંભળી પણ લે છે. આ ઘટના આપણને જણાવે છે કે આયશાને પેગંબરે ઈસ્લામ ઉપર ભરોસો ન હતો, વિશ્વાસ ન હતો,

આપ (સલ.)ને આયશા નાઇન્સાફી કરનાર માનતા હતાં. હવે બતાવો ઈમાન જ ક્યાં રહ્યું. એક દસ વર્ષની ઉમરનો વિદ્યાર્થી પણ રસૂલે ખુદા ઉપર શક ન કરે. અરે પોતાના બાપ ઉપર પણ શક ન કરે. રસૂલ માટે તો દૂરની વાત ગણાય. એક મુસલમાન નાબાલિગ નાના બાળકના દિલમાં પણ પેગંબરનો એહતેરામ હોય છે. તે પણ રસૂલ ઉપર શક ન કરે તે પણ રસૂલે ખુદાને નાઈન્સાફી અન્યાયી - બિન ભરોસાપાત્ર કે દગો કરનાર માનતો નથી. કારણ કે તેના દીલમાં નબીએ પાક (સલ.) નો અજબગજબનો એહતેરામ હોય છે. જ્યારે અહીં તો રસુલે ઈસ્લામની બીબી (જેને મુસલમાનો રસૂલની સૌથી વધુ ચહીતી, સૌથી વધુ પ્યારી બીબી કહે છે) પેગંબરની પાછળ સી. આઈ. ડી. પણું કરે છે.

 amillibrary.com

રસૂલેખુદા ઉપર એવો અવિશ્વાસ કરે છે કે રસૂલ મારી વારીના દિવસે ઈબાદતનું બહાનું બનાવી મારી બીજી કોઈ શોકયના ઘેર જવા માગે છે. બતાવો ઈમાન ક્યાં રહ્યું. હવે છેલ્લી એક ઘટના આયશા અને હફસાની જુઠું બોલવાની વર્ણવીને આ પ્રકરણ પૂર્ણ કરીશ, જેમાં રસૂલને છેતરવામાં પણ આવે છે.

અરબી કીતાબ અલ બસાઈર ફી તઝકેરતુલ અશાઈરનો ઉર્દૂ તરજુમો અલ ઝવાહીરૂઝ ઝવાહીર - ભાગ - ૧ પેજ નં. ૨૨૭ અરબી લેખક મૌ. મોલ્વી હાફેઝ મોહંમદ અબ્દુલહય કફલેતવી ઉર્દૂ અનુવાદ - જનાબ મૌલાના આશિક ઈલાહી મીરઠી પ્રકાશક - મૌલાના હકીમ મોહંમદ

સુલયમાન મોહતમીન - મદ્રસા ઈસ્લામીયા કફલેતા જિ. સુરત) મા છે કે,

હઝરત આયશા ફરમાવે છે કે રસુલુલ્લાહ (સલ.)ને ઝાતુલ- જુનુબની શિકાયત રહેતી હતી. આ બીમારી આપને થઈ જતી હતી. (ઝાતુલઝૂનુબ એટલે ફેફસામાં પાણી ભરાઈ જવાની બીમારી - જેને પાંસળીની બીમારી પણ કહેવાય છે.) રસૂલની બધી અઝવાજ મયમૂના ના ઘરમાં એકત્ર થઈ હતી. રસૂલ પણ ત્યાં જ હતાં. મયમૂના કહે છે કે આપ (સલ.) ને ઝાતુલજૂનુબની બીમારી થયા કરતી હતી. એક દિવસ તે જ શિકાયત ફરીથી થઈ. જેથી રસૂલ બેહોશ થઈ ગયા. અહીં સુધી કે અમારું ગુમાન થયું કે આપ ઈન્તેકાલ પામ્યા, પછી અમોએ જમણી તરફના હોઠો પાસેથી મોમાં દવા ટપકાવી.

ત્યાર પછી આપને હોશ આવી ગયા. દવા તો ટપકાવી જ દીધી હતી.

આપે ફરમાવ્યું - મને દવા કોણે ટપકાવી ? બધી જ પત્નીઓ ડરી ગઈ. અને હઝરત અબ્બાસનું બહાનું શોધી કાઢયું. ઘરની બધી જ પત્નીઓએ એક સાથે અબ્બાસનું નામ લઈ લીધું. જો કે હઝરત અબ્બાસ તો જાણતા પણ ન હતા અને પોતાનું ગલત નામ પણ આપવા ઈચ્છતા ન હતા. તેથી સ્ત્રીઓએ કહ્યું કે આપના કાકા જનાબ અબ્બાસે અમને હુકમ કર્યો હતો, અમને ભય હતો કે આપને ઝાતુલજુનુબ હોય, પછી પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું. “આ શયતાની બીમારી છે. અને અલ્લાહ કદી પણ આ બીમારીને મારી ઉપર મુસલ્લત નહીં ફરમાવે, ન તો કદી એ બીમારી મને લાગુ પડશે. ગમે તેમ

આ કામ તમારું સ્ત્રીઓનું છે. ફક્ત મારા કાકા અબ્બાસને બાદ કરતાં ઘરમાં કોઈને બાકી રાખવામાં નહીં આવે. દરેકને આ દવા ટપકાવવામાં આવશે. રસૂલે કસમ ખાધી, જેથી દરેકને આ દવા ટપકાવવામાં આવી. મયમૂનાને તો રોઝો હતો, છતાં રસૂલના હુકમના કારણે દવા ટપકાવવામાં આવી. પછી રસૂલે ખુદા હઝરત આયશાના ઘેર તશરીફ લઈ ગયા. આપને બીમારી ચાલુ જ રહી, અહીં સુધી કે ઈન્તેકાલ ફરમાવ્યો.

ઉપરોક્ત સમગ્ર ઘટનાનું વિશ્લેષણ કરો. જેમા રસૂલની પત્નીઓ રસૂલના હુકમનું ઉલંઘન કરે છે. રસુલે મના કર્યા છતાં દવા ટપકાવે છે. જુઠ બોલે છે. પોતાના દગાફટકામાં હઝરત અબ્બાસને પણ તેમની જાણ બહાર સંડોવે છે. રસૂલે ઈસ્લામ

કહે છે કે મને ઝાતુલજુનુબ જેવી શયતાની બીમારી કદી નહીં થાય. જેમાં હું બેહોશ થઈ જાઉં. એ શયતાની બીમારી છે. રસૂલની અઝવાજ કહે છે કે આપ (સલ.)ને ઝાતુલજુનુબની બીમારી થયા કરતા હતી. કોને સાચા માનશો. રસૂલને કે અઝવાજને ? આવી તો સેંકડો ઘટનાઓ આપણી જ કીતાબોમાં નોંધાયેલી હું જોઈ રહ્યો છું.

(જુઓ બુખારી ભાગ - ૩ પેજ નં. ૬૧, પ્રકાશન મિસર)

આયતે તતહીર જેમાં મોહંમદ-અલી-ફાતેમા-હસન્-હુસૈન (અલ.)ને પાકપાકિઝા હોવાનું એલાન છે. તેમાં ઓલમાએ કિરામ યેન કેન પ્રકારે અઝવાજને પણ સામેલ કરવાની કોશીશ કરે છે. કમસે કમ આ દુનિયા પુરતો તો અઝવાજના ગુનાહો ઉપર પડદો લાગી જાય. કારણ કે આ બંને

પત્નીઓ મોટા બાપોની બેટીઓ છે. અને આ મોટા બાપોની મહબ્બત આપણા દીલોમાં મોહંમદ, ફાતેમા, અલી અને હસન હુસૈન (અલ.) કરતા પણ વધુ છે. મહબ્બત ઘર કરી ગઈ છે.

પછી અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે કહ્યું કે અલીની ભલાઈ અને ચેન સુફ્નથી આયશાનો નફ્સ કદી ખુશ થતો ન હતો. ઉપરોક્ત વધારા સાથે બુખારી - 3 ભાગ - 3 પેજ નં. ૬૧નું લખાણ પણ છે.

(તારીખે તબરી, ભાગ - 3 પેજ નં. ૪33, તબકાત ઈબ્ને સઅદ ભાગ -૨ કીસ્મ સાની પેજ નં. ૨૯)

હઝરત આયશા જ્યારે રસૂલે ખુદાથી નારાજ થતી હતી તો આપ (સલ.)નું નામ લેવાનું છોડી દેતી હતી.

(જુઓ બુખારી ભાગ - ૩ પેજ નં. ૧૭૪)

હફસાને રસુલુલ્લાહ (સલ.) એ તલાક પણ આપી દીધી હતી. કારણ મધ અને પોતાના બિસ્તરા ઉપર મારીયાને બોલવાના મામલે તેનાથી રસૂલને ઘણી જ તકલીફ પહોંચી હતી. જેથી હફસાને હંમેશ માટે પોતાના પિયર મોકલી દેવામાં આવી. હઝરત ઉમર પણ આ બાબત હફસાથી ઘણા નારાજ થયા હતા. હફસાને કહ્યું હતું "અગર ખત્તાબની ઓલાદમાં, કંઈપણ નેકી હોત તો રસુલુલ્લાહ (સલ.) તને હરગિઝ તલાક ન આપત. સ્વયં પેગંબર (સલ.) પણ ઉપરોક્ત ઘટના બન્યા પછી મારીયા (રઝિ.)

ના ઘરમાં ૨૯ દિવસ સુધી રહ્યા. કોઈપણ પત્ની પાસે ન ગયા. અહીં સુધી કે લોકોમાં એવું મશ્હુર થઈ ગયું કે પેગંબરે ઈસ્લામે પોતાની બધી જ બીબીઓને તલાક આપી દીધી છે.

(બુખારી, મુસ્લિમ, સનન અબુ દાઉદ વગેરે)

એક વખત હઝરત આયશા પોતાના બાપ અબુબકરની હાજરીમાં પેગંબરે ઈસ્લામ સાથે ઝઘડી પડી અને કહ્યું (રસૂલને કહ્યું) "જરા ન્યાયથી કામ લો" આ બાબત ઉપર જનાબ અબુબકરે આયશાના ગાલ ઉપર એવો તમાચો માર્યો કે લોહી દેખાવા લાગ્યું.

(અહયાઉલ ઉલૂમ - ગીઝાલી ભાગ - ૨ પેજ નં. ૩૫, કન્ઝૂલ અમ્માલ ભાગ - ૭ પેજ નં. ૧૬૬)

ખલીફએ હક સામે જંગ કરવી હરામ છે. કુફ્ર છે. છતાં આ જ મા આયશા રસૂલે ઈસ્લામનો પોતાની બધી જ પત્નીઓને આ હુકમ કે "મારી વફાત પછી ઘરનો ઊંબરો ન છોડશો" ની ધરાર અવગણના કરીને મક્કાથી લશ્કર ઊભું કરી મિસર ગયાં. ત્યાં હઝરત અલી (અલ.) સાથે જંગ લડી, જેને જંગે જમલ કહેવાય છે. જમલ એટલે ઊંટ. હઝરત આયશા ઊંટ પર સવાર હતાં. તલ્હા અને ઝુબેર પણ આપની સરદારીમાં લડતા હતા. અઢાર હજાર માણસોનું લોહી આ જંગમાં વહી ગયું.

આ રસૂલના પત્ની આયશા ઉમ્મતની બીજી માઓ પાસે પણ ગયાં હતાં કે મારી સાથે યુધ્ધમાં ચાલો. પરંતુ બધી જ પત્નીઓએ ના પાડી, ઉમ્મુલ મોએમનીન હઝરત ઉમ્મે સલમા (રઝિ.) એ તો

રસૂલે ઈસ્લામનો હૂકમ યાદ અપાવ્યો કે રસૂલે આપણને ઘર છોડી ક્યાંય જવાની મના ફરમાવી છે. છતાંય હજારો કી.મી.ની સફર કરી, લશ્કરની આગેવાની લઈ જંગે જમલ લડી. ઈસ્લામની બધી જ જંગોમાંથી આ જ એક એવી જંગ છે જે ઓરતની સરદારીમાં લડાઈ માટે હવે મુસલમાનો માટે ઓરતની હોકમીયત (સરદારી) જાઇઝ થઈ ગઈ. કારણ કે મુસલમાનોના મઝહબની અડધી બનિયાદ (રીવાયતો) હઝરત આયશા ઉપર ઉભેલી છે. અડધી બુનિયાદ અબુહુરયરહ સહાબી ઉપર.

બતાવો, હવે કે રસૂલે ઈસ્લામની પત્નીઓએ રસૂલેખુદાને તથા હઝરત સૈયેદતુન્નીશા ફાતેમા ઝહરાને કેટલી તકલીફ આપી હશે ?

હઝરત આયશા અને હઝરત ફાતેમા સલ્લમહા અલયહાના મકાનની વચ્ચે એક બારી હતી. એક વખત હઝરત આયશા આ જ બારીમાંથી હઝરત ફાતેમા (સલ.) ના ઘરમાં દાખલ થઈ અને તેમની સાથે લડવા લાગી. આવી વારંવારની આયશાની હરકતોથી પેગંબરે કંટાળીને તે બારી બંધ કરાવી દીધી. હઝરત ફાતેમા (સલ.) હંમેશા આયશાથી નારાજ રહેતાં હતાં. કારણ કે આયશા હઝરત ફાતેમા (સલામુ.) અને હઝરત અલી (અલ.)ની દુશ્મન હતી. આ જ કારણથી ઈન્તેકાલ વખતે હઝરત ફાતેમા (સલા.) એ વસીય્યત કરી હતી કે આયશા મારા જનાઝાને ન અડકે.

(જુઓ શરહ મીશ્કાત ભાગ - ૩ પેજ નં. ૨૪૬)

**કન્ઝૂલ અમ્માલ, પ્રકરણ હાલાત વફાતે હઝરત ફાતેમા ઝહરા (સલ.)**

હઝરત આયશાનું વર્ણન છે કે જ્યારે પેગંબરે ખુદા ઉપર બીમારી વધી ગઈ, અને તકલીફ ખૂબ જ અસહ્ય થઈ ગઈ તો આપ (સલ.) બે વ્યક્તિઓ ઉપર ટેકો લઈને એવી રીતે બહાર આવ્યા કે આપના પગ જમીન પર ઘસડાતા હતા. ટેકો આપનારામાંથી એક અબ્બાસ બિન અબ્દુલ મુલિબ હતા. બીજો એક માણસ હતો. રાવી કહે છે કે મેં આ વાતનું વર્ણન અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી કહ્યું તો તેમણે કહ્યું, “જાણો છો તે બીજો માણસ જેનું નામ આયશાએ ન લીધું. તે કોણ હતા?” રાવી કહે છે કે મેં કહ્યું, “નહીં” અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે કહ્યું કે તે અલી (અલ.) હતા.

મુસલમાનોને પોતાની કીતાબો વાંચવાનો પણ સમય નથી. વાંચે છે કે વિચારવાનો સમય નથી. નિરર્થક મહબ્બતોના અંદર ખેંચાયા કરે છે. રસુલેખુદાના દુશ્મનોને તેમના દોસ્ત સમજે છે. બદમાશને પણ બદમાશ ન કહેવું પોતાની દીનદારી સમજે છે. રસૂલની બેઈજ્જતી થાય તો ભલે થતી, પરંતુ પોતે માની લીધેલા બુઝૂર્ગોની બેઈજ્જતી ન થવી જોઈએ.

જ્યારે આવી આવી વાતો તેમના ધ્યાન પર આવે ત્યારે નવા પ્રકાશન વખતે વાતનો લોચો વાળવાની કોશીશ કરે છે. શબ્દોના અર્થ બદલી નાખે છે. નામો ઉડાવી ઘટનાને એવી બગાડી નાખે છે કે કંઈ સમજાય નહિ. આ પ્રકારની દીનદારી ઉપર અલ્લાહ તેમને જરૂર સજા કરશે.

જન્નતુલ માવામાં હઝરત ફાતેમા (સલા.)ના વાલીદહમોહતરમા તથા રસૂલે ખુદાના ચહીતી બીબી મા ખદીજા (રઝિ.)ની કબર શરીફના આકારોને જોઈને ઈતિહાસમાં ડૂબી ગયો. શેહઝાદીની મઝલુમીયત મારી સમક્ષ આવી ગઈ. સાથીઓ સાથે આટલી વિશાળ ઘટનાઓ ઉપર પ્રકાશ પાડવાનો પણ તે વખતે સમય ન હતો. આંખોમાં આંસુ સાથે આ બુઝૂર્ગ મા અને તેમની પ્યારી દીકરીની મઝલુમીયતનો વસીલો પકડી દુઆ માગું છું કે “અય અલ્લાહ મારી આ કીતાબના વાચકોને દીનેહક મઝહબે એહલેબયતનો રસ્તો બતાવ.

**આમીન - ઈલાહી આમીન.**

# સઉદીઅરબની ઝિયારતો

## મદીના

૧ જનાબે રસુલે ખુદા (સ.)

૨ જનાબે ફાતેમા ઝહેરા (સલામુ.) (નં. ૨ થી ૧૭ જન્નતુલ બકીઅમાં છે.)

3 હ. ઈમામ હસન (અલ.)

૪ હ. ઈમામ ઝયનુલઆબેદીન (અલ.)

૫ હ. ઈમામ મોહમ્મદ બાકર (અલ.)

૬ હ. ઈમામ જાફરે સાદીક (અલ.)

૭ હ. અબ્બાસ (નબી સાહેબના કાકા)

૮ હ. ઈબ્રાહીમ (નબી સાહેબના દીકરા)

૯ હ. ફાતેમા બીન્તે અસદ (મૌલાઅલીની મા)

૧૦ હ. ઉમ્મુલ બીન્તે અસદ (હ. અબ્બાસની મા)

૧૧ નબી સાહેબની ૩ પાલક બેટીઓ. (જે હઝરત ખદીઝા (રઝિ.)ના બહેન ઉમ્મે હાલા તથા તેમના પતિ બંને મૃત્યુ પામતાં તદ્દન યતીમ થઈ ગઈ હતી. તેમનું પાલણપોષણ હઝરત ખદીઝાએ કર્યું હતું.)

૧૨ નબી સાહેબની ૯ બીબીઓ

૧૩ નબી સાહેબની ફોઈઓ

૧૪ નબી સાહેબના બે અસહાબો

૧૫ હ. ઈસ્માઈલ બીન જાફરે સાદીક

૧૬ હ. અબ્દુલ્લાહ ઈબ્ને જાફરે તૈયાર તથા જ. અકીલ.

૧૭ દાઈ હલીમા

૧૮ જ. અમીર હમ્ઝા (ઓહદના મેદાનમાં)

૧૯ મસ્જીદે અલી

૨૦ મસ્જીદે ફાતેમા

૨૧ મસ્જીદે ફતે

૨૨ મસ્જીદે સલમાન ફારસી

૨૩ મસ્જીદે કિબ્લતૈન

૨૪ મસ્જીદે કુબા (મદીનાની પ્રથમ મસ્જીદ)

૨૫ મસ્જીદે ખીફ (બાગે ફીદકની બાજુમા)

૨૬ મસ્જીદે જુમ્આ

૨૭ બાગે ફીદક (જ. ફાતેમાને મહેરમાં આપેલો બાગ)

૨૮ બાગે સલમાન ફારસી (જ્યાં કરબલાના કાફલાએ ઉતારો કર્યો હતો તે બાગ)

૨૯ યહુદીનો બાગ (જ્યાં મૌલાઅલી પાણી ખેંચતા હતા)

30 હસન હુસૈનનો મદ્રસો

૩૧ મસ્જીદે મુબાહેલા

૩૨ મસ્જીદે બીલાલ

૩૩ મદ્રસએ ઈમામ સાદીક

## મક્કા

૩૪ ખાનએ કાબા

૩૫ મુકામે ઈબ્રાહીમ

૩૬ હજરે અસ્વદ

૩૭ ઝમઝમનો કૂવો

૩૮ સફા અને મરવા

૩૯ મીના (જ્યાં કુરબાની થાય છે.)

૪૦ મુઝદલફા (શૈતાનને મારવા કાંકરીઓ અહીંથી લેવાય છે.)

૪૧ અરફાત (આ મેદાનમાં જબલે રહેમાન કે જ્યાં દાદા આદમની દુઆ કબુલ થઈ હતી તે પહાડ છે તથા જ્યાં હજ થાય છે. તે નુમરાહ મસ્જીદ છે.

૪૨ ગારે હીરા (નબી સાહેબ જ્યાં ઈબાદત કરતા હતા)

૪૩ અબુકુબેસ (નબી સાહેબે ચાંદના બે ટૂકડા કર્યા તે જગ્યા)

૪૪ જબલે શોર (હિજરત વખતે જ્યાં સંતાયા હતા તે)

૪૫ જનાબે ખદીજતુલ કુબરા (રઝિ.)

૪૬ જનાબે આમેના

૪૭ જનાબે અબુતાલીબ

૪૮ જનાબે અબ્દુલમુત્તલીબ

૪૯ જનાબે હાસીમ

૫૦ જનાબે અબ્દેમુનાફ

(નંબર ૪૪થી ૪૯ ઝિયારતો મક્કામાં માલા કબ્રસ્તાનમાં છે. બહારથી ઝિયારતો પઢવી પડે છે)

૫૧. ખુમે ગદીર (જ્યાં હઝરત અલીને ખીલાફત આપવામાં આવેલી તે જગ્યા. જેને મસ્જીદે અલજુઅફા કહે છે. તે મક્કાથી ૧૫૦ કી. મી દૂર છે.)

# પ્રકરણ – ૨૦ : મુલકે શામ - સિરીયાની ઝિયારતો

મક્કાની ઝિયારતોથી પરવારી અમો જિદ્દહ આવ્યા. જિદ્દહથી બાય-એર સિરીયાની રાજધાની દમાશ્ક આવ્યા. દમાશ્ક એક સુંદર શહેર છે. આ તે જગ્યા છે જ્યાંથી હઝરત અલી (અલ.) સામે મઆવીયાએ પ્રથમ બગાવત કરી હતી. મઆવીયા મુલકે શામનો ગવર્નર હતો. આગળના ખલીફાઓના સમયમાં તેને ઘણી છૂટછાટો મળી હતી. જેથી તેનું મગજ બહેકી ગયું હતું. હઝરત ઉમર તેને મુસલમાનોનો કિશરા કહેતા હતા. હઝરત ઉસ્માને પોતાની ખિલાફતના સમયમાં મઆવીયાને બીલકુલ છૂટો દોર આપી દીધો. હઝરત ઉસ્માનની ખિલાફતના દોરમાં મોટા ભાગે તમામ ઈસ્લામી

આલમમાં અવ્યવસ્થા જ રહી છે. હઝરત ઉસ્માન બની ઉમય્યા ખાનદાનના હતા. મઆવીયા પણ બની ઉમય્યાથી હતો.

પેગંબરે ઇસ્લામનું એક ખ્વાબ હું આગળ વર્ણવી ચૂક્યો છું કે આપ (સલ.) એ એક વખત ખ્વાબમાં જોયું કે પોતાના મિમ્બર ઉપર વાંદરા નાચી રહ્યા છે. આપે જિબ્રઈલને આ અંગે પૂછ્યું તો જિબ્રઈલે કહ્યું કે, “યા રસુલુલ્લાહ ! આપના પછી બની ઉમય્યા બળજબરી કરીને આપની ગાદીના વારસ બની જશે.” મતલબ વાંદરાઓની જેમ જ આંતક મચાવશે. પેગંબરે ઈસ્લામનું આ ખ્વાબ અક્ષરશઃ સાચું પડ્યું છે.

જંગે સિફ્ફીનમાં હઝરત અલી (અલ.)ની સામે મઆવીયા હારી જવાની અણી ઉપર હતો

ત્યારે તેણે અમર બિન આશની સૂચના અનુસાર દગોફટકો અને ચાલાકી દ્વારા લડાઈ રોકાવી દીધી અને બગાવત ઉપર અડી રહી પોતાના મુલકની અલગ હુકુમત સ્થાપિત કરી. મઆવીયાની હુકુમતના સમયમાં તેના દરેક મિમ્બર ઉપરથી ખલીફએ હક ઈમામ અલી (અલ.) ઉપર લઅનત મોકલવામાં આવતી હતી. આ સિલસિલો સિૈર વર્ષ સુધી ચાલ્યો છે. ત્યાર બાદ બની ઉમય્યાના જ એક સુપુત્ર ઉમર બિન અબ્દુલઅઝીઝ ખિલાફત ઉપર આવતાં, તેમણે આ ખબીસતરીન રસમ દૂર કરાવી.

બની ઉમય્યાએ પોતાની હુકુમતના એક હજાર મહિના સુધી એહલેબયતની ઉપર લઅનત-નફરત કરી છે. તેમની નિશાનીઓ મિટાવવાની જાનતોડ કોશીશ કરી છે. પરંતુ મઆવીયા મરી

ગયો તેના વારસો પણ મરી ગયા. તેમનું નામ આજે ઈતિહાસમાં ભૂસાઈ ગયું છે. પરંતુ એહલેબયતે રસૂલ આજે જીવતી છે. દમિશ્કમાં યઝીદની કબરનું તો અસ્તિત્વ જ નથી. અમે એક ભરચક બજારમાંથી પસાર થતા હતા ત્યારે કેટલાક જાણકારોએ અમને બતાવ્યું કે આ જગ્યાએ યઝીદની કબર હતી. જ્યાં હાલ કાચ અને સીસાની ફેક્ટરી છે. મઆવીયાની કબર દમિશ્કના કબ્રસ્તાનના છેડે એક તદ્દન જર્જરિત છાપરામાં છે. તે છાપરાને બંધ રાખવામાં આવે છે. મતલબ કે બની ઉમય્યાની કોઈપણ નિશાની આજે સિરીયામાં ઢૂંઢતાં પણ જડે એમ નથી. જે મઆવીયાએ પોતાની સંપૂર્ણ જિંદગી ઈસ્લામને અને પેગંબરે ઈસ્લામની સંતાનોને મિટાવવા માટે ખર્ચી નાખી હતી તે ઈસ્લામના

નિશાનો તથા તે એહલેબયતની દર્સગાહો, કબરો, મકબરાઓ દમીશ્કમાં ઠેર ઠેર જોવા મળે છે. જેના ઉપર ઝિયારતો પઢનારાઓની કતારોની કતારો જોવા મળશે. આપણે કોઈપણ મકબરામાં જઈએ આપણને ઈન્સાનોની ભીડ જોવા મળશે. દરરોજના કેટલાય કાફલાઓ ઝિયારત માટે આવતા હોય છે. બે ત્રણ કાફલા જીયારતો પઢીને દરેક મકબરાની બહાર નીકળતા હોય અને બે એક કાફલા બહારથી અંદર દાખલ થતા હોય. મકબરાની જાળીઓ પકડીને રડતા, દુઆઓ માગતા લોકોને જોવાનો પણ એક લહાવો છે કે એહલેબયતનો ઝિક્ર અલ્લાહે કેવો બાકી રાખ્યો છે.

દશ્મીકના એરપોર્ટ પર ઊતરી, સરકારી વિધિ પતાવી. અમો ત્યાંથી લગભગ ૧૨ કી. મી.

દૂર ઝયનબીયાહ મુકામે પહોંચ્યા. જ્યાં બીબી ઝયનબ (અલ.) નો રોઝો છે. હઝરત બીબી ઝયનબ (સલા.) ઈમામ હુસૈન (અલ.)ના બહેન થાય છે. આપનો રોઝો ઘણો જ આલીશાન છે. સાથે મસ્જિદનો વિભાગ પણ છે. ઘણી મોટી સહેન છે. રોજાની બહાર બજાર શરૂ થાય છે. રોજાના બે મિનારા ઘણા જ આલીશાન છે. જે ઘણે દૂરથી નજર આવે છે. હજારો લોકો મોડી રાત સુધી રોઝામાં ઈબાદત કરતા દેખાય છે. ફજરથી લઈ મોડી રાત સુધીની કોઈ સેંકડ એવી નથી જતી કે ત્યાં ઝવ્વારોની ભીડ જામેલી ન હોય. બજારોની રોનક પણ ઝવ્વારોથી જ છે.

શહેર દમીશ્કની વચ્ચોવચ્ચ પરંતુ ઝયનબીયાથી થોડે દૂર બીબી સકીના હઝરત

ઈમામ હુસૈન (અલ.)ના શેહઝાદીનો રોઝો છે. તેની સુંદરતા ઊડીને આખે વળગે એવી છે. અતિ વિશાળ અને બજારોની વચ્ચોવચ્ચ આ રોઝો ઘણો જ સુંદર છે. ત્યાં પણ ઝવ્વારોના કાફલાઓની આવનજાવન દિવસ રાત ચાલુ જ હોય છે. દુઆઓ માગતા, રડતા, નમાઝ પઢતા લોકો જોઈને દુશ્મન પણ કબૂલ કરે કે અલ્લાહે એહલેબયતના ઝિક્રને બુલંદ કર્યો છે, બાકી રાખ્યો છે. ઈબાદતના આ શ્યો જોઈને એહલેબયતથી કીનોકપટ રાખે છે તેઓ હક્કાબક્કા - અવાચક બની જાય છે. આ રોઝાના ગુંબજો સોનાના બનાવવામાં આવ્યા છે.

હઝરત ઝયનબ સલામુલ્લાહ અલયહાની ચોખટ ઉપર હાજરી આપી ત્યાંની મસ્જિદમાં ફજરની નમાઝ અદા કરી ઝિયારત પઢી. બીબીની

મુસીબતો યાદ કરી. કરબલાનું દ્રશ્ય મારી દ્રષ્ટિ સમક્ષ તાજું થયું. આંખો અશ્રુભીની થઈ. મુબારક સમય સમજી દુઆઓ માગી. પછી ઝયનબીયા મુસાફરખાને આવી આરામ કર્યો. નમાઝે ઝહોરૈનમાં ફરીથી રોઝામાં હાજરી આપી. ફરીથી ખૂબ દુઆઓ માંગી. રાતે મગરીબૈન બાદ મજલીસમાં હાજરી આપી, પાસેના એક મકાનમાં મજલીસનું આયોજન ઈન્ડિયન તાલિબે ઈલ્મોએ કર્યું હતું. જ્યાં મોલાના મોહંમદ અસફાક સાહેબે મજલિસ પઢી. અહીં દમિશ્કમાં એહલેબયતના ચાહકોએ છ હૌઝે ઈલ્મીયા સ્થાપિત કર્યા છે. જેમાં વિશ્વના ઘણા દેશોના તાલિબે ઈલ્મો ઈલ્મ શીખી રહ્યા છે. તેમાનો એક હૌઝે ઈલ્મીયા આગા સૈયદ મોહંમદ મુસવી સાહેબનો પણ છે. આગા મુસવી સાહેબની મુલાકાત

માટે હું અને મૌલાના ગયા તો ખબર પડી કે હઝરત યુ.કે. ગયા છે.

બીજા દિવસે અમોએ શેહઝાદી સકીના બિન્તે ઈમામ હુસૈન સલામુલ્લાહ અલયહાના રોઝા ઉપર હાજરી આપી. આંખોમાં આંસુ સાથે હઝરત ફાતેમા (સલા.)ની યાદ તોં થઈ. ફરીથી એહલેબયતની મુસીબતોની યાદ તોં થઈ. ફરીથી વેરાન જન્નતુલ બકીઅ તથા તેની વેરાન આરામગાહો દ્રષ્ટિ સમક્ષ આવી. ઝિયારત પઢી. મૌલાના મોહંમદ અસફાક સાહેબે મજલીસ પઢી. પુરા ત્રણ કલાક અહીં રોકાયા. આરામથી દુઆઓ માગી. એટલી ખુશી તો હતી કે સીરીયામાં એહલેબયતની રોનક અને શાનોશોકત બરાબર છે.

જ્યારે સઉદીમાં એહલેબયતની મઝલુમીયત સ્પષ્ટ દેખાઈ આવે છે.

## દમિશ્કનું કબ્રસ્તાન

દમિશ્કમાં ઝયનબીયા મુસાફરખાનથી દસેક કિ. મી. દૂર એક કબ્રસ્તાન આવેલું છે. જ્યાં ઘણા બધા એહલેબયતના સંતાનો - ચાહકો આરામ ફરમાવી રહ્યા છે જ્યાં અનેક શાહઝાદાઓ અનેક શેહઝાદીઓ દફન થયેલ છે. દરેકની કબરના ઉપર હાજરી આપી. દરેક રોઝા નાના મોટા પરંતુ સુંદર અને સંપૂર્ણ મહફૂઝ છે. સીરીયામાં દરેકને આઝાદીથી પોતાના મઝહબી રીતરીવાજ અદા કરવાની સંપૂર્ણ છૂટ છે. ન કોઈ હો હલ્લા કે ન કોઈ રોકાણ કે ન કોઈ સરકારી કનડગત ન કોઈ સઉદી જેવું હટ હટ, હોં હુટ હુટ હુટ.

દમિશ્કમાં અમો એરપોર્ટ પરથી શહેરમાં દાખલ થયા પછી શહેરમાંથી દૂરસુદુર ઘણે ઠેકાણે ગયા. બસમાં આઠ આઠ કલાક, જેટલી મુસાફરી કરી પરંતુ ન કોઈ જગ્યાએ કોઈ સરકારી અફસરોએ કાફલાને રોક્યો ન કોઈ જગ્યાએ અમારો પાસપોર્ટ જોવા માગ્યો. બલ્કે ત્યાંના સ્થાનિક લોકો તથા પોલિસ વગેરેને ઝવ્વારોનો એહતેરામ કરતા જોયા.

સીરીયાઈ સ્ત્રીઓ સંપૂર્ણ પરદામાં રહેતી દેખાઈ. જ્વલ્લે જ યુરોપીયન કે વિદેશી મહિલાઓ કંઈ પરદામાં છૂટછાટ લેતી અથવા ઊઘાડે માથે જોઈ. યહુદી, ઈસાઈ મહિલાઓ પણ બીબી ઝયનબ અને બીબી સકીનાના રોઝા ઉપર આવતાં માથું અને શરીર આખી ચાદરથી ઢાંકી લે છે. સ્કૂલની છોકરીઓ પણ સ્કૂલથી છૂટી પોતાના યુનીફોર્મ ઉપર

ચાદર ઓઢી બીબી સકીનાના રોઝા ઉપર હાજરી આપીને પોતાના ઘેર જતી જોઈ.

સ્કૂલ યુનીફોર્મમાં પણ માથે સ્કાર્ફ જે સંપૂર્ણપણે વાળને ઢાંકે ઉપરાંત શરીરપણ ઢાંકે તેવો યુનીફોર્મ જોઈ દીલમાં ખુશી ઉત્પન્ન થઈ.

દમિશ્કના પ્રખ્યાત અને વિશાળ કબ્રસ્તાનમાં નીચેની ઝિયારતો કરી દરેક જગ્યાએ અમો પંદર, વીસ, કે પચ્ચીસ મિનિટ રોકાયા. દુઆઓ માગી.

(૧) જનાબે ઉમ્મે કુલસુમ

(૨) જનાબે ફાતેમા સુગરા

(૩) જનાબે અબ્દુલ્લાહ બિન જાફર સાદિક

(૪) જનાબે હમીદા બિન્તે મુસ્લિમ

(૫) જનાબે મૈમૂના બિન્તે ઈમામ હસન

(૬) જનાબે અસ્મા ઝવજહ જાફર તૈયાર

(૭) જનાબે અબ્દુલ્લાહ ઈબ્ને જાફર તૈયાર

(૮) હઝરત બિલાલ મસ્જિદે નબવીના મોઅઝ્ઝન

(૯) જનાબે ફિઝઝા (હઝરત ફાતેમાના કનીઝ)

(૧૦) જનાબે અબ્દુલ્લાહ ઈબ્ને ઝયનુલ આબેદીન

(૧૧) ઉમ્મે હબીબા (પેગંબરે ઇસ્લામના બીબી)

(૧૨) ગંજે સર શહીદે કરબલા (જ્યાં શહીદોના સર રાખવામાં આવ્યાં હતાં, તે જગ્યા)

ઉપરોક્ત ૧ થી ૧૨ ઝિયારતો તો કબ્રસ્તાનમાં જ છે. બધી જ વ્યવસ્થિત સુંદર જાળીવાળી, ઉપર છાર, ગુંબજો સાથે પાકા મજબૂત ઓરડામાં વ્યવસ્થિત જોવા મળશે. આસપાસની જગ્યા પણ સફાઈ થયેલી. તેને સાચવનાર, તથા ઝવ્વારોને દોરવણી, સમજ આપનાર માણસો પણ

મળશે, કબ્રસ્તાનની ઝિયારતથી પરવારી અમો હઝરત યહ્યા બિન ઝકરીયા (અલ.) પેગંબરે ખુદાની આરામગાહ જોઈ હઝરત ઝયનૂલ આબેદીન (અલ.)નો મિમ્બર જોયો. જ્યાં ઊભા રહી આપે ખુત્બો આપ્યો હતો, જે જગ્યાએ એહલેબયતે રસૂલના કાફલાને કેદમાં રાખેલો તે જગ્યા જોઈ. ત્યાં સાથીઓ ખૂબ જ રડયા. દુઆઓ માગી. મજલિસનો હક અદા થાય તે હેતુથી મૌલાના મોહંમદ અસફાક સાહેબે થોડીક વાતચીત કરી. ટૂંકી મજલીસ થઈ.

અહીંથી અમો જનાબ હુજરબીન અદી (રઝિ.)ની ઝિયારતે ગયા. આપનો રોઝો દમિશ્કથી ૨૦ કિ. મી. દૂર છે. આ હઝરત અલી (અલ.)ના સહાબી છે. ત્યાં ઝિયારત પછી, દુઆઓ માગી

ત્યાંથી અમો અસહાબે કહફની ગુફાની ઝિયારત કરવા ગયા.

## અસહાબે કહફ

કુર્આનમાં એક સૂરત સૂરએ કહફ છે. કહફ એટલે ગુફા. આ સુરત મક્કા મોઅઝ્ઝામાં ઊતરેલી છે. જેમાં ૧૧૦ આયતો છે. જેમાં અખ્લાકી અને સામાજિક શીખામણો છે. કુર્આનનું આસમાની કિતાબ હોવું, ખુદાનું અવલાદથી પાક હોવું, અસહાબે કહફનો કિસ્સો, દરેક કામ માટે ઈન્શાઅલ્લાહ જરૂરથી કહો, સબ્રથી કામ લો, ઝુલકરનૈનનો કિસ્સો, હઝરત આદમ અને ઈબ્લીશનો કિસ્સો વગેરે વિષયો છે.

અસહાબે કહફ કુલ છ વ્યક્તિઓ હતા. નવયુવાન હતા. સાતમો એક કૂતરો જે એમની સાથે

થઈ ગયો હતો. તેમના નામો આ પ્રમાણે છે. (૧) મુકલમીન (૨) સરનુસ (૩) તમલીખા (૪) મરતુનસ (૫) નિનુનસ (૬) દરયુનસ

આ લોકો ઈફસુસ શહેરના રહેવાસી હતા. તે શહેરના બાદશાહનું નામ દિક્યાનુસ હતું. તે પોતાના પ્રજાજનોને મૂર્તિઓની પૂજા કરવા માટે મજબૂર કરતો હતો. જે વ્યક્તિ બૂતપરસ્તી કરવાનો ઈન્કાર કરે તેમને મારી નાખતો હતો. શહેરની ચોતરફ કોટ હતો. કોટના દરવાજા ઉપર દરબાનો (વોચમેનો) રાખવામાં આવતા, જે વ્યક્તિ શહેરની બહાર જાય, પ્રથમ બૂતને સિજદો કરે પછી જ બહાર જઈ શકે એવો નિયમ હતો.

આ છ નવયુવાનો તવહીદપરસ્ત હતા. ઈબાદતગુજાર પણ હતા. જ્યારે આ લોકોએ જોયું કે

આપણે મજબૂર થઈ ગયા છીએ. જાન આપી દો કે બૂતપરસ્તી કરો, તો તેઓ મોકો જોઈને એક દિવસ શિકારના બહાને શહેરની બહાર નીકળી ગયા. કોઈને ખબર ન પડે, તે હેતુથી એક દુર્ગમ અજાણી રાહ પર ચાલી નીકળ્યા. રસ્તામાં એક ગોવાળ મળ્યો. તેને ભોમિયા તરીકે સાથે આવવા તથા એક ખુદાની ઈબાદત કરવા સમજાવ્યો. તે ન માન્યો, પરંતુ તેનો એક કૂતરો અસહાબે કહફ સાથે થઈ ગયો. આ કૂતરાનું નામ કતમીર હતું.

આ લોકો મેદાન પસાર કરીને દૂર સુધી ભાગી નીકળ્યા. ત્યારે દકયાનુસ બાદશાહને આ નવયુવાનોના ભાગી જવાની જાણ થઈ. ભાગી જવાનું કારણ પણ જાણવા મળ્યું. તો બાદશાહે થોડાક ઘોડેસવારો સાથે તેમનો પીછો કર્યો. જ્યારે

આ નેક નવયુવાનોએ પોતાની પાછળ ઘોડે સવારોને જોયા તો ડરના માર્યા પહાડની એક ગુફામાં છુપાઈ ગયા. અચાનક તેમની જીભેથી આ શબ્દો સરી પડ્યા "હસબોનલ્લાહો વ નેઅમલ વકીલ" તેઓ ગુફામાં દાખલ થયા તો અલ્લાહે તેમના ઉપર ઊંઘ ગાલિબ કરી દીધી. બધા જ સૂઈ ગયા. કૂતરો ગુફાના દ્વાર પર બંને પગ ફેલાવીને બેસી ગયો. લગભગ ત્રણસો નવ વર્ષ આ લોકો સૂતેલા રહ્યા. અલ્લાહ એમને પડખાં ફેરવતો રહ્યો. કુર્આન કહે છે કે જો કોઈ ત્યાં જતે તો તેમને જોઈને એવા ડરી જાત કે પાછા પગે ભાગી જતે. બાદશાહ દિકયાનુસ જ્યારે પોતાના સવારો સાથે ત્યાં પહોંચ્યો. તો તેણે પોતાના વજીર જેનું નામ વારયુઅ હતું જે તકચ્યો કરતો હતો. હકીકતમાં


amillibrary.com

મુસલમાન હતો. પરંતુ બાદશાહને આ વાતની જાણ ન હતી. વજીરને બાદશાહે અંદર ગુફામાં મોકલ્યો. વજીરે ગુફામાં જઈને બધાને ઊંચા અવાજથી બૂમો મારી. પછી બહાર આવી બાદશાહને કહ્યું કે બધા જ તારા ડરથી મરી ગયા છે. દિકયાનુસ ખુશ થઈ ગયો. હુકમ આપ્યો કે ગુફાનો દરવાજો બંધ કરી દો. પછી દિકયાનુસે ગુફાના દરવાજા ઉપર તે લોકોના નામ, અને વંશ તથા ભાગવાની તારીખ વગેરે લખીને એક તખ્તી ગુફાના દરવાજા ઉપર લટકાવી દીધી, તેથી જ તો આ લોકોને અસહાબે રકીમ પણ કહે છે. કારણ કે રકીમનો અર્થ તખ્તી થાય છે. કુર્આને પાકમાં પણ "અસહાબર્રકીમ" શબ્દ પ્રયોગ થયો છે.

જ્યારે તેઓ જાગ્યા તો કપડાં ખંખેરવા લાગ્યા. એકબીજાને કહેવા લાગ્યા કે આપણે કેટલો સમય સૂતા હોઈશું. એકે કહ્યું અડધા દિવસ જેટલો સમય, બીજાએ કહ્યું કે એક દિવસ-રાત થોભ્યા હોઈશું. કુર્આન કહે છે કે જ્યારે તેઓ ઊંઘતા હતા તો અમે સૂર્યના કિરણોથી તેમને બચાવીને સૂરજ ઊગતી વખતે જમણી બાજુ અને આથમતી વખતે ડાબી બાજુ ઢળેલો રાખતા. જેથી તેઓ જાગી ન જાય.

પછી તેમાના એકે કહ્યું કે આ સિક્કો લઈને શહેરમાં જા. અને કંઈક સારું ખાવાનું લઈ આવ., જોજે તને કોઈ ઓળખી ન લે. નહીં તો મર્યા જ સમજો અથવા મૂર્તિપૂજા કરવા પર મજબૂર કરશે.

આ તરફ શહેરમાં દકયાનુસનો જમાનો ખતમ થઈ ગયો. તે મૃત્યુ પામ્યો. તેના પછી કેટલાય બાદશાહો આવીને મરી ગયા. જ્યારે આ લોકો ત્રણસો નવ વર્ષ પછી ઊઠ્યા તો ગુફાનો દરવાજો બંધ જોયો. આશ્ચર્ય પામ્યા. ખોલે કેવી રીતે? દરેકે અલ્લાહથી દુઆ કરી. તો દરવાજાનો મોટો ભારે પથ્થર ખસી ગયો.

તેઓમાંથી એક તમલીખા દસ દિરહમનો સિક્કો લઈને શહેરમાં આવ્યો. કંઈક ખાવાનું ખરીદે, શહેરને જોયું તો નવાઈ પામ્યો કે અય અલ્લાહ ! એક દિવસ-રાત જેટલા સમયમાં શહેરમાં આ કેવો ફેરફાર થઈ ગયો ! બધું જ બદલાઈ ગયું ! કશું જ જુનું - પુરાણું નજર આવતું નથી, કોઈને કંઈ પૂછતાં ડરતો હતો. કારણ કે તેઓ બાદશાહથી ડરતા હતા.

કોઈ દુકાનદાર પણ ઓળખીતો દેખાતો ન હતો. જો કે ગઈકાલે તો બધા જ ઓળખીતા હતા.

જ્યારે બેકરીની દુકાનમાં જઈને દકિયાનુસના જમાનાના દિરહમ આપી નાન માંગ્યા, તો બેકરીવાળો દકીયાનુસી જમાનાનો સિક્કો જોઈને અચરજ પામ્યો. પૂછયું “આ ખજાનો તમને ક્યાંથી હાથ લાગ્યો ?” બોલ્યા “કંઈથી પણ નહિ” એટલામાં આ સિક્કાને જોઈ કેટલાક લોકો એકત્ર થઈ ગયા. તેમને શહેરકોં પાસે લઈ આવ્યા. જેનું નામ ફસતુસ હતું.

કોંએ દિરહમો વિશે પૂછ્યું, તો બોલ્યા કે “હું મારા બાપના ઘેરથી ફલાણા દિવસે ગયો હતો, “આ સાંભળી બધા ખૂબ જ અચરજ પામ્યા. છેવટે આ લોકો તેમને બાદશાહની પાસે લાવ્યા. બિચારા

આજીજી કરવા લાગ્યા કે મને દકીયાનુસ પાસે ન લઈ જાઓ. તે મને મારી નાખશે. લોકોએ પૂછયું કે દકીયાનુસ કોણ છે ? કહ્યું, “આ શહેરનો બાદશાહ લોકોએ કહ્યું, “તું ગાંડો થઈ ગયો છે. તે બાદશાહને તો જહન્નમમાં જવાને જમાનો વીતી ચૂક્યો છે. અત્યારે તો ફલાણા અમારા બાદશાહ છે. જે દીનદાર છે. હઝરત ઈસા (અલ.)ના દીનનો પાબંદ છે.

છેવટે બાદશાહ પાસે આવીને સમગ્ર કિસ્સો સંભળાવ્યો. તો બાદશાહે આલિમોને બોલાવ્યા. અને બધા જ બાદશાહ પણ તમલીખાની સાથે ગુફા પાસે આવ્યા. તો તખ્તી ઉપર તેમના નામ પણ જોયાં. તમલીખા અંદર ગુફામાં ગયા અને પોતાના સાથીઓને સમગ્ર પરિસ્થિતિથી વાકેફ કર્યા બધા જ

તરત સિજદામાં પડી ગયા અને દુઆ માગી કે "ખુદાવંદા ફરીથી અમને સૂવડાવી દે" ફરીથી બધા જ સૂઈ ગયા.

બાદશાહ થોડીકવાર બહાર ઊભો રહ્યો, પછી ગુફામાં અંદર ગયો. તો બધાને સૂતેલા જોયા. બાદશાહે કહ્યું, "આ જગ્યાની હિફાઝત કરો, આ ઘણા ખુદારસીદહ ઈન્સાનો છે."

ફરીથી આ લોકો ઈમામે ઝમાના મેહદી (અલ.)ના ઝૂહૂર વખતે જાગશે, ઈમામ (અલ.)ને સાથ આપશે.

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહંમદીંવ વ આલે મોહંમદ.

આ ગુફા ઘણે ઊંચે પહાડ ઉપર છે. નાની નાની ગાડીઓ જાય છે. ઘણી સાંકડી ગલીઓમાંથી


amillibrary.com

ગાડી પસાર થાય છે. આખા પહાડ ઉપર વસ્તી ગીચોગીચ ભરેલી હોય છે. બજારો પણ છે. ટોચ ઉપર થોડીક નિર્જનતા દેખાય છે. એક કુટુંબ જે આ ગુફાની રખેવારી કરે છે તેઓ પણ ત્યાં દુકાન ઉપરાંત સુંદર પક્ષીઓ, રંગબેરંગી ચકલીઓ, પોપટ અને કબૂતરો રાખે છે.

ગુફાનું પ્રથમ પ્રવેશ દ્વાર નીચું છે. પછી અંદર દાખલ થતાં થોડોક ખુલ્લો ભાગ અને પછી બીજા બે ચાર પગથિયાં પછી ગુફાનું ગર્ભગૃહ આવે છે. બાવીસ, પચ્ચીસ, માણસો બેસી શકે એટલી જગ્યા છે. અમે ત્યાં પહોંચ્યા, ખૂબ દુઆઓ માગી, ખુદાથી ખૂબ જ આજીજી કરી, ત્યાં મજલીસ પઢી. મૌલાનાએ અમને કુર્આનની સૂરએ કહફમાંથી અમૂક જરૂરી વિગતો સમજાવી. રાતનું અંધારું થવા આવ્યું

હતું. અમારી લકઝરી બસ પહાડ નીચે અમારી રાહ જોતી હતી. અમો ૧૦/૧૦ની સંખ્યામાં નાની ગાડીઓમાં નીચે આવ્યા અને લકઝરીમાં ઊતારે આવી, મગરીબૈનથી પરવારી સૂઈ ગયા.

## દમીસ્કમાં અમારા છેલ્લા બે દિવસ

ઝિયારતો માટેના અમારા છેલ્લા બે દિવસો હતા. પછી ત્રીજા દિવસે અમારે ઈરાક તરફ પ્રયાણ કરવાનું હતું. હજી અમારે ઘણી ઝિયારતો બાકી હતી. જે ઘણી જ દૂર પણ હતી. આખી રાતની મુસાફરી કરવાની હતી. સાલારે કાફલા જનાબ શાબાન અલીભાઈએ અમને કહ્યું કે "જલ્દી તૈયાર થઈ જાઓ. બીરયાની પણ સાથે લીધી છે." રસોઈયો ઘણી જગ્યાએ ખાવા સાથે, અમારી સાથે જ રહેતો હતો. ગરમ ગરમ ચા પણ અમને સમય

પર મળી જતી હતી. મારી નાદુરસ્ત તબીયતનો ભાઈ શાબાનઅલી ખૂબ ખ્યાલ રાખતા હતા. જાણતા હોય કે મને ચાની વધૂ આદત છે. વારંવાર ચા ની ફરમાઈશ કરતા. બધા જ જલ્દીથી તૈયાર થઈ ગયા. આજે અમારે ઘણી લાંબી સફર કરવાની હતી. રક્કાની ઝિયારતે જવાનું હતું. અમો રાતના બસમાં ઉપડ્યા.

લગભગ આઠ કલાકની લાંબી સફર પછી સવારની ફજરમાં રક્કા મુકામે પહોંચ્યા. જ્યાં આલીશાન રોઝાઓ અને ગુંબજોવાળી મસ્જિદનું બાંધકામ ચાલુ જોઈ દીલ ખુશ થઈ ગયું. ફજરની નમાઝ અદા કરી, સૌપ્રથમ જનાબ અમ્માર યાસીર (રઝિ.)ની ઝિયારત પઢી. આ સહાબીએ રસૂલ મૌલા અલી (અલ.)ના દોસ્તદારોમાં હતા. જેમણે

કદીપણ મૌલાનો સાથ છોડ્યો નથી. અહીં સુધી કે જંગે સિફ્ફીનમાં શહીદ થયા. સિહાહ સિા◌ાની પ્રખ્યાત કીતાબોમાં આ હદીસ લગભગ બધે જ છે. જેમાં પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું.

"અય અમ્માર તમને ઈસ્લામનું એક બાગી ટોળું શહીદ કરશે અને તમારો છેલ્લો ખોરાક દૂધ હશે."

પેગંબરની આ ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી. સિફ્ફીનમાં હઝરત અલી (અલ.) તરફથી લડતા લડતા આપને પ્યાસ લાગી. તંબુમાં આવ્યા. કેટલાક સાથીઓ પાસે પાણી માંગ્યું. આપને કહેવામાં આવ્યું પાણી તો નથી, દૂધ છે. આપીએ ?

કહ્યું કે "લાવો પી લઉં છું" પછી આપે પોતે જ રસૂલે ખુદાની ઉપરોક્ત હદીસ વર્ણવી કહ્યું કે

“મારી શહાદત યકીની છે” ખરેખર લડતા લડતા આપ શહીદ થઈ ગયા. આપને સિફ્ફીનના તે જ મેદાનમાં દફનાવવામાં આવ્યા. આજે પણ તે મેદાન તેવું જ છે. ત્યાં કોઈ ખેતી થતી નથી. આ મેદાનને જોઈ હું ફરીથી ઈતિહાસ વાગોળતો વિચારવા લાગ્યો. સાથીઓને કહ્યું કે આ જમીન ઉપર મૌલા અને આપના નેકદીલ સહાબાના કદમ મુબારક અને લોહી બંને પડેલાં છે.

હઝરત અમ્મારની વાલીદહ મોહતરમાને પણ મક્કામાં અબુ જહલ જાલીમે ઈસ્લામ સ્વીકારવાના ગુનામા ચાબૂકો મારી મારીને શહીદ કર્યાં હતાં.

જનાબ અમ્માર યાસીર (રઝિ.)ની પાસે જ એક જ બાંધકામ એરીયામાં હઝરત ઓવેશ કરની

(રઝિ.)ની આરામગાહ પણ છે. અહીં અમો બપોર સુધી રોકાયા. જમી પરવારી નમાઝે ઝોહરૈન અદા કરી પછી જનાબ મોહસીન બિન ઈમામ હુસૈનની ઝિયારત માટે હલબ તરફ રવાના થયા. હલબ એક ઘણું જ સુંદર શહેર છે. ખાસ્સું મોટું બજાર અને સારી એવી વસ્તીથી ઉભરાતું ધબધબતું શહેર છે. ત્યાંની એક આલીશાન મસ્જિદમાં અલ્લાહના નબી હઝરત ઝકરીયા (અલ.)ની કબરની ઝિયારતે ગયા. હઝરત ઝકરીયા (અલ.) પણ હલબમાં જ આરામ ફરમાવી રહ્યા છે. ઘણી જ આલીશાન મસ્જિદ છે. અમો ગયા ત્યારે મસ્જિદનું બાંધકામ ચાલુ હતું. ઘણી સાંકડી બજારોમાં થઈને અમારે ચાલતા જવું પડ્યું હતું. અમારી બસ ઘણે જ દૂર ઊભી રહી હતી. સાલારે કાફલા જનાબ શાબાનઅલીભાઈએ પ્રથમથી

જ કહી દીધું હતું કે બસ કંઈ કારણસર મસ્જિદ પાસે જઈ શકે એમ નથી માટે જેમનાથી ચાલી શકાય, તેઓ જ બસમાંથી ઊતરે. નહીં તો બેસેલા રહે. અહીં અમે વધુ રોકાયા નહિ. કારણ કે અમારા સાથીઓમાંની મોટી ઉમરની બહેનો બેએક મોટી ઉમરના ભાઈઓ બસમાં જ રોકાયા હતા. ત્યાંથી રાસુલહુસૈનની ઝિયારતે ઉપડયા.

થોડેક ઊંચે પહાડ ઉપર હલબમાં જ દમિશ્કથી ૪૦૦ કિ. મી. જેટલે દૂર એક ઈસાઈ પાદરીનું ચર્ચ છે. જ્યાં આ સરમુબારક રાખવામાં આવેલું. જે પથ્થર ઉપર આ મુબારક સર રાખવામાં આવેલું તે પથ્થર પણ સુંદર જાળીમાં બંધ રાખવામાં આવ્યો છે. આ જગ્યાએ પણ લોકોની અજબ ભીડ જોવા મળે છે. ત્યાં લોકો હૈયાફાટ રૂદન

પણ કરે છે. પથ્થર ઉપર ખૂને હુસૈનના ડાઘ આજે પણ જોઈ શકાય છે.

કહેવાય છે કે આ ચર્ચનો માલિક ઈસાઈ પાદરી એ વાતથી વાકેફ હતો કે આ જગ્યાએથી એહલેબયતનો કાફલો ગુજરવાનો છે. એની કોઈ મુરાદ પણ ઈમામ હુસૈન (અલ.)થી પૂરી થઈ હતી. તેણે આ કાફલો જોયો. યઝીદ લાનતુલ્લાહના સૈનિકોને રોં કરી, પોતાના ચર્ચમાં રાતવાસો કરાવ્યો. સરમુબારકને ઈજ્જત સાથે આ પથ્થર ઉપર મૂકયું. અમો પણ અહીં ખૂબ રડયા. ખૂબ દુઆઓ કરી, એક ઈરાની કાફલો પણ ત્યાં હાજર હતો. તેમાના પુરુષો પણ રડી રહ્યા હતા. તેમનું હૈયાફાટ રૂદન અમારા દીલોને હલાવી નાખતું હતું. વાતચીત દરમ્યાન અમોએ કહ્યું કે અમો તો

સીરીયાથી ઈરાક-કરબલા જવાના છીએ. તેઓએ કહ્યું કે અમને તમારા હાથ ચૂમવા દ્યો, કારણ તમારા આ હાથો કરબલામાં હઝરત હુસૈન (અલ.)ની જાળીને મસ થવાના છે. તેઓ અમને કહેતા હતા કે તમો નસીબદાર છો કરબલાની ઝિયારત કરી શકો છો. અમારા બંને દેશો વચ્ચે (ઈરાન-ઈરાક) સંબંધો બરાબર ન હોવાથી અમો કરબલા જઈ શકતા નથી. માટે અમને તમારા હાથો ચૂમવા દ્યો. જે હાથો ઈમામ હુસૈનની જાળી મુબારકને મસ થવાના છે. આ કોઈ શીર્ક નથી, ઈમાનની એક શાખા છે જે ઈમાનને મજબૂત કરે છે.

જે હાથો અને હોઠો ઈમામ હુસૈનની જાળીને નથી ચૂમતા તે કાર્ટર, બુશ, બીલ ક્લીન્ટન, ટોની બ્લેર વગેરે જાલીમો-કાફિરોના નાપાક હાથોને ચૂમે

છે. તેમના નાપાક શરાબી હોઠો અને ગાલોને ચૂમે છે. જો હું ગલત હોઉં તો ટી. વી. ઉપર જુઓ અરબ અમીરાતના વહાબી શાસકો અમેરિકા, બ્રિટન, ફ્રાંસ અને ઈટલી બીજા પણ યુરોપીયન દેશોના વડાઓના હાથો હોઠો અને ગાલોને ચૂમે છે કે નહિ?

જે માથાં ઈમામ હુસૈન (અલ.) કે ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અલ.)ની આરામગાહોને નથી ચૂમતાં તે માથાં જાલીમો અને કાફિરોને ઝૂકે છે. જેઓ ઈમામ હુસૈનની ચોખટ પર નથી રડતા, ત્યાં આજીજી નથી કરતા તે માથાં ઉપરોક્ત નાપાક, જાલીમ, શરાબી, ઝાની ઈન્સાનિયતની સમક્ષ પોતાના રક્ષણની ભીખ માગે છે. તેમના પગમાં પડી જાય છે જો તવહીદ આનું જ નામ હોય તો એ તવહીદ એમને મુબારક. અમારે એવી તવહીદની

જરૂર નથી. અમારી પાસે તે તવહીદ છે. જે તવહીદનો કુર્આન હુકમ આપે છે. ચૌદ માસુમીન અને બાર ઈમામોએ જે તવહીદ અમને સમજાવી છે.

વાચકો, માફ કરજો થોડુંક વિષયાંતર થઈ ગયું છે. ઈરાની કાફલાએ અમને કરબલા - નજફમાં દુઆ માટે આજીજી કરી, અમોએ તેમને આશ્વાસન આપ્યું, પરંતુ જ્યારે અમારો કાફલો ઈરાક-કરબલા-નજફ-સામરા-કાઝમૈનની ઝિયારતોથી પરવારી ઈરાન પહોંચ્યો તો અમે ટી.વી. ઉપર જોયું તો ઈરાનનો પ્રથમ કાફલો કરબલા પહોંચી ગયો હતો. બંને દેશોના સંબંધોમાં સુધાર આવ્યો હતો, અલ્લાહ બંને દેશોમાં અને પૂરા ઈસ્લામી આલમમાં એક્તા નસીબ કરે. બધા જ મુસ્લિમ દેશોનું સંરક્ષણ ખાતું

લશ્કર એક જ હોય, એવી દુઆ મેં આ જગ્યાએ માંગી.

હવે અમારે સીરીયામાં એક જ ઝિયારત કરવાની બાકી હતી. સાથીઓ ઘણા જ ખુશ હતા. અલ્લાહે અમારી બધી જ ઝિયારતો પૂરી કરાવી. ઉપરાંત ઈબાદતો પણ થઈ. દમિશ્કની નજીક જ શહેરથી બહુ દૂર નહિ એવી જગ્યાએ નાના પર્વત ઉપર હઝરત હાબીલ ઈબ્ને આદમ (અલ.)ની કબરની ઝિયારત બાકી હતી.

અમો બસમાં ત્યાં જવા ઉપડ્યા. પ્રથમ અમે જનાબ સકીના બિન્તે હુસૈન (અલ.)ના રોઝા ઉપર ફરીથી રોકાણ કર્યું. ફરીથી ઝિયારતો પઢી દુઆઓ માગી. પછી થોડીક બપોર ઢળતાં અને હઝરત હાબીલની કબરની ઝિયારતે ઉપડ્યા. હાબિલ-કાબિલ

નામના પહાડ ઉપર તેમનો રોઝો છે. જેમનું દુનિયામાં પ્રથમ મૃત્યું થયું હતું. લગભગ સવાપાંચ મીટર લાંબી કબર છે. જુમ્માનો દિવસ હતો. દમિશ્કમાં તે દિવસે સરકારી ઓફિસોમાં રજા હોય છે. જેથી ઘણા સ્થાનિક લોકો પણ અહીં ફરવા માટે આવે છે. ખૂબ જ ભીડ હતી. ગાડીઓ પહાડ ઉપર રોઝા સુધી જઈ શકે છે. ત્યાંથી પહાડોની હારમાળા શરૂ થાય છે. દુર્ગમ રસ્તા અને ભયાનક પહાડો જોયા. એક ભોમિયાએ અમને બતાવ્યું કે આ સામે પહાડોની પડખે જ બયતુલ મુકદ્દશ અને ફલશ્તીનની આબાદી છે. સીરીયાના રસ્તેથી જ ઈરાન ઈસરાઈલ સામે જેહાદ કરતા જુથોને શસ્ત્રોની મદદ પહોંચાડે છે. ઝિયારત પઢી, નમાઝે મગરીબૈન અદા કરી, દુઆઓ કરી અને રાત પડતાં પાછા હોટલમાં આવી ગયા.

## પ્રકરણ – ૨૧ : સીરીયા - ત્યાંની હુકુમત, લોકો અને તેમની રહેણી-કરણી

સીરીયા એક મુસ્લિમ દેશ છે. મા-બહેનો પરદામાં રહે છે. ત્યાંની હુકુમત એહલેબયતની દોસ્ત છે. હાલ ત્યાંના પ્રમુખ જનાબ બશાએરૂલ અસદ છે. જેઓ હાફેઝ અલ અસદના નાના દીકરા છે. ઘણે ઠેકાણે બાપ-દીકરાના ફોટા દેખાતા હતા. તેમાં ખાસ સરકારી મકાનો ઉપર તો પ્રમુખ તથા મરહુમ પ્રમુખના ફોટા જોવા મળતા. સીરીયામાં સુન્ની બહુમતિ છે. છતાંય શીયાઓની સારી કહેવાય એવી આબાદી છે. ૩૦ ટકા આબાદી શીયાઓની હશે. ત્યાં મઝહબી આઝાદી જોઈ. તે સિવાય ખ્રિસ્તી અને યહુદીઓની પણ જુજ વસ્તી છે. દરેક પોતાના મઝહબ ઉપર અમલ કરે છે. કુર્આનનો હુકમ

“લાઈકરાહ ફિદ્દીન” દીનમાં જબરદસ્તી નથી. ઉપર અમલ જોવા મળ્યો. કોઈ એમ કહે કે સઉદીઅરબ ઉપર મુસલમાનોની હુકુમત છે. તો તે વાત સદંતર ગલત છે. સઉદી વહાબીઓનો એક અલગ જ મઝહબ છે. જેને ઈસ્લામ સાથે કોઈ સંબંધ નથી. સઉદી અરબસ્તાન ઉપર સદંતર ગૂમરાહ, બેદીન, જાહીલ અને ઈસ્લામ દુશ્મન વહાબીઓની હુકુમત છે.

ફલશ્તીનની સરહદ સાથે લાગેલો મુલક સીરીયા આઝાદ મુલક છે. સીરીયાની હુકુમત અમેરિકાના દ્બાવમાં નથી. આ હુકુમત ઈસ્લામ દુશ્મન અમેરિકાથી બચીને પોતાનું કામ કરી લે છે, કરાવી લે છે. અમેરિકા માતેલો સાંઢ છે. સમગ્ર વિશ્વનું (વ્યાજ) લોહી ચૂસીને આ સાંઢ ખૂબ જ

હૃષ્ટપુષ્ટ બન્યો છે. આ સાંઢના ગળામાં ગાળીયું નથી. રશીયાનું એક પાતળી દોરી જેવું ગાળીયું હતું તે તૂટી ગયું છે. જેથી આ સાંઢ ખૂબ જ નાચેકૂદે છે. સમગ્ર વિશ્વના દેશોના અંગત રાજકારણમાં વગર જોઈતી દખલગીરી કરી માથાં મારવાની એની આદત છે. ઈરાને એનાથી બરાબર ટક્કર લીધી છે. ઈરાનને વગર વાંકે યુદ્ધમાં સંડોવવાની આજેપણ આ માતેલા સાંઢની કોશીશ છે. આ માતેલા સાંઢે ઈરાકના ગળામાં પોતાના શીંગડા નાખ્યાં છે. આ શીંગડાએ બિચારી ઈરાકી પ્રજાને ઉઝરડા પાડ્યા છે. એક એક નિર્દોષ ઈરાકીના શરીર ઉપર લોહી નીતરતા આ ઉઝરડા અમોએ જોયા છે. વિશ્વમત અમેરિકા સાથે નથી, છતાંપણ વાઘને કોણ કહે કે તારું મોં ગંધાય છે. તેમ દુનિયાના તમામ દેશો

ખામોશ છે. સઉદી અરબસ્તાન અને પાકિસ્તાન તો અમેરિકાના ખાંધિયા દેશો છે. તૂર્કીમાં કોમ્યુનીસ્ટ હુકુમત છે. જે લામઝહબ છે. ઈન્ડોનેશિયા સારી એવી મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ હોવા છતાં ત્યાંની હાકીમ પાર્ટી પણ ઈસ્લામી નથી. અને ત્યાંની પ્રજામાં હજી ઈસ્લામી સ્પિરીટ પેદા થઈ નથી.

સીરીયાની હાકેમ પાર્ટીનો મોટો ભાગ નુશૈરી હતો. જેઓ (અલ્લાહ માફ કરે) નઉઝૂબિલ્લાહ હઝરત અલી (અલ.) ને ખુદા માને છે. આ એક ઘણી નાની જમાત છે. છતાંય ખૂબ જ બહાદુર લોકો છે.

મેં ઘણા સમય ઉપર વાંચ્યું હતું કે સીરીયાના પ્રમુખ હાફેઝ અલ અસદે ઈરાનના

ઈસ્લામી ઈન્કિલાબ પછી આયતુલ્લાહ ઈમામ ખામૈની (રહ.)ની મુલાકાત પછી નુશેરીયતથી તોબા કરી છે. જો કે હું આ બાબત ઉપર અસહમત ન હતો. પરંતુ જ્યાં સુધી આ બાબતના સાચા દ્રષ્ટાંતો ન મળે ત્યાં સુધી આ બાબત ખામોશ હતો. પરંતુ સીરીયાના પ્રવાસ પછી અલહમ્દોલિલ્લાહ મને આ બાબતના અનેક દ્રષ્ટાંતો પ્રાપ્ત થયા કે આ વાત સાચી છે. હુકુમતના ઉચ્ચ માણસોએ નુશૈરીયતથી તોબા કરી દીનેહક મઝહબે એહલેબયતને અનુસરવાનું શરૂ કર્યું છે. ત્યાંના સ્થાનિક લોકો તથા ઈન્ડિયા-પાકિસ્તાનના વિદ્યાર્થીઓ સાથેની અનેક બેઠકોમાં મને ઘણીબધી વાતો જાણવા મળી. જે આ નાની કીતાબમાં સમાવી શકતો નથી.

બે એક વર્ષ અગાઉ હાફેઝ અલઅસદના મોટા દીકરાનું એક કાર અકસ્માતમાં મૃત્યુ થયું. તે ગાદીવારસ હતા. તેમના પુત્રની દફનક્રિયામાં ઈરાની હુકુમતમાંથી ઘણાબધા અધિકારીઓ આવ્યા હતા. તેમા એક મોટા આયતુલ્લાહ પણ હતા. જેમનું નામ મને યાદ રહ્યું નથી. દીકરાની નમાઝે મય્યત ઈરાનથી આવેલા આયતુલ્લાહ સાહેબે પઢાવી હતી. અત્યારે પણ સીરીયાને ઈરાન સાથે ગાઢ સંબંધો છે. સીરીયા હંમેશા ઈરાનનું મિત્ર રહ્યું છે. આઠ આઠ વર્ષ ચાલેલી ઈરાન-ઈરાક લડાઈમાં જ્યારે અમેરિકા-બ્રિટન-ફ્રાંન્સ-ઈટાલી વગેરે યુરોપીયન દેશો સાથે મુસ્લિમ દેશો મળીને કુલ ૨૫ દેશોની સંપૂર્ણ સહાય ઈરાકને હતી. ત્યારે પણ સીરીયાએ ઈરાનને પોતાનો ટેકો જાહેર કર્યો હતો. લીબીયાના

કર્નલ ગદ્દાફી પણ ઈરાનની સાથે હતા. જો કે આ બંને દેશો ગરીબ છે. તેથી ઈરાનને કંઈ મદદ કરી શક્યા નથી. ઈરાન સ્વયં એટલું મજબૂત છે કે તેને કોઈની આઠથક મદદની જરૂર પણ નથી. છતાં પણ સીરીયા અને લીબીયાએ પોતાના ઈરાન તરફી હોવાને છુપાવ્યું નથી. યુનોની કાર્યવાહીમાં પણ આ બંને દેશોએ ઈરાનને પોતાનો નૈતિક ટેકો જાહેર કર્યો હતો. જ્યારે આ બાબત પાકિસ્તાનની નીતિ તદ્દન બોદી જાહેર થઈ છે. એના શાસકો (પ્રજા નહિ) પોતાના ખુદા અમેરિકાની વિરૂદ્ધ કદી પોતાનો મત પ્રદર્શિત કરી શકતા નથી. પાકિસ્તાનનાં શાસકો મોટે ભાગે અમેરિકા પરસ્ત રહ્યા છે. પાકિસ્તાનમાં અત્યારે પણ શીયા-સુન્ની બંને એક માના બેટા એવા સગા ભાઈઓને લડાવનાર પણ

મહાશેતાન અમેરિકા જ છે. પાકિસ્તાનની વહાબી પાર્ટીને દોરી સંચાર ત્યાંથી જ થઈ રહ્યો છે.

સીરીયાને ઈરાનની સારી એવી આર્થિક મદદ મળી રહી છે. ઈરાન સીરીયાને લશ્કરમાં વપરાતું પેટ્રોલ તદ્દન ફ્રીમાં આપે છે. ઉપરાંત સીરીયાની એહલેબયતની દર્સગાહો, ખાનકાહો, રોઝાઓ વગેરેના રખરખાવ તથા નવા બાંધકામનો બધો જ ખર્ચ ઈરાન આપે છે. બયતુલ મુકદ્દશની આઝાદી માટે લડતા જુથોમાં હિઝબુલ્લાહ જુથ સૌથી વધુ મજબુત છે. આ જુથને સર્વે મદદ ઈરાન આપે છે. જે સીરીયાના રસ્તેથી પહોંચે છે. હિઝબુલ્લાહે ઈઝરાઈલના દાંત ખાટા કરી નાખ્યા છે.

સીરીયાના લોકો શિક્ષિત દેખાયા. અંગ્રેજી ભાષાનું ચલણ સઉદી અરબ અને ઈરાક કરતાં વિશેષ છે. જે એક સારી નિશાની છે. લોકો હોશિયાર અને ચાલાક પણ છે. પ્રજા ગોરી છે. પોતાના શાસનને વફાદાર છે. ત્યાં કોઈપણ બળવો કે બળવા જેવી પરિસ્થિતિ ઊભી થતી નથી. ન તો હુકુમતથી પ્રજા નારાજ છે બલ્કે રોં છે. દમિશ્કમાં તથા અતરાફમાં મને મેદસ્વી લોકો (જાડાપણું) બિલકુલ ન દેખાયા. પોલિસ પણ તંદુરસ્ત અને નવયુવાન પાતળા-બાંધાના જોયા. વિદેશીઓ પ્રત્યે અહીંના લોકો તથા અધિકારીઓ પ્રેમભર્યું વર્તન રાખતા દેખાયા. જ્યારે મક્કા ઘમંડીઓ અને અય્યાસીઓનું આશ્રયસ્થાન છે. ત્યાંના વેપારીઓને પણ તમારી સાથે વેપાર સિવાય કશામા રસ નથી.

બલ્કે મક્કા અને ઝિદ્દાહમાં વિદેશીઓ પ્રત્યે નફરત, અરૂચિ, દ્વેષ નજરે પડે છે. શૂટપેન્ટમાં જો યુરોપીયનો હોય તો આ ઘમંડીઓ તેમના પગ પણ ચાટવા તૈયાર થઈ જાય છે. પરંતુ જો તમે સુન્ની કે શીયા હોવ, દાઢી પણ હોય, તો પણ આ સઉદીઓ તમારી સાથે નફરત કરતા દેખાશે કારણ કે એમને યુરોપીયન ખપે છે. પરંતુ મુસલમાન ખપતો નથી. પછી ભલેને તે સુન્ની કેમ ન હોય. જિદ્દાહના એરપોર્ટ ઉપર દાખલ થતાં અને બહાર નીકળતાં અમોએ આ શ્યો જોયાં, અનુભવ્યાં. કલાકો સુધી આ વાતની નોંધ પણ લીધી. મને આ વાત સમજાતી નથી કે સઉદી હુકુમતને મુસલમાનોથી શો ખોફ લાગતો હશે?

સીરીયામાં મોંઘવારી આપણા ભારત જેવી જ છે. જો તમે ચોકન્ના ન હોવ તો છેતરાઈ જવા સંભવ ખરો. છતાંય પ્રજા મળતાવડી, ખૂલતા રંગે, નમ્ર અને વહેવારુ છે. લીલોતરીની શોખીન છે. દરેક ઘરની અગાસીઓમાં ઝરૂખાઓ ઉપર લીલા છોડ ઉગાડેલા જોયા. સેટેલાઈટ ચેનલો અહીં બધી જ જોવા મળે છે. એક દૂકાનદારની દુકાને ડોલર વટાવવા ગયો, તેનું રહેઠાણ પણ ઘરમાં જ હતું. મેં તેને કહ્યું કે મારે તમારું ઘર જોવું છે. ઘણા શોખથી (ઓરતોને આગાહ કરી) ઘરમાં લઈ ગયો. રસોડા સુધી ઘરમાં  દ્રષ્ટિપાત કર્યો, નાસ્તો પેશ કર્યો. મેં ફક્ત વગર દૂધની ચા જ લીધી.

સામાન્ય દરજાના - મધ્યમ સ્થિતિના લોકો સારું જીવન જીવે છે. દમિશ્ક રાજધાનીનું શહેર હોઈ

એકદમ ગરીબાઈ ક્યાંય દેખાઈ નહિ. ગામડામાં જવાનો અને ગામડું જોવાનો ચાન્સ ન મળ્યો. જેથી ગામડાની પ્રજાનું જીવનધોરણ જોઈ શકાય.

સમગ્ર સીરીયામાં વીજળી તથા ગેસ વ્યવસ્થા પહોંચી ચૂકી છે. તે પણ ખૂબ જ સસ્તા દરે બંને (વીજળી-ગેસ) મળે છે. અલ્લાહ જો હવે પછી બીજી વખત લઈ જશે તો વધુ વિગતો જાણી લાવીશ, ઈન્શાઅલ્લાહ.

## શામ સિરીયાની ઝિયારતો

૧ જનાબે ઝયનબ (અ.સ.) (જેમનો રોઝો ઝયનબીયામાં છે. રોઝો આલીશાન છે. બે મીનારા મશહુર છે. દમિશ્કથી ૧૨ કી. મી. દૂર છે.)

૨ જનાબે ઉમ્મે કુલસુમ

3 જનાબે સકીના

૪ જનાબે ફાતેમા સુગરા

૫ જનાબે અબ્દુલાહ બીન જાફરે સાદીક

૬ જનાબે હમીદા બિન્તે મુસ્લીમ

૭ જનાબે મેમુના બિન્તે ઈમામ હસન

૮ જનાબે અસમા ઝવઝએ જાફરે તૈયાર

૯ જનાબે અબ્દુલ્લાહ ઇબ્ને જાફરે તૈયાર

૧૦ હઝરત બીલાલ (નબી સાહેબના મોઅઝ્ઝીન)

૧૧ જનાબે ફીઝઝા (જ. ફાતેમાની કનીઝ)

૧૨ જનાબે અબ્દુલ્લાહ ઈબ્ને ઝયનુલ આબેદીન

૧૩ જનાબે ઉમ્મે હબીબા (નબી સાહેબના બીબી)

૧૪ જનાબે ઉમ્મે સલમા (નબી સાહેબના બીબી)

૧૫ ગંજે સર શહીદે કરબલા (જ્યાં શહીદોના સર રાખવામાં આવ્યાં હતા તે જગ્યા)

**(નંબર ૨ થી ૧૫ ઝિયારતો કબ્રસ્તાનમાં આવેલી છે.)**

૧૬ હઝરત યહયા બીન ઝકરીયા નબી

૧૭ ઝયનુલ આબેદીનનો મિમ્બર

૧૮ અહલેબૈતને કેદમાં ઊભા રાખેલાં તે જગ્યા

૧૯ ઈમામ હુસૈનનું સર રાખવામાં આવેલું તે જગ્યા

૨૦ જનાબે સકીના બિન્તે ઈમામ હુસૈન (આ રોઝો અત્યારે નવો અને અલીશાન સોનાના

ગુંબજવાળો બનાવ્યો છે. જે રૂકૈયાના નામે ઓળખાય છે.)

૨૧ જનાબે હઝરબીન અદી (મૌલા અલીના અસહાબી છે અને શામથી ૩૦ કી. મી. દૂર અદ્રા નામના ગામમાં આ રોઝો છે.

૨૨ અસહાબે કહફ (પહાડ ઉપર છે. નાની ગાડીઓ જઈ શકે છે.)

૨૩ હઝરત હાબીલ (નબી આદમના બેટા જેમનું મૃત્યુ દુનિયામાં પ્રથમ થયું હતું અને હાબીલ કાબીલના પહાડ ઉપર તેમનો રોઝો છે. લગભગ ૧૭ ફુટ લાંબી કબર છે.)

૨૪ રાસુલહુસૈન (જેને પુજારાનું ડેરૂં કહે છે અને તે હલબ નામના શહેરમાં શામથી લગભગ ૪૦૦ કી. મી. દૂર છે.)

૨૫ નબી ઝકરીયા (અલ.) (હલબમાંજ અલીશાન મસ્જીદમાં તેમની કબ્ર છે.)

૨૬ જનાબે મોહસીન બીન ઈમામ હુસૈન (હલબમાં ઝિયારત છે.)

૨૭ રક્કાની ઝિયારત

(૧) જનાબે ઓવેશકરની (રઝિ.)

(૨) જનાબે અમ્મારે યાસીર (રઝિ.)

## પ્રકરણ – ૨૨ : ઈરાકની ઝિયારતો-કરબલા

સીરીયાથી અમો બસ દ્વારા ઈરાક (કરબલા) જવા નીકળ્યા. સીરીયાની સરહદ વટાવતાં વટાવતાં રાત પડી ગઈ. અમો લગભગ બપોર અગાઉ નીકળ્યા હતા. સરહદ સૂકો પથરીલો પ્રદેશ જ્યાં ન કોઈ ઝાડ-ઝાંખરું કે ન કોઈ મકાન જોવા મળે. રોડ ઘણા જ સુંદર હતા. સીરીયામાં પણ પાકા રસ્તા વિશાળ રોડ, બે માર્ગી રસ્તા ઉપરાંત સઉદી અરબ, સીરીયા - ઈરાક અને ઈરાન બધે લકઝરી બસો તથા ટેક્ષીઓ દરેક વાહનોમાં એરકન્ડીશનર હોય છે. જેથી ઠંડી ગરમી મહસુસ થતી નથી. બસમાં પણ અમને એવી કોઈ પરેશાની ન હતી. બલ્કે સીઝન ઠંડીની હતી, છતાં આ વેરાન ઈલાકો પસાર કરતાં થોડો કંટાળો જરૂર આવ્યો.

સીરીયાની બોર્ડર ઉપર સરકારી પાસપોર્ટ ચેકીંગ કાર્યવાહી તથા ઈરાકની વીઝા વગેરેમાં ત્રણ કલાક વીતી ગયા. ત્યાં અમોએ નમાઝે મગરીબૈન અદા કરી. પછી પાસે જ તદ્દન નજીક જ ઈરાકી બોર્ડર હતી ત્યાં પણ આ જ પ્રકારની કાર્યવાહીમાં બીજા છ કલાક વીતી ગયા. નવ કલાકનો સમય બંને બોર્ડર ખાઈ ગઈ. જેથી અમો હવે કંટાળી ગયા હતા. પરંતુ શું કરીએ વિશ્વ સ્થળે આંતકવાદ એટલો ફાલ્યો ફૂલ્યો છે કે આ કાર્યવાહી જરૂરી છે. કાર્યવાહી પૂરી થતાં બસ ઈરાકી બોર્ડર પરથી આગળ ચાલી. એ જ વેરાન પ્રદેશ, રણ અને પથરીલી જમીન, હજારો માઈલ સુધી વસ્તીનું નામોનિશાન નહીં. રસ્તાની બાજુમાં ભાંગેલી તૂટેલી બસો, રણગાડીઓના ઢગલે ઢગલા દેખાતા હતા.

ઈરાકી બોર્ડર ઉપરથી અમારી સાથે એક સરકારી અધિકારી (સી. આઈ. ડી.) આવ્યો. જે અમારી સાથે જ રહેવાનો હતો. ઘણો જ અતડો રહેતો હતો. વાતચીત ઓછી કરતો હતો. ઈરાકી બોર્ડરથી લઈને અમો સમગ્ર ઈરાકની ઝિયારતો અદા કરી તે પંદર દિવસ સાથે રહ્યો. પછી જ્યારે અમે ઈરાક છોડી ઈરાનની બોર્ડર ઉપર પહોંચ્યા, ત્યાં સુધી અમારી સાથે જ રહ્યો. તે ચોવીસ કલાક અમારી સાથે જ રહેતો, તે અમો જે હોટલમાં ઊતરીએ તે જ હોટેલમાં રહેતો. અમારી સાથે જમી પણ લેતો. મતલબ અમારા કાફલામાં એક સાથીનો વધારો થયો. કરબલા પછી પાંચ છ દિવસે તે અમારી સાથે હસીમજાક કરતો થયો હતો. કંઈક વાતચીત કરતો થયો.

છેવટે અમો કરબલાએ મોઅલ્લામાં દાખલ થયા. મગરીબ થઈ ચૂકી હતી. એક રાત અને એક દિવસ એમ ચોવીસ કલાકની સફરથી ઘણા કંટાળી - થાકી ગયા હતા. હઝરત અબ્બાસ અમલદારના રોજાની બિલુકલ સામે જ અમારી હોટલ ઘણી જ સુંદર હતી. ચોખ્ખાઈ ઠીક ઠીક હતી. જેવી સફાઈ ઈરાનમાં છે તેવી તો સઉદીમાં પણ નથી. સીરીયાના મુકાબલામાં ઈરાક ઘણું જ ગંદુ હતું. જે ઈરાકની ગરીબાઈની ચાડી ખાતું હતું. જહાલતભર્યા આંધળીયાં કૂટનાર જિદ્દી શાસક સદ્દામહુસૈને ઈરાકની કમર તોડી નાખી છે. પ્રથમ નાપાક યુરોપીયન દેશોની દોસ્તીએ અને આ દોસ્તી પૂરી થતાં આ જ નાપાક યુરોપીયન દેશોની દુશ્મનીએ આ જિદ્દી શાસકને તથા સમગ્ર દેશને પાયમાલ અને

નમાલો કરી દીધો છે. તે પોતાના દેશમાં જ અમૂક ભાગ ઉપર હવાઈ ઉડ્ડયન કરી શકતો નથી. જો કંઈ સહેજપણ વિમાન ઉડાડે છે તો એના એક સમયના ગાઢ મિત્રો બિચારી ઈરાકી પ્રજા ઉપર બોંબવર્ષા કરી પ્રજાનો કચ્ચરઘાણ વાળી દે છે. આ તો એક એવું સત્ય છે જે આપણે વર્ષોથી દર પંદર દિવસે પેપરોમાં વાંચીએ છીએ.

છતાંપણ અમો ઉત્સાહથી ભરપુર હતા. હોટલમાં જઈ સ્નાનાદિથી પરવારી હળવો ચા નાસ્તો કરી, રાતે જ ઝિયારત માટે ગયા. રાતનું દ્રશ્ય જાણે એમ લાગતું હતું કે આસમાન પરથી નૂરની લકીરો રોઝએ હુસૈન (અલ.) ઉપર ઊતરી રહી છે. હુસૈની કાફલાનું દ્રશ્ય - કરબલાની આ તે જ જમીન, જે જમીન ઉપર શહાદત થઈ હતી.

એહલેબયતની મઝલુમીયત ધ્યાન ઉપર આવી. રોઝા તરફ કદમ ઊઠાવતાં જાણે હું મનોમન કહી રહ્યો હતો કે "યા હુસૈન (અલ.) શું રહસ્ય છે ? કે આપના નાનાજાન અને અમ્મીજાન જે સરજમીન ઉપર પેદા થયાં, આપના વાલીદ મોહતરમ જે સરજમીન ઉપર પેદા થયા, તે સરજમીન ઉપર આજે પણ આપના ચાહકો મઝલૂમ છે. અય ઈબ્ને રસૂલ ! શું રહસ્ય છે ? કે આપનો પવિત્ર પાકપાકીઝા રૂહોમાં, આપના નામોમા, આપની પાકપાકીઝા સંતાનોમાં, શું રહસ્ય છે ? કે આજે પણ જમાનાના બાદશાહો તેમના ચાહકોથી પણ ખોફ અનુભવે છે. આંખોમાં આંસુ સાથે ઈજાજત તલબ કરી રોઝામાં દાખલ થયો. ઝિયારતો પઢી. બે રકાત નમાઝ પઢી. ખૂબ જ દુઆઓ માગી. રડતા,

દુઆઓ માગતા, લોકોને જોઈ હું પણ મારી જાતને રોકી ન શક્યો. દુઆ માટે હાથ ઊઠાવેલા જ રહી ગયા અને રડતો રહ્યો. મને થયું કે ઈન્શાઅલ્લાહ દુઆનો આ જ કુબૂલીયતનો સમય છે. ખૂબ દુઆઓ માંગી. સમગ્ર વિશ્વના મુસલમાનોની એક્તા માટે, બયતુલ મુકદ્દશને ફરીથી ઈમાનવાળાઓના હાથોમાં આપવા માટે, આ વેરવિખેર અને કમજોર ઉમ્મત ફરીથી એક બની, શક્તિ બને અને સમગ્ર દુનિયાની મઝલૂમ મુસ્લિમ લઘુમતિ ફરીથી પોતાના હકો પ્રાપ્ત કરે, એવી દુઆઓ કરી, મુસ્લિમ દેશો ઉપર અલ્લાહ નેક સાલેહ શાસકો મુકર્રર કરે, જાલીમ શાસકોથી તેમની પ્રજાને અલ્લાહ નજાત આપે, વગેરે દુઆઓ સાથે ઊભો થઈ એક ખૂણામાં દીવાલને અઢેલીને બેસી ગયો. આ જ રોઝામાની

અન્ય ઝિયારતો બીજા દિવસે પઢવાનું વિચાર્યું. થાકને કારણે ઠીકઠાક ઊભો પણ રહી શકતો ન હતો.

તબીયતમાં થોડીક શાંતિ લાગી, ધીમે ધીમે ઊભો થઈ હોટલમાં આવ્યો. રાતે જમવાનું મોડું મળ્યું. સંજોગો જ એવા હતા. જમીને સૂઈ ગયો. પછી તો જેટલા દિવસ કરબલામાં રોકાયા, એટલા બધા જ દિવસો વારંવાર રોઝામાં આવીને દુઆઓ કરવાનો સિલસિલો ચાલુ રહ્યો. બીજા દિવસે નમાઝે ફજરમાં હઝરત અબ્બાસ અલમદારના રોજા ઉપર હાજર થયો. ત્યાં પણ એ જ ભીડ, નમાઝ પઢતા, ઝિક્રુલ્લાહ કરતા, દુઆઓ માંગતા, રડતા ઝવ્વારો, સ્ત્રીપુરુષો - શું મંઝર હોય છે. મૃત્યુ સુધી આ શ્યો માનસપટ ઉપરથી ભૂલી શકાય નહિ.

ઈમામ હુસૈન (અલ.)ના રોઝાની જેમ જ હઝરત અબ્બાસ અમલદારનો રોઝો પણ આલીશાન અને શાનદાર છે. ત્યાં હાજર થઈ ઝિયારત પઢી, નમાઝ સાથે દુઆઓ માગી. દરેક રોઝા ઉપર મેં મારા મિત્રોને યાદ કરીને તેમનાં નામો ઉચ્ચારીને તેમના માટે દુઆઓ કરી છે. તેમાના અમુક આંગળીના વેઢે ગણી શકાય એટલા મિત્રોને તો હું કદીપણ મારી દુઆઓમાં ભૂલી શકયો નથી.

હઝરત અબ્બાસના રોઝા ઉપરથી ફરીથી હું ઈમામ હુસૈનના રોઝા ઉપર આવ્યો. બંને રોઝા આમને સામને જ છે. વચ્ચે મેદાન જેવી જગ્યા અને સાથે વિશાળ રોડ છે. આસપાસ ભરચક બજારો લાગેલા છે. પરંતુ આ બજારો મક્કા, મદીના જેવા નથી કે ઝવ્વાર કે હોંને હરમમા જતા રોકે, મક્કા

અને મદીનાના બજારો તો ઈન્સાનોને ઈબાદતથી રોકે છે. કદાચ તેથી જ આલે સઉદે ફરજ નમાઝની અઝાન સાથે દુકાનો બંધ કરવાનો હુકમ જારી કર્યો છે. તેમાં વળી ‘કેટલાક તો દુકાનનું શટર પાડી નાખી, દુકાનમાં જ સંતાયેલા રહે છે. સઉદી પેશનમાઝની કદાચ પહેલી સલામનો પ્રથમ અક્ષર અલીફ સાંભળતાં જ શટર ઊંચું કરી દે છે. સઉદીના બજારો ઈબાદત માટે અવરોધરૂપ છે. આવી કોઈ પરિસ્થિતિ કરબલામાં કે નજફે અશરફમા નથી. કરબલા-નજફમાં અમારા ભરૂચ જેવી સામાન્ય કક્ષાની દુકાનો છે. હરમમાં જતો માણસ હરમમાં જ જાય. જ્યારે સઉદીમાં તો હરમમા જવાના ઈરાદે નીકળેલો માણસ બજારોની રોનક જોઈ બજારોમાં ફરતો થઈ જાય. આવું તો રોજ જ બને અને મક્કા-

મદીના છોડવાનો સમય આવી જાય. ફરજ નમાઝોમાં પણ વ્યક્તિ નમાઝ પછી તરત જ બજારમાં ભાગે છે, જો નમાઝના સમયે આ બજારો બંધ કરવામાં ન આવે તો યકીન સાથે હું કહું છું. વૃદ્ધ, ગરીબ અને બીમારો જ હરમમાં નમાઝ પઢવા જાય. યુવાનો, માલદારો બજારોમાં જ ફર્યા કરે, વિચારે કે મોડા વહેલા નમાઝ પઢી લઈશું. છેલ્લે હોટલમાં તો છે જ.

થવું તો એમ જોઈતું હતું કે કાબતુલ્લાહ અને મસ્જિદે નબવી (સલ.)ની આસપાસનું વાતાવરણ કુદરતી રાખવું જોઈતું હતું. તે પહાડી વિસ્તારને (જ્યાં અત્યારે સેંકડો હોટલો ૩૦/૩૦ મજલાની ઊભી કરી છે) અને હજારો દુકાનો છે. જેવો ને તેવો કુદરતી રાખવો જોઈતો હતો. વ્યક્તિ

એ વિસ્તારમાં દાખલ થાય તો તેનું મન ત્યાં જ અટકી રહે, ઈબાદત માટે ખરીદી ભૂલી જાય. પરંતુ આલે સઉદ આવું કઈ રીતે કરી શકે ? જેઓ ઈબાદતને જ નથી જાણતા. જેઓ ગુંડાગીરી કરતા, લૂંટમાર કરતાં સત્તા પર આવી ગયા તેમને ઈબાદતનો લૂત્ફ શું સમજાય ? ઈતિહાસ કહે છે કે તૂર્કી હુકુમત સાથેની લડાઈમાં નમાઝના સમયે તૂર્કો લડાઈ રોકી દેતા હતા. પરંતુ આ તરફ ઈબ્ને સઉદ લડાઈ બંધ કરતા ન હતા. સઉદ નમાઝ પઢતી તૂર્કી ફોજો ઉપર પર હુમલા ચાલુ રાખતો. આ લોકો નમાઝનો લુત્ફ શું સમજે ? આપણા મક્કા અને મદીના તથા જિદ્દહ તેમજ હજની વ્યવસ્થા અંગેના નિર્ણયો વોશિંગ્ટનમાં લેવાય છે. ઈમાનવાળી ઉમ્મતના આલિમો, વિદ્વાનો સાથે હજ બાબત કે

વ્યવસ્થા કોઈ મશ્વેરો કરતા નથી. તમે કોઈ વખત સાંભળ્યું છે ? કે સઉદી સરકારે મુસ્લિમ દુનિયાના બુદ્ધિશાળીઓ, આલિમો, ઇજનેરો કે વિદ્વાનોને પોતાને ત્યાં બોલાવી આ બાબત કોઈ મશ્વેરો કર્યો હોય કે આમ થાય છે તો આપણે શું કરીએ તેમ થાય તો આપણે શું કરીએ, વગેરે. ગઈ રાતે મેં ફક્ત હઝરત ઈમામ હુસૈન (અલ.)ની ઝિયારત અદા કરી હતી. બીજી ઝિયારતો પઢવાની બાકી હતી. તે પઢવા ઈમામ હુસૈન (અલ.)ની ચોખટ ઉપર આવ્યો, અહીં મારે નીચેની છ જીયારતો પઢવાની હતી.

(૧) હઝરત અલી અકબર

(૨) હઝરત અલી અસગર

(૩) જનાબ હબીબ ઈબ્ને મઝાહીર

(૪) ગંજે શહીદા (જેમા તમામ કરબલાના શહીદો છે)

(૫) કત્લગાહે ઈમામ હુસૈન (અલ.)

(૬) હઝરત ઈબ્રાહીમ બિન મુસા કાઝિમ (અલ.)

ઈત્મીનાનથી ઉપરોક્ત ઝિયારતો પઢી. દરેક જગ્યાએ બે રકાત નમાઝ પણ અદા કરી, તબીયત આજે ઘણી જ ખુશનુમા હતી. થાક ઊતરી ગયો હતો. દવા પણ ડબલ ડોઝ લઈ નાખી હતી. ત્યારબાદ આમતેમ લટાર મારવાની નિય્યતે બહાર નીકળ્યો. સૂરજ માથે આવવા લાગ્યો હતો. પરંતુ મને કોઈ ચિંતા ન હતી. હું એકલો જ હતો. મિસિસ સ્ત્રીઓની ટોળી સાથે હતાં. સવારથી જ અલગ થયા હતા. અનેક દુકાનોવાળાઓ સાથે વિચારોની આપલે કરવા કોશીશ કરી. તેમના દિમાગી ખ્યાલાત, મઝહબી વિચારો, સમજબુદ્ધિ વગેરે જાણવા અનેકને

મળ્યો. કુદરતી એક એવો ઈરાકી જે કરાંચીમાં છ સાત મહિના રહી ચૂક્યો હતો તે ઉર્દૂ બહુ સરસ બોલી શકતો હતો. તેનો સાથ પણ મળી ગયો.

ઉર્દૂ જાણકાર ઈરાકીના સાથથી ભાષાનો પ્રોબ્લેમ હલ થઈ ગયો હતો. ત્યાં ઝોહરેનનો સમય થયો, નમાઝ અદા કરી હું ફરીથી બજારમાં ફરવા નીકળી પડ્યો. મારે કશું ખરીદવાનું તો હતું જ નહિ. પરંતુ રખડવા-જાણકારી મેળવવાનો મુખ્ય હેતુ હતો. મારા સમયના પ્રાથમિક શાળાના ધો. ૭ની કવિતાની એક પંક્તિ મને યાદ આવી

**ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા**

જંગલની સેર મારે કરવી હતી.

ખૂબ મોડો હોટેલ પહોંચ્યો. ઠપકો સાંભળવા મળ્યો (મીઠો) મારું ખાવા ઢાંકીને રાખ્યું હતું. તે

પણ ઠંડુ પડી ગયું હતું. ચૂપચાપ નીચી મૂંડીએ જલ્દી જલ્દી જમી લીધું. કેવા રખડો છો ? અમોને ચિંતા થાય કે કંઈ ખોવાઈ ગયા હતા ? પણ બોલે કોણ ? કારણ કે આવો મીઠો ઠપકો સાંભળવાની આદત તો તબ્લીગ જમાતની કારકીર્દી વખતથી જ પડી ગઈ હતી.

એટલામાં સાલારે કાફલા શાબાનભાઈ રૂમમાં આવ્યા, કહ્યું કે આવતી કાલે આપણે ખેમાગાહ અને નજીકની ઝિયારતો પઢવાની છે. માટે સવારના નાસ્તા પછી તરત જ નીકળવાનું છે. મને થયું કે ચાલો શાબાનભાઈએ બીજું કશું ન પૂછ્યું તે સારૂં, પરંતુ તેમણે તો બહાર નીકળતાં નીકળતાં પૂછી જ નાખ્યું “ક્યાં ગયા હતા ? બહુ મોડું કર્યું ? મારે તો જવાબ આપવાનો હતો જ નહિ.

હસતો રહ્યો, જણાવ્યું કે એક ઈરાકીને સાથે લઈ જરા કરબલામાં ફર્યો. મિસિસે મારી દોરી પકડી લીધી. એ તો આખી જિંદગી આવું જ. ખાવાનો કોઈ ટાઈમ ઠેકાણે નહિ. સ્કૂલેથી સીધા જ તબ્લીગમાં મસ્જીદે જાય અને રાતે બે વાગ્યે આવે. શાબાનભાઈ હસતા હસતા બહાર નીકળી ગયા. હું પણ ગુનેહગારની જેમ જમીને આડો પડ્યો.

સીરીયામાં બે ચાર પાકિસ્તાનીઓ પાસે બેસી પડ્યો હતો. ત્યાં લગભગ ૪ કલાક નીકળી ગયા હતા. સાથીઓ ખૂબ જ પરેશાન થયા હતા. ડો. આબીદ મોમીન (ધોળકા) તથા ઈલ્યાસભાઈ (ધોળકા) મને તલાશ કરવા પણ નીકળ્યા હતા. હું ગુનેહગાર હતો.

મને મારી આવી ખરાબ આદતોનો હંમેશા પસ્તાવો રહ્યો છે. છતાં હું તે સુધારી શક્યો નથી. પરદેશમાં સાથીઓ અને મિસિસ પણ ચિંતા કરે, દેખીતી વાત છે. કહીને ગયો હોત તો વાંધો ન હતો. પરંતુ કૂતરાની પૂંછડી વાંકી ની ઊક્તિ વિચારતાં આંખ લાગી ગઈ.

બીજા દિવસે નજીકની ઝિયારતો માટે નીકળ્યા. પ્રથમ તો ઝયનબીયા (જૈનબી ટેકરી) હઝરત અલી અકબર શહીદ થયા તે જગ્યા, હઝરત અલી અસગર શહીદ થયા તે જગ્યા, હઝરત અબ્બાસ અમલદારનો જમણો અને ડાબો બંને હાથ શહીદ થયા તે જગ્યાઓ, કરબલામાં શહીદ થયેલા આ બુઝૂર્ગવારોની ખૈમાગાહો જોવા ગયા. ત્યાં તો બધા જ રડતા હતા. જેમાં દાખલ થતાં પ્રથમ ખૈમો

દરવાજામાં જ હઝરત અબ્બાસનો છે. હઝરત અબ્બાસને ભાઈની હિફાઝતની કેટલી ચિંતા હશે. પંજેતનના પાંચમા છેલ્લા શહીદ ઈમામ હુસૈન (અલ.) છે. જેમને બચાવવા આ બુઝૂર્ગવારો કેટલા ચિંતિત હશે. તેનો ખ્યાલ આવતા અમો બધા તો ત્યાં રડયા જ. પરંતુ હું આ લખતાં લખતાં પણ રડું છું. પછી બીજો ખૈમો અલી અકબરનો છે. શેહનમાં ચારે બાજુ એલહેબયત અને અસહાબોના ખૈમા છે. વચમાં ઈમામ હુસૈનનો ખૈમો છે. તેની બાજુમાં કુબો છે. પછવાડે બીમારે કરબલાનો ખૈમો છે. બાજુમાં બીબી ઝયનબનો ખૈમો છે અને ઉત્તર બાજુ થોડેક દૂર હઝરત કાસીમનો હુજરો છે. આ ખૈમાગાહ પાસે અમોએ થોડુંક માતમ કર્યું. પાકિસ્તાની કાફલાઓ પણ હતા. તેમાના ઘણાબધા તો હૈયાફાટ રુદન

કરતા હતા. ખૂબ જ ભીડ હતી. ગલીકૂંચીઓમાં ચાલતા પણ ઝવ્વારોની ભીડ માલૂમ પડતી.

મને થયું કે કોઈ સઉદી મૂફતીને બોલાવી લાવો કે જુઓ અલ્લાહના દોસ્તોની શહાદત ઉપર તેમની દોસ્તીના કારણે રડવું પણ અમારી તો ઈબાદત છે. બલ્કે શ્રેષ્ટ ઈબાદત છે. અમારી આ ઈબાદત ઈન્શાઅલ્લાહ અમને જન્નતમાં લઈ જશે. એટલું નહિ પરંતુ જન્નતના ઉચ્ચોચ્ચ દરજાના અમે માલીક હોઈશું. આમીન, ઈલાહી આમીન.

ત્યાંથી અમો હઝરત જાફર સાદીક (અલ.)નો બાગ જોવા ગયા. પછી ત્યાંથી થોડેક દૂર હઝરત ઈમામ સાહેબબુઝ્ઝમાન મેહદી (અલ.)નો મુકામ જોયો. ત્યાં પણ દુઆઓ માગી. અત્યારે આ રોઝો નવો બન્યો છે.

રાતે આરામ ફરમાવ્યો. બીજા દિવસે અમારે કરબલાની અતરાફની ઝિયારતો પઢવા જવાનું હતું.

## કરબલાની આસપાસની ઝિયારતો

બીજા દિવસે કરબલાની અતરાફની જીયારતો માટે સૌ સાથે બસમાં નીકળ્યા. સૌપ્રથમ કરબલાથી ૩ કી. મી. દૂર જનાબે હુરની કબર છે. ત્યાં ગયા, ઝિયારત પઢી, અલ્લાહથી દુઆઓ માંગી. ત્યાંથી લગભગ ૧૦ કી. મીટર દૂર જનાબે ઓન (ફરજંદે બીબી ઝયનબ)ના રોઝા ઉપર ગયા. ત્યાં પણ દૂરથી કરબલાનું દ્રશ્ય દ્રષ્ટિ સમક્ષ આવ્યું. આંખો અશ્રુભીની થઈ. ઝિયારત પઢી. બે રકાત નમાઝ અદા કરી. નજીકમાં જ જનાબ મુસ્લિમના બે ફરઝંદો જનાબ ઈબ્રાહીમ અને જનાબ મોહંમદની

કબર પર ગયા. ત્યાં પણ અલ્લાહથી આજીજી અને ઈલ્તીઝા સાથે દુઆઓ માંગી.

આગળ ચાલતા હિલ્લા નામના ગામમાં જનાબ હમઝા બિન મોહંમદના રોઝા ઉપર હાજરી આપી. ત્યાંથી કાસિમ ઈબ્ને મુસે કાઝિમના રોઝાની ઝિયારત કરી બધે જ નમાઝ, દુઆઓ, યાદે ખુદા સાથે મુરાદો માગી. હજી તો ઘણીબધી ઝિયારત નજીક નજીકમાં જ કરવાની બાકી હતી.

બસ આગળ ચાલી. ત્યાં હઝરત ઐયુબ (અલ.)ની જગ્યા છે. ત્યાં બે કૂવાઓ જોયા. એક કુવામાંથી પીવાનું મીઠું પાણી નીકળે છે. તે પીધું. કહેવાય છે કે આ બીજા કૂવાના પાણી વડે સ્નાન કરવાથી બીમારી દૂર થાય છે. અમોએ મીઠા કૂવાનું ફક્ત પાણી પીધું. ત્યાં જમણ જમ્યા.

આગળ ચાલતાં હઝરત ઈબ્રાહીમ (અલ.)ના જન્મની જગ્યા જોઈ. ત્યાં પણ એક નાની ઈમારત છે. આ આખી જ સરજમીનને અલ્લાહે પવિત્ર - અતિ પવિત્ર બનાવી છે. જેમાં ફલશ્તીન - બયતુલ મુકદ્દશ પણ છે. સીરીયા, ઈરાક, ઈરાન, સઉદી અરબ આ બધા જ મુલકોની સરજમીન પવિત્ર છે. આ જગ્યાઓએ એક બે નહિ બલ્કે સેંકડો નબીઓની આમદ થઈ છે. તેમનાં સેંકડો નિશાનો કંઈકને કંઈ રૂપમાં સચવાયેલાં જોવા મળે છે. જે જોવાથી અલ્લાહ યાદ આવે છે. નબીઓની યાદ તોં થાય છે.

આ બધી જ જગ્યાઓ સઆએરીલ્લાહ છે. અલ્લાહની નિશાનીઓ છે. તવહીદ અને હિદાયતના

થાનકો છે. કૂફ્ર અને શીર્ક સાથે આ પવિત્ર અને મુબારક જગ્યાઓને કોઈ સંબંધ નથી.

ત્યાંથી અમો જનાબ શરીફા બિન્તે ઈમામ હસન (અલ.)ની કબર ઉપર ગયા. થોડે દૂર અડધાએક કિ. મી. ઉપર જનાબ મોહંમદ બિન અકીલની કબરની ઝિયારત કરી. સાથે સાથે આગળ ચાલતા રોડની જમણી સાઈડ બે મુબારક કબરો થોડેક થોડેક અંતરે આવેલી છે. જનાબ જાસીમ બિન હસન, અને સૈયદ મોહંમદ બિન મુસે કાઝીમની ઝિયારતો કરી. દરેક જગ્યાએ અલ્લાહની યાદ તોં થઈ. આ લોકો અલ્લાહના પ્યારા દોસ્તો છે. નેક સાલેહ સૈયદઝાહદ છે. તેમની કબરના દીદાર દીલને મુનવ્વર કરે છે. ઈમાનને તાજું કરે

છે. તેમનો વસીલો આપણી દુઆઓની કબૂલીયતનો ઝરીયો બને છે.

અહીંથી અમો મસ્જીદે રદ્દુશશમ્સ જોવા ગયા, આ તે મસ્જિદ છે. જ્યાંથી મૌલા અલીએ (અલ.) સૂરજને પલટાવ્યો હતો. ડૂબેલો સૂરજ પાછો લાવ્યા હતો. આ મસ્જિદે આવ્યા, બે રકાત નમાઝ તહીયતુલ મસ્જિદ પઢી - દુઆઓ માગી.

હઝરત અલી (અલ.) માટે સૂરજ પલટી આવ્યો.

હું અત્યારે જે રીવાયત રજૂ કરી રહ્યો છું તે સુન્ની બિરાદરોની કિતાબ અલ ઝવાહિરૂઝ ઝવાહીર- ભાગ - ૧ સાતમી બસીરત મોઅઝેઝાતના વર્ણનમાંથી પેજ નં. ૨૦૮/૨૦૯ પરથી રજૂ કરૂં છું. મૌ. હાફેઝ અબ્દુલહઈ કફલેતવી-ખતીબ જામે

મસ્જિદ રંગુન એના લેખક છે. પ્રકાશન મદ્રસએ ઈસ્લામીયા કફલેતા - જિ. સુરતનું છે. લેખક સુન્ની આલિમે દીન છે તેમાં આ પ્રમાણે છે.

તહાવીએ હઝરત અસ્મા બિન્તે અમીસથી રીવાયત કરી છે. પેગંબરે ખુદા ઉપર વહીનો નૂઝૂલ થઈ રહ્યો હતો. અને આપ (સલ.)નું સરમુબારક હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) ના ખોળામાં હતું. જેથી હઝરત અલી (અલ.) નમાઝ ન પઢી શક્યા. અહીં સુધી કે વહીનો સિલસિલો ચાલુ રહ્યો અને સુયર્સ્તિ થઈ ગયો. ત્યારે રસુલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું અય અલી ! શું આપે નમાઝ નથી પઢી ? અરઝ કરી કે નહીં યા રસુલુલ્લાહ ! પછી આપ (સલ.) એ ફરમાવ્યું.

"અય અલ્લાહ ! આ અલી તો તારી ખિદમત અને તારા રસૂલની ખિદમતમાં હતા. તેથી એમના માટે સૂરજને પાછો પલટાવી દે."

અસ્મા કહે છે કે મેં સુરજને જોયો કે તે ડૂબી ચૂક્યો હતો. ત્યાર પછી મેં તેને જોયો કે ડૂબી ગયા પછી બહાર નીકળી આવ્યો. પહાડો અને જમીન ઉપર તડકો નજર આવ્યો. અને આ ઘટના ખયબરના રેગીસ્તાનમાં બની.

ઝરકાની કહે છે કે ઘણો જ નવાઈ પમાડે તેવું સરખાપણું છે. જેને બેહતરીન સંયોગ કહી શકાય. અબુ અલ મુઝફ્ફર વાઈઝ એક દિવસ સુયર્સ્તિ થવાને થોડીવાર હતી (કરીબ ગુરૂબ) અને હઝરત અલી (અલ.)ના ફઝાઈલ વર્ણવી રહ્યા હતા. ત્યારે તેમના માટે પણ સૂર્ય પાછો પલટી આવ્યો.

(ડૂબેલો બહાર નીકળી આવ્યો) વાત એમ બની કે વાઈઝ હઝરત અલી (અલ.)ના ફઝાઈલ વર્ણન કરતા હતા. અને અંધારું છવાઈ ગયું. સૂરજ ડૂબી ગયો. લોકો નમાઝ માટે ઊભા થવા લાગ્યા. તરત જ આસમાન ખુલી ગયું. અને સાફ ચમકતો સૂરજ બહાર નીકળી આવ્યો. તરત જ તેમણે લોકોને બેસવાનો ઈશારો કર્યો અને આ અશઆર પઢ્યા.

**(અરબી અશઆરનો તરજુમો)**

"અય સૂરજ ! જ્યાં સુધી મુસ્તુફાની આલ અને ફરઝંદોની તારીફ-પ્રશંસા પૂરી ન થઈ જાય. તું ડૂબતો નહિ. જો હું તેમની પવિત્રતાનું વર્ણન કરવા ઇચ્છું તો તું પણ તારી દોડને પલટાવી દે, શું તું ભૂલી ગયો, જ્યારે કે તેમના જ કારણે (અલીના જ માટે) તારે પલટાવું પડ્યું હતું. રોકાવું પડ્યું હતું. જો

આકાના માટે તારે રોકાવું પડ્યું છે તો આ રોકાવું તેના ચાહકો અને આશિકો માટે હોવું જોઈએ.”

(અલ ઝવાહિરૂઝ ઝવાહીર - ભાગ - ૧સંદર્ભ ઉપર પ્રમાણે)

ઉપરોક્ત વર્ણન ઉપર વિચાર કરો, ઉપરોક્ત ઘટનામાં સૂરજ હઝરત અલી (અલ.)ના માટે પલટી આવ્યો કારણ કે આપની નમાઝ બાકી હતી. વહીનો નુઝૂલ થતો હતો અને પેગંબરે ઈસ્લામનું સરમુબારક અલીના ખોળામાં હતું. જ્યારે ઉપરોક્ત બીજી ઘટનામાં હઝરત અલી (અલ.)ની પ્રશંસા - ફઝાએલનું બયાન ચાલુ હતું. મસ્જિદ લોકોથી ભરેલી હતી. સૂરજ ડૂબી ગયો. બયાન કરનારે અલ્લાહથી ઈલ્તિજા કરી કે યા અલ્લાહ હું તેની પ્રશંસા વર્ણવું છું જેના માટે તેં સૂરજ

પલટાવ્યો છે. તો તરત જ સૂરજ પાછો ફર્યો. અજવાળું થયું. મજલિસ પઢનારે લોકોને બેસી રહેવાનો ઈશારો કર્યો.

હવે અમારી ઝિયારતોની સફરની આ તે મસ્જિદની ઘટનાનું વર્ણન કરું છું જે મસ્જિદમાં અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) એ સૂરજને પલટાવ્યો કારણ કે આપની નમાઝ બાકી હતી.

હઝરત અલી (અલ.) એ સૂરજને પલટાવ્યો.

આ ઘટના હું "શવાહેદુનુબુવ્વત" પેજ નં. ૨૯૨ પરથી વર્ણવી રહ્યો છું. આ કીતાબના લેખક સુન્ની છે. આ સુરજનું ત્રીજી વખત પલટવું થયું. ત્રણે

વખત હઝરત અલી (અલ.) જ કારણભૂત છે. આ જગ્યાએ પેલી હદીસ મને યાદ આવે છે કે

ઝિક્રે અલી ઈબાદત છે. (પેગંબરે ઈસ્લામ)

પ્રથમ વખત અલ્લાહે સૂરજને અલી (અલ.)ના માટે પલટાવ્યો.

(રસૂલની હાજરીમાં રસૂલની દુઆથી)

બીજી વખત અલ્લાહે સૂરજને હઝરત અલી (અલ.) માટે આપની જ દુઆથી પલટાવ્યો.

ત્રીજી વખત મોમીનો અલીની તારીફ-પ્રશંસા-ઝિક્ર કરી રહ્યા હતા. સૂરજ ડૂબી જવાથી લોકો વિખેરાવાની તૈયારી કરતા હતા અને મજલિસ પઢનારે અલી (અલ.)ના વાસ્તાથી દુઆ કરી સૂરજ પલટી આવ્યો. અહીં સુધી કે મજલિસ પૂર્ણ થઈ.

 amillibrary.com

એક વખત અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) બાબુલના ઈલાકા તરફ જઈ રહ્યા હતા. સાથે લશ્કર પણ હતું. આપે કહ્યું કે આપણે ફૂરાત નદી પાર કરીને પેલી તરફ જઈને નમાઝ પઢીશું. આપના કહેવાથી આપના સાથીઓએ ફૂરાત પરથી સવારીઓ ગુજારવાની શરૂ કરી. અહીં સુધી કે સૂરજ ડૂબી ગયો અને બધાની જ નમાઝ કઝા થઈ ગઈ.

આપના જાનિસાર સાથીઓ ચિંતા કરવા લાગ્યા કે આપણી સાથે અમીરૂલ મોઅમેનીન છે. અને સંજોગોને આધીન નમાઝ કઝા થઈ છે. મતલબ આ નેક લોકોનું માનવું હતું કે જો હઝરત અમીરૂલ મોઅમેનીન સાથે ન હોત તો વાંધો ન હતો. આ બાબત અમૂક મુનાફિકો જે આપના

લશ્કરમાં જ હતા. ચેમીગોઈયાં કરવા લાગ્યા કે નમાઝ કઝા થઈ ગઈ. કારણ કે આ મુનાફિકોનું પેટ તો જિહાદ માટે દુ:ખતું હતું. જેહાદ અઘરો લાગતો હતો. જેથી તેમને હઝરત અલી (અલ.)ની ટીકા કરવાનું બહાનું મળી ગયું.

તરત જ હઝરત અમીરૂલ મોઅમેનીન (અલ.) એ અલ્લાહથી સૂરજ પલટાવવાની અરજ કરી. જેથી આપ અને આપના સાથીયો સમય પર નમાઝ અદા કરી શકે. અલ્લાહતઆલાએ આપની દુઆને તરત જ કબૂલ કરી, સૂરજ પાછો ફર્યો. અને અસરનો સમય થઈ ગયો. જ્યારે આપે નમાઝ પઢીને સલામ ફેરવી કે તરત જ સૂરજ ડૂબી ગયો. અને સૂરજમાંથી ભયંકર ડરાવે એવી અવાજો આવવા લાગી. લોકો ઉપર ભય છવાઈ ગયો. લોકો

ડરી ગયા. જેથી લોકો ખુદાની યાદમાં મશ્ગુલ થઈ ગયા.

(શવાહેદુન્નુબુવ્વત પેજ નં. ૨૯૨)

દરેક નબીની પાર્ટીમાં મુનાફિકો હોય છે. દરેક દીનનું કામ કરનાર આલીમોને પણ મુનાફિકોનો સામનો કરવો પડે છે. દરેક મુબલ્લીગે પણ મુનાફિકોથી કામ લેવું પડે છે.

ઉપરોક્ત રીવાયતો દ્વારા આપણે “નમાઝ અને અલી” “અલી અને નમાઝ” નો સંબંધ સમજી શકીએ છીએ. જેથી આપણે નમાઝને સમયસર અદા કરવી જોઈએ. કેટલીક વાતો સમજવા માટે ઘણી બારીકાઈવાળી દ્રષ્ટિ પેદા કરવી પડે છે.

દ્રષ્ટાંતરૂપે મારા એક સુન્ની મિત્ર છે. જેઓ બહુ બોલકણા છે. હું તેમની સમક્ષ ઘણી ખૂલીને

વાત કરી લઉં છું. કેટલીક કડવી વાતો પણ બોલી જવાય છે.

આ કીતાબના લેખન દરમ્યાન એક વખત તેઓ ઘેર આવ્યા. મેં હઝરત અલી (અલ.)ની ફઝીલતો - ફૂફાની ઝિયારતો અંગે વાત કરી.

તેમણે કહ્યું કે ઈબ્રાહીમભાઈ ! ખોટું ન લગાડતા. અકળાઈ ન જશો. તમે તો લઈ-દઈને હઝરત અલી (અલ.)ની ફઝીલતનું વર્ણન તો કરો જ છો.

મેં કહ્યું “ભાઈ ! અલી ઈમામુલ અંબીયા છે. અગિયાર ઈમામોના બાપ છે. પેગંબરે ઈસ્લામ અને અલીનું લોહી એક જ છે. નૂર પણ એક જ છે. ફક્ત જિસ્મ (શરીરો) જુદા છે. લોહી-માંસ-નૂર-આત્મા એક

જ છે. રસૂલની આત્મા બનીને તો અલી મુબાહેલામાં આવ્યા હતા.

જેવી રીતે પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.) સર્વે નબીઓના સરદાર સરદારૂલ અંબિયા છે, જેથી આપ (સલ.)ની ઉમ્મત પણ બીજી બધી જ ઉમ્મતોની સરદાર છે. બીજી વાત જે મેં તેમને કહી કે સુન્ની આલિમોના જ અનેક લખાણો છે કે

"આ ઉમ્મતના આલિમો બની ઈસરાઈલના અંબીયા જેવો દરજ્જો ધરાવે છે."

જો આ બાબત તમે માનતા હોય તો પછી આ બાબત માનવાને કઈ વસ્તુ અવરોધરૂપ છે કે રિસાલતના ખતમ પછી શરૂ થતી ઈમામતના ઈમામો બની ઈસરાઈલના અંબીયાથી અફઝલ છે. જે અમારો શીયાઓનો અકીદો છે. સુન્ની આલિમોના

અનેક લખાણો છે કે બની ઈસરાઈના નબીઓ અલ્લાહને દુઆ કરતા હતા કે અમને પેગંબર આખેરૂઝ્ઝમાનની ઉમ્મતમાં પેદા કર. કારણ કે આ નબીઓ આ ઉમ્મતનો દરજ્જો જાણતા હતા કે આ ઉમ્મતનો કેટલો શ્રેષ્ટ દરજ્જો છે. અને આ માંગણી ઉપર જ અલ્લાહે હઝરત ઈસા (અલ.)ની દુઆ કબૂલ કરી અને આપ કયામત અગાઉ ઉમ્મતી બનીને આવશે. હઝરત ઈમામ મેહદી (અલ.)ની પાછળ નમાઝ પઢશે. તેમના હાથ નીચે જેહાદ કરશે.

જો ઉપરોક્ત સુન્ની આલિમોના લખાણોને આપ સાચા માનતા હોય તો નિર્વિવાદ રીતે બારેબાર ઈમામો જેઓની ઇમામત ખુદાના હુકમથી છે. તેઓ પેગંબર (સલ.) પછી તમામ નબીઓથી

અફઝલ છે અને આ ઈમામોમાં હઝરત અલી (અલ.) સૌથી અફઝલ છે પછી હું મુકીઓ-પરહેઝગારોના ઈમામની ફઝીલત વર્ણવું તેમાં તમને ક્યાં ખોટું લાગે છે ?

તે મારા સુન્ની મિત્રે મારી ઉપરોક્ત વાતો કાગળમાં નોંધી લીધી, પછી ઘેર જઈ એક દારૂલઉલૂમના મોટા આલિમને ફોન કર્યો. પ્રથમ તો કબૂલાત કરાવી કે શું આપણા આલિમોનો દરજ્જો બની ઈસરાઈલના નબીઓ જેવો ગણાય ?

આલિમ સાહેબે ઘણા જ ઊમળકાથી કબૂલાત કરી કે હા, હા, બિલકુલ સાચી વાત છે. આપણા બૂઝૂર્ગો રસૂલના જમાનાથી આ બાબતો કીતાબોમાં નોંધતા આવેલા છે.

પછી તરત જ મારા મિત્રે પેલા આલિમને મારી બીજી વાત રજૂ કરી કે જો આપણે આ વાતને સાચી માનતા હોય તો આ બાબતના માનવામાં કોઈ અવરોધ ન હોવો જોઈએ કે શીયા બિરાદરી રસૂલની અવલાદમાંથી તબક્કાવાર બાર ઈમામોને બની ઈસરાઈલના નબીઓથી અફઝલ માને છે. કારણ કે આ ઈમામો તો રસૂલનું લોહી માંસ છે રસુલની અવલાદ છે. જ્યારે આપણા આલિમો તો રસૂલની અવલાદ પણ નથી. ગમે તે બિન સૈયદ આલિમ પણ બની ઈસરાઈલના નબીયોના દરજ્જે પહોંચી શકે છે.

તરત જ પેલા આલિમ સાહેબે સામેથી પૂછ્યું "તમે ઈબ્રાહીમભાઈ પાસે ગયા હતા ?"

(મારો મિત્ર હસવા લાગ્યો) તમે ગૂમરાહ થઈ જશો. યાર, તમારૂં બ્રેઈનવોશ કરી નાંખશે. (માનસ પરિવર્તન) મિત્રે કોઈ જવાબ ન આપતાં શીઈય્યતનું લેબલ લાગી જવાના ડરથી દલીલ  ન કરતાં ફોન મૂકી દીધો. પછી તરત જ મને ફોન કરી ઉપરોક્ત વાતો જણાવી. આ આલિમ દેવબંદી મકતબે ફિક્રના છે. અમલે હનફી અને અકાઈદે વહાબી.

આ પરિસ્થિતિ આ ઉમ્મતની છે.

હવે હું મારા વિષય તરફ પાછો ફરૂં છું. અમો તે મસ્જિદ જોવા ગયા જે મસ્જિદ પાસે હઝરત અલી (અલ.) સૂરજને પલટાવીને પોતાની કઝા થઈ ગયેલી નમાઝ અદા કરી હતી. આ જગ્યાએ આપની ઈમામતમાં આપના સાથીઓએ

(લશ્કરે) પણ નમાઝ પઢી હતી. પાછળથી આ મુબારક જગ્યાએ મસ્જિદ બનાવવામાં આવી. આ મસ્જિદમાં અમોએ બે રકાત નમાઝ પઢી, દુઆઓ માંગી.

પછી બધા સાથીઓ બસમાં ગોઠવાયા. આજની ઝિયારતોમાં હું ફરીથી ખૂબ જ થાકી ગયો હતો. ઓપરેશનવાળા પગમાં અસહ્ય દુ:ખાવો થતો હતો. ખિસ્સામાંથી ટેબ્લેટ કાઢી ખાધી. ઉતારે આવ્યા. રાત ઢળી ચૂકી હતી. સ્નાન કરી કપડાં બદલી સૂઈ ગયો. આવતીકાલે સવારે અમારે નજફે અશરફ જવાનું હતું. મિસિસે મને હુકમ છોડ્યો “જોજો ફજરની નમાઝ પઢીને સીધા હોટલ પર આવજો, કંઈ ચાલી ન જતા.”

હું ક્યાં જવાનો હતો ? અહીં જ આવીશ. અરે તમારું કંઈ ઠેકાણું નથી, તમારે ૧૬ ભાઈ ને ૧૭ બહેનો પછી બધાને કેટલી તકલીફ પડે.

હું હસવા લાગ્યો.

રાતે સ્વપ્નમાં મેં હઝરત અલી (અલ.)નો તે જ રોઝો જોયો, તે જ જગ્યા, તે જ બજાર, તે જ સહેન જોયાં. જ્યાં અમો જવાના હતા.

# પ્રકરણ – ૨૩ : ઈરાક - નજફની ઝિયારતો

બીજા દિવસે કરબલાથી નજફે અશરફ તરફ પ્રયાણ કર્યું. સાંજનો સમય વીતી ચૂક્યો હતો. દૂરથી હઝરત અલી (અલ.)ના રોજાનો ગુંબજ દેખાયો. સલાતો સલામ પેશ કર્યા અલીના દરબારમાં આવવાની ખુશીનો તો કોઈ પાર ન હતો. જ્યારે અલીના દરબારની બીલકુલ નજીક આવી ગયા તો ખરેખર મારી આંખોમાં ઝરઝરીયાં આવી ગયાં. વિચારમાં ડૂબી ગયો. ગઈરાતના સ્વપ્નમાં જે દ્રશ્ય મૌલાના દરબારનું - રોઝાનું જોયું હતું, જે બજાર જોયું હતું તે જ દ્રશ્ય, તે જ રોજો, તે જ બજાર મેં પ્રત્યક્ષ જોયું. આવું મારી સાથે ઘણાય વખત બને છે. જેથી મેં આંસુ સાથે અલ્લાહને યાદ કર્યો.

મૌલાના મોહંમદ અસફાક સાહેબ મારી સાથે જ બેઠા હતા. તેમણે મને બસ ઊભી છે, ઉતરવાની તૈયારી કેમ કરતા નથી ? એમ કહ્યું, પરંતુ હું શૂન્યમનસ્કપણે રોઝાને જોતો મારા સ્વપ્ન સાથે મેળવતો હતો. મૌલાનાએ કહ્યું “તમે કંઈ ચિંતામાં લાગો છો ?” મેં તેમને સાચી વાત કહી દીધી.

નજીકની એક હોટલમાં ઊતર્યા નવું ગુસલ કરી રોઝામાં ગયો. ખૂબ જ આજીજી સાથે મૌલા સાથે ઘણીબધી વાતો કરી. અલ્લાહે મને અને મારા કુટુંબને મૌલાની વિલાયતની સમજ આપી, તે બદલ શુક્રગુજારી કરી, ખૂબ જ દુઆઓ કરી. સેંકડો લોકોની ભીડ વચ્ચે અલ્લાહે મને રોઝાની જાળી સુધી પહોંચાડી દીધો. મુશ્કીલ કુશાની બારગાહમાં

 amillibrary.com

મારી બધી જ મુશ્કેલીઓ પેશ કરી દીધી. અલ્લાહથી ગુનાહોની માફી પણ માગી. ટૂંકમાં આ રીતે દુઆ કરી. મૌલા મને સમજ આવી ત્યારથી લઈ આજદિન સુધીમાં મેં જે કંઈ માગ્યું છે, જે કંઈ દુઆઓ કરી છે તે બધી જ આપની ખિદમતમાં પેશ કરૂં છું. તેમાં જે કંઈ ભલાઈ છે તેને કબૂલ કરી લો. જે કંઈ મુનાસિબ છે તે કબૂલ કરી લો. મારા માટે નામુનાસિબ હોય - અયોગ્ય હોય તેને આપ જાણો છો - રદ કરી દ્યો.

અમીરૂલ મોઅમેનીનનો રોઝો શાનદાર છે. આપની શાનોશોકતને રજૂ કરે છે. હઝરત હુસૈન (અલ.)ના રોઝા ઉપર મજલૂમીયત દેખાય છે. જ્યારે હઝરત અલી (અલ.)ના રોઝા ઉપર જલાલ દેખાય છે.

અમીરૂલ મોઅમેનીનના રોઝામાં જ હઝરત આદમ (અલ.) પણ આરામ ફરમાવી રહ્યા છે. તથા આદમે સાની ગણાતા હઝરત નૂહ (અલ.) પણ આરામ ફરમાવી રહ્યા છે. તેમના નામ સાથે તેમને પણ અકીદતના ફૂલ પેશ કર્યા

હોટલ ઉપર આવી આરામ કર્યો.

નજફના રોકાણ દરમ્યાન તો ઘણેભાગે રોઝામાં વધુ સમય ગુજાર્યો. મૌ. મોહંમદ અસફાક સાહેબ સાથે હઝરત અલી (અલ.)ના રોઝાના મુનતઝમીનની (વ્યવસ્થાપકો) મુલાકાત કરી. મવલાના રોઝાની એક અજીબોગરીબ કયફીયત જોઈ. એવરેજ દર પાંચ મિનિટે મય્યતો આવતી હતી. “લાઈલાહ ઈલ્લલ્લાહ” ના ઝિક્ર સાથે મવલાની કબરના ત્રણ ફેરા ફેરવી પછી

વાદીઉસ્સલામ કબ્રસ્તાનમાં દફન માટે જતી. મેં અને મૌ. મોહંમદ અસફાક સાહેબે આ વાત નોંધ કરી કે લગાતાર મય્યતો દુનિયાભરમાંથી આવતી રહે છે. તેને ઉઠાવનારા, તલકીન કરનારા, રોઝાના ચક્કર લગાવનારા અને છેલ્લે દફન કરનારા માણસો અલગ અલગ હોય છે. દરેક કંઈ ને કંઈ મહેનતાણા સાથે આ કાર્યો અંજામ આપે છે. અને રોઝી મેળવે છે. આ એક અજીબોગરીબ દ્રશ્ય હતું. અમારી હાજરીમાં કલકા, કરાંચી, ટોરેન્ટો, કેનેડા, ઈન્ડોનેશિયા, અલ્જીરીયા અને શ્રીલંકાની મય્યતો આવી.

મને પેગંબરે ખુદા (સલ.)ની એક હદીસ યાદ આવી, જે વાંચ્યા પછી મને એનો મતલબ

સમજાતો ન હતો. તે આજે સમજાઈ ગયો. હું ઘણો જ ભાવવિભોર થઈ ગયો તે હદીસ આ પ્રમાણે છે.

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું. “અય અલી ! તમારી મન્ઝેલત (દરજ્જો) કાબા જેવી છે. કાબા કોઈની પાસે જતો નથી. લોકો કાબા તરફ આવે છે.” મેં આ હદીસ યાદ કરી. મૌ. અસફાક સાહેબ પણ ઘણા જ ખુશ થયા. અમે જોયું કે મવલાના દરબારમાં જીવતાઓ તો આવે જ છે. પરંતુ મુરદાઓ પણ આવે છે. થોડીક થોડીક વારે ટેક્ષી આવીને ઊભી રહે. તરત જ જે તે વિધિ કરનાર મય્યત બહાર કાઢે, કાંધ આપનાર કાંધ આપે, મય્યતને રોઝામાં લઈ જઈ ત્રણ ફેરા “લાઈલાહ ઈલ્લલ્લાહ” ઊંચા અવાજથી પઢતા ચાલે, પછી

બહાર લાવી નમાઝે જનાઝહ વગેરે અદા થાય અને છેલ્લે વાદી ઉસ્સલામ કબ્રસ્તાનમાં દફન થાય.

નજફનું કબ્રસ્તાન પણ પાંચ છ કિ. મીટર જેટલું વિશાળ છે. આટલા વિશાળ કબ્રસ્તાનમાં લાખો લોકો સૂતા હશે. તહકીક કરતાં જાણવા મળ્યું કે ત્રણ મંજિલા કબરો બનાવવામાં આવે છે. પ્રથમ નીચે ગ્રાઉન્ડ ફલોરમાં મય્યતને સૂવડાવી પથ્થરો મૂકી દેવામાં આવે છે. પછી તેના ઉપર બીજી મય્યત અને પછી પથ્થર મૂકી ત્રીજી મય્યત સૂવડાવી કબર બંધ કરવામાં છે. પ્રથમથી જ એટલી ઊંડી કબર રાખવામાં આવે છે કે ત્રણ મય્યત દફન થાય. આ વ્યવસ્થા હુકુમત તરફથી નક્કી કરવામાં આવી છે.

રસૂલનું આ ફરમાન કે “અય અલી ! તમારી મન્ઝેલત કાબા જેવી છે. કાબા કોઈની પાસે જતો નથી. પરંતુ લોકો કાબા તરફ આવે છે.”

ઉપરોક્ત હદીસથી અમૂક લોકો અલી તરફ લોકોને બોલાવવાની કોઈ જરૂર નથી. મતલબ તલ્બીગે દીનેહક કરવાની જરૂર નથી. એવું અર્થઘટન કરે છે. ઈશ્નાઅશરી શીયા બિરાદરીમાં તો આવું કોઈનું મંતવ્ય નથી. છતાં એક દાઉદી બિરાદરે મને કહ્યું કે આ હદીસની રૂએ આપણે દીને હકની તબ્લીગ કરવાની જરૂર નથી.” જો કે હું તેમના મત સાથે સંમત ન થયો. મેં કહ્યું કે, “સ્વયં કાબાની તઅમીર કરનાર ખુદા હુકમ આપે છે કે બોલાવો લોકોને કે તેના ઘરની તઅઝીમ કરે, ઈમામ જઅફર સાદીક (અલ.) એ સ્વયં

તબ્લીગનો- અમ્રબિલ મઅરૂફનો હુકમ આપ્યો છે. બલ્કે બધા જ ઈમામોનો અમ્ર બિલ મઅરૂફનો હુકમ છે.”

પેગંબરે ઈસ્લામે આ હદીસ ત્યારે બયાન કરવી પડી જ્યારે લોકોનો કીનોકપટ હઝરત અલી (અલ.) માટે ખૂબ જ વધી ગયો હતો. દઅવતે ઝૂલઅસીરાના એલાને વસીયતથી જ લોકો અને તે પણ નબી (સલ.)ના સાથીઓ - સહાબાઓ - હઝરત અલી (અલ.)નો વિરોધ કરતા આવ્યા છે. આ એક એવી ટોળી હતી, જેમાં મુનાફિકો તો હતા. પરંતુ તે સિવાય પણ કેટલાક એવા લોકો હતા જેમના દીલમાં રોગ હતો. આ રોગ શબ્દપ્રયોગ કુર્આને કર્યો છે. આ રોગીસ્ટ મનોવૃત્તિના લોકો હઝરત અલી (અલ.)થી ઈર્ષા કરતા હતા. ઘણાય

પ્રસંગોએ આવા લોકોએ જેઓ સહાબી ગણાય છે. પેગંબરને હઝરત અલી (અલ.) માટે ફરિયાદ પણ કરી છે. પેગંબરે ઈસ્લામે અમૂક વખત મોં ફેરવી નારાઝગી વ્યક્ત કરી છે, અમૂક વખત ગુસ્સો પણ કર્યો છે. "તમને શું થઈ ગયું છે કે તમો અલીથી દુશ્મની રાખો છો ?" રસૂલના આ શબ્દપ્રયોગ આપણી પ્રખ્યાત કિતાબોમાં છે. બે ત્રણ ગઝવહને બાદ કરતાં પેગંબરે ઈસ્લામે ઈસ્લામની તમામ જંગોમાં અલીને અલમ આપ્યો. તે પણ આવા રોગીષ્ટ મનોવૃત્તિ ધરાવતા લોકોને પસંદ ન પડ્યું. ત્યારે પેગંબરે ઈસ્લામે હઝરત અલી (અલ.)ને આશ્વાસન આપી તેમની ફઝીલત તેમની સમક્ષ વર્ણવી કે અય અલી ! ઈન્સાનો તો ઈન્સાનો પરંતુ મચ્છતો પણ તમારી ઈજ્જત કરશે. જેમ અલ્લાહે

ઈન્સાનોના દીલોમાં કાબાની મહબ્બત નાંખી દીધી છે. તેમ અલ્લાહે તેમના દીલોમાં તમારી મહબ્બત પણ નાખી દીધી છે તમે ગમગીન ન થાઓ. આજે ચૌદસો વરસ થયો, લોકો કરબલા અને નજફ માસુમીનની ઝિયારત માટે જાય છે. કેટલાય વખત જાય છે. અને મૃત્યુ વખતે વસીયત કરી જાય છે કે મારી મય્યતને અલીની મુલાકાત કરાવીને નજફમાં જ દફન કરજો.

કોઈપણ પ્રમાણિક વ્યક્તિને ઈસ્લામનો અભ્યાસ કર્યા પછી એમ લાગ્યા વગર નહીં રહે કે હઝરત અલી (અલ.) ને અન્યાય થયો છે. મારા તબ્લીગી જીવનમાં જ્યારે મોટી મોટી કીતાબોમાં મેં હઝરત અલી (અલ.)ની ઈસ્લામી કારકીર્દી વાંચી તો મેં અનુભવ્યું કે હઝરત અલી (અલ.)ની સમક્ષ

પેગંબરે ઈસ્લામ (સલ.) એ પોતાના નબી હોવાની જાહેરાત કરી, ત્યારથી લઈ રસૂલ આ દુનિયાથી પરદે થયા ત્યાં સુધીના ઈસ્લામનો ૬૦ ટકા ભાગ હઝરત અલી (અલ.)નો પોતાનો છે. બાકીના ૪૦ ટકા ભાગમાં મુસલમાનો જેટલા પણ સહાબા માનતા હોય તેટલા બધા સામેલ છે. સમગ્ર ઈસ્લામની બુનિયાદનો - તેના પ્રચાર-પ્રસારનો - તો સ્થાયીત્વનો ૬૦ ટકા ભાગ જે વ્યક્તિનો હોય અને તેને અન્યાય થાય તે બાબત મારા ધ્યાન ઉપર આવી. સિહાહ સિત્તા ગણાતી આપણી કીતાબો જ બોલી રહી છે કે હઝરત અલી (અલ.)ને અન્યાય થયો છે. આ બાબત મેં કેટલાક આલિમોને પ્રશ્નો કરેલા. ત્યારે બેવકૂફીભર્યા ઉત્તરો પણ મળેલા. ઈસ્લામ બાલથી વધારે બારીક છે. માટે બહુ

ખોતરવાનું નહિ. ગૂમરાહ થઈ જવાય. આજેપણ જ્યારે હું કહું છું કે ઈસ્લામના ઉદયકાળનો ઈતિહાસ આલોચક - સમાલોચકની દ્રષ્ટિએ સમજવાની કોશીશ કરવામાં આવે ત્યારે પણ બેહુદી બકવાશ જેવા ઉત્તરો સાંભળી રહ્યો છું. નમાઝ પઢવાની, રોઝા રાખવાના, ઝકાત આપવાની, હજ કરવાની, આટલું તો સમજમાં આવે છે કે નહિ ? બસ એ જ ઈસ્લામ છે. અસ્તગફિરુલ્લાહ.

મુનાફિકોને મોમીન સમજીને તેમની ફઝીલતના ગુણ ગાયા કરો, બુઝદીલોને બહાદુર સમજીને તેમની બહાદુરીના વર્ણન કર્યા કરો, જાલીમોને નેક સમજીને તેમના જુલમોને છુપાવ્યા કરો. બસ ઈસ્લામ આ જ છે. પછી એ નમાઝ, રોઝા, ઝકાત કે હજ કંઈપણ કામમાં આવશે નહિ.

ઈસ્લામના પાયામાં લૂણો લાગેલો છે. ઉધઈ તો તેના પાયાને ખોખરી કરી રહી છે. ને તમો ઉપર સનમાઈકા લગાવશો તો પોલું નગારા જેવું જ રહેશે. આજે દુનિયાના ફૂફ્રની સામે ઈસ્લામનો આવો જ હાલ છે. રેફ્રિજરેટરનો ડબો છે. કોમ્પ્રેસર નથી.

બીજા દિવસે અમો વાદીઉસ્સલામ કબ્રસ્તાનમાં ગયા જ્યાં બીજા બે નબીઓ આરામ ફરમાવી રહ્યા છે. હઝરત હુદ (અલ.) અને હઝરત સાલેહ (અલ.) ત્યાં પણ ઈબાદતો અંજામ આપી. કોમે હુદ અને કોમે સાલેહના કુર્આની વર્ણનો દ્રષ્ટિ સમક્ષ આવ્યાં. હઝરત અલી ઝયનૂલ આબેદીન (અલ.) નો મુસલ્લો જ્યાં આપ નમાઝ પઢતા હતા તે જગ્યા જોઈ. ત્યાં પણ યાદે ખુદા કરી. જનાબ ઈમામ મેહદી સાહિબુઝઝમાન (અલ.)નો મકામ

જ્યાં આપ પધારે છે તે જગ્યાને પણ સઆએરીલ્લાહ ગણી અલ્લાહની નિશાનીઓની તઅઝીમ બજાવી લાવી ઈબાદતો અંજામ આપી.

## ઈરાક કૂફાની ઝિયારતો

ચોથા દિવસે અમો કૂફાની ઝિયારતો માટે નીકળ્યા. પ્રથમ મસ્જિદે હનાનાની ઝિયારત કરી બે રકાત નમાઝ અદા કરી, અલ્લાહથી દુઆઓ માગી.

આ તે જગ્યા છે જ્યાં શહીદોના સર રાખવામાં આવ્યાં હતાં. કરબલાથી ઈમામ હુસૈન (અલ.) અને બીજા શહીદોના સરને લઈ જવામાં આવતાં હતાં ત્યારે રસ્તામાં રોકાયને યઝીદના સૈનિકોએ આ સરોને આ જગ્યાએ રાખેલા. આ જગ્યાએ અમો ખૂબ રડ્યા. ત્યાંથી અમે હઝરત અલી (અલ.)ના એક સહાબી કૌમેલ બિન ઝિયાદની

ઝિયારતે ગયા. ત્યાં પણ અકીદતના ફૂલ પેશ કર્યાં. ખુદાની યાદ તોં થઈ. બીજા એક મૌલા અલીના સહાબી જનાબ મિસમે તમ્મારની કબર ઉપર ગયા. ઝિયારત પછી અલ્લાહથી આ નેક સાલેહીન લોકોના વસીલાથી દુઆઓ માગી.

ત્યાંથી અમો હઝરત અલી (અલ.)નું ઘર જોવા ગયા, ઘર જોયું, જાણે તેની ઈંટેઈંટ બલ્કે એક એક કાંકરીની અમારા દીલોમાં મહબ્બત છે. એવો દીલમાં એહસાસ થયો.

નાના નાના કમરા જોયા, વચ્ચે એક કૂવો છે. હસનૈનના પઢવાનો મદ્રસાનો કમરો પણ જોયો. આપની પાક-પાકીઝા બીવીઓને રહેવાના તદ્દન સાદા નાના નાના હુઝરાઓ જોયા. આ તે અમીરુલ મોઅમેનીનની સાદગી છે જેમના ત્યારે પણ કરોડો

ફીદાઈઓ હતા અને આજે પણ છે. ઈચ્છા વ્યક્ત કરત તો ઘણો મોટો મહેલ બનાવી શકત, પરંતુ આપે કદી સાદગી છોડી નથી.

હઝરત અલી (અલ.)ના ઘરની બાજુમા જ અબ્દુલ્લાહ બિન ઝિયાદનો પડી ગયેલો મહેલ જોયો. લોકો તેના ઉપર લાનત મોકલે છે. મહેલમાં ગંદકી અને કચરો છે. શહેરની ગંદી ગટરોનું ગંદુ પાણી અંદર જાય છે.

અમો મસ્જિદે કૂફા જોવા ગયા. આ મસ્જિદ ઘણી મોટી અને અતિ ઉત્તમ મસ્જિદ છે. જેનું બાંધકામ પણ ચાલતું હતું. અહીં આમાલ કરવાનો ઘણો સવાબ મળે છે. જેથી અમોએ ત્યાં દરેક મુસલ્લા ઉપર બે બે રકાત નમાઝ પઢી, દુઆઓ કરી. બાર મુસલ્લા નીચે મુજબ છે :

**દરેક મુસલ્લા ઉપર આમાલ અને ઝિયારતો બજાવી લાવ્યા.**

(૧) મુકામ હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ

(૨) હઝરત ખીજર (અલ.)

(૩) હઝરત અલી (અલ.) ઈન્સાફ આપતા હતા તે જગ્યા.

(૪) મુકામ બૈતુલ તસ

(૫) મુકામ હઝરત મોહંમદ મુસ્તુફા

આ મુકામની બાજુમા ન્યાયનો થાંભલો છે. તેની બાજુમાં હઝરત નૂહ (અલ.)ની કીસ્તી તોફાનમાં બચી ગયેલી, તે જગ્યા છે.

(૬) મુકામ હઝરત આદમ (અલ.)

(૭) મુકામ હઝરત જિબ્રઈલ (અલ.)

(૮) મુકામ હઝરત અલી ઝયનુલ આબેદીન (અલ.)

(૯) મુકામ હઝરત નુહ (અલ.)

(૧૦) મુકામે ઈબાદત - તે મેહરાબ જ્યાં હઝરત અલી (અલ.) ને ઝરબત વાગી હતી.

(૧૧) હઝરત અલી (અલ.) જ્યાં નફીલ નમાઝો પઢતા હતા તે જગ્યા

(૧૨) મુકામે હઝરત ઈમામે જઅફર સાદીક (અલ.)

ત્યારબાદ અમોએ બીજા અનેક બુઝૂર્ગોના રોઝાઓની ઝિયારત કરી, અલ્લાહથી ઈલ્તીઝા કરી, દુઆઓ કરી, નમાઝો પઢી.

## (૧) હઝરત મુસ્લિમ બિન અકીલ (અલ.)

હઝરત મુસ્લિમ (અલ.) અકીલના ફરઝંદ અને હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને

અબી તાલિબ (અલ.)ના ભત્રીજા હતા. હઝરત ઈમામ હુસૈન (અલ.)ના કાકાના દીકરા અને હઝરત અબ્બાસ (અલ.)ના પણ કાકાના દીકરા તથા બનેવી પણ થાય છે.

આપને જ હઝરત ઈમામ હુસૈન (અલ.) એ કરબલા રવાના થતા અગાઉ કૂફામાં પોતાના એલચી બનાવીને મોકલ્યા હતા. પ્રથમ તો કૂફાવાળાઓએ આપનું ખૂબ ખૂબ સ્વાગત કર્યું. ખૂબ જ શોખથી બયઅત પણ લીધી. પરંતુ થોડાક જ દિવસોમાં બયઅત તોડી નાખી. અને જાની દુશ્મન બની ગયા. આપને ગિરફતાર કરીને ઘણી જ બેરહમીપૂર્વક શહીદ કરી દીધા. આ રાજકારણનો કમાલ હતો. માલ-રૂપિયો - પૈસાથી બધુ જ ખરીદી શકાય છે. દીન પણ - ઈમાન પણ.

આપને શહીદ કરી આપની લાશને ગલી-કુંચીઓમાં ફેરવી. કબીલા મઝીહના લોકોએ ઈબ્ને ઝિયાદનો મુકાબલો કરીને લાશને છોડાવી, ઈઝઝત-એહતેરામ સાથે દફન કરી. આ જ રોઝામાં હાની ઈબ્ને અરવાહની કબર પણ છે.

**(૨) હાની બીન અરવહ (રહ.)**

હાની ઈબ્ને અરવહ (રહ.) કૂફાના ઈઝઝતદાર માલદારોમાં ગણાતા હતા. રસૂલે ખુદાની એહલેબયતથી આપને બેપનાહ મહબ્બત હતી. હઝરત મુસ્લિમે કૂફા પહોંચીને પ્રથમ જનાબ મુખતાર ઈબ્ને ઓબયદા સકફીના ઘેર રોકાણ કર્યું. પરંતુ જ્યારે ઈબ્ને ઝિયાદના લશ્કરે જનાબ મુખ્તારને ગિરફતાર કરી લીધા ત્યારે આપ ત્યાંથી

સીફતપૂર્વક મુખતારનું ઘર છોડી હાની ઈબ્ને અરવાહને ઘેર આશરો લીધો.

જાસુસોએ જ્યારે ઈબ્ને ઝિયાદને આ વાતની ખબર પહોંચાડી તો ઈબ્ને ઝિયાદે જનાબ હાનીને પણ ગિરફતાર કરી લીધા. કહેવામાં આવ્યું કે મુસ્લિમને હાજર કરો, તમે ક્યાં છુપાવ્યા છે ? નહીં તો તમને કતલ કરી નાખવામાં આવશે.

બેહદ મારઝૂડ અને જુલમ સહન કર્યા પછી પણ જનાબ હાની ઈબ્ને અરવાહે (અલ્લાહ પોતાની રહમતોની નવાજિસ એમના ઉપર ફરમાવે) કહ્યું, “હું દરેક પ્રકારની મુસીબત સહન કરવા તૈયાર છું પરંતુ મુસ્લિમને તમારે હવાલે કરવાનો નથી.” આપની ઉમર તે વખતે નેવુ વર્ષની હતી. ઈબ્ને ઝિયાદ મલઉને આ ઉમરસીદહ બુઝૂર્ગને એક

થાંભલા સાથે બાંધી પાંચસો ચાબૂક મારવાનો હુકમ જારી કર્યો. જનાબ હાની ચાબૂકોના મારથી બેહોશ થઈ ગયા તો તેમનું માથું કાપીને દમિશ્ક (મુલકે સીરીયા) યઝીદ મલઉન ઉપર મોકલી આપ્યું અને બાકીના શરીરને બાઝાર કસબામાં શૂળી ઉપર લટકાવી દીધું.

કુફાના ગદ્દારો અને ઈબ્ને ઝિયાદના પાલતુ કૂતરાઓ જનાબ મુસ્લિમ અને જનાબ હાની ઈબ્ને અરવાહની લાશ મુબારકના પગો બાંધી બજારો અને ગલીકૂંચીઓમાં ધુમાવતા હતા. તો કબીલા મઝીહથી સંબંધ રાખનારા એહલેબયતના ચાહકોએ આ બની ઉમય્યાના વાંદરાઓને લાશોની આવી બેહુરમતિ ન કરવા સૂચવ્યું પરંતુ આ મલઉનો માન્યા નહિ તો આ ઘણા જ થોડા મીભર માણસોથી

આ એહલબેયતે રસૂલની બેહુરમતિ ન જોવાતાં મેદાનમાં આવી ગયા. પછી ઈબ્ને ઝિયાદની ફોજ ઉપર હુમલો કરી દીધો. ખૂનરેઝી પછી બંને બુઝૂર્ગોની લાશો પાછી મેળવી અને એક જ જગ્યાએ પાસે પાસે બંને લાશોને સિપૂર્દે ખાક કરી દીધી.

હઝરત મુખ્તાર સાહેબ જેઓએ ઈમામ હુસૈન (અલ.)ના દુશ્મનોથી બદલો લીધો હતો.

**(3) જનાબ મુખ્તાર (રહ.)**

હઝરત કૂફાના રહેવાસી હતા. એહલેબયતની સાથે મહબ્બત રાખવાવાળાઓમાં આપ સૌથી આગળ હતા. આપની શક્તિ, અકક્લ, હોશિયારીની કૂફા અને તેની આસપાસ ચર્ચા થતી. ખૂબ પ્રભાવશાળી વ્યક્તિ હતા. જનાબ મુસ્લિમ કૂફા પહોંચીને આપના જ ઘરે ઊતર્યા આલે મોહંમદની

સાથે મહબ્બત રાખવાના ગુનાહ માટે આપને ગિરફતાર કરવામાં આવ્યા. એક મુદત સુધી આપને કયદખાનાની મુસીબતો સહન કરવી પડી. આ કેદ દરમ્યાન કરબલાનો જુલમ પણ અમલમાં આવી ગયો. છતાંય જનાબ મુખ્તારને ખબર સુધ્ધાં ન થઈ શકી. વિચારો ! આ યઝીદની કેદ કેવી હશે ?

ઈમામ હુસૈન (અલ.)ની શહાદત પછી જ્યારે લુંટાએલો કાફલો ઈબ્ને ઝિયાદ મલઉનના દરબારમાં લાવવામાં આવ્યો તો આપના દુ:ખને વધારવા માટે - આપને ઝલીલ કરવા માટે - કેદમાંથી બહાર કાઢી દરબારમાં લાવ્યા અને જનાબ ઈમામ હુસૈન (અલ.)નું સરમુબારક આપની સામે લાવવામાં આવ્યું.

ઝાલીમ ઈબ્ને ઝિયાદનો આ બતાવવાનો હેતુ હતો કે જે ઈમામના એલચીને તેં તારા ઘરમાં આશરો આપ્યો હતો. મેં તેને મારી નાખ્યો. પરંતુ તે જેનો એલચી બનીને આવ્યો હતો તે ઈમામ હુસૈનને પણ અમે કતલ કરી નાખ્યા છે. આ તેમનું માથું છે.

ઈમામ હુસૈન (અલ.)નું લોહી નીતરતું સર જોઈને આપના દીલ પર શું ગુજરી હશે, તેનું ઈતિહાસે આ પ્રમાણે વર્ણન કર્યું છે.

ઈમામ હુસૈન (અલ.)નું સરમુબારક જોઈને આપે એક ઊંડી આહ ભરી. સંપૂર્ણ શરીરની તાકાતને સમેટીને બંને હાથની ઝંઝીરોને ઝટકો આપ્યો. મુખ્તારની તાકત અને ખુદાની મદદ હાથકડી તોડી નાખી, એકદમ છલાંગ લગાવીને

ઈબ્ને ઝિયાદના સિપાહી પાસેથી તલવાર છીનવી લીધી. આ અજીબોગરીબ દ્રશ્ય જોઈ બધા જ લોકો હક્કાબક્કા થઈ ગયા.

જનાબ મુખ્તારે ઈબ્ને ઝિયાદ ઉપર તલવારનો વાર લગાવ્યો.

ત્યાં એહલબેયતે રસૂલની ઓરતો પણ કેદી હતી, સાથે બીમારે કરબલા ઈમામ અલી ઝયનુલ આબેદીન પણ હતા. જનાબ મુખ્તાર ઈબ્ને ઝિયાદ ઉપર તલવારનો બીજો વાર કરવા જાય છે ત્યાં તો બીમાર ઈમામની અવાજ સંભળાઈ.

'મુખ્તાર ! આ શું કરી રહ્યા છે ? આમ કરવાથી મારા બાબાનો મકસદ પૂર્ણ નહીં થાય. તલવાર રોકી લો ?' આ દર્દભરી અવાજ ઈમામની

અવાજ હતી. મુખ્તારે ઈમામની અવાજ સાંભળી. જાણે તલવાર ખુદબખુદ રોકાઈ ગઈ.

મુખ્તારે જોયું તો બીમાર ઈમામની દર્દીલી અવાજ હતી. સાથે એહલેબયતે રસૂલની શેહઝાદીઓ અલી (અલ.) અને હઝરત ફાતેમા (સલા.)ની વહુબેટીઓ પણ કેદ હતી.

આ જોઈને જનાબ મુખ્તાર ઉપર શું વીતી હશે તેનું વર્ણન તો કલમ શું કરી શકે ?

આ ગુસ્તાખીથી આપ બેચેન થઈ ગયા. શક્ય છે કે જનાબ મુખ્તારે તે જ દિવસે, તે જ સમયે આમ પાકો અહદ કર્યો હશે કે જો ખુદાએ મને મોકો આપ્યો, તો હું આ જાલીમોને તેમના આ જુલમની મજા ચખાડીશ. જેથી કૈદમાંથી છૂટ્યા પછી આપ આ ચિંતામાં રહ્યા. છેવટે હીજરી ૬૬માં આપે

એક બહાદુર ખુંખાર મોમીનોની ફોજ તૈયાર કરી મેદાનમાં આવ્યા. એક ઘમસાણ યુદ્ધ થયું. આપે કુફા જીતી લીધું. અતરાફના બધા ઈલાકાના માલીક બની ગયા.

આપે લોકોની બયઅત કીતાબ અને સુન્નતની સાથે ખુને હુસૈનનો બદલો લેવાની શરતે લીધી. પોતાનો અહદ પૂરો કરવાની શરૂઆત કરી દીધી. આપે ઘણી જ બહાદુરીથી બદલો લીધો.

શરહદીવાને મુરતઝવીના લેખક લખે છે કે મુખ્તારે આલે મોહંમદના હાથો વડે કતલ થનારા દુશ્મને એહલેબયતે રસૂલની સંખ્યા એંસી હજાર ત્રણસો ઉપર હતી. જેમાં શીમ્ર, કુલી, ઉમર ઈબ્ને સાદ, કૈસ ઈબ્ને અશઅત, બેહીજદલ ઈબ્ને સીલમ, હકીમ ઈબ્ને તુફૈલ યઝીદ ઈબ્ને સાલાક, ઈમરાન

બિન ખાલીદ, અબ્દુલ્લાહ ઈબ્ને કૈસ, ઝરાઆ ઈબ્ને શરીક, સબીહ શામી, અબ્દુલ્લાહ બજલી, સનાન ઈબ્ને અનસ, તુરમીલા બિન કાહીલ અને ઈબ્ને ઝિયાદ જેવા મલઉનો સામેલ છે.

જનાબ મુખ્તારે પોતાના ટૂંકા રાજ્ય અમલ દરમ્યાન એવા એવા કારનામા અંજામ આપ્યા જે ખાનદાને રીસાલતની મા-બહેનોના દિલના ઝખમ ઉપર મલમનું કામ બની ગયા. પરંતુ અફસોસ સાથે લખવું પડે છે કે આપની હુકુમત વધારે સમય બાકી ન રહી. ૧૪ રમઝાનુલ મુબારક ૬૭ હીજરીમાં આપને દારૂલ અમારાની બહાર શહીદ કરવામાં આવ્યા. અત્યારે આ ત્રણે શહીદો એક જ રોઝામાં આરામ ફરમાવી રહ્યા છે.

**(૪) ખદીજતુલ સુગરા - હઝરત અબ્બાસ અલમદારના બહેનના રોઝાની ઝિયારત પણ કરી.**

ઉપરોક્ત સર્વે ઝિયારતો કરી, ઈમાનો - અકીદતની પુખ્તગી - મજબૂતી સાથે અમો ઉતારે પાછા ફર્યા જમી પરવારી પથારીમાં પડ્યા.

## આગા સીસ્તાનીની મુલાકાત

ત્રીજા દિવસે અમો મરઝએ તકલીદ આગા સીસ્તાની મદ્દઝિલ્લોહુ આલીની મુલાકાત માટે ગયા. પ્રથમ ઈજાઝત મેળવી લીધી હતી. સમય પણ આપી દીધો હતો. રીવાજ મુજબ કાફલાના બધા જ સાથીઓ સવારના નાસ્તા પછી હઝરતની મુલાકાતે પહોંચ્યા. આજે અમારો છુટ્ટીનો દિવસ હતો. છુટ્ટીથી મતલબ આયતુલ્લાહ સીસ્તાની (મદ્દ.)ની મુલાકાત પછી દરેક પોતપોતાની રીતે પોતપોતાના કામો

કરવા આઝાદ હતા. તેમાં કંઈક જરૂરી ચીજોની ખરીદી, ઉપરાંત કપડાં ધોવા વગેરે અંગત કાર્યો કરવાનાં હતાં.

અમો આગા સીસ્તાની સાહેબની મુલાકાતે સમયસર પહોંચી ગયા. એક પાકિસ્તાની કાફલો મુલાકાત કરીને નીકળતો હતો. અને અમો દાખલ થયા. એક ઘણા સાદા સીધા મકાનમાં મુલાકાતીઓ માટે મોટો રૂમ હતો. બધા ગોઠવાઈ ગયા. બે ચાર મિનિટમાં આગા આવ્યા. દરેકે મુસાફો કર્યો. બેસવાનો હુકમ આપ્યો. હું મૌલાના મોહંમદ અસફાક અને એક અરબી તાલીબે ઈલ્મ આગાની તદ્દન નજીક બેઠા હતા. આગા હિંદુસ્તાનની પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા હતા. મૌલાના મોહંમદ અસફાક સાહેબે આગાને મારી ઓળખાણ

કરાવી. આગાએ મને દુઆઓ દીધી. મારું દીલ ઘણું જ ખુશ થયું.

પછી રીવાજ મુજબ ચા આવી. ચા પીધા પછી આગાએ તવઝીહુલ મસાઈલ ઉર્દૂની સાથે કેટલીક કીતાબો આપી.

ઉઠતાં અગાઉ અમારા સાલારે કાફલા શાબાનઅલીભાઈએ આગાની સાથેજ સેવામાં રહેતા એક આલીમ સાહેબને મારા ઇજાઝા અંગેના ચાર કાગળો પેશ કર્યા

બીજા દિવસે લઈ જવાનો હુકમ કર્યો. બીજા દિવસે શાબાનઅલીભાઈ એકલા જ આગા પાસે જઈને મારા ઈજાઝા ના કાગળો લઈ આવ્યા.

ઇજાઝાના કુલ ચાર કાગળો મારી પાસે હતા. પ્રથમ તો મારી લાયબ્રેરીનો ઇજાઝો જે રીન્યુ

કરવાનો હતો. બીજો અમારા ભરૂચની જમાતનો ઇજાઝો. ત્રીજો દેડીયાપાડા જમાતનો ઇજાઝો અને ચોથો ભાવનગરના અમારા એક સગા તથા મિત્ર એવા નેકદીલ વ્યક્તિનો પોતાનો ખુમ્સ અંગેનો ઇજાઝો. જનાબ શાબાનઅલીભાઈએ ઘણી જ ખુશી સાથે આગાની સહી સિક્કા સાથેના ચાર કાગળો મારા હાથમાં મૂકતાં કહ્યું. "આપના બધા જ ઈજાઝા મંજૂર થઈ ગયા છે." મૌલાના અસફાક સાહેબ અને હું એકબીજાના પડછાયાની જેમ સાથેજ ફરતા હતા. હાથમાં લીધા. મૌલાનાએ જણાવ્યું કે તમારો અને ભાવનગરના તમારી લાયબ્રેરી અંગેનો સગાનો ઇજાઝો સંપૂર્ણ મંજૂર છે અને બાકી બે ઇમામવાડાના ઇજાઝા પચાસ ટકા મંજૂર છે.

આગાની મુલાકાત વખતથી મને ખાત્રી હતી કે ઈન્શાઅલ્લાહ મારા બધા જ ઇજાઝા મંજૂર થઈ જશે, પરંતુ મારી આ ખુશી ઝાઝી ટકી નહી. અલ્લાહને મંજૂર. મેં વાંચી-સમજીને ચારેય કાગળો મારાં મિસિસને આપ્યા. હું તો કોઈ થેલો કે થેલી હાથમા રાખતો જ ન હતો. મારા ચાલવાના જ ઠેકાણાં ન હોય, ત્યાં થેલી કેવી રીતે ફાવે ? મારાં મિસિસે આ ચારેય કાગળો પોતાના પર્સમાં મૂક્યા.

જ્યારે અમો મસ્જિદે સેહલાની ઝિયારતે ગયા તો તે વખતે આ પર્સ મગરીબૈન પછી ચોરાઈ ગયું. મિસિસ કંઈક ન્યાઝ ખાયને પાસેના નળ ઉપર હાથ ધોવા ગયાં. પર્સ સાથે ન લીધું. કોઈક ચોરી ગયું. તેમાં બીજી કેટલીક વસ્તુઓ તેમના ચશ્મા, મારી એક ખૂબ જ સુંદર રંગીન મફાતીહુલ જિનાન

કીતાબ, વગેરે હતું. મિસિસ ઘણો જ અફસોસ કરવા લાગ્યાં. મસ્જિદે સેહલામાં લાઉડસ્પીકર ઉપર ત્રણ વખત એલાનો આપ્યાં. મુન્તઝામીનની મુલાકાત પણ કરી. પરંતુ કંઈ ઠેકાણું ન પડ્યું.

મસ્જિદે સેહલાથી અમો કરબલા ગયા. ત્યાં જ અમારો મુખ્ય સામાન વગેરે પડ્યાં હતાં. કાઝમૈન જવાના આગલા દિવસે હું અને ડૉ. આબીદ મોમીન સાહેબ (ધોળકા) બંને ફરીથી ટેક્ષી કરી મસ્જિદે સેહલા જઈ આવ્યા. શાયદ વ્યવસ્થાપકોને કોઈકે અમારા જરૂરી કાગળો પહોંચતા કર્યા હોય. અમોએ મસ્જિદે સેહલામાં નમાઝે મગરબૈન અદા ફરમાવી. વ્યવસ્થાપકોને પણ મળ્યા. પાછા ફરતાં અમને ખ્યાલ આવ્યો કે ચાલો કરબલા જતાં નજફ રસ્તામાં જ પડે છે ફરીથી આગા સીસ્તાની સાહેબની

મુલાકાત કરી લઈએ અને નજફ ગયા. આગાની મુલાકાત ન થઈ શકી. રાતના ત્રણેક કલાક વીતી ચૂક્યા હતા. આપના દફતરના એક આલિમ સાહેબને મળ્યા. હકીકતથી વાકેફ કર્યા તેમણે જણાવ્યું કે આગા તો હવે આવતીકાલે સવારે જ મળશે. તમને ઇજાઝા મળી ચૂક્યા છે તો મળી જ ચૂક્યા છે. તમો તે પ્રમાણે ખર્ચ કરી શકો છો. ખોવાઈ ગયા તેથી શું થઈ ગયું.

અમે તેમને ઇન્ડિયાની પરિસ્થિતિ સમજાવી. ઇજાઝા વગર નાણા એકત્ર થઈ શકે નહિ.

મેં કહ્યું કે હઝરતના દફતરમાં તમારી પાસે કોઈ નકલ વગેરે હોય તો તેના ઉપરથી અમને નકલ બનાવી આપો. તો તેમણે કહ્યું કે અમે કોઈ જ કાગળની નકલ રાખતા નથી. બીજા દિવસે સવારે

તો અમારે કાઝમૈન જવાનું હતું. અમો નિરાશ થઈ કરબલા ચાલી આવ્યા.

અલ્લાહની કુદરત- યોગાનુયોગ જે કંઈ કહો તે છેલ્લા ત્રણેક દિવસથી હું મારી આ કિતાબનું પ્રથમ પ્રુફ જોઈ રહ્યો છું. તેમાં ઈરાકની ઝિયારતોમાં ઝિયારતે મસ્જિદે સહેલા મથાળું આવે છે. પ્રુફ જોતો જોતો મસ્જિદે સહેલા પર આવું છું. ત્યારે ઇજાઝાના કાગળો યાદ આવતાં ઈન્નાલિલ્લાહ પઢુ છું.. મસ્જિદે સહેલા પર આવું છું અને ફોનની ઘંટડી વાગે છે. સામે છેડે પોસ્ટમેનનો મુખ્ય પોસ્ટથી ફોન સાંભળું છું કે તમારું એક રજિસ્ટર છે. હમણા લઈ જાઓ નહીં તો પછી બપોર બાદ આવજો. ૯થી ૧૧ કે ૩ થી ૪ના ગાળામાં લઈ જશો. હું ભરૂચમાં જ પરંતુ મ્યુનિસિપલ હદ બહાર રહું છું. જેથી આ જગ્યાએ

ટપાલ વહેંચાતી નથી. લાયબ્રેરીનો Post Box No. ૪ લીધો છે. તેથી જરૂરી ટપાલ હોય તો પોસ્ટમેન ફોનથી ખબર આપી દે છે. હું બજારના કામે શહેરમાં જવાનો જ હતો. તરત જ નીકળી ગયો તો તે કાગળ જનાબ મોહીબ નાસીર સાહેબનો હતો. જેમાં આપણી લાયબ્રેરીનો આગા સીસ્તાની સાહેબનો ઇજાઝો હતો. હું ઘણો જ ખુશ થયો.

અલ્લાહનો એક નિઝામ જાહેરી છે. જેને આપણે જોઈ શકીએ છીએ. સમજી શકીએ છીએ. એવો જ અલ્લાહનો એક ગયબી નિઝામ પણ છે. જેને આપણે જોઈ શકતા નથી. સમજી શકતા નથી. અલ્લાહનો જાહેરી નિઝામ તેના ગયબી નિઝામના તાબે છે. કેટલીક જાહેરી ઘટનાઓ ઘટે છે. આપણે આશ્ચર્ય કે દુ:ખ કે સુખ ગમે તે અનુભવીએ છીએ.

અલ્લાહના કયા ગયબી નિઝામના અનુસંધાનમાં આ ઘટના ઘટી છે તેની આપણને ખબર પડતી નથી. અલ્લાહના અમૂક નેક બંદાઓ તેના જાહેરી નિઝામની ઘટનાઓ ઉપરથી તેના ગયબી નિઝામની ઘટનાઓને જાણી લે છે, સમજી લે છે કે અનુભવી પણ લે છે.

## ઝિયારતે મસ્જિદે સહેલા

અમોએ બુધવારની રાત નક્કી કરી મસ્જિદે સહેલાની ઝિયારતે આવ્યા. બુધવારની રાત આ જગ્યાએ ઈબાદત માટે ઘણી જ બરકતવાળી ગણાય છે. આમ તો આ મસ્જિદ મસ્જિદે કૂફાથી થોડેક જ દૂર છે. નજફે અશરફથી પણ નજીક છે. પરંતુ અમારે બુધવારની મખસુસ રાત પકડવી હતી. જેથી મંગળવારે સુયર્સ્તિ પછી અહીં આવ્યા.

હદીસમાં છે કે આ અતિ પવિત્ર મસ્જિદમાં તમામ પૈગંબરોએ નમાઝો પઢી હતી. ઈમામ મેહદી (અલ.) સાહેબુઝઝમાન દર મંગળવારની મગરીબ ઈશાની નમાઝ વચ્ચે એટલે શબેબુધ અહીં આવે છે. તેથી આ બરકતવાળી રાતે દૂરદૂરથી લોકો આમાલ કરવા અત્રે આવે છે. માઈલો દૂરથી ગામડે ગામડેથી માનવ મહેરામણ ઉભરાય છે. લોકો ખાવાનું સાથે લઈને આવે છે. અથવા ત્યાં જ બનાવી લે છે. હજારો ટેક્ષીઓ, મોટરો, સ્કૂટરોની કતારોની કતારો આ જગ્યાએ જોવા મળે છે. આ ઘણી જ વિશાળ મેદાની જગ્યા છે. લોકો દુઆઓ માંગે છે. અમોએ પણ નીચેના મુસલ્લાઓ ઉપર ઝિયારત પઢી બે બે રકાત નમાઝ અદા કરી.

(૧) મુકામે હઝરત ઈબ્રાહીમ (અલ.)

(૨) મુકામે હઝરત ઈદ્રીશ (અલ.)

(૩) મુકામે હઝરત ખીઝર (અલ.)

(૪) મુકામે અંબિયાએ સાલેહીન

(૫) મુકામે ઈમામ અલી ઝયનુલ આબેદીન

(૬) મુકામે ઈમામ મેહદી સાહિબુઝઝમાન (અલ.)

ત્યાંથી થોડેક દૂર આગળ ચાલતાં બે મસ્જિદો આવે છે. બંને વચ્ચે પણ અંતર છે. મસ્જિદે ઝયદ અને મસ્જિદે સાઅસા. બંને મસ્જિદોમાં બે બે રકાતો નમાઝ અદા કરી. નજફે અશરફ પાછા ફરતાં નદી કિનારે બે મુસલ્લાઓની જગ્યાએ રોઝા બનાવેલા છે.

(૧) ઈમામ સાહેબુઝ્ઝમાનનો મુસલ્લો

(૨) ઈમામ અલી ઝયનુલ આબેદીનનો મુસલ્લો.

આ બંને રોઝાઓમાં પણ હાજરી આપી, નમાઝ પઢી બરકત હાસિલ કરી.

હજી અમારે ઘણી ઝિયારતો બાકી હતી. આવતી કાલે કાઝમૈનની ઝિયારતોનો પ્રોગ્રામ બનવાનો હતો. અમારે વહેલી સવારે બીસ્તરા સાથે તૈયાર રહેવાનું હતું.

## પ્રકરણ – ૨૪ : ઈરાક - કાઝમૈનની ઝિયારતો

અલ્લાહની રહમત અને તેના ફઝલોકરમ સાથે અમારી ઝિયારતો અદા થતી હતી. અજબ ઉત્સાહ અને મહબ્બતે એહલેબયતે રસૂલ સાથે અમો શક્ય એટલી ઈબાદત, દુઆઓ પણ કરતા હતા.

અમારી બસ લગભગ બપોરના સમયે કાઝમૈન આવી પહોંચી. દૂરથી રોઝાઓ દેખાતા હતા. ત્યારથી જ અમો સલાતો સલામ પઢતા હતા. બસ કાઝમૈનના ભરચક બજારમાં ઊભી રહી. અમોએ એક હોટલમાં ઊતારો કર્યો. સૌપ્રથમ તાજા ગુસલ સાથે તૈયાર થયા. નાસ્તો કરી અમો સાતમાં ઈમામ હઝરત ઈમામ મુસા કાઝિમ (અલ.) અને આપની સાથે જ એક જ રોઝામાં આરામ ફરમાવી

રહેલ આપના પૌત્ર, નવમા ઈમામ, હઝરત ઈમામ મોહંમદ તકી (અલ.)ની ઝિયારત માટે નીકળ્યા. લોકોની ખૂબ જ ભીડ હતી. પ્રથમ ઈજાજત તલબ કરી અંદર દાખલ થયા. ખૂબ જ ઈત્મીનાન સાથે ઝિયારત પઢી, આમાલ અદા કર્યા અલ્લાહની યાદને દીલોમાં તોં કરી. ઈમામની મુસીબતોને યાદ કરતાં રડવું આવી ગયું.

આ રોઝામાં જ બીજા બે બુઝુર્ગોની કબરો પણ છે. તેમના વિશે થોડીક જાણકારી મેળવીએ. ત્યાં પણ અમોએ અલ્લાહને યાદ કર્યા આ બંને બુઝૂર્ગોના જીવન વિશે થોડીક માહિતી મેળવીએ.

**શૈખ મુફીદ (રહ.)**

આપનું નામ મોહંમદ બિન મોહંમદ બિન નોઅમાન અબુ અબ્દુલ્લાહ મુફીદ હતું. આપ ઈબ્ને

 amillibrary.com

મોઅલ્લીમના નામથી પણ ઓળખાય છે. આપનો જન્મ હીજરી ૩૩૮માં અને ઈન્તેકાલ હીજરી ૪૧૩માં બગદાદમાં થયો. શૈખ તુસી (રહ.) આપના મહાન શાગીર્દોમાં ગણાય છે. ઈતિહાસકારો લખે છે આપની નમાઝે મય્યતમાં શીયા અને સુન્ની બિરાદરો મોટી સંખ્યામાં હતા. બધા જ લોકો આંસુ સારતા હતા. શીયા-સુન્ની બંને કોમોના લોકોની આટલી મોટી સંખ્યામાં હાજરી કદી જોવામાં નથી આવી. તેમાં લગભગ એંસી હજાર શીયાઓ હતા. આપના મશ્હુર બુઝૂર્ગ શાગીર્દ સૈયદ મુરતઝાએ નમાઝે જનાઝા પઢાવી. આપને નવમા ઈમામના હરમે પાકમાં પગો તરફ આપના ઉસ્તાદ ઈબ્ને કોલીયા (રહ.)ના નજીક દફન કરવામાં આવ્યા.

ઈબ્ને કસીર શામી પોતાના ઈતિહાસમાં લખે છે કે શૈખ મુફીદ શીયાઓના પેશવા હતા. આપની મજલીસોમાં અને દર્સમાં જુદા જુદા ફિરકાના ઓલમા અને તલબા સામેલ થતા હતા. અને આપના ઈલ્મથી ફાયદો ઉઠાવતા હતા. આપ કલામે વકફાના (વકફા = કુર્આન મજીદની તીલાવતમાં અટકવું, રોકાવું, ઠહેરવું) ઉસ્તાદ હતા. દરેક ફિરકા સાથે તેમના અકીદા પ્રમાણે મુનાઝેરો કરતા હતા. ફકીરોની મદદ કરનાર, ધ્યાન અને તવજ્જુહથી નમાઝ અદા કરનાર, ખદ્દરનો જાડો લિબાસ પહેરનાર અને સાદગીભર્યું જીવન જીવનાર આલિમ હતા.

શૈખ મુફીદ અબકરામાં પેદા થયા. બાળપણમાં પોતાના પિતોં સાથે બગદાદ આવ્યા.

 amillibrary.com

અલ્લામા અબુ અબ્દુલ્લાહ જઅલથી ઈલ્મ હાસલ કર્યો. અબુયાસીર અને અલી બિન ઈસા જેવા આલિમો પાસે વાદવિવાદનું ઉચ્ચ ઈલ્મ શીખ્યા.

તે વખતે અલી બિન ઈસા રૂમાની ઘણા મોટા બુઝૂર્ગ આલિમ હતા. રૂમાનીની મજલિસમાં ઓલમા અને ફાઝિલ લોકોની ભીડ રહેતી હતી. મુફીદ પાછલી શફોમાં બેસી ગયા. જેમ જેમ લોકો આગળથી ઊઠતા ગયા. મુફીદ રૂમાનીની નજીક ખસતા ગયા. આ દરમ્યાન બસરાનો રહેવાસી એક વ્યક્તિ રુમાની પાસે આવ્યો. અને રૂમાનીને કહ્યું "આપ હદીસે ગદીર અને દાસ્તાને ગાર બંનેના વિષયમાં શું ફરમાવો છો ?" (સુન્ની બિરાદરો ગારની રીવાયતને હઝરત અબુબકર ખિલાફતની દલીલ સમજે છે.)

રૂમાનીએ કહ્યું, “ગારનો વાકિયો અક્કલ અને સમજની દ્રષ્ટિએ પ્રમાણિત છે. જ્યારે હદીસે ગદીર રીવાયત છે. નકલ થયેલ છે. અને અક્કલ-બુદ્ધિ સમજથી જે ફાયદો ઉઠાવી શકાય તે નકલથી નથી ઉઠાવી શકાતો. મતલબ બુદ્ધિથી સાબિતીને નકલની સામે મહ્વ આપવામાં આવશે. બસરી આ સાંભળી ખામોશીથી ઊઠીને ચાલ્યો ગયો. તે જ વખતે શૈખ મુફીદ આગળ વધ્યા અને કહ્યું.

“ઉસ્તાદ ! એક પ્રશ્ન પૂછવા ઇચ્છું છું.”

કહ્યું, “પૂછો” શૈખ મૂફીદ (રહ.) એ પૂછ્યું.

“જે વ્યક્તિ ઈમામે આદિલના વિરૂદ્ધ બળવો કરે અને જંગ કરે, તેના માટે આપ શું ફરમાવો છો?

તરત જ ઉત્તર આપ્યો, “તે કાફિર છે.” પછી તરત જ સુધારી ઉત્તર આપ્યો, “ના, તે ફાસિક ગણાશે.”

મુફીદ (રહ.) એ કહ્યું, “હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ની ઈમામતના વિષયમાં આપનો શું ખ્યાલ છે ?”

કહ્યું “તેઓ ઈમામ છે” પછી તરત જ શૈખ મુફીદ (રહ.) એ પૂછ્યું “તલહા અને ઝુબેર જંગે જમલમાં હઝરત અલી (અલ.)ના વિરૂદ્ધ જંગ કરવા આવ્યા હતા. તેમના વિષયમાં આપ શું કહો છો ?”

રૂમાનીએ કહ્યું, “તે અમલથી તે લોકોએ તોબા કરી લીધી હતી.”

મુફીદ (રહ.) એ તરત જ કહ્યું. “ઉસ્તાદ ! જંગે જમલનો કિસ્સો બુદ્ધિ, જ્ઞાન, સમજબુજ પ્રમાણે

પ્રમાણિત છે. નિર્વિવાદ ઘટના છે. જ્યારે તલહા અને ઝુબેરના તોબા કરવાની રીવાયત નકલ છે."

રૂમાની ઘણી સારી રીતે આ વિષયને સમજી ગયા પછી કહ્યું, "તમારી વાત સાચી છે." પછી પૂછ્યું "તમે કોણ છો ?" ક્યાં અને કોની પાસે દર્સ શીખો છો ?

કહ્યું, "શૈખ અબ્દુલ્લાહ જઅલથી", પછી રૂમાનીએ એક પત્ર લખી આપ્યો. અને કહ્યું, "આપના ઉસ્તાદને આપી દેશો."

અબુ અબ્દુલ્લાહ જઅલે જ્યારે પત્ર વાંચ્યો તો મુશ્કુરાયા ફરમાવ્યું, "રૂમાનીએ તમને મુફીદ (ફાયદાકારક, નફો આપવાવાળા, લાભદાયી)ના ઉપનામથી નવાજ્યા છે.

મોહદ્દીસ નુરીએ કીતાબ મુસ્તદરહમાં શેખ મુફીદના ઉસ્તાદોની સંખ્યા પચાસ બતાવી છે. તેમા મશ્હુર ઉસ્તાદો ઈબ્ને કુલુયા કુમી, શૈખ સદૂક, ઈબ્ને વલીદ કુમી, અબુ ગાલિબ ઝરારી, ઈબ્ને જુનેદ અસકાની, અબુ અલી બસરી અને અબુ અલ્દુલ્લાહ સફયાન વગેરે મુખ્ય છે.

એવી જ રીતે આપના શાગીર્દોની સંખ્યા પણ ઘણી બધી છે. પરંતુ તેમા ટોચના આલિમો આ છે. સૈયાદ મુરતઝા ઈમ્મુલહુદા, સૈયદ રઝી, (નહ્ઝૂલ બલાગાના ખુતબાઓને એકત્ર કરનાર) શૈખ તુસી, નજ્જાશી અબુલ ફતહ કરોં, અબુલ અલી જાફરી અને સાલાર બિન અબ્દુલ અઝીઝ વગેરે મુખ્ય છે.

આપે બધા જ પ્રકારના ઈલ્મ પર કલમ ઉઠાવી છે. લગભગ ૨૦૦ થી ઉપર કીતાબો લખી છે. નજાશીએ આપની ઘણી કિતાબોના નામો પોતાની કીતાબોમાં લખ્યા છે. પ્રખ્યાત કીતાબો આ છે.

અલ ઈરશાદ, મકનઆ, મજાલીસ, ઉસૂલે ફિકહ, રબર કિતાબે ઉસ્માનીયા જાખત, રબર અલી બિન ઈસા રૂમાની, રદબર અબુબકર, બાકલાની, વગેરે શૈખ મુફીદ (રહ.) ઉપર ઈમામે ઝમાનાનો હંમેશા હાથ રહ્યો. ઈમામ સાહિબુઝઝમાનથી આપની અનેક વખત મુલાકાતો થતી રહી. રીવાયત મશહુર છે કે શૈખ મુફીદ (રહ.)ના ઈન્તેકાલ ઉપર ઈમામે ઝમાના (અ.ફ.શ.) એ મરસીયા પઢયો છે. જે

આપની કબર મુબારક ઉપર હઝરતની દસ્તખત સાથે રાખેલ છે.

**મોહકીક તુસી (રહ.)**

જનાબ મોહંમદ બિન મોહંમદ હસન તુસી ખ્વાજા નસીરૂદ્દીન અને મોહકીક તુસીના ઉપનામોથી પ્રખ્યાત છે. પોતાના જમાનામાં આલિમ હોવા સાથે હુકુમતના ઉચ્ચ હોદ્દાના માલીક પણ હતા.

મોહકીક તુસીને મજબૂર થઈને હલાકુખાન જેવા બેવકૂફ અને જાલીમ રાજાના રાજ્યમાં વઝીરનો હોદ્દો પણ સંભાળવો પડયો. જ્યારે કે મોહકીક તુસીના વિરોધી આલીમો હરવખત બાદશાહની કાનભંભેરણી કરતા. મોહકીક તુસીને મારી નાખવાની અનેક પેંતરાબોં દરરોજની બાબત બની ગઈ હતી. કારણ કે હલાકુખાન અવ્વલ

દરજાનો બેવકૂફ અને જાલીમ બાદશાહ હતો. આ એક સત્ય ઘટના છે.

એટલામાં હલાકુખાનની માનુ મૃત્યુ થયું. વિરોધી આલિમોએ આ મૂર્ખ બાદશાહને સમજાવ્યું કે કબરમાં તમારી માને મુનકરનકીરના સવાલો થશે. જો સહી જવાબો અપાશે તો જ જન્નતમાં જવાશે. માટે તમારી મા સાથે કોઈ સારા ઉચ્ચ ઈલ્મ ધરાવતા હોશિયાર આલિમને દફન કરો, જે આપની મા વતી મુનકરનકીરના સવાલોના ઉત્તર આપે.

હલાકુખાને પૂછ્યું કે "તમારી દ્રષ્ટિએ હોશિયાર આલિમ કોણ છે ? જે આ કામે યોગ્ય ગણાય." વિરોધી આલિમોએ કહ્યું કે, "મોહકીક તુસીથી વધારે બેહતર કોણ હોઈ શકે ?"

તરત જ હલાકુખાને મોહકીક તુસીને બોલાવ્યા અને આ બાબત જણાવી કે તમો મારી મા સાથે જાઓ જેથી મુનકર નકીરના સવાલોના યોગ્ય જવાબ આપી શકો.

બુદ્ધિશાળી અને હાજરજવાબી મોહકીક તુસીએ કહ્યું, “હઝરત હું તો આપની મા સાથે ચાલી જાઉં. મને તો કંઈ જ વાંધો નથી. પરંતુ આપની મા સાથે તો કોઈ બીજા આલિમ પણ ચાલી શકે, જ્યારે હું તો આપની સાથે આવીશ. મને આપના માટે જ ખાસ કરી લો.”

તરત જ હલાકુખાને કહ્યું, “તો પછી મા સાથે કોને મોકલીએ ?” મોહકીક તુસીએ તે જ આલિમનું નામ સૂચવ્યું જે આ કાવતરાનો મુખ્ય સુત્રધાર હતો. તે દફન થઈ ગયો.

મોહકીક તુસી ઈલ્મ મઅકૂલ વ મનકુલ, હય્યત, હિસાબ, નુજૂમ, તીબ મતલબ ઘણાબધા વિષયોમાં નિષ્ટણાત હતા. ઘણી કિતાબો પણ લખેલી છે.

ઈલ્મે કમાલમાં આપની કીતાબ તજરીદ પ્રખ્યાત છે. શીયા સુન્ની બંને આલિમોએ તેની અસંખ્ય શરહ લખી છે. શરહ ઈશારાત, જામેઉલ હિસાબ, કવાએદુલ અકાએદ. ઝબદતુલ હકાએક, રિસાલા દરબહસે ઈમામત, અખ્લાક નાસેરી અને તફસીરુલ કુર્આન વગેરે આપની પ્રખ્યાત કીતાબો છે.

આપનો જન્મ મુબારક હીજરીસન ૫૯૭માં અને વફાત ૬૭૨ હીજરીમાં થઈ. અલ્લાહ તેમના ઉપર પોતાની રહમતો નાઝિલ ફરમાવે.

શેખ મુફીદ અલયહે રહમત અને શેખ તુસી (રહ.)ની ઝિયારતો પઢી અમો બારમાં ઈમામના નાયબ જનાબ મોહંમદ બિન ઉસ્માન ગીલાનીની કબર ઉપર ગયા. આ બુઝૂર્ગ બગદાદમાં આરામ ફરમાવી રહ્યા છે. આમ તો કાઝમૈન અને બગદાદ બંને શહેરો સાથસાથ એકત્ર થઈ ગયા છે. છતાં કાજમૈન પોતાની અલગ ઓળખ ધરાવે છે.

આ સિવાય બગદાદમાં હઝરત કમ્બર ગુલામે અમીરૂલ મોઅમેનીન પણ આરામ ફરમાવી રહ્યા છે. અમોએ ત્યાં પણ હાજરી આપી. અમારી મહબ્બતનો ઇઝહાર કરી, દુઆઓ કરી.

છેલ્લે બગદાદની એક સુંદર અને અતિપુરાણી મસ્જિદ બરાસા જોવા ગયા. કહેવાય છે કે આ જગ્યાએ ઘણા નબીઓએ નમાઝ પઢેલી છે.

અમોએ પણ બે રકાત નમાઝ પઢી. ખુદાની બારગાહમાં આજીજીપૂર્વક દુઆઓ કરી. કોઈ શક ન કરે કે અમૂક મસ્જિદો માટે કહેવાય છે કે ત્યાં ઘણા નબીઓએ નમાઝ પઢી છે. કારણ કે આ જે ભૂમિનો અમો પ્રવાસ ખેડી રહ્યા હતા. તે તો નબીઓવાળી ભૂમિ છે. આ આખા ભૂમિપટ્ટામાં સેંકડો નબીઓ થઈ ગયા છે.

કાઝમૈનની ઝિયારતોથી ફારિગ થઈ અમો દસમા ઈમામ અલી નકી (અલ.) અને અગિયારમાં ઈમામ હસન અસકરી (અલ.)ના રોઝાની ઝિયારત માટે સામરા ગયા.

## ઈરાક - સામરાની ઝિયારતો

સામરા આ દુનિયાનું સૌથી જૂનું શહેર છે. તેને સામ બિન નુહ (અલ.) એ આબાદ કર્યું હતું

તેનું ખરું નામ સામરાહ હતું. જે પાછળથી બદલાઈને સામરા થઈ ગયું. સુંદર ખુશનુમા આબોહવાના કારણે ખલીફા મોઅતસીમે તેને પ્રથમ લશ્કરી મથક બનાવ્યું. પછી રાજધાની બનાવી. આ શહેરની ખૂબસુરતીના કારણે તેનું નામ સરમનરાઈ રાખવામાં આવ્યું છે. તેનો અર્થ થાય છે તે શહેર જેને કોઈપણ જુએ ખુશ થઈ જાય.

અસકર આ જ શહેરનો એક મહોલ્લો છે. જેમાં દસમા ઈમામ અલી નકી (અલ.)ને નજર કેદ રાખવામાં આવેલા. બાદમાં તેમણે દલીલ બિન યાકુબ નસરાની પાસેથી એક મકાન ખરીદી લીધું હતું. જેમા હાલ પણ આપની મઝારે મુકદ્દસ આવેલી છે.

સામરામાં હંમેશા બિનશીયા આબાદી ચાલી આવે છે. આજે પણ ત્યાંના મોટાભાગના ખાદીમો ગયર શીયા છે.

હઝરત હુજ્જત (અલ.)ની ગયબતની જગ્યા જેને સરદાબ કહેવાય છે. ત્યાં જ એક મસ્જિદની બાજુમાં છે, જો કે ઈમામ અલી નકી (અલ.) અને ઈમામ હસન અસકરી (અલ.)ના મઝાર મુકદ્દસ પણ તદ્દન નજીક જ છે.

આજ રોઝામાં જનાબ નરજિસખાતુન વાલીહદ ઈમામ અસ્ર તથા હકીમા ખાતુન ઈમામ અલી નકી (અલ.)ની બહેનની કબરો પણ છે. ઈમામ તો બહરહાલ ઈમામ છે. પરંતુ આ બંને ખાતુનો પણ નેક, કમાલાત, ફઝાએલ વગેરેમાં બુલંદ છે. આ મોહતરમ ખાતુનો માટે કંઈક

સવિસ્તાર માહિતી મેળવીએ. જેથી મા-બહેનો પણ જાણે કે દુનિયામાં હજારો ઓરતો પણ ઈલ્મ અમલમાં ઉચ્ચ દરજ્જે પહોંચી છે.

## જનાબ નરજિસ ખાતુન

અલ્લામા મજલિસી (રહ.) તથા અલ્લામા તિબરસી (રહ.) બંને લખે છે કે જનાબ નરજિસ ખાતુનનું બીજું નામ “મલીકા” પણ હતું. આપ યશુઆ ની બેટી હતાં. તેઓ રોમના બાદશાહ કૈસરના પુત્ર હતા. જેમની વંશાવલી હઝરત વસીએ ઈસા (અલ.) જનાબ શમઉન સુધી પહોંચે છે. તેર વર્ષની ઉંમરે કૈસરે રોમ ઇચ્છતા હતા કે નરજિસની શાદી પોતાના ભત્રીજા સાથે કરે. પરંતુ કદરતી એવા સંજોગો ઊભા થયા કે તેઓ આમ કરી શક્યા નહિ.

છેવટે એક એવો સમય પણ આવ્યો કે આલમે અરવાહમાં હઝરત ઈસા (અલ.) જનાબ શમઉન, હઝરત મોહંમદ (સલ.) હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) જનાબ ફાતેમા ઝહરા (સલા.) કૈસરના મહેલમાં એકત્ર થયાં. જનાબ ફાતેમા (સલામુ.) એ જનાબ નરજીસ ખાતુનને ઈસ્લામની તલકીન કરી. પેગંબરે ઈસ્લામ સમક્ષ કલિમો પઢ્યાં. હઝરત ઈસા (અલ.) તથા સમઉન પાસે ઈમામ હસન અસકરી માટે નરજિસ  ખાતુનની માંગણી કરી, સગાઈની વિધિ અદા કરી રહ્યા, પછી હઝરત મોહંમદ મુસ્તુફા (સલ.) એ એક નૂરના મિમ્બર ઉપર બેસીને નિકાહ પઢાવ્યા. પછી આ નૂરાની મેહફિલ પૂર્ણ થઈ. અલ્લાહે આ બધી બાબતોની ખબર જનાબ નરજિસ

ખાતુનને ખ્વાબના ઝરીયાથી આપી. છેવટે એ વખત પણ આવી ગયો કે જનાબ નરજિસ ખાતુન ઈમામ હસન અસકરી (અલ.)ના હરમમાં આવી ગયાં અને આપના મુબારક બદનથી નૂરેખુદા અલહુજ્જત, અલકાએમ, સાહિબુઝ્ઝમાન (અલ.)નો ઝૂહુર થયો.

## જનાબ હકીમા ખાતુન

હઝરત ઈમામ મોહંમદ તકી (અલ.)ના બેટી, ઈમામ અલી નકી (અલ.)ના બહેન અને ઈમામ હસન અસકરી (અલ.)ના ફોઈ હતાં. આપ તકવા, પરહેઝગારી, ઈલ્મો અમલમાં ઉચ્ચ સ્થાને હતાં. ઈમામ આખેરૂઝઝમાન (અલ.)ની વિલાદતના સમયે, ઈમામ હસન અસકરી (અલ.) એ આપને ખાસ રોકી લીધાં હતાં.

જ્યારે હુજ્જતે ખુદાના ઝૂહુરનો સમય નજીક આવ્યો, ત્યારે નરજીસ ખાતુન અસ્વસ્થ થયાં. તો તે વખતે જનાબ હકીમા ખાતુને સુરા કુલહોવલ્લાહ, ઈન્ના અનઝલના અને આયતુલ કુરસીની તીલાવત ફરમાવીને તેમના ઉપર દમ કર્યો હતો.

ઈમામે અસ્ર (અલ.)ની વાલીદહ મોંદહ જનાબ નરજીસ ખાતુનની તાલીમો તરબીયત માટે ઈમામ હસન અસકરી (અલ.) એ એમને જ મુકર્રર કર્યાં હતાં. અને ઈમામ હસન અસકરી (અલ.)ની શહાદત પછી તેમના તરફથી પ્રતિનિધિત્વની ઘણી મુશ્કેલ જવાબદારી આપે સંભાળી હતી. ઈમામ ઝમાના (અલ.) અને લોકો વચ્ચે કેટલાક દિવસ સુધી સલામ અને સંદેશની આપલે આપના દ્વારા જ થતી હતી.

સામરાથી અમો મદાયન પહોંચ્યા. જ્યાં ત્રણ મોટા સહાબા આરામ ફરમાવી રહ્યા છે. જેમનાથી પેગંબરે ઈસ્લામને ઘણી જ મહબ્બત હતી.

## મદાયનની ઝિયારતો

(૧) જનાબ સલમાન ફારસી (રઝિ.)

(૨) જાબીર ઈબ્ને અબ્દુલ્લાહ અનસારી (રઝિ.)

(૩) હુઝૈફા યમાની (રઝિ.)

પેગંબરે ઈસ્લામના આ ત્રણ મહાન સહાબીઓની કબરો એક જ રોઝામાં આવેલી છે. ત્રણ ઓરડામાં ત્રણ કબરો આવેલી છે.

હઝરત સલમાન ફારસી (રઝિ.) માટે રસૂલે ઈસ્લામે ઘણી ફઝીલતો ફરમાવી છે.

## હઝરત સલમાન ફારસી (રઝિ.)

અલ્લાહતઆલાએ પેગંબરે ઈસ્લામને ચાર વ્યક્તિઓની ખાસ ફજીલત વર્ણવી હતી. તેમનાથી મહબ્બત રાખવાનો હુકમ કર્યો હતો. તેમાના એક હઝરત સલમાન પણ હતા. સલમાન એહલેબયતના ખૂબ જ ચાહક હતા.

આપ ગુલામીની જંઝીરોમાં જકડાયેલ હતા. યહુદ અને નસારા આલિમોની વાતચીત સાંભળતા કે અરબમાં નબી આખેરૂઝઝમાન તશરીફ લાવશે, તો આપ પણ ઇચ્છા કરતા કે હું તેમના ઉપર ઈમાન લાવીશ.

એક પછી એક દસ યહુદી માલીકોમાં વેચાતા વેચાતા આપ મદીના આવ્યા. ઈમાન લઈ આવવાને કારણે આપને કાફિરોએ ઘણા જ

સતાવ્યા. ઘણી જ તકલીફો આપી. છેવટે સ્વયં પેગંબરે ઈસ્લામ (સલ.) એ આપને ખરીદી લીધા.

કીતાબોમાં આપની ઘણી કરામતો પણ જોવા મળે છે. જિંદગીના છેલ્લા દિવસો આપે મદાયનમાં ગુજાર્યા તદ્દન સાદગીથી જીવન ગુજારતા. જીવનનાં છેલ્લા સમયગાળામાં આપ મદાયનના ગવર્નર હતા. હઝરત સલમાન ફારસીનો ઈન્તિકાલ હિજરીસન ૩૬માં મદાયનમાં જ થયો. મૌલાએ કાએનાત હઝરત અલી ઈબ્ને અબી તાલિબ મદાયન તશરીફ લાવ્યા. પોતાના મુબારક હાથો વડે ગુસલ-કફન આપીને પોતે જ નમાઝે જનાઝહ અદા ફરમાવી અને જાતે જ દફન પણ કર્યા રીવાયતમાં છે કે આપની નમાઝે જનાઝહમાં અસહાબે પેગંબરના સિવાય

મલાએકાની સાર સફો હતી. અને કેમ ન હોય ? જે વ્યક્તિને મૌલાએ કાએનાત ગુસલ આપે, કફન પહેરાવે, નમાઝે મય્યત પઢાવે, પોતે જ દફન કરે તેની જનાઝહની નમાઝમાં મલાઈકા હોય જ.

તે જ રાતે મૌલાએ કાએનાત મદીના પાછા ફર્યા આજે પણ હઝરત સલમાનની કબર ઉપર લોકોનો હુજૂમ રાત-દિવસ પઢતો, રડતો, દુઆઓ માગતો નજરે પડે છે.

આ જ રોઝામાં બીજા સહાબી જાબીર બિન અબ્દુલ્લાહ પણ છે.

## જાબીર બિન અબ્દુલ્લાહ અનસારી

જાબીર બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન હશમ બિન શોઅલબા બિન હશમ બિન કઅબ બિન ગનમ બિન કઅબ બિન મુસ્લિમા.

પેગંબરે ઈસ્લામના ઉચ્ચ દરજ્જાના સહાબી છે. પેગંબરે ઈસ્લામ સાથે ઓગણીસ ગઝવાતમાં શરીક રહ્યા. આપના વાલીદ જનાબ અબ્દુલ્લાહ પણ પેગંબરે ઈસ્લામના સહાબી હતા. જનાબ અબ્દુલ્લાહને પેગંબરે ખુદાએ અનસારના નકીબ બનાવ્યા હતા. (અનસારની સવારીઓની આગળ ચાલનારા) અનસારના બાર નકીબોમાંથી એક આપ હતા.

જંગે બદરમાં જનાબ અબ્દુલ્લાહ કુફ્ફારનાં મુકાબલા માટે પોતે પણ આવ્યા હતા અને પોતાના ફરઝંદ જાબીરને પણ લાવ્યા હતા. તેથી બદરના ૩૧૩ વફાદારોમાં આ બંને બાપ-બેટા પણ સામેલ છે.

જનાબ જાબીર જંગે સિફ્ફીનમાં મૌલાએ કાએનાતની સાથે હતા. આપે પાંચ ઈમામોથી એક પછી એક મુલાકાત કરી છે. દરેકની સહાબીયતનો દરજ્જો પણ પ્રાપ્ત કર્યો. આપે ઈમામ હુસૈન (અલ.)ની શહાદત પછી રોઝે અરબઈન (ચાલીસમાં દિવસ) સૌપ્રથમ ઝિયારત કરી.

વિલાયત અને મહબ્બતે અલી (અલ.)નો જે પૈગામ મુરસલે આઝમ (સલ.) એ પોતાની તેવીસ વર્ષની તબ્લીગી જિંદગીમાં લોકો સુધી પહોંચાડયો હતો, જેનું ખુલ્લા મેદાનમાં (ખુમે ગદીરમાં) એલાન કર્યા પછી દીને ઈસ્લામ સંપૂર્ણ થયો હતો. અલ્લાહની નેઅમતો સંપૂર્ણ થઈ હતી, અને અલ્લાહ દીને ઈસ્લામથી રાઝી થયો હતો. જનાબ જાબીર (રઝિ.) એ વિલાયતે અલીના આ સંદેશાને

દીલો દિમાગમાં સમાવી લીધો હતો. નેવું વર્ષના બુઢાપામાં જ્યારે આપને  આ અંગે કોઈ કંઈક પૂછતું, તો બુઢાપાને કારણે ભવાં લટકી ગયાં હતાં તે પલકોને ઉઠાવીને જવાબ આપતા.

"અલી ઈન્સોનામાં સર્વથી શ્રેષ્ટ છે. ખુદાની કસમ અમે લોકો રસૂલના જમાનામાં મુનાફિકોને અલીની સાથેના કીનોકપટ કે અદાવતના કારણથી ઓળખી લેતા હતા."

ઘડપણ હોવા છતાં પયગામે ગદીર પહોંચાડવા માટે અને અજરે રિસાલત અદા કરવા માટે લાકડીના ટેકે ટેકે મદીનાની ગલી કૂંચીઓમાં નીકળી પડતા, જ્યારે લોકોના ટોળાની નજીકથી પસાર થતા તો ફરમાવતા.

"અલી ખયરૂલ બશર મિન અબી ફકદ કફર." અલી ખયરૂલ બશર છે. આ વાતનો ઈન્કારી કાફિર છે. અય અનસારીઓ તમારી અવલાદને મહબ્બતે અલીની તાલીમો તરબીયત આપો, જો તેમનામાંથી કોઈ ઈન્કાર કરે તો તેની મા ના મામલામાં વિચાર કરો.

જનાબ જાબીર (રઝિ.) ૯૦ વર્ષથી મોટી ઉમરે હિજરી ૭૮માં વફાત પામ્યા. તે વખતે તેમની આંખોની રોશની ચાલી ગઈ હતી. પરંતુ દીલ ઈમાનની રોશનીથી ભરપુર હતું. તેઓ પેગંબરે ઈસ્લામના છેલ્લા સહાબી હતા.

આ જ રોઝામાં હુઝૈફા યમાની પણ આરામ ફરમાવી રહ્યા છે.

## જનાબ હુઝૈફા યમાની (રઝિ.)

આપ જલીલુલ કદ્ર દરજાના રસૂલના રાઝદાર સહાબી હતા. રસૂલે ઈસ્લામે તમામ મુનાફિકોના નામ આપને બતાવ્યા હતા. સાથે તાકીદ પણ કરી હતી કે આ રાઝ રાઝ જ રહેવું જોઈએ. કોઈને તેની ખબર ન પડવી જોઈએ. જનાબ હુઝૈફાએ પેગંબર (સલ.)ને વાયદો કર્યો અને આ વાયદો જિંદગીભર નિભાવ્યો.

તમામ સહાબા જાણતા હતા કે હુઝૈફા યમાનીને રસૂલે તમામ મુનાફિકોના નામો બતાવેલા છે. તેથી પોતાની ખિલાફતના જમાનામાં બીજા ખલીફા હઝરત ઉમર તેમને વારંવાર પૂછ્યા કરતા હતા કે શું મારું નામ પણ મુનાફિકોમાં છે ? તે વખતે હઝરત હુઝૈફા યમાનીનો ઉત્તર કીતાબોમાં

નોંધાયેલો છે. આપણી જ સિહાહ સિ◌ામાં છે કે હુઝૈફા યમાનીએ હઝરત ઉમરને ઉત્તર આપ્યો કે “રસૂલે મને ભેદ ન ખોલવાનું કહ્યું છે, નામો કોઈને પણ ન બતાવવાનું કહ્યું છે. માટે મને આ બાબત ન પૂછો.”

આપે હઝરત ઉંમરને એવો ઉત્તર નથી આપ્યો કે “અય ઉમર તમારું નામ મુનાફિકોમાં નથી.” બીજું કે હઝરત ઉમરનું તેમને વારંવાર આ પ્રમાણે પૂછવું, તેમનો પોતાની ઈમાન પ્રત્યેનો શક બતાવે છે. જનાબે ઉમરે સુલહે હોલ્બીયાહ વખતે પણ પોતાના ઈમાન ઉપર શક વ્યક્ત કર્યો હતો. કે આપ સુલેહ કરવાથી એટલાબધા નારાજ થયા કે એમને એવો વિચાર આવ્યો કે શું રસૂલ સાચા રસૂલ હશે ?

હુઝૈફા યમાની પેગંબરે ઈસ્લામની સાથે ઘણી જંગોમાં શરીક રહ્યા. આપના પિતોં જનાબ યમાની અનસી અને ભાઈ સફવાન પણ ઈસ્લામ લાવ્યા હતા. જંગે ઓહદમાં મુસલમાનોની સાથે હતા. જ્યારે મેદાને જંગમાં ઘમસાણ લડાઈ થઈ રહી હતી. કોઈક મુસલમાને જ ભૂલથી આપના વાલીદ યમાનીને શહીદ કરી નાખ્યા.

હઝરત હુઝૈફા યમાની પેગંબરે ઈસ્લામની વફાત પછી જનાબ અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) સાથે જ લાગેલા રહ્યા. શેહઝાદીએ કોનૈન જનાબ ફાતેમા (સલા.)ની વફાત પછી ફક્ત જે સાત વ્યક્તિઓ મઝલુમાના જનાઝામાં શરીક હતા. તેમાંના એક હઝરત હુઝૈફા યમાની હતા.

આપ સૂઝબૂઝ, ઈલ્મો ફહમમાં ઉચ્ચ દરજ્જે હતા. મદાયનના ગવર્નર પણ બની ચૂક્યા હતા.

આપની બેમિસાલ સાદગીભરી જિંદગી લોકોની હિદાયત માટે પૂરતી હતી. દીનેહકની તબ્લીગ આપની જિંદગીનો મકસદ હતો. ગવર્નરીના જમાનામાં પણ દુનિયાની ચમકદમકથી દૂર રહ્યા.

અબુ હમઝહ સિમાલી લખે છે કે જ્યારે આપના ઈન્તિકાલનો સમય નજીક આવ્યો, તો આપે પોતાના ફરઝંદને ફરમાવ્યું. "બેટા ! હવે હું જીવનના છેલ્લા શ્વાસ લઈ રહ્યો છું. તમને કંઈ વસીય્યતો કરવા ઇચ્છુ છું." કહીને કેટલીક વસીય્યતો કરી તેનો ટૂંકસાર નીચે પ્રમાણે છે.

જે ચીજો બીજા ઈન્સાનોના કબજામાં છે. તેનાથી બેપરવા થઈ જાઓ, કારણ કે તેનાથી બેપરવા થવામાં જ તવંગરી છે. લોકો પાસે પોતાની જરૂરત તલબ ન કરો કારણ કે તેમાં ઝિલ્લત અને ગરીબાઈ છે. એવી રીતે જિંદગી ગુજારો કે આજનો દિવસ વીતેલા દિવસ કરતાં સારો હોય આમાલની દ્રષ્ટિએ. નમાઝ કદી ન છોડો. એવું કોઈ કામ ન કરો કે કામ કર્યા પછી પસ્તાવો કરવો પડે. તમે બંનેને હું અલીની બયઅત પર બાકી રહેવાની તાકીદ કરું છું. આપને બે બેટા હતા. સફવાન અને સઈદ.

આપના બંને ફરઝંદોએ બાપની વસીય્યત ઉપર બરાબર અમલ કર્યો. મૌલાએ કાએનાત અલી ઈબ્ને અબી તાલિબ સાથે રહીને જંગે સિફ્ફીનમાં

મઆવીયાની બાગી જમાત દ્વારા બંનેએ શહાદત વહોરી.

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહંમદીવ વ આલે મોહંમદ.

મદાયનમાં જનાબ સય્યદઝાદા તાહેર બિન મોહંમદની કબર પર પણ અકીદતના ફૂલ પેશ કર્યા દુઆઓ માગી, ત્યાંથી થોડેક જ દૂર કીસરાનો મહેલ છે તે જોવા પણ ગયા.

## પ્રકરણ – ૨૫ : ઈરાક ત્યાંની હુકુમત અને લોકોની રહેણીકરણી

ઈરાકમાં બાસ અથવા બાથ (BATH) પાર્ટી સત્તા પર છે. ત્યાં લશ્કરી હુકુમત છે. સદ્દામ ત્યાંનો શાસક છે. તે અવિચારી, જાલીમ અને જિદ્દી છે. એક વ્યક્તિની જીદે સમગ્ર દેશને મુસીબતોમાં મૂકી દીધો છે. બલકે તબાહ બરબાદ કરી દીધો છે. હિંદુસ્તાનના મુસલમાનો સદ્દામને કોઈ અલૌકિક દેવી પુરુષ માને છે. હીરો બનાવ્યો છે. કેટલાક જાહીલ કહેવાતા આલીમોએ પણ કુવેતની લડાઈ પછી સદ્દામ વિશે ચોપડીઓ લખી છે. આવા લોકો સ્વપ્નમાં જીવે છે. બેવકૂફ લોકો છે. ઉપરછલ્લી વાતોથી અસર લઈ લેનારા, આવા લોકોને રાજકારણનો એકડો પણ ખબર હોતો નથી.

રાજકારણીઓ હંમેશા નોટંકી કરતા આવે છે. તેમાંય આપણા મુસ્લિમ દેશોના વડાઓ તો ખાસ નોટંકી કરવામાં પાવરધા છે. સદ્દામ સાહેબે પોતાના નમાઝ પઢતા ફોટા પ્રેસને આપીને ભલાભોળા - વિલાયતે અલીથી વંચીત મુસલમાનોને ખૂબ જ છેતર્યા છે. જો કે પશ્ચિમનું મિડિયા તેના વિશે બરાબર લખે છે. ભૂતકાળમાં આપણા પડોશી દેશ પાકિસ્તાનમાં જનરલ યહ્યાખાન સત્તા ઉપર હતા. તેઓ ચોવીસ કલાક શરાબ અને સુંદરીમાં ડુબેલા રહેતા. રેડિયો પર ભાષણ આપતી વખતે લડખડાતા અવાજે પ્રથમ 'બિસ્મીલ્લા હિર્રેહમા નિર્રેહીમ" અને કલિમા શરીફ પઢતા. આ સાંભળી હિંદુસ્તાનના મુસલમાનો ગેલમાં આવી જતા મેં જોયા છે. જો કે શરાબમાં ચૂર યહ્યાખાન તો ફક્ત પોતાના મંત્રીએ લખી આપેલું

ભાષણ વાંચી જતા. તેમા બિસ્મીલ્લાહ અને કલિમો પણ વંચાતો. તેથી મુસલમાનો ખુશ થઈ જતા.

તે જ યહ્યાખાને પોતાનો દેશ પૂર્વ પાકિસ્તાન ગુમાવ્યો. ભારતે પાકિસ્તાનને રાજકીય ક્ષેત્રે એવી લપડાક મારી છે કે પાકિસ્તાન તેને કદી ભૂલી શકે નહિ. ભારત સાથેની લડાઈમાં બરાબર માર ખાધી. ભૂતકાળમાં ચૂંટણીના સમયગાળામાં ઈંદિરા ગાંધી અજમેર જઈ ચાદર ચઢાવતાં. મુસલમાનોને મેં બોલતા સાંભળ્યા છે. “કૈસી ભી હૈ, યે મેરે ખ્વાજાકી ચોખટ પે આઈ હૈ” આવી તો સેંકડો બાબતો છે. બેવકૂફીભરી.

બાબુલ ઈલ્મને છોડીને બીજા ચોર રસ્તાથી- ગલત રસ્તાથી - તલવારના રસ્તાથી - જોરજુલમના રસ્તાથી જે લોકો ઈસ્લામમાં દાખલ

થયા છે તે લોકો કદી સંપૂર્ણ કામ્યાબી મેળવી શકે નહિ. નાની નાની સફળતાઓ હંગામી અને ક્ષણજીવી બની રહેશે.

કારણ કે આપણે મઆવીયા અને યઝીદની ખિલાફતોને પણ હક તસ્લીમ કરી લીધી છે. જો કે આ ખિલાફતો કુર્આન અને સુન્નતથી તદ્દન ગલત, જુલમથી ભરપુર, ખુદાથી બેઝાર, કુફ્રની મદદગાર ખિલાફતો હતી. જે કદીપણ આપણને સફળતા આપી શકશે નહિ. આપણી હનફી ફિકહનો મસઅલો છે કે જો કોઈ વ્યક્તિ જોરજુલમ દ્વારા સત્તા ગ્રહણ કરી લે તો પછી તે ખલીફએ હક ગણાશે. તેની ખિલાફત વાજબી છે. તેની તાબેદારી વોંબ છે. અસ્તગફિરૂલ્લાહ.

જે સદ્દામ ઈઝરાઈલ સામે બે ચાર મિસાઈલ ઝીંકી દે, અને લોકો તેની વાહ વાહ કરે. આવા લોકો એ પણ જાણતા નથી કે સદ્દામ ઈરાક પર ક્યારથી સત્તા પર છે ? છેલ્લા ૨૭ થી ઉપર વર્ષોથી સદ્દામ ઈરાક પર સત્તા ભોગવે છે. તો તેણે હમણા જ કેમ ઈઝરાઈલ ઉપર મિસાઈલ નાખી ? શું ઈઝરાઈલનો જન્મ હમણા જ થયો છે ? શું ફલશ્તીન અને બયતુલ મુકદ્દશ ઈઝરાઈલે આજે લઈ લીધું છે ? જ્યારે એને અમેરિકા સાથે દુશ્મની થઈ, ત્યારે એને બયતુલ મુકદ્દશથી પ્રેમ ઊભરાય ગયો ? છેલ્લા ૨૭ વર્ષમાં યુનોની મહાસભાએ અરબ ભૂમિ ખાલી કરવાના, બયતુલ મુકદ્દશને અરબોને પરત કરવાના લગભગ ૮૧ ઠરાવો કર્યા છે. તેમાં એક પણ ઠરાવમાં ઈરાકે (સદ્દામ પ્રમુખ

હતો) યુનોમાં ઈઝરાઈલનો વિરોધ કર્યો નથી. ગેરહાજર રહ્યું છે. મતદાન નથી કર્યું અને હવે જ્યારે એ ઈરાન સાથેની આઠ આઠ વર્ષની લડાઈમાં ખોખરું થઈ ગયું ત્યારે એને બયતુલ મુકદ્દશ પ્રત્યે પ્રેમ ઊભરાઈ ગયો. સદ્દામ ન નમાઝ પઢે છે ન રોઝા રાખે છે. ઈસ્લામથી એનો કોઈ સંબંધ જ નથી. ઈરાકની સત્તાધીશ બાથ પાર્ટી કોમ્યુનીસ્ટ છે.

આવા પ્રકારના નાટકો તો મુસ્લિમ દેશોના બધા જ શાસકો કરતા આવ્યા છે. આજે પણ કરે છે. ઝિયાઉલહકની પાકિસ્તાન ઉપર એકહથ્થુ સત્તા દરમ્યાન પાકિસ્તાનમાં "નિઝામે મુસ્તુફા" કેટલો કાયમ થયો ? બતાવો અમને ? સત્તા ટકાવી રાખવા માટે આ શાસકોને નોટંકી કરવી જ પડે છે.

સંપૂર્ણ ઈરાકમાં અડધી-અડધી શીયા સુન્ની વસ્તીમાં ત્યાંની પ્રજામાં કોઈ બુગ્ઝ કીનો કપટ નથી. પ્રજા બધી જ શાંતિથી એકતા સાથે રહે છે છતાં બંને પ્રજામાંથી કોઈપણ મઝહબનો માણસ સંપૂર્ણ ઈરાકમાં - સદ્દામનું નામ પણ મોં ઉપર લાવતો નથી. સદ્દામનો એટલો જુલમ છે કે ત્યાંનો શીયા હોય કે સુન્ની હોય, સદ્દામના નામની જગ્યાએ કોડવર્ડનો ઉપયોગ કરે છે. બંને પ્રજાના કોડવર્ડ જુદા જુદા છે. એને એટલો ડર અને ખોફ છે કે ઠેકઠેકાણે તેની સી. આઈ. ડી. હોય છે

ટી. વી. કેમેરામાં બતાવવા માટે તો તમો ગમે તેવા ભાડૂતી માણસો ઊભા કરી શકો છો. પોતાના દેશના જુદા જુદા પ્રાંતોના જુદા જુદા

પોશાક પણ બનાવી - અથવા ભાડૂતી લાવી - ભાડૂતી માણસો ઊભા કરી, બધું જ કરી શકાય છે.

સદ્દામનું રક્ષણ કરનાર જે ફોજ છે તે બધા જ વેશ્યાઓના છોકરાઓ છે. બગદાદમાં તો વેશ્યાગીરીની બીમારી ખૂબ જ ફાલીફૂલી છે. તે સિવાય પણ બીજા મોટા શહેરોમાં ઈરાકમાં ગરીબાઈને કારણ વેશ્યાગીરી ચાલે છે. આ વેશ્યાઓના છોકરાઓને સદ્દામ પોતાના છોકરા ગણીને ઉછેરે છે. તેમને તાલીમ આપે છે. અને તેના રક્ષણની જવાબદારી આ ફોજ સંભાળે છે. વગર મા-બાપના છોકરાઓ સદ્દામને બાપ ગણીને તેને સાચવે છે. સદ્દામને પોતાની ફોજના માણસો જેઓ પ્રજામાંથી આવે છે તેમના ઉપર પણ વિશ્વાસ નથી.

સદ્દામે આખા દેશને બરબાદ કરી નાખ્યો છે. અર્વાચીન ઉમ્મતના આ ફિરઓનને અલ્લાહે ઢીલ આપી છે. જેને અર્વાચીન યઝીદ કહીએ તો વધારે બંધ બેસતું નામ ગણાશે.

ગરીબાઈ, ભૂખમરો, કુપોષણથી સમગ્ર પ્રજા પીડાઈ રહી છે. સંદેશા વ્યવહારના પણ કંઈ ઠેકાણા નથી. ટપાલ વ્યવસ્થાના નામે મીંડું છે. અમો ત્યાંના ગામડાં પણ ફર્યા છે. આપણા દેશના ગરીબ પછાત ગામો જેવી જ ત્યાંના ગામડાની હાલત થઈ ગઈ છે.

ઉઘાડે પગે, ફાટેલા દફતરે, ફાટેલી ચોપડીઓ સાથે, લઘરવઘર કપડાં સાથે ત્યાંના વિદ્યાર્થીઓને શાળાએ જતા અને શાળાએથી ઘેર આવતા અમે જોયા છે. અભણતાનો આંક આપણાથી પણ ઊંચો છે.

શહેરોમાં ગરીબાઈ ઓછી દેખાય, ત્યાં સંતાયેલી હોય, માલદારીમાં ગરીબાઈ છુપાયેલી હોય છે.

ઈરાકમાં ગરમી વધુ પડે છે. મોટાભાગે ખજૂર ત્યાંનો પાક છે. છતાંય ખજૂર બજારોમાં ખાસ દેખાતું નથી. ઈરાક તેલપ્રધાન દેશ છે. પરંતુ હાલ તેના ઉપર અમેરિકાનો પ્રતિબંધ હોઈ તેનું તેલ બહાર મોકલી શકાતું નથી. હાલમાં જ ઘણું જ ઓછું ખનીજ તેલ દવાઓ ખરીદી શકાય એટલું, બહાર વેચવાની અમેરિકા તરફથી છૂટ મળી છે.

ઈરાકને પોતાના જ દેશના કુર્દ વિસ્તાર ઉપર હવાઈ ઉડ્ડયન કરવાની મનાઈ છે. કારણ કે આ વિસ્તારના પંદર હજાર જેટલા માણસોને ઝેરી ગેસ દ્વારા એક જ કલાકમાં સદ્દામે મારી નાખ્યા

હતા. આવો જાલીમ શાસક આપણા દેશના મુસલમાનોનો હીરો બનેલો છે.

આવો ઝેરી ગેસ તો આ સદ્દામે હજારો ઈરાની પ્રજા ઉપર છોડીને તેમને મોતને ઘાટ ઊતારેલા છે. તેના મુકાબલામાં ઈરાને ઈરાદાપૂર્વક ઈરાકી પ્રજા ઉપર ઝેરી ગેસનો ઉપયોગ નથી કર્યો. આજે વર્ષો પછી પણ ઈરાનમાં આવા ઝેરી ગેસથી અસર પામેલા લોકો દવાખાનાઓમાં સબડે છે. જેને મેં પોતે ટી. વી. ઉપર જોયા છે.

ઘણી બધી વાતો હું ઈસ્લામી ઈન્કિલાબના લેખોમાં લખી ચૂક્યો છું જે હવે પછીના પ્રકરણોમાં વાંચવા મળશે.

ઈરાકી પ્રજા ખૂબ જ મળતાવડી અને દયાળુ છે. ગોરી અને ખૂબસુરત પ્રજા છે. પ્રજામાં

અતડાપણું બીલકુલ નહીં મળે, બહુ જલ્દી આપણી સાથે ભળી જાય છે. આવકાર આપે છે. ઈરાકની રહેણી-કરણી ઈન્ડિયા જેવી જ છે. પ્રજામાં ઈસ્લામી પડદાનો સંપૂર્ણ રીવાજ છે. પ્રજામાં ખુમારી છે. બહાદુર પ્રજા છે. જો અલ્લાહ મધ્યપૂર્વના બધા જ દેશોમાં એક્તા સ્થાપિત કરી આપે તો દુનિયાની કોઈ તાકાત એમનો મુકાબલો ન કરી શકે.

અમેરિકાએ બંને રીતે ઈરાકની કમર તોડી નાખી છે. સીધી બોંબવર્ષા કરીને ઈરાકને તબાહ કર્યું છે અને પછી તેના ઉપર ખનિજતેલ બહાર ન મોકલવાનો પ્રતિબંધ લાવીને તેને આર્થિક રીતે બરબાદ કર્યું છે. પરંતુ આ બધી જ પરિસ્થિતિનો સીધો જવાબદાર સદ્દામ છે, ન કે અમેરિકા. એ જ અમેરિકા તો છે જેણે પોતાના મિત્રો સાથે ઈરાકની

ભરપુર સહાય કરી તેને ઈરાન સાથે આઠ આઠ વર્ષ લડાવ્યું. શા માટે મુસ્લિમ શાસકો કાફિરો અને મુશ્રીકોના ઈશારે ચાલે છે. યઝીદ કાફિર હતો તેમાં કૂફ્રમાં રતિભાર પણ શકને સ્થાન નથી. પરંતુ જે લોકોના દીલોમાં યઝીદ માટે કૂંણી લાગણી છે અથવા તેને મુસલમાન માને છે. તેઓ હંમેશા કૂફ્રનો સાથ લેવાના જ છે. માણસના અકીદાની અસર તેની બધી જ બાબતો ઉપર પડે છે. સામાજિક, આર્થિક અને રાજકીય દરેક પ્રકારના જીવનમાં વ્યક્તિના અકીદાની અસર જોવા મળશે. જેઓ ઈમામ હુસૈન (અલ.)ને પોતાના ખલીફાએ હક માને છે. તેઓને તમે કદીપણ ઈમાનવાળાઓના મુકાબલા માટે કૂફ્રનો સાથ લેતા નહીં જોઈ શકો.

વ્યક્તિની ઈમામ હુસૈન સાથેની મહબ્બત તેના જીવનના બધાં જ ક્ષેત્રો ઉપર અસર કરે છે.

અલ્લાહ કરે આપણે બધા એહલેબયતના ચાહક બનીએ, યઝીદીયતથી નફરત કરીએ. અલ્લાહ આપણા સૌને નેક તોફીક આપે. આમીન.

## ઈરાક (કરબલા)ની ઝિયારતો

૧ હ. ઈમામ હુસૈન (અલ.)

૨ હ. અબ્બાસ અલમદાર

૩ હ. અલી અકબર

૪ હ. અલી અસગર

૫ જુનાબે હબીબ ઈબ્ને મઝાહીર

૬ ગંજે શહીદા (જેમાં તમામ કરબલાના શહીદો છે)

૭ કત્લગાહે ઈમામ હુસૈન

૮ હ. ઈબ્રાહીમ બીન મુસે કાઝીમ

**(૩ થી ૮ સુધીની જીયારતો ઈમામ હુસૈનના રોઝામાં જ છે.)**

૯ તલે જૈનબીયા (જૈનબી ટેકરી)

૧૦ હ. અલી અકબર શહીદ થયા તે જગ્યા

૧૧ હ. અલી અસગર શહીદ થયા તે જગ્યા

૧૨ હઝરત અબ્બાસ અમલદારના જમણો અને ડાબો બંને હાથ શહીદ થયા તે જગ્યાઓ.

૧૩ ખૈમાગાહ (જેમાં દાખલ થતાં દરવાજામાંજ હઝરત અબ્બાસનો ખૈમો છે. પછી અલીઅકબરનો, સહેનમાં ચારે બાજુ અહલેબૈત અને અસહાબોના ખૈમા છે. વચમાં ઈમામહુસૈનનો ખૈમો છે. તેની બાજુમાં કુબો છે. પછવાડે બીમારે કરબલાનો ખૈમો છે. બાજુમાં બીબી ઝયનબનો ખૈમો અને ઉત્તર બાજુ

થોડેક દુર હઝરત કાસીમનો હુજરો કે જ્યાં તેમને નિકાહ પઢાવવામાં આવ્યા હતા. તે જગ્યા છે.)

૧૪ હ. જાફરે સાદીકનો બાગ

૧૫ હ. ઈમામે સાહેબુઝ્ઝમાન (અ. સ.)નું મુકામ (નવો રોઝો બને છે.)

**કરબલા અતરાફની ઝિયારતો**

૧૬ જનાબે હુર (કરબલાથી ૩ કી. મી. દૂર છે.)

૧૭ બીબી ઝયનબના બેટા જનાબે ઔન સાહેબ (૧૦ કી. મી. દૂર)

૧૮ જનાબે ઈબ્રાહીમ અને મોહમ્મદ

**(મુસ્લીમ સાહેબના ફરઝંદો)**

૧૯ જનાબે હમ્ઝા બીન મોહમ્મદ (હિલ્લા ગામમાં)

૨૦ જનાબે કાસીમ ઈબ્ને મુસે કાઝીમ

૨૧ જનાબે નબી ઐયુબ (આ જગ્યાએ બે કુવા છે. એકમાથી પાણી પીવું અને બીજામાંથી નાહવાથી શરીરની બીમારી દૂર થાય છે.)

૨૨ મસ્જીદે રુશ્શમ્સ (મૌલા અલી ડૂબેલો સુરજ પાછો લાવ્યા હતા તે મસ્જીદ)

૨૩ હજરત ઈબ્રાહીમ (અલ.) નબીના જન્મની જગ્યા

૨૪ જનાબે શરીફા બીન્તે ઈમામ હસન (અલ.)

૨૫ મોમ્મદ બીન અકીલ

૨૬ જાસીમ બીન હસન

૨૭ સૈયદ મોહમ્મદ બીન મુસે કાઝીમ

**નઝફ/કુફાની ઝિયારતો**

૨૮ મૌલાએ કાએનાત હઝરત અલી (અલ.)

૨૯ હઝરત નુહ નબી (મૌલાના રોઝામાંજ)

૩૦ હઝરત આદમ નબી (મૌલાના રોઝામાંજ)

૩૧ હઝરત સાલેહ (અલ.)

૩૨ હઝરત ઝયનુલ આબેદીનનો મુસલ્લો

૩૩ સાહેબુઝઝમાનનું મુકામ

## કુફાની ઝિયારતો

૩૪ મસ્જીદે હનાના (કરબલાથી આવતાં જ્યાં ઈમામ હુસૈન અને બીજા શહીદોના સર રાખવામાં આવેલા તે જગ્યા)

૩૫ કૌમેલ બીન ઝીયાદની ઝિયારત (મૌલાના અસહાબી છે.)

૩૬ નબી યુનુસ (અલ.) (રોઝો પડી ગયો છે. ખુલ્લી કબર છે)

૩૭ જનાબે મીસમે તમ્માર (મૌલાના અસહાબી હતા)

૩૮ મૌલા અલીનું ઘર (જેમાં નાના કમરા છે. વચ્ચે કુવો છે બંને ઈમામોને પઢવાનો મદ્રસો છે તથા પાક બીબીઓને રહેવાના નાના અને બીલકુલ સાદા હુઝરાઓ આવેલા છે.)

(મૌલાના ઘરની બાજુમાં જ અબ્દુલા જયાદનો પડી ગયેલો મહેલ છે. લોકો તેના ઉપર લાનત મોકલે છે અને મહેલમાં કચરો ફેંકે છે, ગંદકી કરે છે. ગટરનું પાણી અંદર જાય છે.)

૩૯ મસ્જીદે કુફા (આ અતરાફમાં સૌથી મોટી અને સર્વો઼મ મસ્જીદ છે. જેમાં અમાલ કરવાનો ઘણો જ સવાબ છે. જેથી નીચેના તમામ મુસલ્લાઓ ઉપર બબ્બે કે ચાર ચાર રકાત નમાઝ પઢી, દુઆ માગી, અમાલ કરવામાં આવે છે)

૧. મુકામે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલ.)

૨. મુકામે ખીઝર (અલ.)

૩. હઝરત અલીની ઈન્સાફની જગ્યા

૪. મુકામે બૈતુલ તસ

૫. મુકામે હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ.)

(આ મુકામની બાજુમાં જ ન્યાયનો થાંભલો છે જ્યાં લોકો બાથ ભીડીને અજમાઈશ કરે છે.)

(બાજુમાં જ નુહ (અલ..)ની કિશ્તી તોફાનમાં બચેલી તે જગ્યા છે.)

૬. મુકામે હઝરત આદમ (અલ.) નબી

૭. મુકામે હઝરત જીબ્રઈલ

૮. મુકામે હઝરત ઝયનુલ આબેદીન (અલ.)

૯. મુકામે હઝરત નુહ (અલ.) નબી



amillibrary.com

૧૦. મુકામે મેહરાબે ઈબાદત (જ્યાં નમાઝમાં હઝરત અલીને ઝરબત વાગી હતી તે જગ્યા)

૧૧ મુકામે હઝરત અલી (અલ.) જ્યાં નફલ નમાઝો પઢતા હતા તે જગ્યા.

૧૨ મુકામે હઝરત જાફરે સાદીક (અલ.)

૪૦. હઝરત મુસ્લીમ બીન અકીલ

૪૧ હઝરત મુખતાર સાહેબ (જેઓએ ઈમામ હુસૈનના દુશ્મનોથી બદલો લીધો હતો.)

૪૨ જનાબે હાની બીન ઉરવાહ

૪૩ જનાબે ખદીજતુલ સુગરા (અબ્બાસ અલમદારનાં સગાં બહેન છે.)

૪૪ મસ્જીદે સહેલા (મસ્જીદે સહેલા મસ્જીદે કુફાથી થોડીક જ દૂર છે. આ મસ્જીદ પણ પવિત્ર

ગણાય છે. હદીસમાં છે કે આ મસ્જીદમાં તમામ પયગંબરોએ નમાજો પઢી હતી. અને સાહેબુઝ્ઝમાન દર મંગળવારના મગરીબ ઈશાની નમાઝ વચ્ચે એટલે કે શબેબુધ આવે છે. તેથી આ રાત બહુજ મખસુસી હોવાથી દૂરદૂરથી લોકો અમાલ કરવા આ રાત્રે આવે છે. અને નીચેના મુસલ્લાઓ ઉપર બે બે રકાતો નમાઝ પઢી અમાલ કરે છે.)

૧. મુકામે હઝરત ઈબ્રાહીમ (અલ.)

૨. મુકામે હઝરત ઈદરીશ (અલ.)

૩. મુકામે હઝરત ખીઝર (અલ.)

૪. મુકામે હઝરત અંબીયાએ સાલેહીન

૫. મુકામે હઝરત ઝયનુલ આબેદીન (અલ.)

૬. મુકામે હઝરત સાહેબુઝ્ઝમાન (અલ.)

૪૫ મસ્જીદે ઝયદ

૪૬ મસ્જીદે સાઅસા

૪૭ ઈમામે સાહેબુઝ્ઝમાન અને ઝયનુલ આબેદીનનો મુસલ્લો (આ બંને રોઝા નઝફના રોઝાની સામે જ નદી કીનારે છે)

## કાઝમૈનની ઝિયારતો

૪૮ ઈમામ મુસે કાઝીમ (અલ.)

૪૯ ઈમામ મોહમ્મદ તકી (અલ.)

૫૦ શેખ મુફીદ (આ બંને અસહાબો છે. જેમની

૫૧ શેખ તુસી કબરો આ રોઝામાં જ છે.)

૫૨ મોહમ્મદ બીન ઉસ્માન ગીલાની (બારમા ઈમામના નાયબ બગદાદમાં છે)

૫૩ કમ્બર ગુલામ (બગદાદમાં)

૫૪ મસ્જીદે બરાસા (પવિત્ર મસ્જીદ છે. જ્યાં ઘણા નબીઓએ નમાઝ પઢેલી છે. બગદાદમાં)

## મદાયનની ઝિયારતો

૫૫ હઝરત સલમાન ફારસી (રઝિ.)

૫૬ અબ્દુલ્લાહ બીન જાબીર (રઝિ.) (ઈમામ હુસૈનના પ્રથમ જવ્વાર)

૫૭ જનાબે હુજૈફા યમાની (રઝિ.)

૫૮ જનાબે તાહેર બીન મોહમ્મદ (થોડે દૂર કીસરાનો મહેલ છે.)

## બલદ - શામરાહની ઝિયારતો

૫૯ સૈયદ મોહમ્મદ બીન અલીયુનનકીની ઝિયારત (આ રોઝો કાઝમેનથી શામરાહ જતાં રસ્તામાં બલદ નામની જગ્યાએ આવે છે. વિશાળ રોઝો છે. બહાર બજાર છે. પાણી વગેરેની સારી

સગવડ છે. તેથી જવ્વારો રોઝાના કમ્પાઉન્ડમાં બેસીને શાંતિથી જમે છે.)

૬૦ હઝરત ઈમામ અલીયુનનકી (અલ.)

૬૧ હઝરત ઈમામ હસન અસ્કરી (અલ.)

૬૨ હઝરત સાહેબુઝ્ઝમાનની ગયબતની જગ્યા

૬૩ જનાબે હકીમા ખાતુન બીન્તે ઈમામ અલીયુનનકી

૬૪ જનાબે નરગીસ ખાતુન (બારમા ઈમામની મા)

# પ્રકરણ – ૨૬ : ઈરાનની ઝિયારતો

## (૧) માસુમાએ કુમ

અમો ઈરાકથી બસ દ્વારા ઈરાનના કૂમ શહેરમાં પહોંચ્યા. બંને સરહદોની સરકારી કાર્યવાહીમાં ખાસ્સી વાર લાગી. આખી રાત બસની સફર રહી. સાંજના બપોર બાદ અમારો કાફલો કાઝમૈન (ઈરાકથી) રવાના થયો હતો, તે બરાબર બીજા દિવસે સવારના આઠ વાગ્યે કૂમ પહોંચ્યો. બધા જ સાથીઓ ખૂબ થાકી ગયા હતા. હોટલમાં ઊતર્યા સ્નાનાદિથી પરવારી નાસ્તો કરી સૌપ્રથમ માઅસુમાએ કૂમના રોઝાની ઝિયારત કરી.

જનાબે સૈયેદા ફાતેમા માસુમાએ કૂમ ઈમામ રઝા (અલ.) ના બહેન થાય છે. હઝરત

 amillibrary.com

ઈમામ રઝા (અલ.) મુસલમાનોના આઠમા ઈમામ છે. આપનો કિયામ મદીનામાં હતો ત્યારે હારૂન રસીદે આપને મશહદ બોલાવ્યા. આપ મશહદ ગયા, આપને મશહદ ગયાને લગભગ એક વર્ષ થવા આવ્યું છતાં આપના કોઈ ખબરઅંતર હુકુમતની દુશ્મનીના કારણે માસુમા સુધી ન પહોંચી શક્યા. તો બહેન ભાઈના ગમમા બેચેન થઈ ગયાં. ભાઈની મુલાકાત માટે મશહદનો સફર કર્યો. રસ્તામાં બીમાર થઈ ગયાં. કુમ પહોંચતા પહોંચતા તબીયત વધારે લથડી પડી. જ્યારે કુમવાળાઓને આપના આગમનની જાણ થઈ તો આખું કુમ શહેર કાળા કપડાં પહેરીને આપના સ્વાગત માટે નીકળી પડ્યું. આપ સમગ્ર કુમના રહેવાસીઓને કાળા લીબાશમાં જોઈને ખૂબ ગભરાયાં પૂછયું, "કે

મહેમાનના સ્વાગતનો આ કેવો તરીકો છે ?” જો મારા આગમનની તમને ખુશી છે તો કાળા પોશાકની શું જરૂર છે ?” આ પ્રશ્નના ઉત્તરમાં કુમવાળા બેચેન થઈને રડવા લાગ્યા. અને કહ્યું, “અમ્મા, અમે શું બતાવીએ ? આપ જેમને મળવા આવી છો, તેઓ હવે આ દુનિયામાં નથી રહ્યા. મામૂનરસીદે આપને દગાફટકાથી ઝહેર પીવડાવીને શહીદ કરી દીધા છે.” આ ગમનાક ખબર સાંભળીને મઅસુમાની તબીયત વધુ ખરાબ થઈ ગઈ. બીમારી વધી ગઈ. આવી નાદુરસ્ત તબીયતના કારણે કુમવાળાઓએ આપને કૂમમાં જ રોકી લીધાં. જે ભાઈને મળવા આવ્યાં હતાં તેમની શહાદત આપના માટે ગમનો પહાડ બની ગઈ. ત્યારબાદ અઢાર દિવસ બીમાર રહ્યાં. અલ્લાહને પ્યારાં થઈ

ગયાં. જે ઘરમાં આપ રોકાયાં હતાં તે જ ઘરને આપના રોઝા તરીકે માન્યતા આપવામાં આવી. આપને ત્યાં જ સિપૂર્દે ખાક કરવામાં આવ્યાં. આપની આરામગાહ માસુમાએ કૂમના નામથી પ્રખ્યાત છે. તેમની ઝિયારત માટે હજારો ઝવ્વારો દરરોજ આવે છે.

અહીંથી થોડેક દૂર “કબ્રસ્તાને બાગે બેહીશ્ત” આવેલું છે. આ તે કબ્રસ્તાન છે જ્યાં આલિમો, ફાઝીલો, સામાન્ય લોકો સાથે તે શહીદોની કબરો પણ છે જે યુવાનોએ ઈસ્લામી ઈન્કિલાબની સ્થાપના માટે શહાદત વહોરી છે. તે શહીદો પણ છે જે ઈરાકના જાલીમાના હુમલાને ખાળવા માટે અને મગરિબ પરસ્ત અમેરિકા નવાઝ સદ્દામને હઠાવવા માટે શહીદ થયા હતા. આ જ અમેરિકા, બ્રિટન,

ફ્રાંસ, કુવૈત અને અરબ અમીરાતના દેશો ઈરાનની જંગ વખતે ઈરાકની સાથે હતા. તેના મદદગાર હતા. ઈસ્લામી ઈન્કિલાબને પછાડવા માટે જ તેઓએ સદ્દામની કમઅકલીનો લાભ ઊઠાવ્યો હતો. આજે એ જ અમેરિકા, બ્રિટન, તૂર્કી, કુવૈત અને અરબ દેશો ઈરાક ઉપર હવાઈ હુમલા કરી રહ્યા છે. નિર્દોષો ઉપર જુલમ કરવાનો બદલો આજે ઈરાક પોતે જ ભોગવી રહ્યું છે. કુદરતનો ન્યાય અજબગજબનો છે. જે યુરોપીય સંઘે ઈરાનને વર્ષો પહેલાં (૧૯૭૯ના ઈન્કિલાબથી) એકલું અટુલું પાડી દીધું હતું. ઈરાનનો નાશ એમનો ધ્યેય હતો તે ઈરાન આજે ફાલતું ફૂલતું ખીલતું હસતું લીલા હરીયાળા બગીચા જેવું અલ્લાહે રાખેલું છે. આઠ આઠ વર્ષોની સુપરપાવરો સાથેની, લડાઈ પછી

પણ અલ્લાહે તેનો વાળ વાંકો થવા દીધો નથી. ખુશહાલ છે. જ્યારે સદ્દામ અને ઈરાક ભાંગીને ભુક્કો થઈ ગયું છે. ગરીબાઈ વ્યાપક પ્રમાણમાં દેખાઈ રહી છે. અમોએ તે શહીદોની કબરો પણ જોઈ જેઓ ઈરાક-અમેરિકાના ભેગા હુમલા અને ઈરાનને બચાવવા શહીદ થયા હતા.

આ સિવાય પણ અમોએ કુમમા નીચેની જગ્યાઓએ ઝિયારતો પઢી દુઆઓ માગી. આ શાહજાદાઓ ઈમામોના પુત્રો, પૌત્રો, પરપૌત્રો વગેરે છે.

(૧) જનાબ ઈબ્રાહીમ (સાતમા ઈમામ મુસા કાઝિમ અલ.)ના પૌત્ર)

(૨) જનાબ અલી બિન જઅફર સાદીક

(૩) શાહજાદા ઈસ્માઈલ (ઈમામ જઅફર સાદીક (અલ.)ના પૌત્ર)

(૪) ઔલોદે મુસા ઈબ્ને જઅફર સાદીક (અલ.)

(૫) જનાબે ઝૈદ (અલી ઝયનૂલ આબેદીન (અલ.) ચોથા ઈમામના પુત્ર)

(૬) શાહજાદા અબુ જાફર (નવમા ઈમામ મોહંમદ તકી અલ.ના પૌત્ર)

(૭) શાહજાદા હમ્ઝા (સાતમા ઈમામ મુસા કાઝિમ (અલ.)ના બેટા)

(૮) શાહજાદા અહમદ બિન મુસે કાઝિમ (બીજા બેટા)

(૯) જનાબ હસન બિન ઝયનુલ આબેદીન (ચોથા ઈમામના શાહઝાદાઓ)

(૧૦) જનાબ હુસૈન બિન ઝયનુલ આબેદીન (")

(૧૧) જનાબ જાફર બિન ઝયનુલ આબેદીન ( " )

(૧૨) જનાબ ઈબ્રાહીમ બીન ઝયનુલ આબેદીન ( " )

(૧૩) જનાબ એહમદ બિન મુસે કાઝિમ (સાતમા ઈમામના શાહઝાદા)

(૧૪) જનાબ હસન બિન મોહંમદ હનફીયા

(૧૫) જનાબ અલી (અબ્બાસ અલમદારના પૌત્ર)

(૧૬) મસ્જીદે જમકરાન

મસ્જીદે જમકરાન ઘણી જ વિશાળ મસ્જિદ છે. જ્યાં ઈમામે ઝમાના મેહદી (અલ.)ની આમદ થતી રહે છે. ત્યાં નમાઝ પઢવાનો ઘણો જ સવાબ છે. દર જુમેરાતે મગરીબૈન પછી મોડી રાત સુધી લોકો નમાઝ દુઆઓમાં લાગેલા રહે છે. જુમેરાતે તો આસપાસના ગામો તથા શહેરમાંથી અસંખ્ય જનમેદની ઉમટી પડે છે. જેઓ પોતાના નાસ્તો કે

જમવાનું સાથે લઈને ઈબાદતના હેતુથી જ અહીં આવે છે.

કુમમાં ચાર દિવસના રોકાણ દરમ્યાન અમોએ ઉપરોક્ત બધી જ ઝિયારતો પઢી. માસુમાએ કુમના રોઝાની સામે તદ્દન નજીક જ એક હોટલમાં અમારો ઊતારો હતો. જેથી વારંવાર દિવસમાં અનેક વખત રોઝામાં આસાનીથી થોડોક પણ સમય મળે કે તરત હાજરી આપી શકાતી. ત્યાં ઈન્ડિયા, પાકિસ્તાન તથા બાંગ્લાદેશના અનેક તાલિબે ઈલ્મો મળ્યા. દર શુક્રવારે રજાના દિવસે રોઝામાં જ એક ખૂણામાં તેઓ એકત્ર થાય છે, કૂમ એક ઈલ્મી નગરી છે. તે અંગેની વિગતો મેં મારા હવે પછી આવતા લેખ "ઈન્કિલાબ પછીનું ઈરાન"માં લખી ચૂક્યો છું. ત્યાં શાકભોંની જેમ

દરરોજની કિતાબોની હેરાફેરી અને દુકાનો જોવા મળશે. બી. બી. સી. કહે છે કે કુમ ઈઝ ધ વેટીકન સીટી ઓફ ઇસ્લામ.

મારા બે દીકરા મૌલાના શબ્બીરઅહમદ અને મૌલાના હુસૈનઅહમદ મુંબઈ નજફી હાઉસની પઢાઈ પૂરી કરીને કુમમાં પઢાઈ કરતા હતા. હાલ તેઓની પઢાઈ મશહદે મુકદ્દશમાં ચાલુ છે. જેથી તેઓના ઈન્ડિયા પાકિસ્તાનના મિત્રો મને અને મિસિસને તેમના ઘરે પણ લઈ ગયા સાથે સાથે ઈરાની વિદ્યાર્થીઓના ઘર જોવાનો મોકો મળ્યો. ઘણા જ નજીકથી ઈરાની પ્રજાને જોવાનો, જાણવાનો, સમજવાનો અવસર મળ્યો.

## ઈરાનની ટ્રેનમાં મુસાફરીનો લ્હાવો.

કુમથી અમો બાય રેલ્વે મશહદ આવ્યા. ઈરાનની રેલ્વેની સફર સમગ્ર જિંદગી યાદ રહેશે. ઘરમાં પણ એટલો આનંદ આરામ ન મળ્યો હશે. એટલો આનંદ આરામ ઈરાનની રેલ્વેમાં ક્રૂમથી મશહદના આઠ કલાકની સફરમાં મળ્યો. ઈરાનની રેલ્વેની મજા જ કંઈ ઓર છે. દરેક ડબામાં સ્લીપીંગ સીટો જ હોય છે. ૬ સ્લીપર કે ચાર સ્લીપર, એરકંડીશન ડબા, નવી નકોર જ રેલગાડીઓ, દરેક સીટ ઉપર ગાલીચો, તે પણ સફાઈદાર ચોખ્ખો ચણાક. વચ્ચેની બે સ્લીપર ઊંચી કરી છ વ્યક્તિ બેસી શકે. કોઈ સ્ક્રૂ પણ ઢીલોઢાલો કે તૂટેલો ભાંગેલો ન દેખાય. સ્ટીલનો એક જગ, ૬ ગ્લાસ, જગમા પીવા માટે પાણી. એવી સગવડ કે બેઠા

હોય તો બંને સાઈડના પાટીયાં ખેચતા ડાયનીંગ ટેબલ બની જાય. નાસ્તો મૂકી જમી લો. પછી પાટીયાં ઊભા કરી દો, તળિયે પણ ઝાજમ બીછાવેલી જ્યાં આપણે બૂટ પહેરીને ચાલીએ છીએ ઠંડી કે ગરમી જરાય ન લાગે. છ માસ અતિશય ઠંડા બરફબારી જ થાય. અને છ માસ અતિશય ગરમી. જે કારણથી ઘરોમાં પણ જમીન પર ઝાજમો બીછાવેલી જ હોય છે. ટ્રેનમાં જાજરૂ વિશાળ અને ચોખ્ખા. ઉપરાંત ત્યાં પણ ઝાજમ બિછાવેલી જ હોય, વાસ કે ગંદકીની તો વાત જ નહીં કરવાની, જાજરૂમાં દાખલ થતાં ઘડીભર તો માણસ નવાઈ પામી જાય. પાણીની તો કોઈ તંગી સમગ્ર ઈરાનમાં છે જ નથી. બધે જ મીઠું અને ઠંડુ પાણી ભરપૂર પ્રમાણમાં નીકળે છે. સૂતી વખતે ઉપરની ત્રીજી

સીટ ઉપર સૂવા જનારે કોઈ આમ તેમ હાથ રાખી છલાંગ નહીં મારવાની. બધાની નવાઈ વચ્ચે અમોએ અમારી સીટની પાછળ એક સીડી જોઈ. મજબૂત, હલકી અને અપટુડેટ, જે સીડી પણ એવી કે માપની ગોઠવાય જ જાય. જેથી ગમે તેવી વૃદ્ધ વ્યક્તિ પણ આસાની સાથે-ભય વગર ઉપરની સીટ ઉપર ચઢી શકે.

એક પણ પેસેન્જર સીટની સંખ્યાથી વધારે ન મળે. દરેકની ટીકિટ ઉપર ડબા નંબર અને સીટ નંબર હોય. દરેક ડબામાં એક ટિકિટ ચેકર અને એક વ્યક્તિ પેસેન્જરોની દેખરેખ સંભાળ માટે હોય જ. દરેક ડબાની બહાર જ આ વ્યક્તિઓ ઊભેલા હોય. તમો ટિકિટ બતાવો ડબા નંબર બરાબર હોય તો જ


amillibrary.com

તમને અંદર બેસવા દે નહીં તો તમારો ડબો તમને બતાવે.

સ્ટેશન બહાર તમારા સામાનનું બરાબર ચેકીંગ થાય. તમો સ્થાનિક હોય કે પરદેશી બધાનું જ ચેકીંગ. પછી ટિકિટ જોઈ આપણને સ્ટેશનમાં દાખલ થવાની પરવાનગી મળે. રેલ્વે સ્ટેશનની અંદર કોઈપણ વધારાની વ્યક્તિ, સગું કે વળાવવા આવનાર આવી શકે નહિ. ફક્ત જેમની પાસે ટિકિટ છે તેઓ જ અંદર દાખલ થાય. ન હો હા કે ન કોઈ અવાજ. ચિચિયારી, ભરચક પેસેન્જર ટ્રેનમાં પણ નિરવ શાંતિ, ન તો રેલ્વે સ્ટેશન ઉપર કોઈ ફકીર માંગણીયા-ભીખારી કે ન કોઈ વેચનારા ફેરીયા મળે. કશું જ નહિ. બસ મુસાફરો અને સરકારી ટ્રેન અધિકારીઓ.

જો કોઈ બોગીમાં પુરુષો વધુ હોય અને એક કે બે સ્ત્રીઓ હોય તો આ અધિકારીઓ સ્ત્રીઓને બીજી બોગીમાં લઈ જઈ જગ્યા આપે અને ત્યાંથી એકાદ બે પુરુષોને આ બોગીમાં લઈ આવે. જેથી પડદો સચવાય. કારણ કે સ્ત્રીઓમાં સંપૂર્ણ અને ખૂબ જ સારીરીતે શરીર ઢંકાઈ એવી મોટી ઢીલીઢાલી કાળી ચાદર, જેમાં નાક અને આંખો, હોઠ અને કાંડા સિવાયનું સંપૂર્ણ શરીર ઢંકાયેલું રહે છે. ટ્રેનમાં દરવાજામાં દાખલ થતાં બે ફૂટની ગલી ચાલવા માટે હોય, જે દ્વારા આખી ટ્રેનમાં ફરી શકાય, આ ફૂટપાથ જેવી ગલી સમગ્ર ટ્રેનને આવરી લે છે. દરેક ડબામાં ચાર સ્લીપર કે છ સ્લીપરની નાની નાની ઓરડી, તે પણ સંપૂર્ણ બંધ કરી શકાય. એક ઓરડીમાંથી (બોગીમાંથી) નીકળી બીજા ડબામાં

જતી કે બીજી બોગીમાં જતી વ્યક્તિને બોગીમા બેઠેલા પેસેન્જરો પોતાના કાચમાંથી જોઈ શકે.

દૂધ વગરની ચા ટ્રેનમાં ખૂબ જ સસ્તી મળે, જે બહાર મળે છે તેના કરતાં પણ અડધી કિંમતે મળે. પાણી પણ ચોખ્ખું ઠંડુ બરફ નાખેલું. તમો ત્યાં જઈને લઈ આવો. દરેક ત્રણ ચાર ડબા પછી જમવાનો આ ડબો તમારી બધી ખાણીપીણીની વ્યવસ્થા સસ્તાદરે કરે. તમો ઓર્ડર આપી આવો તો તમારા ડબામા (તમારી ઓરડીમાં) આવીને માણસ આપી જાય. એવી આરામદાયક મુસાફરી કે જરાપણ તકલીફ પેસેન્જરને ન થાય. આપણને ઘર જેવી બધી સુવિધાઓ અને આરામ ટ્રેનમાં મળે. બલ્કે ઘરની થાકેલી વ્યક્તિનો થાક ટ્રેનની મુસાફરીમાં ઊતરી જાય, એમ કહું તો અતિશ્યોક્તિ

ન ગણાય. સામાન પણ તમારી પાસે યોગ્ય પ્રમાણમાં હોય બધો જ તમારા ઓરડીમાં સમાય જાય. સ્ટેશન આવે તો ગાડી તેના નિયમ મુજબ ઊભી રહે. પરંતુ ગાડીના આ ઊભા રહેવાના સમય દરમ્યાન જો તમો પેશાબ પાણી કે જાજરૂ જાઓ તોં જાજરૂ બંધ મળે. દરેક સ્ટેશન ઉપર ગાડી ઊભી રહેવાના બે ચાર મિનિટ અગાઉ જાજરૂઓ બંધ કરવામાં આવે છે. જેથી સ્ટેશન ઉપર ગંદગી જમા ન થાય. પછી ગાડી ઉપડવાની સીટી વાગે અને ગાડી ગતિ પકડી સ્ટેશન એરીયાની બહાર નીકળે કે જાજરૂઓ ખોલી નાખવામાં આવે, આટલું સુંદર વ્યવસ્થાતંત્ર ભાગ્યે જ બીજે જોવા મળે.

નમાઝોના સમય થાય એટલે ગાડી નજીકના સ્ટેશને ઊભી રહે. દરેક સ્ટેશન ઉપર

પ્લેટફોર્મ નજીક જ મસ્જિદ હોય. જ્યાં ઓરતો મરદોની અલગ વ્યવસ્થા હોય. વુઝૂની વ્યવસ્થા હોય. બધું જ અપટુડેટ, સુંદર, સુઘડ અને સમયસર નજરે પડે, ગાડી ઊભી રહે અને આ જ સ્ટેશન ઉપર નમાઝ પઢવાની હોય તો તમારા ડબાનો વ્યવસ્થાપક બૂમો પાડે. નોમાઝ, નોમાઝ તરત જ બધા ઊતરી જાય નમાઝ અદા કરે. પછી સરકારી માણસ મસ્જિદમાં જઈ ચેક કરે કે કોઈ રહી તો નથી ગયું ? પછી ગાડી ચાલૂ થાય. અમો કૂમથી મશહદની પૂરા આઠ કલાકની મુસાફરી કરી ફજરની નમાઝ પછી સવારના પહોરમાં મશહદ પહોંચી ગયા. સામાન ચેક કરી, મજૂરની લારીમાં સ્ટેશનથી બહાર આવ્યા. અહીં કોઈ ટીકિટ ચેકર હોતા નથી. કારણ કે તમારી ટિકિટ ચેક કરીને જ તમને ટ્રેનમાં

બેસવા દે છે. ઉપરાંત અંદર પણ કોઈકવાર ચેકિંગ થાય છે. મશહદમાં ક્રમથી વધુ ઠંડી હતી. હજી તો ઠંડીની શરૂઆત હતી. બાકી ખરા શિયાળામાં તો પાંચ પાંચ દિવસ લગાતાર બરફબારી થાય છે. આ બરફબારી એ જ ત્યાંનો વરસાદ અને પીવાનું પાણી સમજો. શિયાળામાં તો ઘરના આંગણા, રોડ, શેરીઓ બધું જ બરફથી ભરાઈ જાય. સરકારી અધિકારીઓ મશીન દ્વારા બરફ સાફ કરે છે. વ્યક્તિએ પણ પોતાના આંગણાંમાનો બરફ પાવડા વડે હટાવવો પડે.

મશહદમાં મારા બંને ફરઝંદો મૌલાના શબ્બીરઅહમદ અને મૌલાના હુસૈનઅહમદ તેમની પત્નીઓ સાથે મને સ્ટેશન ઉપર લેવા ઊભા હતા. સાથીઓથી મુલાકાત કરી. સાલારે કાફલા

લકઝરીની તલાશમાં હતા. જેથી હોટલ સુધી જઈ શકાય. અહીંથી અમો અમારા કાફલાથી છૂટા પડતાં હતાં. ફરઝંદોએ ટેક્સી કરી. હું અને મિસિસ મોટા ફરઝંદના ઘરે ઊતર્યા સાથીઓનો હોટલ અને ફોન નં. વગેરે જાણી લીધાં કારણ કે મશહદ અને તેના આસપાસની ઝિયારતો હું તેઓની સાથે જ કરવા ઇચ્છતો હતો.

મા પોતાના બેટાઓ અને વહુઓને મળી. ખુશીનો કોઈ પાર જ ન હતો. આ બંને બેટાઓ અગિયાર - બાર વર્ષની ઉમરથી એનાથી વિખૂટા જ છે. એમ કહો તો કંઈ ખોટું ન ગણાય.

મેં તેમને બંનેને ઈલ્મ શીખવા અરબી-ઊર્દૂ સાથે સરકારી અભ્યાસક્રમ બારમાં ધોરણ સુધીનો) માલેગાંવ - મહારાષ્ટ્રના ધુલીયા જિલ્લાની એક

જમાઅતે ઈસ્લામી સંસ્થામાં સંપૂર્ણ મારા ખર્ચ સાથે ધો. ૫માં દાખલ કર્યા હતા. માલેગાંવ પહોંચતા ભરૂચથી દસ-બાર કલાક થાય છે. ત્યારે તેમની બંનેની ઉંમર દસ-બાર વર્ષની હતી. ત્યાં બરાબર પાંચ વર્ષ અભ્યાસ કરી ધો. ૧૦ની વાર્ષિક પરીક્ષા અગાઉ તેઓને માલેગાંવ છોડવાના સંજોગો ઊભા થયા. એની મુખ્ય જવાબદારી મારું પરિવર્તન - મારા જીવનનો ઈન્કિલાબ હતું. જેથી જનાબ આગા મુસવી સાહેબની સાથે મશ્વિરો કરીને તેમને મુંબઈ - ડોંગરી નજફી હાઉસમાં દાખલ કર્યા ત્યાં મોટો દીકરો ચાર વર્ષ પછી અને નાનો દીકરો પાંચ વર્ષ પછી ઈરાન વધુ અભ્યાસ અર્થે આવ્યા. ઈન્ડિયાના દસ વર્ષના ઈલ્મ અભ્યાસ દરમ્યાન પણ બંને ફક્ત વેકેશનોમાં જ ઘેર (ભરૂચ) આવતા. અને હવે

ઈરાન આવ્યા પછી તો મા થી વધુ દૂર થઈ ગયા. જેથી મા ના ચેહરા પરથી ટપકતાં ખુશીના આંસુ હું જોઈ શકયો. (આ બાબતોની વિસ્તારથી વિગતો મારી ભવિષ્યમાં પ્રકાશિત થનાર કીતાબ "જ્યારે મને સત્ય સમજાયું"માં આવશે ઇન્શાઅલ્લાહ.)

દીકરાઓના ઘર કીતાબોનો ઢગલો જોયો. ભરેલા કબાટો, તફસીર, તારીખ, ફિકહ, ઉસૂલે ફિકહ, રેજાલ, મન્તીક, ફલસફા, મતલબ દરેક પ્રકારની કીતાબો મોજૂદ હતી, વખતની કમીના કારણે ફરઝંદોને ઉપરછલ્લી પૂછપરછ કરી લીધી. વિસ્તૃત જાણકારી મેળવવાનો પણ મારી પાસે સમય ન હતો. તે સિવાય જાણવા મળ્યું કે અનેક કીતાબો તો કોમ્પ્યુટરમાં નાખી છે. જ્યારે જોવી હોય

તો જોઈ શકાય. મારા દીકરાઓનો ઈલ્મી શોખ જોઈ મને દીલી આનંદ થયો.

## મશહદની ઝિયારતો

પ્રથમ અમો આઠમા ઈમામ અલી રઝા (અલ.)ના રોઝા ઉપર આવ્યા. આલીશાન જગ્યામાં રોઝો આવેલો છે. ઝવ્વારોની ભીડ એટલી કે માણસ ખોવાઈ જાય. બધા જ વિશાળ દરવાજા એક જ ટાઈપના, મદીનાની મસ્જિદે નબવી જેવી જ વિશાળતા, દરવાજાનો નંબર યાદ રાખવો પડે. મારે તો બહુ ચિંતા ન હતી. ફરઝંદો સાથે જ હતા.

ટેબ્લેટ લઈને મેં પગના દુ:ખાવાને દ્બાવ્યો હતો. ઝવ્વારોની ભીડને જોઈને હું આશ્ચર્ય પામ્યો. દાખલ થવાની ઝિયારત પઢી. એહલેબયત ઉપર દુરૂદ પઢતો પઢતો હું અંદર દાખલ થયો.

કાબતુલ્લાહમાં હજરે અસવદ ઉપર પહોંચવા માટે જેવી ભીડ હતી તેવી ભીડ મેં રોઝાની આસપાસ જોઈ. જાળીને હાથ લગાડવા લોકો પડાપડી કરતા હતા. કચડાઈ જવાય એવી ભીડ અને મારો ઓપરેશનવાળો પગ. જેથી ફરઝંદ શબ્બીરે મને વિનંતી કરી કે પપ્પા - આપ નજીક ન જાઓ તો જ બેહતર છે. અહીં થોડેક દૂરથી જ્યાંથી રોઝા અને જાળી જોઈ શકાય છે. આપણે ઝિયારત પઢી લઈએ. ઝિયારત પઢી દુઆઓ માગી.

ચારે તરફ મોટા ભાગે ઈરાની ઝવ્વારો જ હતા. કારણ પૂછતાં ફરઝંદોથી જાણવા મળ્યું કે ઈરાનીઓ હાલ કેટલાક વર્ષથી ઈરાકની ઝિયારતોએ જઈ શકતા નથી. ઈરાક સરકારની અડચણોના કારણે આમ બને છે. ઉપરાંત હજ અને

ઉમરાહ માટે પણ સઉદી સરકાર ઈરાનીઓને મર્યિદિત સંખ્યામાં વીઝા આપે છે. જેથી આ લોકો વધુ પઢતા ઈમામ અલી રઝા (અલ.)ના રોઝા મુબારક ઉપર હાજરી આપે છે. ફક્ત રમઝાનમાં ખાવા પકાવવાના સમયે અહીં ભીડ ઓછી હોય છે. ત્યારે આપણે થોડીક ઓછી તકલીફથી ઝરી મુબારકને અડકી શકીએ છીએ.

ત્યાર બાદ તો હું રાતના પણ રોઝા ઉપર ગયો પરંતુ નજીક તો કદી પહોંચી જ ન શક્યો. તેનો મને આજેપણ અફસોસ છે. એક દિવસ આરામ કરી અમો ત્રીજા દિવસે મશહદની આજુબાજુની ઝિયારતોનો પ્રોગ્રામ બનાવ્યો. બંને દીકરા અને તેમની પત્નીઓ પણ કાફલા સાથે જ હતાં. આ ઝિયારતોમાં.

## નિશાપુર અને તેની આસપાસની ઝિયારતો

લકઝરીમાં અમો નિશાપુર જવા નીકળ્યા. જ્યાં ચશ્માએ ઈમામ રઝા (અલ.) છે. આપના કદમ મુબારક પણ ત્યાં જ છે. રસ્તામાં આવતી ઝિયારતોએ દુઆઓ કરતા, અલ્લાહની રહમતો માગતા, અમ્ર બિલ મઅરૂફ કરતા અમારો કાફલો મંઝિલ કાપતો હતો.

## અબા સલ્ત હરવી (રહ.)

હઝરત અબા સલ્ત ઈમામ રઝા (અલ.)ના અસહાબી હતા. આપથી બેહદ મહબ્બત રાખનાર આપના દરવાન હતા. તેમના દ્વારા ઈમામે હારૂન રશીદની કબરની પણ તરફની માટી મંગાવી, સુંઘીને ફેંકી દીધી. ફરમાવ્યું, “નજીકના ભવિષ્યમાં મારી કબર માટે આ જગ્યાની જમીન ખોદવામાં

આવશે. અને મને અહીંયા દફન કરવાની કોશીશ કરવામાં આવશે. પરંતુ જમીનના નીચે એક એવો પથ્થર આવશે જે કાપવાથી કે તોડવાથી ક્યારેક તૂટે નહીં, ન ઉખેડવાથી ઉખેડી શકાશે. ત્યાર બાદ આપે હારૂન રશીદના માથા તરફની માટી મંગાવી, સુંધી પછી ફરમાવ્યું "મારી કબર અહીં જ બનશે અને હું અહીં જ દફન થઈશ." અય અબા સલ્ત કાલે મને મામૂન બોલાવશે. જ્યારે હું જવાની તૈયારી કરૂં તો તમે જોઈ લેજો કે મારા માથા ઉપર કોઈ ચાદર વગેરે છે કે નથી ? જો ચાદર હોય તો મારી સાથે વાત ન કરશો અને જો ચાદર ન હોય તો જે બાબત ઇચ્છો વાત કરજો.

અબા સલ્ત કહે છે કે નમાઝે ફરજથી પરવારીને ઈમામ મામૂન રશીદના સંદેશાની રાહ

જોવા લાગ્યા. એટલામાં મામૂનનો સંદેશાવાહક આવી પહોંચ્યો. ઈમામ તેની સાથે રવાના થઈ ગયા, જોયું તો આપના સરમુબારક ઉપર ચાદર જેવું કંઈક હતું. જેથી મેં આપના હુકમ મુજબ કોઈપણ પ્રકારની વાતચીત ન કરી, ઈમામ તશરીફ લઈ ગયા !

મામૂનની સામે અંગૂરની થાળી પડી હતી. તેણે આપનું સંમાન કર્યા પછી કહ્યું, "ઈબ્ને રસૂલ ! અંગૂર ખાઈએ, આપે આના કરતાં બેહતર અંગૂર કદી નહીં જોઈ હોય."

ઉત્તરમાં ઈમામે ફરમાવ્યું, "જન્નતના અંગૂર એના કરતાં પણ કંઈ દરજ્જે વધુ ઉત્તમ છે."

પછી મામૂને અંગૂરનું એક ઝૂમખું ઉઠાવીને કહ્યું લો, ખાઓ."

આપે એમ કહીને ઈન્કાર કર્યો કે, “આ સમયે કંઈપણ ખાવાની મારી ઈચ્છા નથી હું માફી ચાહું છું.”

મામૂને ખાવાની ખૂબ જ જીદ કરતાં કહ્યું, “શું આપને મારા ઉપર વિશ્વાસ નથી ! આપ મારા ઉપર તોહમત લગાવો છો ? મારી સાથે બદગુમાની કરો છો ? આપે અંગૂર ખાવા જ પડશે. આમ કહીને તેણે અંગૂર આપની તરફ મૂક્યા. ઈમામે મઝબૂર થઈને ફક્ત ત્રણ દાણા ખાધા. તરત જ આપના પેટમાં ગરબડ ઊભી થઈ. છાતીમાં અગ્નિ બાળવા લાગ્યો આપે બાકીની અંગૂર ત્યાં જ છોડી, ચાલવાનો ઈરાદો કર્યો, મામૂને કહ્યું, “અરે આપ આટલા જલ્દી કયાં ચાલ્યા ?” ઈમામે કહ્યું, “જ્યાં તું મને મોકલવા ઈચ્છે છે ?” અબુ સલ્ત કહે છે ઈમામ

અલયહિસ્સલામ દરબારથી રવાના થઈ ગયા. ઘરમાં દાખલ થયા અને મને હુકમ આપ્યો કે દરવાજો બંધ કરી દો, મેં દરવાજો બંધ કર્યો. આપ હુજરામાં દાખલ થઈ બિસ્તર ઉપર સૂઈ ગયા.

આપ બિસ્તર ઉપર સૂતા કે મને ખૂબ જ રંજોગમ થયો, જાતજાતના વિચારો આવવા લાગ્યા. ઘરના કોટનો દરવાજો બંધ હોવા છતાં મેં એક ખૂબ સુરત નવજવાનને જોયો, જે હુજરામાં દાખલ થવાની તૈયારીમાં હતો.

મેં પૂછ્યું "આપ કોણ છો ? અને અહીં કેવી રીતે આવ્યા છો ? દરવાજો તો મેં બંધ કરી દીધો હતો.

ઉત્તર આપ્યો "હું હુજ્જતે ખુદા મોહંમદ તકી (અલ.) છું. મને બંધ મકાનમાં તે જ લાવ્યો છે જેણે

મને મદીનાથી અહીં પહોંચાડ્યો છે. હું મારા વાલીદ મોહતરમની સેવા માટે હાજર થયો છું. આમ કહીને આપ હઝરત ઈમામ રઝા (અલ.) ના હુજરાનો પડદો હટાવી અંદર દાખલ થયા. ઈમામે આપને જોયા, તરત જ છાતીસરસા ચાંપી દીધા. પેશાનીને બોસો આપ્યો. અને ખૂબ જ ધીમે ધીમે વાતો કરવા લાગ્યા. થોડીક વાર પછી આપની રૂહ મુબારક જન્નતના બગીચામાં પરવાઝ કરી ગઈ. મોહંમદ બિન અલી (અલ.) એ ગુસલ અને કફનની વ્યવસ્થા કરી, કુદરતી તાબુતમાં રાખીને નમાઝે જનાઝહ અદા કરી. મેં વિનંતી કરી "મૌલા ! હમણા જ મામૂન વગેરે આવતા હશે. તેઓ મને ગુસલ, કફન અને હુનુટ વગેરે માટે પ્રશ્નો કરશે, તો હું શો ઉત્તર આપીશ. (હુનુટ = ખુશબો)

આપે ફરમાવ્યું “ગભરાઓ નહીં, હું રીવાજ પ્રમાણે મારા ઝહેર અપાયેલા વાલીદ સાહેબને બિસ્તરા ઉપર સૂવડાવી દઉં છું. તમે દરવાજો ખોલી નાખો.

મેં દરવાજો ખોલી નાખ્યો અને બે જ મિનિટમાં મામૂન અને બીજા દરબારીઓ ઘરમાં દાખલ થયા. પછી રસ્મી-દેખાવ પુરતું રડવાનો ઢોંગ કર્યો. હાયવોય કરી. નવેસરથી ગુસલ કફનની વ્યવસ્થા કરાવી, અને આપને હારૂન રશીદના માથાની દિશામાં દફન કર્યા

(સવાહેદુન્નુબુવ્વત પેજ નં. ૨૧૨), (રોઝતુલ અહબાબ ભાગ - ૩ પેજ નં. ૧૬)

(આઆલામુલ વરા પેજ નં. ૧૯૮)

જનાબ અબા સલ્ત હરવીના રોઝાની ઝિયારત કરી અમારો કાફલો હરસમા બિન અઈનની કબર ઉપર પહોંચ્યો, તેઓ પણ ઈમામના દરવાન હતા.

ત્યાંથી અમો હકીમ અબુલ કાસિમ ફિરદોશીની મઝાર ઉપર આવ્યા.

## હકીમ અબુલ કાસિમ ફિરદોશી

ફિરદૌશી એક શાઈર હતા. એમણે રૂસ્તમ અને સોહરાબની જંગને ઘણી જ સુંદર શાએરીમાં લખી છે. ફિરદોશીની આ શાએરીનો ગ્રંથ “શાહનામા ફિરદોશી”ના નામથી પ્રખ્યાત છે. આ ગ્રંથમાં સાઠ હજાર અશઆર છે. ફિરદોશીની આ શ્રેષ્ટ કૃતિ ગણાય છે. યાદગાર પણ. આના કારણે જ ફિરદોશી જીવંત છે.

ફિરદોશીની મઝારની પાસે જ હારૂનરશીદનું કયદખાનું છે. ત્યાં પહોંચ્યા, બધા જ રડી પડ્યા. આ જ જગ્યાએ ઈમામને કયદ કર્યા હતા. ત્યાં એક મોટો ઝહેર પીવડાવેલો પથ્થર પણ છે. તેના અનુસંધાનમાં જણાવવામાં આવ્યું કે સાદાતે બની ફાતેમા (અલ.)ની ગરદનો આ પથ્થર ઉપર મૂકીને કાપી નાખવામાં આવતી હતી.

## ખ્વાજા શૈખ ફરીદુદ્દીન મોહંમદ આર (રહ.)

ખ્વાજા શેખ ફરીદુદ્દીન મોહંમદ આર (રહ.) ઈરાનમાં એક મશહુર શાઈર હતા. (હીજરી ૬૨૭) ઈરાનમાં આપનો મરતબો શાએરીમાં ઉચ્ચ છે. મશનવી "મન્તીકુર"ના કારણ આપ વધુ પ્રખ્યાત થયા. આપે નઅતીયા મશનવી પણ લખી છે.

આપના અશઆરથી પેગંબરે ઈસ્લામ સાથે આપની બેપનાહ અકીદત અને મહબ્બતનો ખ્યાલ આવે છે.

અહીંથી અમો "ચશ્મએ ઈમામ રઝા" (અલ.) ઉપર પહોંચ્યા.

આ એક ઐતિહાસિક ઘટના છે. એક વખત ઈમામ સફર દરમ્યાન આ જગ્યાએ આવ્યા. તો સૂરજ ઢળી રહ્યો હતો ફરીઝએ ઝહોર અદા કરવા માટે સવારી પરથી નીચે ઊતર્યા અને વૂઝુ માટે પાણી માગ્યું. તો ઉત્તર મળ્યો કે "મૌલા અહીં તો પાણીની ઘણી જ તંગી છે. પાણી મળવું ઘણું જ મુશ્કેલ છે. આ સાંભળી આપે જમીન પર પડેલા એક પથ્થરને પગથી ઠોકર મારી તરત તેની નીચેથી ઝરણુ વહેતું થયું. આપે આ ચશ્માના પાણી વડે વુઝુ કર્યું. નમાઝ અદા કરી. આ ચશ્મો આજે

પણ ચાલુ છે. અને ઈમામના મોઅઝેઝાતની સાક્ષી આપે છે. આ ચશ્માની જગ્યાએ અત્યારે એક મોટી ઈમારત છે. તેના એક ખૂણામાં દિવાલ ઉપર એક પથ્થર લાગેલો છે. જેના ઉપર કદમના નિશાન સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. કહેવામાં આવે છે કે આ અમીરૂલ મોઅમેનીન (અલ.)ના કદમ મુબારકના નિશાન છે.

અહીં દિવસ-રાત ઝિયારત અર્થે કાફલાઓની આવનજાવન ચાલુ જ હોય છે. બરકત હાસિલ કરી. ચશ્માનું પાણી પણ પીધું જે ઘણું જ મીઠું અને ઠંડું હતું.

અહીંથી અમો થોડેક જ દૂર હકીમ અબુલ ફતહ ઉમર ઈબ્ને ઈબ્રાહીમ નિશાપૂરીની મઝાર ઉપર ગયા.

## ઉમર બિન ખય્યામ નિશાપુરી

તાલીમ દરમ્યાન ફારસીમાં ઉમર બિન ખય્યામની કતાઓ પઢતો હતો. આજે પણ કોઈક ગેય કતાઓ કદી એકાંતમાં હોઉં તો હું જ બોલી હું જ સાંભળી લઉં છું. બાળપણની યાદો તોં થઈ જાય છે. આજે હું તે જ વ્યક્તિની કબર ઉપર ફાતેહા પઢવા આવ્યો હતો.

ઉમર બિન ખય્યામ ઈરાનના એક પ્રખ્યાત શાયર ગુજર્યા છે. ગુલીસ્તાની અદબ આપની પ્રખ્યાત કૃતિ છે. આપની રૂબાઈઓ ઘણી જ સુંદર અને દીલકશ છે. તેના અનેક ભાષાઓમાં અનુવાદો થયા છે. અંગ્રેજીમાં પણ હિન્દી, બંગાળી, ઉર્દૂ વગેરે પ્રાંતીય ભાષાઓમાં પણ અનુવાદ થયા છે. પરંતુ હિંદી બંગાળીમાં અનુવાદ અંગ્રેજી પરથી થયા છે.

જ્યારે ઉર્દૂમાં સીધા ફારસીમાંથી અનુવાદ થયો છે. જે ઘણો જ સુંદર છે.

ખય્યામુલ હિંદ પ્રોફેસર વાકિફ મુરાદાબાદીએ ઉર્દૂમાં ઉમર ખય્યામની પાંચસો પચાસ રૂબાઈઓનો તરજુમો કર્યો છે. જે ઘણો જ આસાન અને સુંદર છે.

સૈયદ ઈબ્રાહીમ બિરાદર ઈમામ રઝા (અલ.) અને સૈયદ મોહંમદ મહરૂક ફરજંદ ઝૈદ શહીદ

ઉમર ખય્યામના રોઝા ઉપરથી થોડાક આગળ ચાલીને ઉપરોક્ત બંને સૈયદ સાહિબઝાદાના રોઝા મુબારક ઉપર હાજરી આપી. ઝિયારત પઢી. દુઆઓ કરી. ત્યાંથી આગળ ખ્વાજા

રબીના રોઝા ઉપર હાજરી આપી દુઆઓ કરી. જેઓ મૌલા અલીના અસહાબી છે.

આ રીતે અલ્લાહની રહમતથી મશહદની ઝિયારતો પૂર્ણ થઈ. મશહદથી હું કાફલાથી છૂટો પડ્યો. કારણ કે મારા બે ફરઝંદો મશહદમાં ઈલ્મ શીખી રહ્યા હોઈ અમો અહીં એક વીક વધારે રોકાવાનું નક્કી કર્યું. કાફલો અહીંથી તેહરાન રવાના થયો. કાફલાથી છૂટા પડતાં થોડુંક દુ:ખ થયું. હજી મારે તેહરાનની ઝિયારતો બાકી હતી. જે છેલ્લે તેહરાનથી મુંબઈ જતાં અગાઉના દિવસે તેહરાનમાં રોકાઈને કરવાની હતી.

મશહદના મારા રોકાણ દરમ્યાન અમો અનેક આલિમોને મળ્યા. અનેક ઈરાનીઓના ઘરોની તથા ઈન્ડિયાના તાલિબે ઈલ્મોની મુલાકાત

લીધી. તેઓની સામાજિક, આર્થિક જિંદગીને નજીકથી જોવાનો લ્હાવો મળ્યો. અનેક લાયબ્રેરીઓ જોવાનો મોકો મળ્યો. દીલ ખુશ થયું.

મશહદમાં આઠમા ઈમામ (અલ.)ના રોઝામાંનું ભોંયરાનું કબ્રસ્તાન જોયું. સાથે એક દિવસ આઠમાં ઈમામના લંઘરખાનામાં દઅવત ખાધી. તે દિવસે ખૂબ જ ઠંડી હતી. વરસાદ પડતો હતો. આખી રાત વરસાદ પડ્યો. સમાચારની આગાહી તો બરફ પડવાની હતી. પરંતુ બરફ પડ્યો નહિ.

આ સમય દરમ્યાન મેં ફરઝંદ શબ્બીરને સાથે લઈ કેટલીક કિતાબો ખરીદી. જે મારે જરૂરી હતી. સાથે અનેક કુતુબખાનામાં વારંવાર દાખલ

થઈ, કીતાબોના ફક્ત પાના ફેરવવામાં પણ કલાકો ગુમાવ્યા હશે. જે ઈન્સાનના શોખનો વિષય છે.

બીજા શુક્રવારે અમોએ ટિકિટ બૂક કરાવી. આગલા દિવસે સવારમાં તેહરાન પહોંચી શકાય એ રીતે અમો મશહદથી તેહરાનની ૮ કલાકની મુસાફરી પૂરી કરી, તેહરાન આવી હોટલમાં ઊતર્યા

ટ્રેનની આ મુસાફરીમાં વળી ઓર મજા પડી. બે ફરઝંદો તેમની પત્નીઓ હું અને મારાં મિસિસ. ૬ થયાં ૬ વ્યક્તિ બોગીમાં ફક્ત અમારું કુટુંબ જ હતું. મજાની બીરયાની સાથે લીધી હતી. તમામ સગવડો સાથે હતી. હવે ૩૦/૪૦ કલાકમાં ફરઝંદોને છોડવાનું દુ:ખ પણ સાથે જ હતું. આ દુ:ખ સુખમાં વારંવાર વિક્ષેપ કરતું હતું.

અમો બુધવારની સાંજના મશહદથી ટ્રેનમાં બેસી ગુરૂવારના ફજરની અઝાનના સમયે તેહરાન ઊતર્યા ખોજા મુસાફરખાનામાં દાખલ થયા. જ્યાં ઘણી જ સહુલત હતી.

## તેહરાનની ઝિયારતો

બીબી શહેરબાનું ઈમામ હુસૈન (અલ.)ના બીબીનો રોઝો

કુટુંબ સાથે તેહરાનની ઝિયારતો માટે એક ટેક્ષી કરી રવાના થયા. બીબી શેહરબાનું જેમનો રોઝો ઘણે ઊંચે પહાડ ઉપર છે. પથ્થરની ઈમારત છે. ભોયરૂં પણ છે. રોઝાની દક્ષિણ બાજુ એક ગુફા છે. કહેવામાં આવે છે કે જનાબ શહેરબાનું આ ભોંયરામાંથી ગાયબ થયા હતાં. તેની યાદમાં રોઝો બન્યો છે.

જનાબે શેહરબાનું એક ઈમામના વાલીદહ છે. અને એક ઈમામના પત્ની છે. ઈતિહાસ કહે છે કે જનાબ શેહરબાનું પોતાના ફરઝંદ ઈમામ ઝયનુલ આબેદીન (અલ.)ના બાળપણમાં બલ્કે દુધ પીવાના સમયગાળામાં ઈન્તેકાલ કરી ગયાં હતાં. આ બાબત સર્વમાન્ય છે. જેથી આપના અહીંથી ગાયબ થવાનો સમય સમજવામાં આવતો નથી. આપ ઈરાનના બાદશાહ યઝદઝર્દ ઈબ્ને શહરયારના બેટી હતાં. શ્રેષ્ટ ઈજ્જત ધરાવનાર રાજકુંવરી હતાં. છતાં આ રોજો કેવી રીતે બન્યો ? શા માટે બનાવવામાં આવ્યો ? આ પથ્થરની ઘણી પુરાણી પહાડની ટોચ ઉપર નયનરમ્ય સુંદર ઈમારત પાછળનું રહસ્ય શું છે ? વગેરે બાબતો ઇતિહાસના શોધખોળના વિષય છે. જનાબ શહેરબાનું કયા સંજોગોમાં અહીં આવ્યાં

હતા ? વગેરે બાબતો સમજવા માટે ઈતિહાસમાં ઊંડા ઊતરવું પડે. જે સમય માગી લે છે. ત્યાં ફાતેહા વગેરે પઢી બે રકાત નમાઝ અદા કરી, દુઆઓ માગી. ત્યારબાદ અમો શેહઝાદા અબ્દુલ અઝીમનાં રોઝાની ઝિયારતે આવ્યા.

## શેહઝાદા અબ્દુલ અઝીમ

આપનો રોઝો જોઈને તબીયત ખુશ થઈ ગઈ. શું શાનદાર રોઝો બનાવ્યો છે ? આખો રોઝો સફેદ ચમકદાર કાચનો બનેલો છે. આ રોઝાની અંદરના ભાગે ઈમામઝાદા હમઝાહની કબર પણ છે. અને રોઝાની બહાર સહેનના ભાગમાં કિનારા ઉપર ઈમામ ઝાહદ તાહેરનો રોઝો છે. તાહેર ઈબ્ને ઝયનુલ આબેદીન.

અલ્લાહની રહમતથી અહીં ત્રણ ઝિયારતો પઢી. ત્રણેય જગ્યાએ દીલ લગાવીને બે બે રકાત નમાઝ અદા કરી. ખૂબ ખૂબ દુઆઓ માગી. આ બુઝૂર્ગોનો વસીલો માગ્યો. શાહઝાહદ અબ્દુલ અઝીમ આલમે ઈસ્લામની એક ઉચ્ચ શખ્શીયત છે. જેમને ઈમામ અલી રઝા (અલ.) અને ઈમામ મોહંમદ તકી (અલ.)ની સહાબીયતનો મરતબો પ્રાપ્ત છે. આપની વંશાવલી ચાર વાસ્તાથી હઝરત ઈમામ હસન (અલ.) સુધી પહોંચે છે તે આ પ્રમાણે છે. અબ્દુલ અઝીમ બિન અબ્દુલ્લાહ બિન અલી બિન હસન બિન ઝૈદ બિન હસન બિન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)

આપ ખાનદાને, નુબુવ્વતના ફરઝંદ હોવા સાથે એક ઉચ્ચ મોહદ્દીસ અને આલિમે બાઅમલ

હતા. આપ પરહેઝગારીમાં અજોડ ગણાતા. ઈમામ અલી રઝા (અલ.) અને ઈમામ મોહંમદ તકી (અલ.)ના ખાસ સહાબી હતા. બંને ઈમામ સાથે આપને ગાઢ સંબંધ હતો. આપે બંને ઈમામોથી ઘણીબધી હદીસો નકલ ફરમાવી છે. આપે "ખુતબએ અમીરૂલ મોઅમેનીન" ના નામથી એક મશહુર કિતાબ લખી છે. યવમ વ લયલહ" અકીદાના વિષયમાં લખીને ઈમામ અલી હાદી (અલ.)ની સેવામાં રજૂ કરી, તો ઈમામે પોતાની અનહદ ખુશી જાહેર કરી, કીતાબને ખૂબ જ પસંદ કરી, સાથે તશદીક કરતા ફરમાવ્યું કે "આ તે દીન અને તે અકીદો છે જેને ખુદાવંદે આલમે પોતાના બંદાઓ માટે મુકર્રર કર્યો છે. અલ્લાહ તમને આ દીન અને

અકીદા ઉપર દુનિયા અને આખિરતમાં સાબિત કદમ રાખે.

શાહઝાદહ અબ્દુલ અઝીમની હાલાતે જિંદગીના વિષયમાં અલ્લામાં નૂરીએ પોતાની કિતાબ "મુસ્તરક અલ વસાઈલ"માં વર્ણવ્યું છે કે "શાહઝાહદ અબ્દુલ અઝીમ તે સમયના બાદશાહના જુલમથી બચવા ચાલી નીકળ્યા. શહેરની બહાર જઈને પોતાને એલચી તરીકે - (સંદેશવાહક) જાહેર કરીને ફરતા રહ્યા. અસાધારણ પ્રતિભા, ખુબસુરતી, વાક્છટા, ધરાવનાર બુદ્ધિશાળી વ્યક્તિએ સમાજમાં છુપાવું પણ અઘરૂં છે. પોતાને શું બનાવે ? છેવટે આપ શહેર રય પહોંચ્યા, ત્યાં ઊંટ ચલાવવાવાળાઓમાં છુપાઈને રહ્યા. અને નજ્જાશીના વર્ણાનુસાર સકતલ માવીલના કેટલાક

શીયાઓની પાસે ભોંયતળિયામાં છુપાઈને રહ્યા. રોઝા રાખવાની ઘણી આદત હતી. ઘણે ભાગે રોઝદાર રહેતા. રાતનો મોટો ભાગ ઈબાદતમાં ગુજારતા. છુપાઈને જ્યારે બહાર નીકળતા તો તે કબરની ઝિયારત કરતા જે અત્રે આપની કબરની સામે જ છે. ફરમાવતા કે આ કબર ઈમામ મુસા કાઝિમ (અલ.)ના ફરઝંદની છે. પહેલ પહેલા તો આપને શીયા બિરાદરીમાંથી અમૂક જ લોકો ઓળખતા, પરંતુ થોડાક સમય પછી ઘણા બધા લોકો આપને ઓળખતા થઈ ગયા.

એક મોમીને પેગંબરે ઈસ્લામને ખ્વાબમાં જોયા કહ્યું કે, "મારા ફરઝંદને સકતલ મવાલીથી લઈને જઈને અબ્દુલ જબ્બારના બાગમાં સફરજનના ઝાડ નીચે દફન કરી દો."

મોમીન જાગ્યો તો તે મોમીન બાગના માલિક પાસે ગયો બાગ ખરીદવા ઈચ્છા વ્યક્ત કરી.

બાગના માલીકે પૂછ્યું “શા માટે ખરીદો છો?” તે વ્યક્તિએ પોતાનું ખ્વાબ વર્ણન કર્યું. બાગના માલિકે કહ્યું, “મેં પણ આ જ ખ્વાબ જોયું છે. માટે હું સંપૂર્ણ બાગ તમામ એહલેબયતના ચાહકો માટે અને ખાસ તો આ સૈયદ બુઝુર્ગ માટે વકફ કરું છું. મોમેનીન પોતાના મૂરદાઓને અહીં દફન કરી શકે છે.

અહીં આ પરિસ્થિતિ સર્જાઈ હતી કે અચાનક શાહઝાદા અબ્દુલ અઝીમ બીમાર પડ્યા. બે ચાર દિવસોમાં ખુદાની રહમતમાં પહોંચી ગયા. જ્યારે આપને ગુસલની પાટ ઉપર લેવામાં આવ્યા,

કપડાં શરીરથી અલગ કર્યા તો આપના ખિસ્સામાંથી એક લખાણ નીકળ્યું જેમાં આપે પોતાનું નામ, વંશાવલી વગેરે લખ્યું હતું તેમાં લખ્યું હતું, “હું અબુલકાસિમ અબ્દુલ અઝીમ છું. અને હું ફરઝંદે અબ્દુલ્લાહ જે ફરઝંદે હસન જે ફરઝંદે ઝૈદ, ફરઝંદે ઈમામ હસન અલયહિસ્સલામ.

આપના ઈલ્મના વિશે કીતાબોમાં ઘણું બધું લખાયું છે.

અબુ તુરાબ રુમાનીની રીવાયત છે કે મેં અબુ હમાદ રાઝીથી સાંભળ્યું છે કે તેઓ કહેતા હતા કે એક વખત હું ઈમામ અલી નકી (અલ.)ની ખિદમતમાં સર્મનરાયમાં હાજર થયો. આપને ઘણા બધા હરામ-હલાલ વિષયમાં મસઅલા પૂછયા. આપે ઉત્તર આપ્યા. પછી જ્યારે હું ઊભો થવા

લાગ્યો તો ઈમામે મને ફરમાવ્યું "અય હમાદ ! જ્યારે તમને પોતાના શહેરમાં કોઈ મસઅલો પેશ આવે તો જનાબ અબ્દુલ અઝીમ બીન અબ્દુલ્લાહ હુસૈની પાસે જઈને પૂછી લેજો અને તેમને મારા સલામ પહોંચાડશો."

ત્યાંથી અમો સાલેહ ઈબ્ને મુસા કાઝિમના રોઝા ઉપર ગયા ત્યાં બે રકાત નમાઝ અને ઝિયારત પઢી, દુઆઓ માગી, આગળ રવાના થયા.

હવે અમે રેહબરે ઈન્કિલાબ ઈમામ ખોમેની (રહ.)ની જીયારત માટે રવાના થયા.

રેહબરે ઈન્કિલાબ - આયતુલ્લાહ રૂહુલ્લાહ ઈમામ ખોમેની (રહ.)

હવે અમે (ફક્ત અમારું કુટુંબ - હું મિસિસ અને બે ફરઝંદો તેમની પત્નીઓ) હઝરત ઈમામ ખામૈની (રહ.)ની ઝિયારત માટે ગયા. તેહરાનની અને ઈરાનની સાચું કહો તો અમારી ઉમરાહ - ઝિયારતોની આ છેલ્લી ઝિયારત હતી. યોગાનુયોગ આ ઝિયારત અમારી ઝિયારતોની છેલ્લી મજબૂત ગાંઠ હતી. જે અર્વાચીન સમયની એક એવી હસ્તીની હતી, જેણે સમગ્ર દુનિયાને હલાવી દીધી. જેમનું જીવન અમારા જીવનના સમયગાળામાં વિત્યું હતું. જેને અમે ભૂતકાળ નથી કહી શકતા. બલ્કે વર્તમાનકાળ અને ચાલુ વર્તમાનકાળ કહી શકીએ છીએ. આ અજીમ રહેબરના જીવનની તમામ નકલોહરકત આપણા (મારા) જીવનના સમગ્ર સમયગાળામાં વીતી હતી. જેથી તેનો હું

ચશ્મદીદ ગવાહ પોતે જ હતો. અખ્બારો, માસિકો, ચોપાનીયાં રેડિયો, બી. બી. સી. ટેલિવિઝન વગેરે જે કંઈ એક ઈન્સાનની નજીકથી જોવા-જાણવા માટે જરૂરી હતું તે બધું જ મેં પોતે જોયેલું જાણેલું, વાંચેલું, વિચારેલું, મળેલું, મેળવેલું સમજેલું, સુઝેલું, કહેલું, સાંભળેલું વગેરેનો હું પોતે જ સાક્ષી હતો. મારા હિદાયતના રસ્તાની પ્રથમ કડી જ ઈમામ ખોમૈની (રહ.) હતા. આ તે વ્યક્તિ છે જેણે કરોડો ઈન્સાનોમાં ઈન્કિલાબ લાવી દીધો છે. દુનિયાની કમજોર કોમોને ઈન્કિલાબનો રસ્તો બતાવ્યો છે.

દીકરાઓ, મા, વહુઓ તો ટેક્ષીમાં વાતો કરતાં હતાં. અને હું થોડોક અવાચક જેવો-બાવલા જેવો - વિચારોના વંટોળમાં ખોવાયેલો હતો. ફરઝંદ શબ્બીરે આ વાત મહસૂસ કરી તે એમ સમજ્યો કે

મારી તબીયત ઠીક નથી. મારો હાથ પકડી કહ્યું કે "પપ્પા ! તબીયત તો ઠીક છે ?" ઊંઘ-જાગમાંથી સજાગ થતો હોઉં એમ મેં ઉત્તર આપ્યો, "હું બિલકુલ બરાબર છું બેટા, ઈમામ ખોમેનીના રોઝા ઉપર આવતા હું મારા જીવનના પાછલા વર્ષોમાં ખોવાઈ ગયો હતો. આ વ્યક્તિ મારી હિદાયતની ઈમારતના પાયાનો એક મજ્બૂત પથ્થર છે. આપના ઈન્કિલાબે જ મને ફિકહે જાફરીને સમજવા માટે મજબૂર કર્યો."

હું સ્વસ્થ થયો, અને સ્વસ્થ રહેવાની કોશીશ કરવા લાગ્યો. પૂરપાટ દોડતી ટેક્ષીએ અમને રેહબરની આરામગાહ ઉપર છોડી દીધા, રોઝો મશહદ અને કુમની વચ્ચે ચાર રસ્તા જેવી જગ્યાએ છે. કુમ જતા આવતા લોકો પણ આપની ઝિયારત કરી શકે છે. રોઝો ઘણી જ મોટી- અતિ વિશાળ

જગ્યામાં છે. રોઝાની સુંદરતાનું વર્ણન હું શબ્દોમાં કરી શકતો નથી. ઉચ્ચ કલાકારીગરીવાળી રોઝાની ઈમારતનું બાંધકામ શ્રેષ્ટ ઈજનેરો અને ઉચ્ચ પ્રકારની કલાકારીગીરીના જાણકાર નિષ્ટણાત લોકોની મેહનતનું પરિણામ છે. તદ્દન અર્વાચીન પ્રકારની વિજ્ઞાન ટેક્નોલોજીનો ઉપયોગ થયો છે.

રોઝામાં દાખલ થતાં આંખોમાં આંસુ ચાલુ થયાં. હું ઘરવાળાથી છૂટો પડીને જરા દૂર ગયો. મારા શરીરમાં કપકપી શરૂ થઈ. ઈમામને તેમની હયાતીમાં પણ જોયા હતા. આપના અનેક લીટરેચરો વાંચ્યાં હતાં. આપની અમૂક કીતાબોનો પણ અભ્યાસ કર્યો હતો.

ખૂબ દીલ લગાવીને અલ્લાહથી આપનો વસીલો માગી દુઆઓ કરી, રડવું રોકી શક્યો નહિ.

આપ મારી હિદાયતનો સબબ હતા. આપના તમામ સાથીઓ પણ જેઓ આપના ઈન્કિલાબના સાથીઓ હતા. તેઓ પણ લાખો ઈન્સાનોની હિદાયતના સબબ ગણાશે. ખૂબ જ સંતોષ થયો. જાણે ઈમામથી ખાનગીમાં મળી લીધું. એવો એહસાસ થયો. પછી હું મારા કુટુંબ પાસે આવ્યો. મોટો દીકરો શબ્બીરઅહમદ અગાઉ બે ત્રણ વખત અહીં આવી ચૂક્યો હતો. તે બધાંને કંઈક સમજાવી રહ્યો હતો.

પછી આ લોકો સાથે વાતો કરી. શાંતિથી રોઝો જોયો, ચારેતરફ ખૂબ ફર્યા બહાર આપના ફરઝંદ હઝરત અહમદ ખોમેનીની કબરની ઝિયારત કરી ત્યાં પણ અલ્લાહને યાદ કર્યા ફરઝંદ કેમેરો પણ લાવ્યો હતો. જ્યાંથી છૂટ હતી તે જગ્યાએથી અમૂક ફોટા પણ લીધા.

હજારો લોકો રોઝાની ઝિયારતમાં મશગુલ હતા. સેંકડો ટેક્ષીઓ બહાર પડી હતી. લોકોના ટોળેટોળાંની આવન-જાવન જોવાની મઝા પડી. ગુરૂવારની રાત હતી. અને ગુરૂવારે અહીં અનેક મજલીસો થાય છે. દુઆએ કોમેલ પઢાય છે. બીજા પણ આમાલ કરવામાં આવે છે. જેથી ગુરૂવારે વધુ ભીડ થાય છે. એમ જાણવા મળ્યું.

ક્યારનીયે રાત પડી ચૂકી હતી. હજી અમારે તેહરાન પહોંચવાનું હતું. જે અહીંથી લગભગ પચાસ કી.મી. થતું હતું. રાતે ચારવાગ્યે ઊઠીને પ્લેન પકડવા એરપોર્ટ ઉપર જવાનું હતું. બધાં ખુશી ખુશી બહાર આવ્યાં. હું પાછા ફરતાં વારંવાર પાછો ફરી રોઝો જોયા કરતો હતો. આ જ વ્યક્તિએ મને જન્નત તરફ જવાનો રસ્તો બતાવ્યો છે. આ જ વ્યક્તિ દ્વારા

હું એહલેબયતને ઓળખી શક્યો છું. હું રસૂલથી આગળ રસૂલની એહલેબયતને અલી-ફાતેમા-હસનૈનને ઓળખતો ન હતો- ન મને તેમના ઉચ્ચતમ દરજાની ખબર હતી. બલ્કે રસૂલને પણ હું અત્યારે જેવા ઓળખું છું. તેવા ઓળખી શક્યો ન હતો. ઈમામ ખોમેની તે વ્યક્તિ છે જેમણે મને એહલેબયતનો રસ્તો બતાવ્યો. દુનિયાનો હજારો કૈદોથી નજાત અપાવી, સરળ, સહેલો અને આસાન દીન હું આપના થકી સમજી શક્યો.

હોટલ ઉપર આવ્યા. તે જ ટેક્ષીવાળો અમને નક્કી કર્યા મુજબ એરપોર્ટ ઉપર લઈ ગયો. બંને ફરઝંદો અને વહુઓ એરપોર્ટ ઉપર અંદર સુધી આવી શકી. છુટાં પડતા મા તો રડી પડી. હું હોશિયાર બનીને મને જાળવી શક્યો. મા કેમ ન

રડે? જેણે ઈલ્મ શીખવા ખાતર ૧૨/૧૨ વર્ષની ઉમરથી પોતાના સંતાનો અલ્લાહને સિપૂર્દ કર્યા છે.

## ઈરાન (તહેરાન)ની ઝિયારતો

૧ બીબી શેરબાનું (ઈમામ હુસૈનનાં બીબી જેમનો રોઝો પહાડ ઉપર છે.)

૨ શાહ અબ્દુલ અઝીમ

૩ શાહજાદા હમ્ઝા

૪ શાહજાદા તાહેર ઈબ્ને ઝયનુલ આબેદીન

૫ શાહાજાદા સાલેહ ઈબ્ને મુસે કાઝીમ

૬ શાહજાદા અબ્દુલ્લા

## મશહદની ઝિયારતો

૭ આઠમા ઈમામ અલી રઝા (અલ.) (મશહુર અને અલીશાન રોઝો છે.)

૮ કદમગાહે રઝા (અલ.) (મશદથી દૂર છે. ગાડી કરીને જવું પડે છે.)

૯ મોહમ્મદ મહરુકી (ચોથા ઈમામના બેટા છે.)

૧૦ ઈબ્રાહીમ ઈબ્ને મુસે કાઝીમ

૧૧ અબા સલ્ત (આઠમા ઈમામના અસહાબી છે.)

૧૨ ખ્વાજા રબી (મૌલા અલીના અસહાબી છે.)

## માસુમાએ કુમની ઝિયારતો

૧૩ સૈયદા ફાતેમા (અ. સ.) (આઠમા ઈમામની બહેન)

૧૪ જનાબે ઈબ્રાહીમ (સાતમા ઈમામના પૌત્ર)

૧૫ અલી બીન જાફરે સાદીક

૧૬ શાહજાદા ઈસ્માઈલ (જાફરે સાદીકના પૌત્ર)

૧૭ ઔલાદે મુશા ઈબ્ને જાફરે સાદીક

૧૮ જનાબે ઝૈદ (ઝયનુલ આબેદીનના પુત્ર)

૧૯ શાહજાદા જાબુજાફર (મોહમ્મદ તક્કીના પૌત્ર)

૨૦ શાહજાદા હમ્ઝા (મુસે કાઝીમના બેટા)

૨૧ શાહજાદા અહમદ બીન મુસે કાઝીમ

૨૨ જનાબે હસન બીન ઝયનુલ આબેદીન

૨૩ જનાબે હુસૈનબીન ઝયનુલ આબેદીન

૨૪ જનાબે જાફર બીન ઝયનુલ આબેદીન

૨૫ જનાબે ઈબ્રાહીમ બીન ઝયનુલ આબેદીન

૨૬ જનાબે એહમદ બીન મુસે કાઝીમ

૨૭ જનાબે હસન બીન મોહમ્મદ હનફીયા

૨૮ જનાબે અલી (અબ્બાસ અલમદારના પૌત્ર)

૨૯ જમકરાન મસ્જીદ

30 મશદમાં આઠમા ઈમામના રોઝામાં ભોંયરામાં કબ્રસ્તાન

3૧ મશહદમાં આઠમા ઈમામનું લંઘરખાનું.

| દેશ | ઝિયારતો |
|---|---|
| સઉદીયા | ૫૧ |
| સિરીયા | ૨૭ |
| ઈરાક | ૬૪ |
| ઈરાન | ૩૧ |
| કુલ | ૧૭૩ |

# પ્રકરણ – ૨૭ : મેં જોયું ઈસ્લામી ઈરાન

ઈ.સ. ૧૯૭૯ અને હીજરી સન - ૧૩૯૯માં ઈરાનમાં ઈસ્લામી ઈન્કિલાબ આવ્યો. હજારો વર્ષો જુની બાદશાહતને હઠાવી એક રૂહાની નેતા આયતુલ્લાહ રૂહુલ્લાહ ઈમામ ખૌમેની (રહ.)ની રાહબરીમાં ઈન્કિલાબ અસ્તિત્વમાં આવ્યો. ઈરાનમાં મહાન વ્યક્તિઓને પોતાના પૈદાઈશી ગામ - કે - શહેરના નામ પરથી બોલાવવાનો રીવાજ છે. ખોમેન એક ગામનું નામ છે. તેના પરથી ખોમેની બોલાય છે.

તમામ મુસલમાનોનો અકીદો છે કે બાર ઈમામોમાંથી છેલ્લા અને બારમાં ઈમામ હઝરત ઈમામ મેહદી (અલ.) છે. તેઓ કયામત અગાઉ

અલ્લાહના હુકમથી ઝુહુર ફરમાવશે. સમગ્ર વિશ્વમાં આપની હુકુમત હશે. તે વખતે દુનિયા જેટલા જુલ્મથી ભરેલી હશે આપ તેને તેટલી જ રહમતથી, હિદાયતથી, ઈન્સાફ અને પ્રેમથી ભરી દેશે. ઈન્સાન બેખોફ થઈને રાહતથી જિંદગી ગુજારી શકશે. આ અકીદામાં સર્વે મુસલમાનો એકમત છે.

ઈમામ મેહદી (અલ.)ની હુકમે ખુદાથી ગયબત અને કયામત અગાઉ આપના ઝુહુર વચ્ચેના સમયગાળામાં આ ઉમ્મતની રહબરી કરનાર ઉચ્ચોચ્ચ આલિમ-જેમની પાછળ લોકો ચાલતા હોય-મતલબ અનુસરતા હોય એવા “મરઝએ તકલીદ” આલીમને નાયબ ઈમામ ગણાય છે. આવા નાયબ ઈમામને બોલચાલની ભાષામાં ઈમામ કહેવાય છે.

# ઈન્કીલાબ પહેલાનું ઈરાન

ઈ. સ. ૧૯૭૯ના ઈસ્લામી ઈન્કિલાબ અગાઉ ઈરાન ઉપર વરસોથી શાહ પહેલવી અને તેના પૂર્વજોનું શાસન હતું. ઈન્કિલાબ પહેલાંનું ઈરાન સંપૂર્ણ રીતે અમેરિકાનું ગુલામ હતું. તે સમયે ઈરાનમાં ચારે તરફ બેશર્મી અને બેહયાઈનું સામ્રાજ્ય ફેલાયેલું હતું. ઈરાનના નાનામાં નાના શહેરોમાં પણ વેશ્યાવાડા હતા. ઈરાનના પાટનગર તેહરાનમાં તે સમયે ૫00 થી વધુ વેશ્યાવાડા સરકારી મંજૂરીથી ચાલતા હતા. શરાબની રેલમછેલ હતી. સ્ત્રીઓને બજારનું રમકડું સમજવામાં આવતી. સ્ત્રી આઝાદીના નામથી આજે પણ યુરોપે ઓરતને પોતાના હવસની શિકાર બનાવી છે. શાહની હુકુમતમાં તમામ ચાવીરૂપ હોદ્દાઓ ઉપર

અમેરિકાનો સંપૂર્ણ કંટ્રોલ હતો. શાહ પહેલવી પોતે પણ શરાબ સુંદરીમાં મસ્ત રહેતો. ખનીજ તેલની ભરપુર દવલત અલ્લાહે ઈરાનને આપી છે. તેનું કોઈપણ પ્રકારનું આયોજન ન હતું. અમેરિકા ફાવે તેટલું તેલ મફતના ભાવે લઈ જતું.

અમેરિકાએ ઈરાની સમાજને એટલી અય્યાસીમાં રાખેલો કે તેઓને એટલી પણ ખબર પડતી ન હતી કે સવાર ક્યારે પડે છે, રાત્રી ક્યારે થાય છે. તેઓને તેની કોઈ પરવા પણ ન હતી. અમેરિકા તેલના બદલામાં વિપુલ પ્રમાણમાં અનાજ અને બીજી તમામ જીવન જરૂરિયાતની વસ્તુઓ પુરૂં પાડતું.

વ્યભિચારી સમાજની એવી હાલત હતી કે કેટલાક લોકો અય્યાસીમાં રાતે સૂઈ જતા, દિવસ

દરમ્યાન પણ સૂઈ રહેતા, અને બીજી અડધી રાતે ઊઠીને પૂછતા કે શું હજી રાત પૂરી નથી થઈ ? ખાવા-પીવાની તથા અન્ય સાધનસામગ્રી એટલી વિપુલ પ્રમાણમાં પાણીના મૂલે-તેલના બદલામાં મળતી કે કેટલાકે તો કામ કરવાનું જ છોડી દીધું હતું. કામ કરવાની - મહેનત કરવાની તેઓને જરૂરત જ ન જણાતી. સરકારી ઓફિસોને બાદ કરતાં ઈરાનમાં મોટેભાગે તે સમયે કોઈને તારીખયું કે પંચાગ-કેલેન્ડર રાખવાની જરૂરત પડતી નહિ.

તે સમયે ઈરાનીઓને પ્રાથમિક તાલીમથી વિશેષ પ્રગતિ કે વિજ્ઞાન-ટેક્નોલોજીમાં ઉચ્ચ અભ્યાસ કરવાની કોઈને પરવા ન હતી. શાહના સમયમાં ઈરાને માચીસ (દિવાસળી બોક્ષ) બનાવવાનું કારખાનું નાખેલું. પ્રથમ કારખાનું શરૂ

થવા ઉપર સમગ્ર ઈરાનમાં જશન (ખુશીના પ્રોગ્રામો) મનાવવામાં આવેલો. કેફી પદાર્થોની પણ બોલબાલા હતી. અફીણ, બ્રાઉનસુગર કે એના જેવા બીજા કેફી દ્રવ્યોનો વેપલો ધૂમધામથી ચાલતો.

આવી અય્યાસી, બેદીની અને ખુદાબેઝારીના આવા સમયગાળામાં પણ હઝરત ઈમામ ખોમૈની અને આપના તાબા હેઠળના કેટલાક આલિમોનું એક વર્તુળ ખૂબ જ જાગૃત હતું. આ લોકો ઈસ્લામથી વિમૂખ આવા ગંદા સમાજને સુધારવાની દિશામાં ચોવીસ કલાક પ્રવૃા હતા.

ઈમામ ખોમૈની પોતાના યુવાની કાળથી પોતાની કોમની સુધારણાના કામમાં લાગી ગયા. આવા નેક લોકોને અન્ય આલીમોનો સહકાર મળતો રહ્યો. હુકુમતે ઈલાહીય્યાહ આપનો જીવન ધ્યેય

હતો. એકલા હાથે એકલ પંડે જે કામ કરવાનું બીડું ઝડપ્યું તેમાં હજારો રૂહાની અકાબીરો ભળતા ગયા. સાથીદારોની સંખ્યા વધતી ગઈ.

**હમ તો ચલે થે અકેલે હી સફર કો**

**લોગ જુડતે ગયે, કારવાં બનતા ગયા.**

અમેરિકા એમ ઈચ્છતું હતું કે ઈરાનીઓ આ જ રીતે અભણ-અશિક્ષિત - બુધ્ધુ રહે જેથી પોતે તેનું વધુમા વધુ શોષણ કરી શકે.

ઈમામ ખોમેની અને આપના સાથીદાર આલીમોએ અમેરિકાની ગુલામીથી જ્યારે પોતાના દેશને છોડાવવાનો નિર્ધાર કર્યો, ત્યારે શાહની અમેરિકાનવાઝ હુકુમતે આપ ઉપર જાતજાતના પ્રતિબંધો લાદ્યા. મારપીટ, ધરપકડો, જુલમ, જેલો બધુ જ થયું. અનેક આલિમોને જેલના સળિયા

પાછળ ધકેલી દેવાયા. તેમના ઉપર પ્રકાર પ્રકારના જુલમો ગુજારવામાં આવ્યા. કેટલાય આલીમોએ શહાદત વહોરી. હઝરત ઈમામ ખોમેનીના મોટા પુત્ર પણ શાહના જુલમોથી શહીદ થયા. બીજા અનેક આલીમોએ પણ પોતાના પુત્રો ગુમાવ્યા. શાહે ફક્ત તે વ્યક્તિ ઉપર જુલમ નથી કર્યા જે હુકુમતની વિરૂદ્ધ હતી, બલ્કે તેના પત્ની-બાળકો અને સગાંવહાલાઓ ઉપર પણ જુલમો કર્યા ઈમામના બહેનો, ભાઈઓ, સાળાઓ, બનેવીઓ, કાકાઓ, ભત્રીજાઓ વગેરે બધા જ શાહના જુલમનો શિકાર બન્યા. આજ તો મુસ્લિમ શાસકોની ખૂબી છે. જેના સ્પષ્ટ ઉદાહરણો અત્યારનું સઉદી અરબ અને ઈરાક છે. જેઓએ પોતાના વિરોધીના સગાંવહાલાંઓને પણ કચડી નાખ્યાં છે.

બે-બે વખત ઈમામને દેશનિકાલની સજા કરવામાં આવી, પ્રથમ ઈરાકમાં ૧૫ વર્ષ દેશનિકાલની સજા ભોગવ્યા બાદ, ત્યાંથી બહાર કાઢતાં આપ ફ્રાંસમાં રહ્યા. ઈરાકમાં દેશ નિકાલના સમયગાળામાં આપ નજફે અશરફમાં મુકીમ રહ્યા. જ્યાં હઝરત અલી (અલ.) આરામ ફરમાવી રહ્યા છે. અમે તે મકાન પણ જોયું જ્યાં ઈમામ ખોમેની રહેતા હતા. જે રહેઠાણ હઝરત અલી (અલ.)ના રોઝાની પાસે જ છે. દિવસ દરમ્યાન ઈમામ તાલિબે ઈલ્મોને દર્સ આપતા. નવયુવાનોમાં ઈસ્લામી ઈન્કિલાબનો માહોલ પેદા કરતા. ઈસ્લામી લેખો લખતા, પોતાના દેશવાસીઓ માટે તકરીરની કેસેટો તૈયાર કરતા. આપને દિવસ દરમ્યાન એક સેકન્ડનો પણ આરામ ન મળતો. છતાંય સૂર્યદિંયથી

3 કલાક અગાઉ ઉઠીને હઝરત અલી (અલ.)ના રોઝાની મસ્જિદમાં પહોંચી જતા. આપથી મોટી ઉમરના આલિમો લખે છે કે “આ નવયુવાન બધી જ રીતે અજીબોગરીબ હતો. જો આ યુવાન કોઈ નિર્જન વિસ્તારમાં, જ્યાં એને કોઈ ઓળખતું ન હોય ત્યાં પહોંચી જાય, તો ત્યાં પણ એનું નામ કે કામ જાણ્યા વગર લોકો એને જોઈને એની સાથે મહબ્બત કરતા થઈ જાય. મતલબ ઈમામ નવયુવાનીથી ખૂબ જ પ્રતિભાશાળી વ્યક્તિ હતા. એક અજીબોગરીબ નૂર અને કશીષ - આકર્ષણ આપમાં હતું. આપની બધી જ પ્રવૃત્તિઓમાં ચોકસાઈ અને સમયબદ્ધતા જોઈને લોકો કહેતા, આ યુવાનને મસ્જિદમાં આવતો જોઈને તમારી ઘડિયાળો મેળવી લો. એ દરરોજ રાતે 3

વાગ્યે મસ્જિદમાં આવે છે. ન એક મિનિટ વહેલો પડે છે ન મોડો પડે છે.

એક આલિમ તરીકેની આપની હિંમત ભલભલાને ધ્રુજાવી નાખતી. ગમે તેવા જાલીમ વ્યક્તિની સમક્ષ પણ આપ એટલી મજબૂતાઈથી દઅવતે દીન રજૂ કરતા કે તે જાલીમ ડરી જતો. શાહની હુકુમત સામે - એના અધિકારીઓ સામે આપ એક અડગ પહાડ જેવા હતા. પરંતુ જ્યારે અલ્લાહની સમક્ષ હાથ ઉઠાવતા તો આપ આજીજીપૂર્વક ખૂબ જ રડતા. પોતાની ઈરાની કોમ માટે અને વેરવિખેર સમગ્ર મુસ્લિમ જગત માટે દુઆઓ માગતા.

ઈરાનનો ઈસ્લામી ઈન્કિલાબ ફક્ત ઈરાન માટે નથી. આ કોઈ કોમ કે બિરાદરી પૂરતો

ઈન્કિલાબ નથી. પરંતુ સમગ્ર દુનિયાની કચડાયેલી મજલૂમ કોમોનો ઈન્કિલાબ છે. સમગ્ર દુનિયાના જાલીમ શાસકો સામે એક પડકાર છે, ચેતવણી છે. દુનિયાની બધી જ મજલૂમ પ્રજાઓ માટે આપનું વ્યક્તિત્વ રોશન ચિરાગ છે.

આપ ફ્રાંસમાં રહીને ઈરાની પ્રજાનું નેતૃત્વ સંભાળતા રહ્યા. ઈરાની પ્રજાને કેળવતા રહ્યા. આપના દરરોજના ઉદ્બોધનોની કેસેટો તૈયાર થતી અને તેને ઈરાનના લોકો પોતાના ઘરોમાં, બજારોમાં, ચકલેચૌટે ટોળે વળીને સાંભળતા. ઈમામની અવાજ ઉપર લોકો ફીદા થઈ જતા. આ રીતે ઈસ્લામી તેહરીક ઈરાનમાં પ્રસરી ગઈ. અહીં સુધી કે ઈમામના હુકમ ઉપર મરી ફીટનારો એક નવયુવાન વર્ગ ઊભો થઈ ગયો. આ સમય

દરમ્યાન શાહની સરકારે આ ઈસ્લામી ચળવળને રોકવા જેટલું થઈ શકતું હતું તે બધું જ કર્યું. છતાંપણ અથાગ પ્રયત્નો, અવિરામ સંઘર્ષ, સાથે ખુદા રસૂલ અને એહલેબયતે અતહાર સાથે તે સંબંધ, જે એક મોમીનને હોવો જોઈએ, દ્વારા ઈસ્લામ અને અસત્યનો સંઘર્ષ જારી રહ્યો.

ઈમામના ઉદ્બોધનો અને વક્તવ્યો જાણે કુરાનની તફસીર હતા. ઈમામના ઉદ્બોધનોએ ઈરાની પ્રજામાં જાગૃતિ આણી. ખાતેમુન્નબીય્યીન, રહમતુલ્લીલઆલમીન સરદારે અંબિયા, પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ના પ્યારા નવાસા- જન્નતના જવાનોના સરદાર (અઝ. બુખારી) સૈયેદુશ્શોહદા ઈમામ હુસૈન (અલ.)ની તેહરીકે હુસૈનીનો સાચો મકસદ ઈરાની પ્રજાને સમજાવ્યો.

અમેરિકાની મક્કારી અને જુલમનો પદર્ફાશ કર્યો. આપે દેશવાસીઓને ઉદ્દેશીને કહ્યું, "જાગો, ઉઠો અને ધ્યેય પ્રાપ્તિ માટે આગળ વધો, ભલે શહીદ થઈ જાઓ. આપે કહ્યું કે, "જે કોમ ઈલ્મ નથી શીખતી, તે બીજાઓની ગુલામ થઈ જાય છે."

છેવટે આલીમોનો એક મોટો વર્ગ આપનો સહાયક બન્યો. તેમની સાથે ઈરાની પ્રજામાં પણ જોમ આવ્યું. અલ્લાહની મદદ પણ પહોંચી. છેવટે ૧૦૦૦ વર્ષ પુરાણી શાહી હુકુમતનો ખાતમો થયો.

૬૫૦૦૦ વ્યક્તિઓની શહાદત પછી શાહે ઈરાન છોડ્યું. જે ખૂનરેજી શાહે ઈન્કિલાબને રોકવા માટે કરી, તેનું વર્ણન તો શકય નથી. ચારે તરફથી મશીનગનો ચલાવવામાં આવી, નિર્દોષ પ્રજા ઉપર જુલમનો તે કોરડો વીંઝયો, જેનું દ્રષ્ટાંત શોધવું

મુશ્કેલ છે. આકાશમાંથી હેલીકોપ્ટરો ગોળીઓનો વરસાદ વરસાવતા.

હીજરી સન ૧૪૦૦ના આશુરાના દિવસે. ઈ. સ. ૧૯૭૯માં ઈમામે ઈરાની પ્રજાને હુકમ આપ્યો. આજે ઈસ્લામને ઝિન્દા કરવાનો સમય પાકી ગયો છે. માટે બહાર નીકળો તમારા માટે આજે ઘરમાં રહેવું હરામ છે. સમગ્ર તેહરાનની પ્રજા ઘરોની બહાર નીકળી ગઈ. નવયુવાનો, યુવાનો, વૃદ્ધો, સ્ત્રીઓ, પુરુષો, બીમારો અહીં સુધી કે અપાહીજ લોકો પણ ઘરોની બહાર નીકળી ગયા. લબ્બૈક યા ખોમેની, લબ્બૈક યા ખોમેનીના ગગનભેદી અવાજો સંભળાયા. શાહ મુદર્બાદ, અમેરિકા મુદર્બાદ, ઈઝરાઈલ મુદર્બાદ, મર્ગબર અમેરિકા મર્ગબર ઈઝરાઈલના ગગનભેદી નારાઓથી સમગ્ર આકાશ

ગુંજી ઊઠ્યું. શાહની ફોજે આકાશમાંથી ગોળીઓનો વરસાદ વરસાવ્યો. જમીન પરથી પણ આ નિ:શસ્ત્ર પ્રજા ઉપર રણગાડીઓ દ્વારા તોપના ગોળા છોડયા. તેહરાનની સડકો ઉપર લોહી વહેવા લાગ્યું. એવું લોહી વહેતું હતું કે કેટલીક જગ્યાએ ૧૫ સે. મી. લોહી વહેતું હતું. આ સિવાય પણ બીજા અનેક મોટા મોટા શહેરોમાં લોકો આ જ પ્રમાણે શાહની વિરૂદ્ધમાં ઘરોની બહાર નીકળી ગયા. બધે જ આ પ્રકારનો જુલ્મ થયો. લોકો એક એક વેંત લોહીમાં ઊભા રહીને કહેતા હતા.

**લા શરકીયા લા ગરબીયા**

**ઈસ્લામીય્યાહ ઈસ્લામીય્યાહ**

અમને પૂર્વનો સામ્યવાદ પણ ન જોઈએ, અમને પશ્ચિમનો સામ્રાજ્યવાદ પણ ન જોઈએ, બસ અમને તો ફક્ત ઈસ્લામ જ ઈસ્લામ જોઈએ.

**ન પશ્ચિમ ન પૂર્વ,**

**ઈસ્લામ એ જ સર્વ.**

ઈરાનની ગલી કુંચીઓ, બજારો અને મેદાનોમાં વહેતા લોહીને જોઈને મહાશેતાન અમેરિકાએ શાહને ઈરાન છોડી જવા હુકમ આપ્યો. આકાના હુકમથી ગુલામ અમેરિકા ચાલ્યો ગયો. ૬૫૦૦૦ ઈન્સાનોનું લોહી વહી ગયું. લાખો ઈન્સાનો ઘવાયા. પછી આ ઈન્કિલાબને રોકવા માટે અમેરિકા, રશિયા, બ્રિટન, અને ફ્રાંસે શું શું કર્યું, તેને બચાવવા માટે ઈરાને શું શું કરવાની ફરઝ પડી

જેમાં લાખો ઈન્સાનો શહીદ થયા. તેની વિગતો હું આ પુસ્તિકાની છેલ્લે વર્ણવીશ.

એક નવયુવાન ઈરાની વિદ્યાર્થીનીને કોઈ સ્ત્રી પત્રકારે પૂછયું કે આ આટલી મોટી ચાદર તમે માથા અને શરીર ઉપર નાખીને ચાલો છો, તે તમને ફાવે છે ? કંટાળો નથી આવતો ?

“કંટાળો આવે ? કેવી વાત કરો છો ? આ તો મારા ખુદાનો હુકમ છે. મારા પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ની બેટી જન્નતની સ્ત્રીઓના સરદાર હઝરત ફાતેમા સલ્લમહા અલયહાનો તરીકો છે. એહલેબયત અતહારની માબહેનોનો તરીકો છે. અમારા લાખો શહીદોનું ખૂન આ ચાદરમાં છે.”

નવયુવાન શિક્ષિત વિદ્યાર્થીનીનો આવો જવાબ સાંભળી, પેલી યુરોપીય પત્રકાર ઘણી જ ખુશ થઈ. તે બોલી કે ઈસ્લામની મહબ્બત આ પ્રજાના લોહીમાં ભળી ગઈ છે તેને કોઈ હઠાવી શકશે નહિ.

અમે પણ દુઆ કરીએ છીએ કે ‘યા અલ્લાહ, યા અલ્લાહ, આ ઈસ્લામી ઈન્કિલાબને જે ઈમામ ખોમેની અલયહે રહમતની રહબરીમાં આવ્યો, ઈન્કિલાબે મેહદી (અલ.) સુધી કાયમ રાખ. હજારો લાખો નેકબખ્ત ઈન્સાનોની આ દુઆ છે, અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહંમદીંવ વ આલે મોહંમદ.

# પ્રકરણ – ૨૮ : ઈન્કિલાબ પછીનું ઈરાન

ઈન્કિલાબ પછી ઈરાનમાં ઝબરદસ્ત ફેરફારો થયા. આ પ્રજાએ એવી કુરબાની આપી છે અને તે પણ ઈસ્લામ ખાતર કે અલ્લાહ તેને કદી પણ નિરર્થક કરશે નહિ. કારણ કે શહીદોનું લોહી કદી વ્યર્થ થતું નથી.

એક તરફ તો ઈન્કિલાબ બરપા થયો. હજી તો ઈન્કિલાબે પોતાનો સૂર્યોદય જોયો હતો કે અમેરિકા બદમાશે બ્રિટન, ફ્રાંસ, સાથે બીજા ૨૫ યુરોપીયન દેશોના સહકારથી ઈસ્લામને રોકવાની ભરપુર કોશીશ કરી. ઈરાન-ઈરાક વચ્ચે સતઅલ અરબ નામનો એક દરિયાઈ પટ્ટો છે. જે ઈરાનની માલીકીમાં છે. ઈરાન-ઈરાક વચ્ચે આ દરિયાઈ

માર્ગ માટે ઝઘડો ચાલતો હતો. તેની સમજુતી ઈ. સ. ૧૯૭૯ના ઈસ્લામી ઈન્કિલાબ અગાઉ ઈરાકના લશ્કરી શાસક સદ્દામહુસૈન અને ઈરાનના શાહ પહલવી વચ્ચે ઈસ્લામી દેશ અલજિરીયામાં થઈ હતી. બંને દેશના વડાઓએ અલજિરીયામાં ભેગા મળી સહી સિક્કા પણ કર્યા હતા. જેમાં “સતઅલ અરબ” માર્ગનો સંપૂર્ણ કબજો ઈરાનનો છે અને રહેશે તે બાબત ઈરાક સંમત થયું હતું.

અમેરીકાએ જોયું કે આ સાચો ઈસ્લામી ઈન્કિલાબ છે. જો આ દુનિયામાં ફેલાઈ ગયો તો પોતાની સરદારી નાબૂદ થઈ જશે. તેણે પ્રથમ તો યુરોપીયન દેશોને તૈયાર કર્યા પછી મુસ્લિમ દેશો તેમાં ખાસ તો ઈરાકને, સઉદી અરબને પણ તૈયાર કર્યું. મહાશેતાન અમેરિકા જાણતું હતું કે આ

ઈન્કિલાબ ઈરાનના નેક સાલેહ નિ:સ્વાર્થ આયતુલ્લાહો લાવેલા છે. જેઓ બુદ્ધિશાળી મગજ ધરાવે છે. દિવસ દરમ્યાન ઈસ્લામના રક્ષણમાં ખડેપગે સેવા આપનારા અને રાતે પોતાના ખુદાની સામે સિજદામાં આજીજી કરનારા છે. અમેરિકાએ સદ્દામહુસૈનને સમજાવ્યો કે જો આ મુલ્લાઓનું શાસન ઈરાનમાં આવ્યું છે તો તે વહેલું મોડું ઈરાકમાં પણ આવશે. તારી સરમુખ્તીયારીના પાયા હચમચાવી દેશે. માટે સવેળા જાગૃત થઈ પાણી આવતાં પહેલાં પાળ બાંધ કે આ ઈન્કિલાબ પોતાના મૂળ નાખવા ન પામે. સ્થાયિત્વ હાસિલ ન કરી લે. સદ્દામે પ્રમુખ કાર્ટરને જવાબ આપ્યો કે મારી પાસે એટલી શક્તિ નથી. કાર્ટરે કહ્યું કે અમે તને સંપૂર્ણ સહકાર આપીશું. તું અલજિરિયામાં

થયેલ સતઅલ અરબ માર્ગની સંધિને ફગાવી દે અને યુદ્ધ જાહેર કરી દે. અમારી પાસેના અદ્યતન શસ્ત્રો અમે તને આપીશું.

**હમેં તો અપનોને લૂંટા**

**ગયરોંમેં કહાં દમ થા,**

**મેરી કશ્તી જહાં ડૂબી,**

**વહાં પાની બહુત કમ થા.**

ઉતાવળીયા સદ્દામહુસૈને વિચાર કર્યા વગર પોતાના જ પગ ઉપર કૂહાડો માર્યો. ટી. વી. ઉપર આવીને અલજિરીયામાં શાહ પહેલવી સાથે થયેલ સતઅલ અરબ માર્ગ અંગેની સંધિના કાગળો ફાડી નાખ્યા. અને યુદ્ધ જાહેર કર્યું. અત્રે આ વાત યાદ રાખવામાં આવે કે આ સમજૂતિ અમેરિકાએ વચ્ચે

પડીને ઈન્કિલાબ પહેલાં શાહ પહેલવી અને સદ્દામ વચ્ચે કરાવી હતી.

ઈરાને તો સ્વબચાવમાં લડવાનું હતું. તેના માટે તો લડાઈ લડવી વોંબ હતી. ઈરાક આક્રમક હતું. એક તરફ ત્યાં ઈસ્લામી ઈન્કિલાબ થયો હતો. જેની હજી પા પા પગલી હતી. તેના લશ્કરમાં હજી શાહની વફાદારી હતી. આ પરિસ્થિતિમાં અચાનક આક્રમણ થયું. ઈન્કિલાબી પાર્ટીને તો જાણ પણ ન હતી ન તો ઈરાકી સરકાર સાથે કોઈ ઝઘડો હતો.

હજી તો ઈરાનમાં હંગામી હુકુમતની રચના ચાલતી હતી. ઓલમાએ કિરામ ઈસ્લામી સરકારનું બંધારણ ઘડતા હતા. હુકુમતનું તમામ માળખું વેરવિખેર હતું. પાસદારાન નવયુવાનો - હિઝબુલ્લાહ જેમણે આ ઈન્કિલાબ માટે પોતાનું

સર્વસ્વ કુરબાન કર્યું હતું તેઓ આઠ, આઠ, નવ, નવ દિવસ થયા એક મિનિટ પણ ઊંઘ્યા ન હતા. રાતદિવસ હુકુમતના સ્થાયિત્વના કામમાં લાગેલા હતા. તે દરમ્યાન ઈરાકનું આક્રમણ, ફૌજ અવ્યવસ્થિત, તમામ માળખું અવ્યવસ્થિત, વેરવિખેર, તમામ દુનિયા ઈન્કિલાબની દુશ્મન - આ પરિસ્થિતિમાં ઓલમાએ કિરામ તથા અનેક નેકસાલેહ સ્ત્રીપુરુષોએ અલ્લાહની સમક્ષ જે રૂદન કર્યું છે, જે આજીજીઓ કરી છે, જે દુઆઓ માગી છે, તેનું કલમ દ્વારા વર્ણન મુશ્કેલ છે.

ઈરાની ફોજો વિદેશી આક્રમણ ખાળવા તૈયાર થાય તેનો મુકાબલો કરે તે દરમ્યાન તો ઈરાકી લશ્કરે સરહદ નજીકના શહેરો અને ગામડાઓમાં ઘુસી જઈ તેને બરબાદ કરવા માંડયા.

ઈરાનના ૨૦ શહેરો જેમા આબાદાન, ખુર્રમશહેર જેવા મોટા મોટા લાખોની વિશાળ વસ્તી ધરાવનાર આબાદ અને ખુશહાલ શહેરોને તબાહ બરબાદ કરી દીધાં. સેંકડો ગામડાઓમાં વિશાળ સરહદ ઉપર વસેલા હજારો લોકો શહાદત પામ્યા. મોટા મોટા શહેરોના આલીશાન મકાનોની એકે એક દીવાલ ધરાશાયી થઈ ગઈ. આ શહેરો, કસબાઓ અને સુંદર ગામડાં વર્ષો જુના ખંડિયેરોમાં ફેરવાઈ ગયાં.

કારણ કે ઈરાકના સરમુખ્તીયાર સદ્દામની આ શક્તિ યુરોપીય મુલકો ઉપર આધારીત હતી. ઈસ્લામી ઈન્કિલાબની ચળવળ ઈરાનમાં શરૂ થઈ ત્યારથી અમેરિકાએ આ યોજના ઘડી કાઢી હતી. ઈસ્લામને રોકવા માટે આ એક પૂર્વ આયોજિત ષડયંત્ર હતું. શાહ પહેલવી ઈરાનમાંથી ભાગે તે

અગાઉથી ઈરાકમાં અદ્યતન હથિયારો, રણગાડીઓ, તોપગોળા, મશીનગનો અને અન્ય યુદ્ધ સામગ્રી ઠલવાઈ રહ્યાં હતાં. જૈવિક હથિયારો પણ - ઝેરી ગેસ પણ અમેરિકાએ ઈરાકને ભરપુર પ્રમાણમાં આપ્યા હતા. જરૂર પડે તો તેનો ઉપયોગ પણ કરવો. આ રીતે આ ઈસ્લામ દુશ્મન યુરોપીય કોમો હંમેશા મુસ્લિમ દેશોને લડાવી મારે છે. આપણને પોતાના ગુલામ બનાવી રાખે છે.

આપણી જ જમીન ઉપર, આપણા લોકોને લડાવીને લોહી પણ આપણું જ વહાવે છે. પછી હથિયારોના બદલામાં આપણી તેલ સંપિા હડપ કરી જાય છે. અલ્લાહ આપણને સદ્બુદ્ધિ આપે.

ઈરાની ફોજો તૈયાર થઈ ગઈ. તેમણે ઈરાકી ફોજોની આગેકૂચ રોકી લીધી. આ લોહીયાળ

જંગ આઠ આઠ વર્ષ સુધી ચાલી. બંને પક્ષે લાખો ઈન્સાનોનું લોહી વહી ગયું. અબજો-અરબો ડોલરની સંપિાનો નાશ થયો. બંને પક્ષે લાખો બાળકો યતીમ થયાં, લાખો સ્ત્રીઓ વિધવા થઈ. જંગના પરિણામથી કોણ અજાણ હોઈ શકે ? અને તે પણ આટલી લાંબી જંગ.

ઈરાની ફોજોએ આક્રમણને પીછેહઠ કરવા ફરજ પાડી. અહીં સુધી કે પોતાનો સંપૂર્ણ મુલક પાછો લઈ લીધો. ઉપરાંત એટલા જ પ્રમાણમાં જેટલા ઈરાકીઓ અંદર ઘુસી ગયા હતા. ઈરાન પણ ઈરાકમાં ઘુસી ગયું.

પાસદારાન અથવા હિઝબુલ્લાહ - (અલ્લાહની પાર્ટી) તે નવયુવાનો છે જેઓ ઈસ્લામ ખાતર મરી ફીટવા તૈયાર હોય છે. ઈરાકના

મુકાબલા માટે જ્યારે ઈમામે હુકમ કર્યો કે યુવાનો દુશ્મનના મુકાબલા માટે નીકળી પડે, તો હજારો નવયુવાનો હાથમા બંદૂકો લઈને સરહદે પહોંચી ગયેલા, આવા પાસદારાનની કતારોની કતારો પહાડો ઉપર ચાલતી દ્રષ્ટિમાન થતી, જેઓના માથા ઉપર હેલમેટ પણ ન હતા. જેઓ પાસે સૈનિકનો પોશાક કે બૂટ પણ ન હતા. જેઓ "લબ્બૈક યા ખોમેની લબ્બૈક" અમે હાજર છીએ અય ઈમામ અમે હાજર છીએ. જ્યારે અમેરિકાએ આ શ્યો જોયાં તો હેબતાઈ ગયું. અમેરિકાએ જોયું કે આ પ્રજાના ઈસ્લામ પ્રેમની સામે અમે ટકી શકીશું નહિ. તે સમયના અમેરિકાના પેપરોએ જુદાં જુદાં મથાળાં હેઠળ આ સમાચાર છાપેલા. જેમાં નોંધ્યું હતું કે "દરરોજના હજારો નવયુવાનોની કતારોની કતારો

યુદ્ધ મોરચે આવતી દેખાય છે. જેઓ પાસે ન યુદ્ધને લગતો પોશાક છે, ન બૂટ કે બખ્તરો છે, ન તો માથે હેલમેટ છે. આ ઘણું જ અચરજ છે કે અમો અમારા યુવાનોને શ્રેષ્ટ રક્ષણ આપે તેવા બખ્તરો, બુટ અને પોશાકો, હેલમેટ વગેરે સાથે ઊંચાં ઊંચા પગારો અને જો મૃત્યુ થાય તો મૃત્યુ પછી પણ કુટુંબનું સંપૂર્ણ રક્ષણ, જો કે તે સાથે અમારી પાસે આધુનિક શસ્ત્રો પણ છે છતાં પણ અમારાં યુવાનો યુદ્ધમોરચે જવા તત્પરતા બતાવતા નથી, અહીં સુધી કે તેઓના કેમ્પોમાં આનંદપ્રમોદ મનોરંજન માટે છોકરીઓ પણ આપવી પડે છે. આ ઈસ્લામના દુશ્મનોએ કરેલા વખાણ છે. જે લશ્કરના અને પ્રજાના વખાણ દુશ્મન કરે, તે પ્રજામાં ઈસ્લામ કેટલો રચ્યો પચ્યો હશે - વિચારો.

ઈરાનીઓએ પોતાની જમીન છોડાવી અને ઈરાકમાં ઘુસવાનું શરૂ કર્યું ત્યારથી સદ્દામે પોતાના મિત્ર દેશો અમેરિકા - બ્રિટન - ફ્રાંસની સામે આક્રોશ શરૂ કર્યો કે કોઈપણ રીતે આ ્યુદ્ધ બંધ થાય. છેવટે અનેક મુસ્લિમ દેશોની દરમ્યાનગીરી પછી ઈમામ ખોમૈની અલયહે રહમત યુદ્ધ બંધ કરવા સંમત થયા. જો કે આપે કહ્યું કે "હું ઝેરનો કડવો ઘુંટડો ગળે ઊતારતો હોઉં એ રીતે આ સંધિને કબૂલ કરૂં છું. યુદ્ધ બંધ થઈ ગયું.

નુકશાન બંને દેશોને થયું. બંને દેશો બરબાદ થયા. બંને દેશોની પ્રગતિ આઠ-આઠ વર્ષ પાછળ ગઈ. શાળા કોલેજો-જ્ઞાનની સંસ્થાઓ અને વિજ્ઞાન ટેક્નોલોજીમાં બંને દેશો પાછળ ધકેલાઈ ગયા. બંને દેશોનું કીંમતી ચલણ નીચું ગયું.

બરબાદી, બરબાદી, ઈન્કિલાબ પછી આ યુદ્ધમાં થયેલી બરબાદીને સુધારવાનું આ બહાદુર કોમે શરૂ કર્યું. “શેતાનની ચાલો હંમેશા કમજોર હોય છે.” મહાશેતાન અમેરિકા પોતાની બધી જ ચાલમાં નાકામ્યાબ રહ્યું.

અમેરિકા કોરીયામાં, વિયેટનામમા અને છેલ્લે ઈરાનમાં પણ નાકામ્યાબ રહ્યું. એનો મકસદ હલ થયો નહિ. એનો મકસદ હતો કે શાહ પહેલવી ભલે ચાલી ગયો, પરંતુ સત્તા કોઈ બિન ઈસ્લામી પાર્ટી, કે લશ્કરના હાથમાં આવી જાય. આ આલિમોના હાથોમાં ન રહે. પરંતુ અમેરિકાનો આ હેતુ બર આવ્યો નહિ કારણ કે આ ઈન્કિલાબ રૂહાની ઈન્કિલાબ હતો. નિ:સ્વાર્થ આલિમોનું એક મોટું વર્તુળ આ ઈન્કિલાબનું ચાલકબળ હતું. શક્તિ સામે

શક્તિનો મુકાબલો ન હતો પરંતુ શયતાનીયત સામે રૂહાનીયતનો મુકાબલો હતો.

આ એક બદર અને ઓહદનો ચિતાર હતો. એક તરફ એકલું અટૂલું ઈરાન જે પોતાને ઈસ્લામી કહે છે એટલું જ નહિ. પરંતુ તેણે દુનિયામાં ઈસ્લામને સજીવન કરી બતાવ્યો છે. એક તરફ ઈરાક સાથે સમગ્ર દુનિયાના ધનાઢય એવા ૨૫ દેશોની શક્તિ હતી. અમેરિકાએ ઈરાકને ઈરાન સામે લડવા જે હથિયારો આપેલાં તે પરત મેળવવા માટે જ ઈરાકને કુવેત ઉપર આક્રમણ કરાવીને ખોખલુ કરી દીધું. પ્રમુખ સદ્દામના આ બંને પગલાં ઈરાન ઉપર આક્રમણ અને પછી કુવૈત ઉપર આક્રમણ જહાલતભર્યા હતા. જેમાં બિચારી ઈરાકી પ્રજાનો મરો થયો છે. અલ્લાહ ઈરાકને નેક સાલેહ

સત્તાધીશો નસીબ કરે, એવી આપણે દુઆ કરીએ. અલ્લાહ ઈરાનના ઈસ્લામી ઈન્કિલાબને સ્થાયિત્વ અને પ્રગતિ બક્ષે.

ઈસ્લામને ખાતર આ કોમે ઘણુંબધું સહન કર્યું છે. ઘણી કુરબાનીઓ આપી છે. તેથી જ તો ઈરાનની નવયુવાન સ્ત્રીઓ કહે છે કે અમારા માથા અને શરીર ઉપરની આ કાળી ચાદરમાં અમારા શહીદોનું ખૂન છે. એ જ ચાદર તો અમેરિકા હઠાવવા માગતું હતું. મારા નેકદીલ વાચકો, જરા વિચારો.

અલ્લાહ આવો જ ઈસ્લામી જોશ અને ઉત્તેજના (જઝબાત) ઈરાક, સીરીયા, અરબસ્તાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન સાથે બધા જ મુસ્લિમ દેશોની પ્રજાઓને નસીબ કરે, તમામ મુસ્લિમ

દેશોને ઈત્તેહાદ અને ઇત્તેફાક નસીબ કરે. સર્વે એકત્ર થઈને એક એવી સુપર પાવર શક્તિ બને કે તેઓ દુનિયાની મઝલૂમ કોમોને તેમના હકો અપાવે, ઈન્સાફ અપાવે, નેકી અને ભલાઈ સાથે-બેહતરીન તરીકાથી ઈસ્લામનો ફેલાવો કરે. આમીન, ઈલાહી આમીન.

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહંમદીંવ વ આલે મોહંમદ.

ઈરાનીઓમાં ગઝબનો વતનપ્રેમ જોવા મળ્યો. તેઓ કહે છે “વતને મા ખાનએ મા” - અમારું વતન અમારું ઘર છે. આવી જાગૃત પ્રજાથી આપણે ઘણો બોધ લેવા જેવો છે. વિજ્ઞાન-ટેક્નોલોજીના ક્ષેત્રમાં ઈરાન આત્યારે પ્રગતિ કરી રહ્યું છે જે પ્રગતિ ઈસ્લામને આભારી છે.

કહેવાય છે કે સામ્યવાદી રશિયા તૂટી ગયું તેના ફાઝલ પડેલા વિજ્ઞાનિકોને ઈરાને પોતાને ત્યાં રાખી લીધા છે. જે હોય તે ઈરાન અત્યારે કારખાના નાખી રહ્યું છે. હથિયારો ઘર આંગણે તૈયાર કરવાની કોશીશમાં છે.

અમો બાયરોડ જમીનરસ્તે ઈરાકની સરહદેથી ઈરાનમાં દાખલ થયા. ત્યારે બસમાં હંમેશા મારી સાથે જ બેસતા મૌલાના મોહંમદ અસફાક સાહેબે (જેઓ મો. અતહર સા. ના નાના ભાઈ થાય છે.) કહ્યું, "ઈબ્રાહીમભાઈ જુઓ હવે તમે જાણે બગીચાઓના મુલકમાં દાખલ થઈ રહ્યા છો. રેતાળ રણપ્રદેશ પૂરો થાય છે." ખરેખર એવો જ ભાસ થયો, ઠેરઠેર લીલી હરિયાળી જોવા મળી. ચારેતરફ સરકારે ઊગાડેલા સુંદર વૃક્ષોની કતારો

જોવા મળી. ચાર ચાર મોટી ગાડીઓ જઈ શકે તેવા આવવા-જવાના બેવડા માર્ગોની વચ્ચે લીલાછમ વૃક્ષો જોઈને મન પ્રફુલ્લીત થઈ જતું. ઈરાનના બધા જ શહેરો પહાડો ઉપર વસેલા છે. રાતના સમયે બસમાંથી જોતા આકાશના કિનારા ઉપર તારાઓના ઝૂંડ જેમ શહેરો અને કસબાઓની લાઈટો જોવા મળતી. આ દ્રશ્ય મનને મોહી લેતું. જાતજાતના ફળોના વૃક્ષો જોવા મળ્યાં. ખાટાં, મીઠા, ખટમીઠાં, સૂકો મેવો, આલુ, ખજૂર, દ્રાક્ષ, બાદામ અને વિપુલ પ્રમાણમાં પીસ્તાંના વૃક્ષો જોવા મળ્યાં. આ સિવાય પણ પ્રકાર પ્રકારના ફળો ઈરાનમાં થાય છે.

ઈરાનમાં મોટા ભાગના વિસ્તારોમાં છ માસ સખત ગરમી અને છ માસ સખત ઠંડી પડે છે.

ઠંડીમાં બરફ પડવું તો સામાન્ય છે. મશહદ, તેહરાન, કુમ વગેરે શહેરો ખૂબ જ ઠંડા છે. તેહરાન ઈરાનની રાજધાનીનું શહેર છે તેહરાન અતિસુંદર શહેર છે. તેના વૃક્ષો, બગીચાઓ અને ફળાઉ ઝાડો જોઈને કોઈને પણ એમ થાય કે અહીં જો નાનુ સરખું ઘર મળી જાય તો અહીં જ વસી જઈએ.

અમે ઈરાનના ત્રણ મોટાં શહેરો જોયાં. સ્થાનિક લોકોની રહેણી-કરણી પણ જોઈ. પ્રથમ કૂમ શહેર જોયું. ત્યાં પાંચ દિવસ રોકાયા. કૂમ ઈરાનનું ઘણું પવિત્ર શહેર ગણાય છે. ત્યાં માસુમાએ કૂમ આઠમા ઈમામ - ઈમામ અલી રઝા (અલ.)ના બહેનનો રોઝો છે. જે અતિસુંદર અને વિશાળ જગ્યામાં આવેલો છે. કૂમ ઈલ્મી નગરી છે. હજારો વિદ્યાર્થીઓ ત્યાં અરબી ફારસીની તાલીમ લઈ રહ્યા

છે. ફક્ત વિદ્યાર્થીઓ નહિ પણ વિદ્યાર્થીનીઓ પણ એટલી જ સંખ્યામાં ઈલ્મ શીખી રહી છે. દુનિયાના દરેક દેશના છોકરા-છોકરીઓ અહીં ઈલ્મ શીખતા જોવા મળશે.

ડીસકવરી ચેનલના ઈરાનનો પ્રવાસ કરનારે કૂમની મુલાકાત પછી કહેલું કે “કુમ ઈઝ ધ વેટીકન સીટી ઓફ ઈસ્લામ” તે સિવાય આ જ શબ્દપ્રયોગ બી. બી. સી.ના સંવાદદાતાઓ પણ અવારનવાર કરે છે. કૂમ, મશહદ અને તેહરાન જેવા મોટા શહેરોમાં અરબી - ફારસીની મોટી મોટી યુનિવર્સીટીઓ આવેલી છે. ભારત, પાકિસ્તાન તથા બાંગલાદેશના લગભગ પાંચ હજાર વિદ્યાર્થીઓ ત્યાં ઈલ્મ પ્રાપ્ત કરે છે. તે સિવાય દુનિયાના બધા જ દેશોના વિદ્યાર્થીઓ ત્યાં જોવા મળશે. તેઓને

સ્કોલરશીપ આપવામાં આવે છે. આ ઉપરથી આ વાત ફલિત થાય છે કે ઈરાન અમ્ર બિલ માઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરના કુર્આનના હુકમને કેટલું અનુસરે છે.

સેંકડો ઘટનાઓ અત્યારે મારા દિમાગમાં છે. તેમાંથી અત્યારે એક ટૂંકી ઘટના વર્ણવું છું. જે મારા પ્રત્યક્ષ અનુભવની છે. આફ્રિકાના એક દેશની એક હબશી છોકરી પણ ઈલ્મ શીખતી હતી. જે દેશમાં સદંતર જહાલત હતી. આ છોકરી મદ્રસામાં ઠેકાણે બેસે નહિ, ગમે તેમ વારંવાર રોકવા છતાં પણ લાંબા પગ કરી ગમે તેમ બેસે. તે સિવાય પણ અમૂક કાનૂનભંગ કરે. આ છોકરીની ફરીયાદ જ્યારે વ્યવસ્થાપક આયતુલ્લાહ સુધી પહોંચી ત્યારે તેમણે કહ્યું કે “એને રોકતા રહો, સુધરી જશે.

ઈન્શાઅલ્લાહ, નહીં તો પછી એ જે રીતે પણ ઈલ્મ શીખે, શીખવા દો, આવી રીતે પણ જો એ ઈલ્મ શીખીને એના દેશમાં જશે તો ત્યાં કંઈક તો ઈલ્મ પહોંચશે. જો કે આવી અશિસ્તતાની સજા પ્રથમ સ્કોલરશીપ બંધ કરવી, પછી ન સુધરે તો વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને કોલેજ બહાર કરવું હોય છે. છતાંય આ જ રીતે નિયમભંગ સહન કરીને પણ તે છોકરીને ચાલવા દીધી. કારણ કે તેના દેશમાં સદંતર અંધારું હતું. ઈલ્મની ઘણી જ આવશ્યક્તા હતી.

વિદ્યાર્થીનીઓને તેમના રહેઠાણથી મદ્રસા સુધી લાવવા અને મદ્રસાથી રહેઠાણ સુધી મૂકી આવવાની સગવડ પણ મદ્રસા તરફથી જ હોય છે.

કેટલાક વિદ્યાર્થી તો જીવનના ચાલીસ ચાલીસ વર્ષો ઈલ્મ શીખવામાં વિતાવી દે છે. ફિકહ,

કુર્આન અને તેની તફસીર ઘણા જ ઊંડાણથી શીખવવામાં આવે છે. ઈન્ડિયા પાકિસ્તાનના આઠેક વિદ્યાર્થીઓને હું મળ્યો. જેઓ દસેક વર્ષથી ત્યાં ઈલ્મ શીખતા હતા. તેમની સાથે ચર્ચા કરતાં માલૂમ પડ્યું કે ઘણી જ બેહતરીન પદ્ધતિથી ઉચ્ચોચ્ચ ઈલ્મ આપવામાં આવે છે.

કુમ શહેરમાં માસુમાએ કુમના રોઝાની બિલકુલ નજીક જ હોટલમાં અમારો ઊતારો હતો. પાંચ મિનિટમાં અમો રોઝામાં જઈ શકતા. અમૂક વિદ્યાર્થીઓના ઘેર નાસ્તાની દઅવતમાં જવાનો મોકો મળ્યો.

હું ત્યાંની બધી જ પરિસ્થિતિનો બારીકાઈથી અભ્યાસ કરતો. ટેક્ષીમાં જ્યારે હું શહેરની ગલીકુંચીઓ ફરતો તો સફાઈ તરફ મારું ધ્યાન

અચૂક દોરાતું. બધે જ અતિસુંદર સફાઈ કરવામાં આવે છે. હાથ-પગના અંગૂઠાના નખ જેટલો કાગળનો ટૂકડો પણ આપણને રોડ ઉપર કે રોડની બાજુમાં આવેલા મકાનોની આસપાસ જોવા ન મળે કાંકરા પથ્થર, કાંટા, કાચ એવી તો વાત જ નહીં કરવાની.

ગાય, ભેંસ, ઘેટા-બકરાં, ભૂંડ કે કૂતરાં સમગ્ર ઈરાનમાં તમને ક્યાંય જોવા ન મળે. રોડ ઉપર કે રસ્તામાં કે મહોલ્લાઓમાં કોઈ જાનવર ફરતું ન દેખાય. બિલાડીઓ દેખાય ખરી. દરેક ઘરમાં કચરા એકત્ર કરવા માટે પ્લાસ્ટિકની મોટી ઢાંકણાવાળી પીપ રાખવામાં આવે છે. તેમા ઘણા જ મજબૂત પ્લાસ્ટીકની કાળા રંગની થેલીઓ મૂકેલી હોય છે. દિવસ દરમ્યાન તેમા કચરો એકત્ર કરી

રાતે તે થેલીને ઘરની બહાર દીવાલને અડીને મૂકી દેવામાં આવે. સવારમાં મ્યુનિસિપાલિટીના સફાઈ કામદારો તેને લઈ જાય. સફાઈ કામદારોના હાથ પગ ઉપર મોજાં પહેરેલા હોય છે.

દરરોજ વહેલા સવારમાં જ્યારે હજી અંધારું હોય - લોકો કેટલાક નિંદ્રાધીન પણ હોય ત્યારે રસ્તાઓની સફાઈ થઈ જાય. પવિત્ર શહેરોમાં રોઝાઓની આસપાસના રોડોને તો દરરોજ પાણીથી ધોવામાં આવે છે.

સમગ્ર ઈરાનની સફાઈ આપણી આંખોમાં વસી જાય છે.

માસુમાએ કુમના રોઝા ઉપર હરવખત સ્ત્રી-પુરુષોની ભીડ જામેલી દેખાઈ. સ્ત્રીઓનો વિભાગ દરેક જગ્યાએ આપણને અલગ જોવા મળે.

અલ્લાહનો ઝિક્ર કરતા લોકોના અવાજો જાણે હજારો ચકલીઓ એકત્ર થઈને અવાજ કરતી હોય એવો લાગે, પઢતા, રડતા, અલ્લાહની સમક્ષ દુઆઓ માગતા લોકોને જોવાનો લહાવો દરેક રોઝા ઉપર મળે છે.

દરેક રોઝાઓ ઉપર (સઉદી અરબને બાદ કરતાં, ત્યાં કોઈ વ્યવસ્થા નથી.) સીરીયાના રોઝાઓમાં, ઈરાકના રોઝાઓમાં તથા ઈરાનમાં પણ ચંપલ, બૂટ સાચવવાની - હજારોની સંખ્યામાં તેને વ્યવસ્થિત ગોઠવણી કરવાની વ્યવસ્થા રોઝાના વ્યવસ્થાપકો તરફથી થાય છે. સીરીયામાં આ વ્યવસ્થા ઈરાન સંભાળે છે. જેથી સીરીયા-ઈરાનમાં આ વ્યવસ્થા ફ્રી હોય છે. જ્યારે ઈરાકમાં

કંઈક ફીસ લેવામાં આવે છે. અમૂક લોકો આપે, અમૂક ન આપે તો પણ ચાલી જાય.

આપણા વિદ્વાન બંગાળી લેખક, મહાન ચિંતક જ્ઞાની પુરુષ એવા આદરણીય શ્રી રવિન્દ્રનાથ ટાગોરે જ્યારે ઈરાનની મુલાકાત લીધી ત્યારે એમણે ત્યાંની ચપટી માટી ઉપાડી તેને પોતાના કપાળ ઉપર લગાવી કહ્યું હતું કે “આ એક અતિ ફળદ્રુપ અને ચેતનવંતી ધરતી છે. આ ધરતીએ દુનિયાને મહાન વિદ્વાનો, શાયરો, ફિલોસોફરો આપ્યા છે. આ ધરતીમાં જ્ઞાન છુપાયેલું છે. હું આ ધરતીનો આદર કરૂં છું. આ ધરતીેને વંદન કરૂં છું.

ઈરાને ઈસ્લામને બેહતરીન વિદ્વાનો આપ્યા છે. શ્રેષ્ટ શાયરો આપ્યા છે. આયતુલ્લાહ મુતહહરી જેમની અગણિત બેહતરીન કીતાબો છે.

આયતુલ્લાહ બેહીશ્તી, આયતુલ્લાહ જાવેદ આમુલી- જેમણે કુર્આનની વિષયવાર તફસીર લખી છે. ઉપરાંત બીજી તફસીર તરતીબ પ્રમાણે જે પ્રમાણે સુરાઓ છે તે પ્રમાણે લખી છે. ઉપરાંત અસરારે ઈબાદત (ઈબાદતના રહસ્યો) ઝન દર આએનએ જલાલો - જમાલ (સ્ત્રી જલાલ અને જમાલના અરીસાં) બુનયાનુમ મરસુસ, હિકમતે ઈબાદત જેવી લાજવાબ કીતાબો લખી છે.

આયતુલ્લાહ જાફર સુબહાની - જેમણે તફસીરે મવઝૂઈ, મફાહીમે કુર્આન, ફૂરુંગે અબ્દીયત (પેગંબરે ઈસ્લામનું જીવનચરિત્ર) ખુદા વ મઆદ, ખુબ મોટા ગ્રંથો છે. આયતુલ્લાહ નાસીર મકારીમ સીરાઝી જેમણે - ૨૭ ઝિલ્દોમાં તફસીરે નમૂના જેવી બેહતરીન લાજવાબ તફસીર લખી છે, તફસીરે

મવઝૂઈ (કુર્આનનો સંદેશ) શર્હે નહઝુલ બલાના આમુઝશે અકાઈદ-મઆદ. જેવા બેહતરીન પુસ્તકો લખ્યાં છે. આયતુલ્લાહ મીસ્બાદ સાહેબે મઆરીફે કુર્આન, આમુઝાશે અકાઈદ, આમુઝીશે ફલસફા વગેરે કીતાબો લખી છે.

જેમા શહીદ આયતુલ્લાહ મુરતુઝા મુતહહરીના પુસ્તકો અર્વાચીન યુરોપીય વિદ્વાનોમાં ખૂબ જ પ્રચલિત છે. જે અંગ્રેજીમાં છે. જેમણે ઈસ્લામી લોકશાહી, માનવ અધિકારો, સામ્યવાદ, સમાજવાદ, અર્થતંત્ર, રાજ્યવ્યવસ્થા, સમાજ વ્યવસ્થા વગેરે સામાજિક દ્રષ્ટિબિંદુઓ ઉપર ઈસ્લામ શું કહે છે તે બાબત ઉમદા ગ્રંથો લખ્યા છે. જે સમગ્ર વિશ્વના બુદ્ધિશાળીઓની બુદ્ધિને અપીલ કરે એવા છે.

ઈરાની વિદ્વાનોએ કુર્આન પાકની બેહતરીન તફસીરો લખી છે જે દુનિયા માટે ઈલ્મનો ખજાનો છે. તે સિવાય દરેક વિષય ઉપર ઈરાની ઓલમાએ બેહતરીન કીતાબો લખી છે. તે અજોડ છે.

# પ્રકરણ – ૨૯ : લોકો અને તેમની રહેણી કરણી

ઈરાનના સ્ત્રીપુરુષો ઊંચા, કદાવર, મજબૂત બાંધાના અને શક્તિશાળી છે. ઈરાની પ્રજા પહેલેથી જ બહાદુર કહેવાય છે. તેઓ અત્યંત ધીરજમાન - સબર કરનારા પણ છે. ઈરાની કદી પણ જલ્દી મારામારી ઉપર ઊતરી નહીં પડે, રંગે ગોરી સુંદર નાક-નકશો ધરાવનારી પ્રજા છે.

ઘરોમાં લગભગ બધે જ યુરોપીય રીતભાત નજરે પડશે. મોટેભાગે કાંટા-ચમચીથી જમવાનો રિવાજ છે. યુવાન છોકરીઓ શર્ટ-પેન્ટ જીન્સ બુટ પણ પહેરે છે. ઘરોમાં સ્કર્ટ પહેરવાનો રીવાજ પણ પ્રચલિત છે. પરંતુ સ્ત્રી નાની છોકરી હોય કે યુવાન, અથવા ૮૦ વર્ષની વૃધ્ધા હોય, બધી જ ઈરાની સ્ત્રીઓ મોટી કાળી ચાદરમાં લપેટાયેલી દેખાશે.

ચાદરની બંને પડખો પોતાની દાઢી પાસે પકડીને ચાલશે. તે સિવાય પેશાનીનો એક વાળ કે કાનનો પણ કોઈ જરાકે ભાગ ન દેખાય તેવો સ્કાફ તો માથા ઉપર બાંધેલો હશે. તેના ઉપર ચાદર આવશે. હાથપગમાં મોજાં પહેરેલા હોય છે. ફક્ત મોઢું જ તેમાં પણ ચહેરાનો વુઝૂનો ભાગ જ ખુલ્લો દેખાશે. ઈરાની સ્ત્રીઓને અલ્લાહે સુંદરતા બક્ષી છે. સ્ત્રીઓ પોતાની ચાદરને શહીદોનું ખૂન માને છે. કહે છે કે આ ચાદર માટે અમારા લાખો ઈન્સાનો શહીદ થયા છે. ઈન્કિલાબ લાવવા માટે જે ખૂન વહ્યું તે પણ ઈસ્લામને ખાતર હતું. ઈન્કિલાબ આવી ગયા બાદ ઈરાક સાથે આઠ આઠ વર્ષ ચાલેલું યુદ્ધ પણ ઈસ્લામી ઈન્કિલાબને હઠાવવા માટે હતું. મહાશેતાન અમેરિકા અને તેના ખાંધીયા મિત્રોને ઈસ્લામથી

દુશ્મની છે. તેથી જ આ ઈસ્લામ દુશ્મન શક્તિઓએ એકત્ર થઈને ઈરાકના અવિચારી સત્તાધીશ સદ્દામને ઈરાન વિરૂદ્ધ ઉશ્કેરણી કરી યુદ્ધ માટે સર્વે પ્રકારની મદદ આપી ઈન્કિલાબને રોકવાની કોશીશ કરી. પરંતુ અમેરિકા તેમાં સફળ થયું નહિ.

મશહદની નવયુવાન છોકરીઓને જ્યારે મેં આમ કહેતાં સાંભળી કે "દુનિયામા સવાલાખ નબીઓની આમદ આ ચાદરો માટે જ થઈ છે. આ ચાદરો માટે જ નબીઓને જેતે સમયના જાલીમ સત્તાધીશોએ સતાવ્યા છે." ત્યારે મને ઘણી જ ખુશી થઈ. મેં તેઓને દીલથી દુઆઓ આપી. અતિ સુંદર અતી આહ્લાદક એવી રાજધાની તેહરાનમાં ફરતાં ફરતાં કેટલેક ઠેકાણે અમૂક સ્ત્રીઓ ફક્ત કોટ સ્ટાર્ફ સાથે (જાડી-મોટી ઈરાની ચાદર વગર) નજરે પડે.

જેઓની પેશાનીના એકાદ સેન્ટીમીટર જેટલા વાળ જોઈ શકાતા હતા. મારા પ્રશ્ન ઉપર અમારી ગાઈડોએ જણાવ્યું કે આ પારસી, યહુદી, શીખ કે ક્રિશ્ચિયન સ્ત્રીઓ છે. તેહરાનમાં ૨૦ હજારથીય વધુ પારસીઓ વસે છે. ઉપરાંત યહુદીઓની પણ થોડીક આબાદી છે. શીખોની વસ્તી પણ છે. હિંદુ-ક્રિશ્ચિયન કુટુંબો પણ છુટાં-છવાયાં વસે છે, આવી બિન મુસ્લિમ સ્ત્રીઓ ઈરાની ચાદર ઓઢતી નથી. તેઓ મોટેભાગે લાંબો-કોટ-સલવાર અને માથે સ્કાર્ફ બાંધે છે. તેઓ પણ આ રીતનો જરૂરી પડદો કરી ઈરાનના ઈસ્લામી કલચરમાં ભળી ગયાં છે. વળી આ કોટ સ્કાર્ફવાળી સ્ત્રીઓમાં કોઈક મુસ્લિમ બાનુ પણ હોઈ શકે, તેમાં નવાઈ નથી.

સમગ્ર તેહરાનની ઝિયારતો માટે અમોએ એક ટેક્ષી ભાડે કરી હતી. ત્યાં ગેસથી ચાલતી ટેક્ષીઓ ઘણી જ છે. જે તદ્દન મફતના ભાવે હોય છે. પેટ્રોલ પણ સસ્તું છે. ૧૦,૦૦૦ તુમાનમાં પૂરા ૧૩ કલાક અમો સમગ્ર તેહરાનમાં ઘુમ્યા.

અમો હઝરત ઈમામ હુસૈન (અલ.)ના મોહતરમ પત્ની જનાબ શહેરબાનુના રોઝા ઉપર ગયા. ત્યાં અમો જમ્યા. પણ ઈરાનીઓનું ખાવાનું ચટણી વગરનું અને મીઠું પણ તદ્દન કમ જે આપણને ભાવે પણ નહિ. જેથી અમો આપણી ઈન્ડિયન બીરયાની સાથે લાવ્યા હતા. ત્યાંથી ફ્રૂટ ખરીદી લીધું. ઘણે ઊંચે પહાડ ઉપર આ રોઝો આવેલો છે. ત્યાં એક સ્કૂલની છોકરીઓનું ટૂર પણ આવેલું હતું. સખત ઠંડો પવન ફૂંકાતો હતો. વરસાદ

પણ ઝરમર ઝરમર પડતો હતો. ટેક્ષીવાળાએ અમને કહ્યું કે બરફ પડવાની આગાહી છે. જોકે અમોએ પહેરવાના પૂરતા કપડાં લીધા હતાં. હોટલથી નીકળ્યા ત્યારે સખત ઠંડી હતી જ. જ્યારે ત્યાંની દરેક બસમાં કે ટેક્ષીમાં એરકન્ડીશન હોય જ છે, જેથી ટેક્ષીમાં તો ઠંડી કે ગરમી લાગવાનો પ્રશ્ન રહેતો નથી.

પહાડ ઉપર શહેરબાનુના રોઝાની ઝિયારત માટે આવેલ તેહરાનની શાળાની શિક્ષકિાઓ અને વિદ્યાર્થીઓની મુલાકાત થઈ. તેઓના હેડ મિસ્ટ્રેસ પણ અમને મળવા ઇચ્છતાં હતા. ઘણીબધી વાતો થઈ, તેઓએ કહ્યું કે અમને ઈન્ડિયનોથી મહબ્બત છે. કારણ ઈન્ડિયા શાંતિપ્રિય દેશ છે. મને આ વાત ખૂબ ગમી. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી વિશે

તેમને જ્ઞાન હતું. ગાંધીજીને તેઓ માનવીય વ્યક્તિ માને છે. અમો ત્યાં લગભગ અઢી કલાક રોકાયા તે દરમ્યાન હું એમ માનતો રહ્યો કે આ અગિયારમાં કે બારમાં ધોરણની છોકરીઓ હશે, જેઓની ઉમર સોળ સાર વર્ષની આસપાસ હોઈ શકે.

પરંતુ ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો જ્યારે મને જણાવવામાં આવ્યું કે આ પ્રાથમિક શાળાની ધો. પની વિદ્યાર્થીનીઓ છે. તેમની ઉમર ૧૦ વર્ષની આસપાસ છે. આ ઘટના પરથી ત્યાંના સ્ત્રીપુરુષોની તંદુરસ્તીનો ખ્યાલ આવે છે.

ત્યાંના લોકોનો ખોરાક સાદો, સીધો, બાફેલો, વગર ચટણી મસાલાનો, ઓછા નમકવાળો હોય છે. આપણા તો મોમા જ ન જાય. આપણા સ્ત્રીપુરુષોના પ્રમાણમાં તેમના ખોરાકનું પ્રમાણ પણ

ખાસ્સુ વધુ હોય છે. ત્યાંના પુરુષ કોટ-પેન્ટ શર્ટ પહેરે છે. ઈનસર્ટમાં જ હોય છે. વ્યક્તિ ગમે તેટલા ગરીબ હોય કે વૃદ્ધ હોય પણ ઇન્સર્ટમાં જ જોવા મળે. ખૂબ જ શાંતિપ્રિય અને ધીરજવાન પ્રજા છે. ઈરાનીઓ આપણને થોડાક અતડા લાગે, પરંતુ જો તમો ફારસી જાણતા હોવ તો વાતચીત કરવામાં ઊમળકો બતાવે. આપણને ફારસી ભાષાન આવડતી હોય તો તેઓ કંટાળો અનુભવે છે.

આ લોકો કેળા સાથે રોટલી, શક્કરટેટી સાથે રોટલી કે ખજૂર સાથે પણ રોટલી સહેલાઈથી ખાઈને પેટ ભરી લે છે. ગોશ્તમાં પણ ખાટામીઠાં ફળો નાખી પકાવે છે. તેઓનું ખાવાનું ગળ્યું હશે પરંતુ તીખાશ તો સ્હેજે નહીં મળે, ચટણી જાણતા જ નથી. સમગ્ર ઈરાનમાં ક્યાંય આદુ મળતું નથી. ત્યાં

આદુ પાકતું પણ નથી. ન તો બહારથી મંગાવવામાં આવે છે.

એક ભારતીય વિદ્યાર્થી પોતાનો અનુભવ વર્ણવતા કહેતો હતો કે મેં એક ઈરાનીને તેની માંગણી પર આપણું શાક ખાવા આપ્યું, તેણે એક મોટો કોળિયો શાક ખાધું. ખૂબ જ કૂદવા લાગ્યો, માથામાં ટપલા મારવા લાગ્યો, બોલતો જાય કે તેં મને ઝેર આપી દીધું છે. હું ગભરાઈ ગયો કે કંઈ ગુસ્સામાં મને મારી ન દે. તેથી પ્યાલામાંથી મેં પણ તે જ શાક તેની સામે જ ખાઈ બતાવ્યું ત્યારે તે શાંત થયો, તેને વિશ્વાસ બેઠો કે મેં ઝેર નથી આપ્યું.

## પ્રકરણ – 30 : ઈસ્લામી ઈન્કિલાબ વિરોધી શક્તિઓ અને મુસલમાન

ઈસ્લામ દુનિયામાં શા માટે આવ્યો ? અલ્લાહને દીને-ઈસ્લામ કેમ પસંદ છે ? જવાબ છે કે ઈસ્લામ દુનિયામાં તમામ શયતાની શક્તિઓને મીટાવવા આવ્યો છે. ઈસ્લામ દુનિયામાં મજલૂમ ઈન્સાનોની મજલુમીયતને દૂર કરવા આવ્યો છે. ઈસ્લામ દુનિયામાં ઈન્સાફ કાયમ કરવા આવ્યો છે. ઈસ્લામ દુનિયામાં અલ્લાહની રબ્બાનીયત, તેની શહેનશાહીય્યતને સ્થાપિત કરવા આવ્યો છે.

ઈરાનનો ઈસ્લામી ઈન્કિલાબ સમગ્ર મુસ્લિમ-બિન મુસ્લિમ દુનિયા માટે એક રોશન ચિરાગ છે. દુનિયાની તમામ મજલૂમ પ્રજાઓ માટે હિદાયતરૂપ છે. જેવી રીતે દરેક જમાનામાં નબીના

અસ્તિત્વથી જે તે સમયના બાદશાહો ખોફ અનુભવતા હતા. આજે એવો જ ખોફ ઈસ્લામી ઈરાનથી બિન-મુસ્લિમ દુનિયાના શાસકો અનુભવી રહ્યા છે. દુનિયાનો બની બેઠેલો સરમુખ્ત્યાર અમેરિકા સૌથી વધારે ખોફ અનુભવી રહ્યો છે. ઈરાનને સમગ્ર દુનિયાના દેશોથી એકલું અટૂલુ પાડી દીધું છે. જો કે તેનાથી ઈરાનને ખાસ અસર થઈ નથી. અમેરિકા અને તેના દોસ્ત મુલકો પ્રકાર પ્રકારના જુા પ્રોપેગેન્ડા કરી ઈરાનને અને ઈસ્લામને બદનામ કરવાની કોશીશ કરી રહ્યા છે. તેઓ એમ ઈચ્છે છે કે રાજકારણથી ઈસ્લામને અલિપ્ત કરીને ફક્ત થોડીક ઈબાદતો સુધી સિમિત કરી દે, ફક્ત ઈરાનને બાદ કરતાં તમામ મુસ્લિમ દેશો ઉપર અમેરિકાનો સીધો અથવા આડક્તરો

કબજો છે. અમેરિકા આવા બધા જ દેશોમાં જ્યારે ઈચ્છે ત્યારે સત્તા પરિવર્તન કરી શકે છે.

ઈરાનના ઈન્કિલાબને આપણે શીયા કે સુન્ની શબ્દ સાથે જોડીને અલ્લાહની સખત નાફરમાની વહોરી રહ્યા છીએ. રહબરે ઈન્કિલાબ ઈમામ ખોમેની (રહ.) એ તથા અત્યારના રેહબર સૈયદ અલી ખામેનાઈ સાહેબે કે ઈરાનના કોઈપણ આલીમોએ કદીપણ આમ નથી કહ્યું કે અમારો આ ઈન્કિલાબ શીયા ઈન્કિલાબ છે. તેઓ તો ઊંચા અવાજથી હંમેશા કહેતા રહે છે કે

**લા શીયા લા સુન્ની**

**લાઈલાહ ઈલ્લલ્લાહ મોહંમદુર્રસુલુલ્લાહ.**

છતાંપણ દુનિયાના કાફિર શાસકો તથા તેઓના ખાંધીયા કહેવાતા મુનાફિકો ઈરાનના

ઈન્કિલાબને બદનામ કરવાની હંમેશા કોશીશ કરતા નજરે પડે છે. બેઈમાન બી. બી. સી. તથા શેતાની અવાજ વોઈશ ઓફ અમેરિકા પણ યેનકેન પ્રકારે ઈન્કિલાબે ઈસ્લામીને બદનામ કરવાની કોશીશ કરતા રહે છે. અમેરિકા હંમેશા લોકશાહી અને માનવઅધિકારી ખોટી બૂમરાણ મચાવતું રહે છે એને તો દુ:ખે છે પેટ અને ફૂટે છે માથું. કારણ કે એ બખુબી જાણે છે કે આવો અણિશુદ્ધ ઈસ્લામી ઇન્કિલાબ જેના પાયાના સિદ્ધાંતોમાં અલ્લાહની વહદાનીયત, રસુલની રીસાલત અને અલીની વિલાયત હોય તો ઈન્કિલાબ અમારૂં પ્રભુત્વ છીનવી લેશે. સમગ્ર વિશ્વમાં ઈન્કિલાબે ઈસ્લામીએ પોતાનો પગદંડો જમાવવો શરૂ કરી દીધો છે. તેથી જ તો અમેરિકા ઈચ્છે છે કે સઉદીઅરબ અને ઈરાનની

સરકારોમાં દોસ્તી ન થઈ જાય. સઉદીઅરબની તથા બીજા અન્ય મુસ્લિમ દેશોની જાલીમ રાજાશાહી અથવા લશ્કરી શાસન અમેરિકાને કબૂલ છે. પરંતુ ઈસ્લામી ઈન્કિલાબ કે આલિમોનું શાસન એને પસંદ નથી, તેથી જ તો અમેરિકા સઉદીઅરબની શહેનશાહીય્યત (રાજાશાહી) વિરૂદ્ધ એક શબ્દ પણ બોલતું નથી.

અલજીરીયા મુસ્લિમ દેશ છે. ત્યાંની ઈસ્લામી પાર્ટીએ ચૂંટણીઓ જીતી લીધી (હારેલી પાર્ટીઓ પણ કહેવાતી મુસ્લિમ તો હતી જ કારણ કે ત્યાંની સમગ્ર વસ્તી મુસ્લિમ છે.) આ મુસ્લિમ પાર્ટી ઈસ્લામી શાસનવ્યવસ્થા ઈચ્છતી હતી. અમેરિકાએ એક જ રાતમાં ત્યાં લશ્કરી શાસન સ્થાપિત કરી દીધું. મુસ્લિમ પાર્ટીના બધા જ લીડરોને જેલમાં

ધકેલી દીધા. આ ઉપરથી વિચાર કરી શકાય કે આપણા લશ્કરના અફસરો પણ અમેરિકાને વેચાઈ ગયેલા છે. એવી જ પરિસ્થિતિ સામ્યવાદી તૂર્કીની પણ છે. ત્યાં પણ ઈસ્લામી પાર્ટીને સરકાર રચી શકે એટલી સીટો પાલર્મિન્ટમાં મળી હતી. આ પાર્ટીને સત્તા ગ્રહણ કરવા માટે ફક્ત બે જ કલાકની વાર હતી અને અમેરિકાના ઈશારે ત્યાં લશ્કરી શાસન સ્થાપિત થઈ ગયું. બધા જ નેક અને સાલેહ લોકોને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા. ઈઝરાઈલે મિસર સાથે કરેલ કેમ્પડેવીડ સમજૂતિ શું છે ? તે શા માટે કરવામાં આવી ? એનો વિચાર કદી આપણા ભણેલાગણેલા શિક્ષિત વર્ગે કર્યો છે ખરો ? આપણા આલિમો કે જેઓની તો જવાબદારી છે કોમની રહબરી કરવાની. તેઓ કદી આવા પ્રશ્નોને

સમજવાની કોશીશ કરે છે ખરા ? ૧૯૭૩ના અરબ-ઈઝરાઈલ યુદ્ધમાં સીરીયા, જોર્ડન અને મિસર ત્રણેએ પોતપોતાનો પ્રદેશ ગુમાવ્યો હતો. મિસરના તો ૪૦૦ યુદ્ધ વિમાનો ઈઝરાઈલે મિસરની જમીન પર પડયા પડ્યા જ ઉડાવી દીધાં હતાં. યુદ્ધ ચાલુ હતું ત્યારે અડધી રાતે મિસરના એરમાર્શલ તથા બીજા લશ્કરી અધિકારીઓ યહુદી સુંદરીઓ સાથે ડાન્સ કરતા હતા. શરાબના નશામાં ચકચૂર એર માર્શલના ખોળામાં એક યહુદી સુંદરી હતી તે દરમ્યાન ફોનની ઘંટડી રણકી. ફોન સાંભળનાર અધિકારીએ એર માર્શલને ખબર આપ્યા કે આપણા ૪૦૦ યુદ્ધ વિમાનો ઈઝરાઈલે આપણી ધરતી ઉપર પડયા પડયા જ ઉડાવી દીધા છે. તરત જ એરમાર્શલનો બધો જ નશો ઊતરી ગયો. તેણે

પોતાની રીવોલ્વર પોતાના જ કપાળ ઉપર મૂકી આપઘાત કરી લીધો.

આ યુદ્ધમાં અરબોએ ઘણો માર ખાધો હોવા છતાં ઈઝરાઈલે પણ પોતાના સૈનિકો ગુમાવ્યા હતા. તેણે પણ નુકશાન તો ઉઠાવ્યું જ હતું. યુદ્ધ બંધ થયા પછી અમેરિકાએ જોયું કે અરબસ્તાન, જોર્ડન, સીરીયા, મિસર વગેરે અરબ દેશોમાં માનવશક્તિ તો ફક્ત મિસર પાસે જ છે. વસ્તીની દ્રષ્ટિએ મોટો દેશ તો મિસર જ છે અને તમારી પાસે ગમેતેટલાં અદ્યતન શસ્ત્રો હોય માનવ શક્તિ પણ જરૂરી છે. તેથી જ અમેરિકાએ કેમ્પ ડેવીડ સમજૂતિ કરી મિસરને તેનો ગુમાવેલો થોડોક પ્રદેશ પાછો આપી રોં કરી દીધું. મિસર થોડાક વર્ષો અરબલીગથી અલગ રહ્યું, પછી એકત્ર થઈ ગયું.

આજે પણ આપણી પાસે વિશાળ માનવ શક્તિ તથા વિપુલ યુદ્ધ સામગ્રી પણ હોવા છતાંય આપણે છુટાછવાયા, વેરવિખેર, છીએ, ફિકહી મસાઈલોને આગળ ધરી એકબીજાથી નફરત કરીએ છીએ. દુ:ખની વાત છે કે આપણા આલિમો પણ આ અંગે એકત્ર થઈ કશું ગંભીરતાપૂર્વક વિચારતા નથી.

તેનાથી વિપરીત ઈરાની આલિમો યુદ્ધ સમયે દિવસ દરમ્યાન ખડેપગે યુદ્ધ અંગે ચિંતિત રહેતા હતા. વોંબ નમાઝો સમય પર અદા કરતા હતા અને રાતે અલ્લાહની સમક્ષ દુઆઓ માગતા હતા. કોશીશ, મહેનત પછી દુઆ. આયતુલ્લાહ ખોમેની (રહ.) એ પોતાની હયાતીમાં કેટલાક ઈરાની નવયુવાનોને ફલસ્તીનની ગેરીલા હુમલા પદ્ધતિ શીખવા અને તેમની તેહરીકનો અભ્યાસ

કરવા લબનાન મોકલ્યા હતા. તેઓ ફલસ્તીન આવ્યા અને જોયું તો પરેશાન થઈ ગયા.

કેમ્પોમાં યુવાન છોકરા-છોકરીઓ એકસાથે જ રહેતા હતા. યુવક-યુવતીઓ ઊંધા સૂઈને વાંચતા હતા. બે છોકરાઓની પથારી સાથે જ એકાદ બે છોકરીઓની પથારી. બે હયાઈનું આ પ્રદર્શન જોઈ આ ઈરાની નવયુવાનો ચોથા જ દિવસે ઈરાન પાછા ફર્યા વિચારો, અલ્લાહની મદદ તમને ક્યારે પહોંચે. નાફરમાની પણ કરીએ અને તેની મદદની ઉમ્મીદ પણ રાખીએ !

ખુદાની રઝામંદીના અસબાબ પણ જરૂરી છે. યુદ્ધ સામગ્રી પણ જરૂરી છે. અસબાબને (સાધન સામગ્રી, ચીજો, કોશીશ, મહેનત) અરબાબ (સરદાર) પણ ન સમજવામાં આવે અસબાબને

બેકાર પણ ન સમજવામાં આવે. અસબાબને અલ્લાહની ફરમાબરદારી સાથે ઈખ્તીયાર કરવામાં આવે.

આપણે અનેક ટોળાંઓમા વિભાજિત થઈ ગયા છીએ. સંપ્રદાયો અને પેટા સંપ્રદાયોમાં, વેરવિખેર પરિસ્થિતિમાં જેની પાસે જે કંઈ છે તેમાં જ મસ્ત છીએ. નવું જાણવાની, સમજવાની, શીખવાની, મેળવવાની કે વિચારવાની ચિંતા આપણે સદંતર છોડી દીધી છે. કેટલાક તો વળી કહે છે કે આપણે બેદીન થઈ ગયા છીએ, તેથી જ ઝલીલ છીએ, તેઓની દ્રષ્ટિએ આપણે નમાઝ નથી પઢતા, રોઝા નથી રાખતા, દાઢી નથી રાખતા, તેથી જ ઝલીલ છીએ. ના ભાઈ ના, મસ્જિદોમાં નમાઝીઓની સંખ્યા વધી છે. રોજબરોજ મસ્જિદોની

સંખ્યા વધારવી પડે છે. રોઝેદારોની સંખ્યા પણ વધી છે. દાઢી રાખનારાઓ અને દાઢીની લંબાઈ તો ખાસ્સી વધી છે. ઝકાત પણ લોકો આપે છે. હજ કરનારાઓની સંખ્યા તો હદ વટાવી ગઈ છે. મદ્રસાઓ અને દારૂલ ઉલૂમો તો ઠેકઠેકાણે જોવા મળે છે. મઝહબી ચોપાનીયાં, માસિકો અને કીતાબોની સંખ્યા પણ બેશુમાર છે. તો પછી શું બાબત છે કે આપણે દરરોજ માર ખાઈએ છીએ. અસલ વાત આપણી અંદર એક્તાનો અભાવ છે. પાયાનો સિદ્ધાંત ઈસ્લામી એક્તા આપણે સ્થાપિત કરી શકયા નથી એ જ મોટામાં મોટી આપણી બેદીની છે. આપણે આપણા જ ભાઈઓ-ઈમાનવાળાઓના ખૂનને હલાલ સમજીએ છીએ.

“લાઈલાહ ઈલ્લલ્લાહ મોહંમદુરરસૂલુલ્લાહ”નો કલિમો પઢનારાઓને મસ્જિદોમાં મારીએ છીએ. પાકિસ્તાનની હાલત જુઓ જ્યાં મસ્જિદોમાં મશીનગનો ચલાવાય છે. નમાઝ પઢનારાઓ ઉપર ગોળીબારો થાય છે. શીયા, સુન્ની દેવબંદી બરેલ્વી કે વહાબી એહલે હદીસ જેવા મસલકી મતભેદો માટે એકબીજાના ખૂનને હલાલ માનીએ છીએ. આપણી આજ બેદીની અસલ બેદીની છે. પાકિસ્તાનની સ્થાપનાને આજે ત્રેપન વર્ષ થયા છે. જે ઈસ્લામના નામ ઉપર અલગ પડ્યું હતું. ત્યાં ઈસ્લામના નામે મીંડુ છે. નિઝામે મુસ્તુફાના નારા લગાવી લગાવી ત્યાંનો દરેક સાસક પોતાનો ઉલ્લુ સીધો કર્યે જાય છે. આલિમોના અલગ અલગ વર્તુળો પોતાની

આગેવાની છીનવાય ન જાય તેની જ ચિંતામાં રચ્યાપચ્યા રહે છે. ઈસ્લામી જીવન વ્યવસ્થા કે ઈસ્લામી ઈન્કિલાબથી પાકિસ્તાનને કોણ રોકી રહ્યું છે ?

આજે જરૂરત છે એક્તાની, આપણે એક જ. મિલ્લત  મઝહબ છીએ, એક અલ્લાહ એક કલિમો, એક કીબ્લો, એક નબી (હઝરત મોહંમદ સલ.) એક કિતાબ (કુર્આને મજીદ)ને માનનારા છીએ. આપણે બધા જ દેશોએ એકત્ર થઈ શક્તિ પેદા કરવાની છે. આમ ન કરવું એ જ આપણી મોટામા મોટી બેદીની છે.

આપણી પ્રખ્યાત, વિશાળ અને બેનમૂન મસ્જિદ એવી બાબરી મસ્જિદ ૧૯૯૨ની છી ડીસેમ્બરે તોડી નાખવામાં આવી. ત્યાર બાદ આજે

જ્યારે હું આ લેખ લખી રહ્યો છું ત્યારે દક્ષિણ ભારતની એક મસ્જિદ અને યુ. પી.ની એક બીજી મસ્જિદને પણ તોડી પડાયાના સમાચારો ડીસેમ્બર ૨૦૦૦ના રાષ્ટ્રીય પેપરોમાં વાંચી રહ્યો છું.

કેટલાક ભલા ભોળા મુસલમાનો કહે છે કે આપણે નમાઝ ન પઢીએ તો પછી મસ્જિદ તૂટી જ જાયને ! બાબરી મસ્જિદમાં શું લોકો નમાઝ પઢતા ન હતા ? અરે ત્યાંના ઈમામ આજે પણ હયાત છે. તોફાનીઓએ પ્રથમ ઈ. સ. ૧૯૪૮માં ધિંગાણુ કરી કોર્ટમાં કેસ દાખલ કર્યો. પાંચ વખત પઢાતી નમાઝ બંધ કરાવી, પછી સતત તોફાનો કરાવી ત્યાંના મુસલમાનોને હિજરત કરવા પર મજબૂર કર્યા સતત તોફાની તત્વોની હેરાનગતિને કારણે આ વિસ્તાર મુસલમાનોથી ખાલી થઈ ગયો. આજે પણ

બાબરી મસ્જિદનું ટ્રસ્ટ રજિ. નોંધણી સાથે તેમ જ ઈમામ પેશ નમાઝ પણ હયાત છે. યુ. પી. અને દક્ષિણ ભારતની જે મસ્જિદો તોડી નાખી તેમાં પણ જમાત સાથે નમાઝો અદા થાય છે. જરૂરત છે એવી શક્તિ પેદા કરવાની કે જેથી ઈન્સાનોના હૃદયોમાં મસ્જિદોની હુરમત પેદા થાય, અલ્લાહની રુબુબીય્યતને લોકોના દીલોમાં બેસાડવા જદ્દોજહદ કરવાની જરૂરત છે. તે ચમત્કારથી નહીં થાય. ફક્ત દુઆઓ કરવાથી નહીં થાય, તેના માટે સંગઠન શક્તિની જરૂરત છે. તમામ મિલ્લતે ઈસ્લામીમા એક્તાની જરૂરત છે.

હિંદુઓમાં આજે ૩૬૦થી વધુ સંપ્રદાયો જોવા મળશે. કરોડો દેવોની તેઓ પૂજા કરે છે. ઘર ઘર દીઠ કુળદેવતાની અલગ પૂજા થાય છે. નદી,

દરીયો, ઝાડ, જંગલ, પથ્થર, પહાડ, સૂર્ય, ચંદ્ર, તારા - કોની પૂજા હિંદુ બિરાદરો નથી કરતા. ઉંદર, બિલાડી, સાપ, વાઘ, વરૂ, સિંહ, ગાય, બળદ જેવા બધા જ પ્રાણીઓ તો હિંદુ દેવદેવીઓના વાહનો ગણાય છે. તે બધા જ પૂજનીય છે. જે ફાયદો પહોંચાડે કે ડર પેદા કરે તે બધાની જ તેઓ પૂજા કરે છે. છતાંપણ તેઓમાં આપણા સુન્ની-દેવબંદી જેટલો કે સુન્ની વહાબી જેટલો કે શીયા-સુન્ની જેટલો તીવ્ર વિખવાદ જોવા નહીં મળે. જરૂરત પડે બધા જ હિંદુ સંપ્રદાયો એક સ્ટેજ ઉપર એકત્ર થઈ જાય છે. અરે હિંદુઓના સંપ્રદાયોની વાતો છોડો, હિંદુ જૈન અને બૌદ્ધ ત્રણ અલગ અલગ સદંતર જુદા ધર્મો છે. ત્રણેના પ્રચારકો, પ્રવર્તકો ધાર્મિક સ્થળો અને ધર્મપુસ્તકો પણ સદંતર જુદા જુદા છે. છતાંય

આપણા શીયા-સુન્ની જેવી કે વહાબી, સુન્ની જેવી દુશ્મની તેઓમાં નથી. તેઓ અનેક સેમીનારોમાં એકત્ર થાય છે. બધા જ નીતિવિષયક, માનવતાલક્ષી ભાષણો આપે છે. આ વાત ટી. વી.ના જમાનામાં જરાય અજાણી નથી જેથી હું ઉદાહરણો આપતો નથી. તેઓને એવો કોઈ ડર નથી લાગતો કે આવી એકતા રાખવાથી કોઈ હિંદુ બોદ્ધ બની જશે કે જૈન બની જશે અથવા જૈનો-બૌદ્ધોને એવો ડર નથી લાગતો કે તેઓનો કોઈ માણસ હિંદુ બની જશે. તેવો કોઈ બનતો પણ હોય તો તેની પરવા તેઓ કરતા નથી.

આપણા આલિમો આપણા ફિરકાઓને કદી એકબીજાની પાસે આવવા દેતા નથી. પ્રકાર પ્રકારની ફતવાબોં કરતા રહે છે. છતાંય શું આપણે

કોઈ સુન્નીને વહાબી બનેલો કે વહાબીને શીયા બનતો રોકી શક્યા છીએ ? આવી જુજ સામાજિક બાબતો તો સમાજમાં ચાલતી જ રહેવાની. આપણા આલીમો પોતપોતાનું ટોળું લઈને બેઠા છે. આ આપણી ઘણી મોટી કમજોરી છે. ઈસ્લામના દુશ્મનોના દીલોમાં ખોફ પેદા થાય, તે માટે સંગઠન બળની જરૂર છે. આ સંગઠન બળ પેદા કરવું તે જ દીનની દઅવત છે. તે જ દીનની તબ્લીગ છે. તે જ દીનનો પાયો છે. સંગઠનબળ વડે તમો લોકશાહીમાં ઈચ્છો તે કાર્યો કરાવી શકો છો. તમારા અવાજને સંગઠનબળ વડે જ પાલર્મિન્ટમાં મનાવી શકો છો. સંગઠન બળ હશે તો જ આ દેશમાં તમારી કીંમત અંકાશે. આ દેશમા તમારા અસ્તિત્વને પડકાર કરવામાં આવે છે. આજે તો કોઈ એકાદ ફિરકાની

મસ્જિદ તૂટી છે. આવતીકાલે બધા જ ફિરકાની મસ્જિદો તૂટશે. આ દેશના તોફાનીતત્વોએ એક મુસ્લિમ કોમની ઇજ્જતને ઠોકરે મારી છે. આવા સમયે આપણે ફિકહી મતભેદોને નજરઅંદાજ કરીને કલિમાની બુનિયાદ ઉપર એક્તા સાધવી જરૂરી છે.

ઈઝરાઈલ ફલસ્તીનમાં નિર્દોષ મુસલમાનોનું લોહી વહાવી રહ્યું છે. ફલસ્તીની મુસલમાનો મઝલુમ છે. તેઓની મદદ કરવી આપણી ફરજ છે. મુસ્લિમ ચેચન્યા ઉપર રશિયાનો જુલમ આપણે ટી. વી. ઉપર જોઈએ છીએ. શ્રીલંકા અને બમર્મીાં પણ મુસ્લિમ લઘુમતિ મઝલૂમ છે. જેની વિગતો ઘણી લાંબી છે. ઈસ્લામી એક્તા માટેની શરતો શું છે ?

પ્રથમ શરત કલિમો છે.

"લાઈલાહ ઈલ્લલાહ મોહંમદુર્રસુલ્લાહ" કલીમો પઢનારા બધા જ મુસલમાન છે. બીજી શરત કુર્આન મજીદ છે. જેને બધા જ અલ્લાહની કિતાબ માને છે. જે લોકો એક નબી એક કુર્આનને માને છે તો જાહેર છે કે તેમનો કીબ્લો પણ એક જ છે. જેને આપણે મસ્જિદુલ હરામ - કાબતુલ્લાહ કહીએ છીએ. જ્યારે આપણા બધાનું કુર્આન એક છે તો આપણે બધા જ કયામતમાં માનીએ છીએ, હિસાબ કિતાબમાં વિશ્વાસ ધરાવીએ છીએ. કુર્આનના અર્થઘટનના ફિકહી મતભેદોને આપણે ઈીહાદ બયનુલ મુસ્લિમીન ખાતર બાજૂ પર મૂકી દઈએ. જેને જે ફિકહ ઉપર અમલ કરવો હોય તે ફિકહ પર કરે, શીયા અથવા સુન્ની મુસલમાન હોવાની રૂએ આપણા સર્વેની કેટલીક ભેગી જવાબદારીઓ છે.

**પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું**

"જે વ્યક્તિ સવારે એવી રીતે ઊઠે કે મુસ્લિમોના સામૂહિક કાર્યોને કોઈ મહ્‌વ ન આપતો હોય, તે મુસલમાન નથી.

(ઉસૂલે કાફી - કીતાબુલ ઈમાન વલ કુફ્ર ભાગ - ૭૦ હદીસ નંબર ૧ થી ૫)

પ્યારા રસૂલ શું ફરમાવી રહ્યા છે ? આપણે ઊંઘમાંથી ઊઠીએ છીએ આપણો વેપારી વેપાર કરવા દુકાન ખોલે છે. ખેડૂત ખેતરે જાય છે. નોકરીયાત નોકરી કરવા જાય છે. આપણો મજૂર મજૂરી કરવા નીકળી પડે છે. દિવસોના દિવસો સુધી આપણે મુસલમાનોની સામૂહિક ચિંતાઓથી બેખબર રહીએ છીએ.

કુર્આન અને પેગંબરે ઈસ્લામ (સલ.) તો આમ કહે છે કે “પૂર્વમાં રહેનારા મુસલમાન ઉપર પશ્ચિમમાં રહેવાવાળા મુસલમાનની કંઈક ઝિમ્મેદારીઓ છે.”

આપણા આલિમોની, આપણા વેપારીઓની, આપણા ખેડૂતોની, આપણા નોકરીયાતોની, આપણા મજૂરોની, આપણા આબાલવૃદ્ધો તમામની જેમાં સ્ત્રીઓ પણ સામેલ ગણાશે -જવાબદારી છે કે બાબરી મસ્જિદનું ગુંચવાયેલું કોકડું કેવી રીતે ઉકેલી શકાય, કાશ્મીરમાં મુસલમાનોનું લોહી વહી રહ્યું છે તેને કેવી રીતે રોકી શકાય ?

બોસ્નીયા, હરજેગોવીનાના તથા ફલસ્તીનના મજલૂમ લોકોને કેવી રીતે મદદરૂપ થઈ શકાય ?

કીબ્લએ અવ્વલને ઈઝરાઈલ પાસેથી ફરીથી કેવી રીતે હાસીલ કરી શકાય ?

પાકિસ્તાન, અફઘાનિસ્તાનમાં વહેતું નાહક લોહી કેવી રીતે અટકાવી શકાય ? જે મઝહબના નામ પર વહી રહ્યું છે.

બીજી એક હદીસમાં રસૂલેપાક (સલ.) ફરમાવે છે કે જે કોઈ વ્યક્તિ દુનિયાના કોઈપણ ખૂણામાંથી, કોઈ મુસલમાનની ફરીયાદ સાંભળે જે પોકારી રહ્યો હોય કે, “અય મુસલમાનો મારી ફરીયાદ સાંભળો ! અને તે (સાંભળનાર) તેનો યોગ્ય જવાબ ન આપે તો તે મુસલમાન નથી.”

(કાફી કીતાબુલ ઈમાન વ કુફ્ર ભાગ - ૭૦ હદીસ - ૫)

બતાવો આજે દુનિયાના ખૂણેખૂણેથી મઝલૂમોની અવાજ આપણને નથી પહોંચતી ?

મસલએ ફલસ્તીન માટે હું લોકોને એવું કહેતાં સાંભળી રહ્યો છું કે એ તો અરબો અને યહુદીઓનો મસલો છે. આપણે શું લેવા દેવા ?

અરે ભાઈઓ ! આ અરબો અને યહુદીઓનો મસલો નથી, ઈસ્લામનો મસલો છે. યહુદીઓએ મુસલમાનોના કીબ્લએ અવ્વલ ઉપર કબજો જમાવેલો છે. ત્રણસો કીલોમીટર અથવા એનાથી થોડુંક વધારે (મને ચોક્કસ ખબર નથી પરંતુ નજીક જ છે.) આપણો બીજો કીબ્લો કાબા દૂર નથી. તેઓ જ્યારે પણ ઇચ્છે તેના ઉપર કબજો જમાવી શકે છે. જ્યારે કે ઈઝરાઈલની શક્તિ આપણે જાણીએ છીએ. અને તે હુકુમત જે અરબસ્તાન ઉપર હાકેમ છે. અને ઈઝરાઈલ બંને અમેરિકાના નોકરો છે. સઉદી સરકાર અમેરિકાની ગુલામ જ છે.

મેં કેટલાક વર્ષો અગાઉ એક પાકિસ્તાની ઉર્દૂ ડાયઝેસ્ટમાં ઈઝરાઈલનો તે નકશો જોયો હતો જેમાં તેણે મક્કા અને મદીનાને પણ પોતાના પ્રદેશમાં બતાવ્યું હતું. આ મુસલમાનોની હાલત છે. આપણે કેમ આ બાબત કંઈ ચિંતા કરતા નથી ? ઘણું સારું ગણાય કે આપણે આ પ્રશ્નોને નાના બાળકોને શીખવાતી દીનીયાતની કીતાબોમાં લખીને આપણી નવી નસલોના દિમાગોમાં ઊતારી શકત. કે ફિકહી ઈખ્તેલાફોને ફિકહ પુરતા જ સિમિત રાખી, આપણા સામૂહિક પ્રશ્નોના ઉકેલમાં સંપૂર્ણ એકતા રાખવી જોઈએ. અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર અસલમાં આ જ છે.

પ્રથમ દીનની સ્થાપના કરવી, પ્રથમ શક્તિ પેદા કરવી, ખુદાની રૂબુબીય્યત, અલ્લાહની

વહ્દાનીય્યત, ઈસ્લામની ઇજ્જત, ઈસ્લામી મસ્જિદો - દર્સગાહોની હુરમતની ધાક ઈસ્લામ દુશ્મન શક્તિઓમાં પેદા કરવી, આ અવ્વલ દરજામાં અમ્ર બિલ મઅરૂફ છે. અવ્વલ દરજાની તબ્લીગ છે.

આપણો ભણેલો-ગણેલો વર્ગ સોમાલિયાને જાણે છે. તે આફ્રિકાનો એક મુસ્લિમ દેશ છે. ત્યાંની ૯૦ ટકાથી ઉપર વસ્તી મુસ્લિમ છે. હાલમા જ ત્યાં બે મુસ્લિમ પાર્ટીઓ અંદરોઅંદર લડી પડી. તેમણે પોતાના દેશની દરેક વસ્તુને તબાહ-બરબાદ કરી દીધી. બંને રાજકીય પાર્ટીઓ સુન્ની મુસલમાન, પરંતુ જેટલી ઈમારતો, જેટલાં કારખાના, જેટલાં ખેતરો દેશમાં હતાં તે બધાનો સર્વનાશ કર્યો. અત્યારે તેઓ દુકાળગ્રસ્ત છે. પાછળથી અમેરિકાએ

ત્યાં દખલગીરી કરી. આ વાતની આપણને ખબર પણ નથી.

સમગ્ર વિશ્વના મુસ્લિમોની પરિસ્થિતિ જાણીને આપણને ઊંઘ ન આવવી જોઈએ. તો જ આપણે સાચા અર્થમાં મોમીન થઈશું. ખુદા-રસૂલ આપણાથી રાજી થશે. આપણા નેક અમલો બારગાહે ખુદાવંદીમાં કબૂલ થશે. આપણા થોડા થોડા અમલોમાં પણ અલ્લાહ નૂરાનીયત પેદા કરશે.

ખુદાયા ! મુસલમાનોને આ ગફલતની ઊંઘમાંથી જાગૃત કર, તેમને તેમની સામૂહિક જવાબદારીઓ સમજવાની તૌફીક આપ. તેઓને આલમે ઈસ્લામની મઝલૂમીયતથી ખરબરદાર કર. તેઓમાં ઈસ્લામી એક્તા અને આપસમાં મહબ્બત પેદા કર.

ખુદાયા ! ઈમામ ખોમેની (રહ.) જે અર્વાચીન સમયના ઈસ્લામી એક્તાના સ્થાપક - ઈસ્લામી જગતને ઢંઢોળનાર - એક્તાના સંદેશાવાહકની રૂહને બક્ષી દે, એમની કબરને તારા નૂરથી ભરી દે.

ખુદાયા ! મોહંમદ, અલી, ફાતેમા, હસન, હુસૈન અને તેઓની પાકપાકીઝા ઓલાદના સદકામાં અમારી દુઆ કબુલ કર.

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીંવ વ આલે મોહંમદ.

# પ્રકરણ – ૩૧ : મુસલમાનોને એક ઉમ્મત બનવાની દઅવત

અલ્લાહ રબ્બુલ આલમીને પોતાના લુત્ફ અને કરમથી ઈન્સાનોની ફલાહ અને નજાત માટે એક લાખ ચોવીસ હજાર નબીઓને દુનિયામાં મોકલ્યા. જેમા છેલ્લા નબી મુરસલે આઝમ ખત્મી મુરતબ પ્યારા રસૂલ હઝરત મોહંમદ (સલ.) છે. જે એક મુકમ્મીલ દીન લઈને આવ્યા. આપના ઉપર નુબૂવ્વતનો સિલસિલો ખતમ થાય છે. અલ્લાહે પ્યારા નબી (સલ.)ને એક બેહતરીન કીતાબ કુર્આનમજીદના રૂપમાં આપી જે આપણા સર્વે માટે હિદાયત સુધી પહોંચવાનો રસ્તો છે.

શીયા-સુન્ની આપણા બધાંનો જ અકીદો છે કે અલ્લાહ એક છે. તેના સિવાય કોઈ પૂજવાને લાયક નથી.

હઝરત મોહંમદ (સલ.) અલ્લાહના સાચા રસૂલ છે. રિસાલત અને નુબુવ્વત આપ ઉપર ખતમ થાય છે. કુર્આન શરીફ અલ્લાહની સાચી કીતાબ છે. જેમાં ૧૧૪ સૂરતો છે જેની પહેલી સુરત સુર હમ્દ-ફાતેહા છે અને છેલ્લી સુરત સુરતુન્નાસ છે. જેના 30 પારા છે. જેમા ન વધારો છે ન ઘટાડો છે.

મસ્જિદે હરામ કાબતુલ્લાહ અલ્લાહનું ઘર છે. જેના તરફ મોઢું કરી આપણે સર્વે નમાઝ પઢીએ છીએ તે કાબા કીબ્લો છે.

ઉપરોક્ત અકીદો શીયા-સુન્ની બધાનો એકસરખો જ છે. સુન્ની બિરાદરી માને છે કે રસૂલે ખુદા (સલ.) એ પોતાની વફાત અગાઉ કોઈને પોતાના નાયબ (ખલીફા) મુકર્રર કર્યા નથી. જેથી કેટલાક સહાબા રસૂલની વફાત પછી તરત જ મદીનાથી છ કિલોમીટર દૂર સકીફા બની સઅદહ નામના સ્થળે એકત્ર થયા અને તેમણે સહમતિ સાધી હઝરત અબુબકરને પોતાના ખલીફા મુકર્રર કર્યા જે સર્વવિદિત બાબત છે. હઝરત અબુબકરે પોતાના મૃત્યુ વખતે હઝરત ઉમરને ખલીફા નિયુક્ત કર્યા જ્યારે હઝરત ઉમરે પોતાના મૃત્યુ વખતે છ સભ્યોની એક કમિટિ (શૂરા) બનાવી. આ કમિટિએ હઝરત ઉસ્માનને ખલીફા નિયુક્ત કર્યા

શીયા બિરાદરી માને છે કે રસૂલે ઈસ્લામે પોતાની હયાતીમાં જ હઝરત અલી (અલ.)ને પોતાના પછી પોતાના નાયબ-ઉત્તરાધિકારી-ઈમામ તરીકે નિયુક્ત કર્યા હતા. આપ (સલ.) એ અનેક વખત આ બાબતનું સ્પષ્ટ એલાન પણ કર્યું હતું. છેલ્લી હજથી પાછા ફરતાં ગદીરે ખુમના ચૌરાહા ઉપર સર્વે સહાબાને રોકી, એક મિમ્બર બનાવ્યો. કાંટા-ઝાંખરા સાફ કરી જે સહાબા આગળ નીકળી ગયા હતા તેમને પાછા બોલાવ્યા. જે લોકો પાછળ હતા તેમની રાહ જોઈ. ગદીરે ખુમના આ સ્થળે રસૂલે ઈસ્લામ અને તમામ સહાબાનું 3 દિવસનું રોકાણ થયું. આ સહાબાની સંખ્યા લગભગ એક લાખ ઉપર હતી. તે સમયે ગદીરે ખુમની આ એક એવી જગ્યા હતી જ્યાં તમામ હાજીઓ એકસાથે જ

હતા. અહીંથી અનેક રસ્તા નીકળતા હતા. અહીંથી બધા પોતપોતાના સ્થળે જવા છૂટા પડતા હતા.

આ જગ્યાએ પેગંબરે ઈસ્લામે સ્પષ્ટ એલાન કર્યું. હઝરત અલી (અલ.) ને પોતાની પાસે બેસાડયા તેમનો હાથ ઊંચો કર્યો, અને ફરમાવ્યું મનકુનતો મોલાહો, ફહાઝા અલીય્યુન મૌલાહો “હું જેનો મૌલા છું. (સરદાર છું) અલી પણ તેમના સરદાર છે.”

આપ (સલ.) એ આ જગ્યાએ લોકોને ફરમાવ્યું કે તેઓ હઝરત અલી (અલ.)ની તાબેદારી કરે, તેમનો હુકમ માને અને તેમને “અમીરૂલ મોઅમેનીન” કહી સંબોધન કરે,

તે સિવાય પણ રસુલે ઈસ્લામ (સલ.) એ પોતાની મક્કી અને મદની બંને જિંદગીઓમાં અનેક

વખત પ્રત્યક્ષ રીતે હઝરત અલી (અલ.)ને પોતાના ઉત્તારાધીકારી જાહેર કર્યા હતા.

મુસલમાનોની શીયા-સુન્ની બંને કીતાબોમાં ઉપરોક્ત બાબતોના સ્પષ્ટ હવાલા મોજૂદ છે કે પેગંબરે ઈસ્લામે પોતાના પછી થનાર પોતાની જ વંશમાંથી ૧૨ ખલીફાઓના નામો પણ જણાવી દીધા હતાં.

જેમાં પ્રથમ ઈમામ અલી બિન અબીતાલિબ (અલ.) છે.

બીજા ઈમામ હસન બિન અલી (અલ.)

ત્રીજા ઈમામ હુસૈન બિન અલી (અલ.)

ચોથા ઈમામ અલી ઝયનુલ આબેદીન ઈબ્ને હુસૈન (અલ.)

પાંચમા ઈમામ મોહંમદ બાકિર ઈબ્ને અલી (અલ.)

છઠા ઈમામ જઅફર સાદિક ઈબ્ને મોહંમદ (અલ.)

સાતમા ઈમામ મુસા કાઝિમ ઈબ્ને જઅફર (અલ.)

આઠમા ઈમામ અલી રઝા ઈબ્ને મુસા કાઝિમ (અલ.)

નવમા ઈમામ મોહંમદ તકી ઈબ્ને અલી રઝા (અલ.)

દસમા ઈમામ અલી નકી ઈબ્ને મોહંમદ તકી (અલ.)

અગિયારમા ઈમામ હસન અસકરી ઈબ્ને અલી નકી (અલ.)

બારમા ઈમામ મોહંમદ મેહદી ઈબ્ને હસન અસકરી (અલ.)

ઉપરોક્ત સર્વે રીવાયતો આપણા બંને ફીરકાની કીતાબોમાં સ્પષ્ટ શબ્દોમાં જોવા મળશે. મૂળ ઈખ્તેલાફ આપણા બંને ફિરકા વચ્ચે ખિલાફત

અને ઈમામતનો છે. સુન્ની બિરાદરી માને છે કે નુબુવ્વત પછી ઈલાહી દોરવણી ખતમ થઈ જાય છે. આપણે ખલીફા ચૂંટી કાઢવાના તે આપણી ઉપર હુકુમત કરે.

જ્યારે શીયાઓ માને છે કે અલ્લાહે કયામત સુધીની ઈન્સાનોની હિદાયત માટે નુબુવ્વત પછી તરત જ ઈમામત શરૂ કરી છે. ઈમામત એ નુબુવ્વતનો જ બદલ છે. પાછળના દરેક જમાનામાં નાઝિલ થયેલી કીતાબો તથા અનેક સહીફાઓની (તવરત - ઈન્ઝીલ - ઝબૂર) તશરીહ અને તફસીર જે તે જમાનાના નબીઓ કરતા હતા. તે જવાબદારી હવે ઈમામોની છે. અલ્લાહે પોતાની મખ્લુકને ફક્ત કીતાબના હવાલે છોડી નથી પરંતુ કીતાબને

સમજાવનાર ઈમામોની વ્યવસ્થા પણ કયામત સુધી કરી છે. આ શીયાઓનો અકીદો છે.

મુસલમાનોના બે મૂખ્ય ફિરકાઓમાં ઉપરોક્ત તફાવત બાદ કરતાં પાયાના સિદ્ધાંતોમાં કોઈ તફાવત નથી. બાકી રહ્યા નાના નાના ફિકહી મતભેદો તો તેનું કોઈ મહવ નથી. તે મતભેદો તો બીજા બધા જ ફિરકાઓમાં જોવા મળશે.

ઈસ્લામ ગુરબતમાં જન્મ પામ્યો. ઉમ્મુલ મોઅમેનીન હઝરત ખદીજા સલ્લમહા અલયહા જે પ્રથમ મહાન ઓરત છે જેઓ રસૂલ ઉપર ઈમાન લાવ્યાં. એટલું જ નહિ પરંતુ પોતાની સર્વે દૌલત પણ ઈસ્લામના પ્રચાર અર્થે રસૂલના ચરણોમાં ધરી દીધી. આ મા ખદીજાની આ ઉમ્મત કયામત સુધી ઋણી રહેશે.

આપની એકલોતી સંતાન હઝરત ફાતેમા સલ્લમહા અલયહાને પણ આ ઉમ્મતે ઘણા જ દુ:ખો આપ્યાં છે. રસૂલની વફાત પછી હઝરત ફાતેમા શેહઝાદીએ રસૂલ - રસૂલના જિગરના ટૂકડા ઉપર આ ઉમ્મતે જે જુલ્મો કર્યા છે તેને અત્યારે આપણે જાણવા તૈયાર નથી સમજવા તૈયાર નથી. વાંચવા તૈયાર નથી. માનવા ન માનવાની વાત તો દૂરની છે.

રસુલુલ્લાહ (સલ.) અનેક વખત કાફિરોના જુલમથી ઘાયલ થઈને, પરેશાન થઈને, ઘરે પધારતા. હઝરત ફાતેમા સલ્લમહા અલયહા આપ (સલ.)ની સેવા કરતાં, કપડાં સાફ કરતાં, અબ્બાજાનની આ હાલત જોઈને રડી પડતા.

એક વખત કાફિરોએ આપ (સલ.) ઉપર નમાઝની હાલતમાં કાબાની અંદર જાનવરોની નાપાકી નાખી, આપ (સલ.)ના કપડાં ખરાબ કર્યા આપ (સલ.) પરેશાન થઈ ઘરે પધાર્યા હઝરત ફાતેમા સલ્લમહા અલયહા પોતાના અબ્બાજાનની આ હાલત જોઈને બેઈખ્તીયાર રડી પડ્યાં. કાફિરો ઉપર લઅનત કરવા લાગ્યાં. અબ્બાજાનના સરમુબારકની સફાઈ કરતા હતા. અને રડતાં હતાં.

બેટી ફાતેમાની આ હાલત જોઈને પ્યારા રસૂલ (સલ.) એ આશ્વાસન આપતાં કહ્યું, "બેટા ગભરાઈ ન જાઓ. આજે આ હાલત છે. એક એવો સમય પણ આવશે કે વિશ્વના દરેક ખૂણે, જંગલોમાં, રેગીસ્તાનોમાં, દુનિયાના દરેક કાચા અને પાકા મકાનોમાં તારા બાપનો કલિમો પઢનારા લોકો

હશે.” અબ્બાજાનની આ ભવિષ્યવાણી સાંભળી હઝરત ફાતેમા સલ્લમહા અલયહા ઘણાં જ ખુશ થયાં.

રસૂલની વફાત પછી રસૂલની આ જ બેટીને આ ઉમ્મતે ઘણી જ તકલીફો આપી. દુ:ખોના દરિયામાં ઓગળી ઓગળીને રસૂલના પછી છ જ માસમાં આપ પણ અલ્લાહને પ્યારાં થઈ ગયાં. ત્યાર બાદ આ ઉમ્મતે આપની ઓલાદને પણ અનહદ તકલીફો આપી. ઈમામ હસન (અલ.)ને ઝેર અપાવી શહીદ કર્યા ઈમામ હુસૈન (અલ.)ને કુટુંબ કબીલા સાથે કરબલામાં શહીદ કર્યા રસૂલના ઘરની ૧૮ વ્યક્તિઓને જેમની સાથે રસૂલને લોહીનો સંબંધ હતો - તેમને આ ઉમ્મતે ઝબહ કરી નાખી. ત્યારબાદ ઈમામ હુસૈનની અવલાદમાંથી ૮

ઈમામોને પણ આ ઉમ્મતે પ્રકાર પ્રકારની તકલીફો આપી, જેલોમાં રાખી, હથકડીઓ પહેરાવી શહીદ કર્યા

બારમા ઈમામ હુજ્જતુલ્લાહ ઈમામ મેહદી (અલ.) અલ્લાહના હુકમથી પરદએ ગયબમાં છે. અલ્લાહ ઇચ્છશે ત્યારે તેઓ ઝહુર ફરમાવશે. નબીની બેટી ફાતેમા (અલ.)ને આ રીતે સતાવનારા, આપની અવલાદોને કતલ કરનારા છગન-મગન ન હતા. મૂર્તિપુજકો ન હતા. પરંતુ રસૂલનો કલિમો પઢનારા, પોતાને મુસલમાનોમાં ખપાવનારા હતા. મસ્જિદોમાં આવનજાવન કરનારા હતા. કુર્આનને પણ રસ્મી તોર પર - દેખાવ ખાતર પઢનારા હતા. જો કે આપણી કુર્આન પછીની સૌપ્રથમ ગણવામાં આવતી કિતાબ બુખારી શરીફ

હઝરત ફાતેમા સલ્લમહા અલયહાને જન્નતની ઓરતોના સરદાર કહે છે. આ મુબારક કીતાબ આપના પ્યારા બેટાઓ - નબી (સલ.)ના પ્યારા નવાસાઓને જન્નતના જવાનોના સરદાર કહે છે. જન્નતમાં તો કોઈ ઘરડું નહીં હોય તેથી જો વિચારીએ તો સમગ્ર જન્નતમાં હઝરત આદમથી લઈને કયામત સુધીના જેટલાય લોકો હશે તે બધાના સરદાર હઝરત ઈમામ હસન (અલ.) અને હઝરત ઈમામ હુસૈન (અલ.) છે. એવી જ રીતે હઝરત આદમ (અલ.)થી લઈ કયામત સુધીની જેટલીય સ્ત્રીઓ જન્નતમાં હશે તે બધી સ્ત્રીઓના સરદાર હઝરત ફાતેમા સલ્લમહા અલયહા છે.

હવે વિચારો સમગ્ર જન્નતની માલિકી આ ત્રણે બુઝૂર્ગોની છે. ફાતેમા - હસન - હુસૈન જન્નતના

સરદાર છે. જેથી એમના દુશ્મનો - એમને તકલીફ આપનારાઓ જન્નતમાં કેવી રીતે જશે ?

મુસલમાનોની ચારે ફિકહો ઉપરોક્ત અકીદામાં એકસરખી છે. શીયા બિરાદરી ઈમામ જઅફર સાદીક (અલ.)ની ફિકહ "ફિકહે જાફરી" ને અનુસરે છે. તેમના મસાઈલ પર અમલ કરે છે. ઈમામ જઅફર સાદીક (અલ.) શીયા બિરાદરીના છા ઈમામ છે. રસૂલની સૌથી નજીકની ઓલાદ છે. અત્રે એ વાત પણ યાદ રાખવામાં આવે કે આપણી ચારેય ફિકહોના પ્રવર્તક ચારે ઈમામોમાંથી એક ઈમામને પણ રસૂલુલ્લાહ (સલ.) સાથે લોહીનો સંબંધ નથી. ચારેય ઈમામો ઓલાદે રસૂલથી નથી. ત્રીજા ઈમામ હુસૈન (અલ.) શહીદે કરબલાના યુવાન ફરઝંદ અલી ઝયનુલ આબેદીન મસલેહતે

ઈલાહી બીમાર હતા. તંબુમાં સૂઈ રહ્યા. જાલીમોથી બચી ગયા. આ જ ચોથા ઈમામ અલી ઝયનુલ આબેદીન (અલ.)ના ફરઝંદ પાંચમા ઈમામ મોહંમદ બાકીર (અલ.) છે. તેમના ફરઝંદ છા ઈમામ જઅફર સાદીક (અલ.) છે. આપના નામથી ફિકહે જઅફરી પ્રચલિત છે. બીજી બધી જ ફિકહોની જેમ ફિકહે જાફરી પણ એક ફિકહ જ છે. જેના ઉપર તમામ શીયા બિરાદરો અમલ કરે છે. શીયા બિરાદરી જે બાર ઈમામોને માને છે. શીયાઓ પોતાને ત્યાં એહલેબયતની જ રીવાયતોને પ્રાધાન્ય આપે છે. આ તો તમામ મુસ્લિમ ઉમ્મતના ઈમામો છે. રસૂલની ઓલાદ છે. અફસોસની વાત છે કે મુસલમાનો તેમનાથી વાકેફ નથી.

કરબલાના જુલમ પછી સત્તા ઉપર આવેલા જાલીમ શાસકોએ ઈતિહાસને મારી મચકોડી દીધો. આ બુઝૂર્ગોના નામોને છુપાવવામાં આ લોકો આટલે દરજે તો કામ્યાબ રહ્યા.

આ અગિયાર ઈમામોને (બારમા ઈમામ ગયબતમાં છે) શહીદ કરનારા રસૂલનો કલિમો પઢનારા કહેવાતા મુસલમાનો જ છે. હઝરત અલી (અલ.) ને શહીદ કરનાર ઈબ્ને મુલઝિમ પણ મુસલમાન જ હતો. જ્યારે ગુસ્સે ભરાયેલા લોકોએ તેની જીભ કાપવા વિચાર્યું ત્યારે તે કહેવા લાગ્યો કે મારી જીભ ન કાપશો કારણ કે હું આ જીભ વડે અલ્લાહનો ઝિક્ર કરું છું.

જોકે રસૂલુલ્લાહ (સલ.)એ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે કે, “અલીનો કાતિલ મારી ઉમ્મતનો

સૌથી વધુ બદબખ્ત વ્યક્તિ હશે.” આ હદીસ આપણી બધી જ પ્રખ્યાત કીતાબોમાં છે. પહેલા હઝરત અલી (અલ.)થી લઈ અગિયારમાં ઈમામ હસન અસકરી (અલ.) સુધી બધા જ ઈમામોના કાતિલો રસૂલનો જ કલિમો પઢનારા છે.

શબ્દકોષ પ્રમાણે શીયા શબ્દનો અર્થ પેરવી કરનાર, મદદગાર થાય છે. શીયા તે લોકો છે જેઓ રસૂલુલ્લાહ (સલ.) પછી હઝરત અલી (અલ.)ની પેરવી કરે છે.

રસૂલે ખુદાની વફાત પછી સહાબાની એક જમાત હઝરત અલી (અલ.)ની સાથે લાગેલી રહી, આપથી મહબ્બત રાખનારી બની. જેથી તે જમાતને શીયા કહેવામાં આવી. જેમાં ઉચ્ચ દરજાના સહાબા હતા.

હઝરત સલમાન ફારસી (રઝિ.)

હઝરત બિલાલ હબશી (રઝિ.)

હઝરત અમ્માર યાસીર (રઝિ.)

હઝરત મિકદાદ (રઝિ.)

હઝરત અબુ ઝર (રઝિ.)

હઝરત હુઝર બિન અદી (રઝિ.)

હઝરત હુઝેફા યમાની (રઝિ.)

હઝરત મીકદાદ (રઝિ.)

આ સિવાય પણ અનેક સહાબાએ કિરામ રીઝવાનુલ્લાહે તઆલા અલયહે અજમઈન હઝરત અલી (અલ.)થી મહબ્બત રાખનારા હતા. શીયા શબ્દનો અર્થ દોસ્ત, ગિરોહ, સાથી પણ થાય છે. અફસોસની વાત છે કે શીયા શબ્દના ઘણા ખોટા ખોટા અર્થઘટનો કરવામાં આવે છે. ટૂંકમાં શીયા તે લોકોને

કહે છે જેઓ પેગંબરે ઈસ્લામ (સલ.) અને આપની એહલેબયતને ચાહે છે.

ફિકહે જાફરી તે ફિકહ છે જે આત્યારની પ્રચલિત બીજી બધી જ ફિકહો કરતાં સૌથી જુની છે. સૌથી પ્રથમ પ્રચલિત થઈ છે. ઈમામ જઅફર સાદીક (અલ.) ઈમામ અબુ હનીફાના ઉસ્તાદ છે. આ વાત ઈમામ અબુ હનીફાની સવાનેહ ઉમરી કીતાબમાંથી નોંધી રહ્યો છું. જે કીતાબ સુન્ની બિરદરોએ લખેલી છે. હું એમ માનું છું કે હનફી બિરાદરોએ ફિકહે જાફરીનો અભ્યાસ કરવો જોઈએ. જેથી કમસેકમ ખોટી અફવાઓ તો દૂર થાય અને બંને જમાતો નજીક આવે.

મરહુમ આયતુલ્લાહ અલઉઝમા બુર્ક્કવી પોતાના તાલિબે ઈલ્મોને હંમેશા કહેતા રહેતા હતા કે એહલે સુન્નતની ફિકહ, હદીસ અને રીવાયતોને પણ

જોતા રહો, વાંચતા રહો, જેથી રીવાયતે એહલેબયતને સારી રીતે સમજી શકાય. અને કમસે કમ એટલી ખબર તો પડે કે આપણા સુન્ની ભાઈઓ પાસે શું છે ? અને આપણી પાસે શું છે ? બીજી વાત મરહુમ ફરમાવતા કે જ્યારે પણ તમો કોઈપણ કીતાબમાં એહલેબયતની હદીસ લખો તો સાથે સાથે એહલે સુન્નતની રીવાયતનું પણ વર્તન કરો. એટલા માટે કે તે રીવાયતો જોઈને આપણે આપણી રીવાયતોની સારી રીતે સમજૂતિ આપી શકીએ.

બંને પક્ષે એવા માણસો હોય છે. જેઓ સુલેહપસંદ હોતા નથી. આવા માણસો હતા, છે અને રહેવાના જ. તેઓની લગીરે પરવા કરવામાં ન આવે. કારણ કે અલ્લાહ નેક લોકોને પસંદ કરે છે.

જો આપણે આમ વિચારીએ કે બધા જ મુસલમાનો એક જ મઝહબના પાબંદ હોય, બધા ફક્ત શીયા જ હોય અથવા સુન્ની હોય, આ વાત શક્ય જ નથી. અને અમે આવી દઅવત પણ આપતા નથી. ન તો આવી કોશીશ કદી કામ્યાબ થઈ શકે છે. ન કોઈએ આવી કોશીશ કરવી જોઈએ. આ ઉમ્મતને એક ઉમ્મત બનાવવા માટે આપણે પાછલી જાલીમ હુકુમતોના જુલમોને નજરઅંદાજ કરવા પડશે. પાછલા જાલીમ બાદશાહોના મનહુસ સમયગાળાને આપણે ભૂલી જવો પડશે, તો જ આ ઉમ્મત એક વાહીદ ઉમ્મત બનશે. જેથી આપણે દુનિયામા ઇજ્જતવાળી જિંદગી જીવી શકીશું.

મસઅલા ખિલાફત અને ઈમામતમાં ઈખ્તેલાફ મોજૂદ છે. શીયા કહે છે કે ખિલાફત ઉપર

નશ મોજૂદ છે. જ્યારે સુન્ની કહે છે કે આ માટે નશ નથી બલ્કે ચૂંટણી અને શુરા છે. શું આ ઈખ્તેલાફને કારણે કોઈ સુન્ની એમ કહી શકે છે ? કે જેઓ નશ મા માને છે તેઓ કાફિર છે. કદી પણ નહિ. અથવા શીયાઓ પોતાના ઈલ્મની રોશનીમાં આમ કહી શકે છે ? કે જે લોકો નશ ને માનતા નથી, તેઓ કાફિર છે ? હરગિઝ નહિ.

બસ બંને જમાતો વચ્ચે ફક્ત આટલો જ મુખ્ય ઈખ્તેલાફ છે. જેને આપણે ઈલ્મી વર્તુળમાં બાંધી દેવો જોઈએ.

જો આપણા આલીમો આટલું કરી શકે તો આ ઉમ્મત એક ઈજ્જતવાળી ઉમ્મત બની શકે છે. આપણો આ ઈખ્તેલાફ હોવા છતાં યુરોપવાળાઓ (ખ્રિસ્તિ-યહુદી) મુસલમાનોમાં એક્તા આવી જવાની

બીકથી ધ્રુજે છે. તેઓ એમ જોઈ રહ્યા છે કે વાસ્તવમા ઈસ્લામ અસ્તિત્વમાં આવી રહ્યો છે. જે મુસલમાનોને એક ઉમ્મત બનાવી રહ્યો છે. અને મુસલમાનો પોતાના ઈખ્તેલાફ ભૂલી રહ્યા છે. મુસલમાનો પોતાની પ્રાચીન જાહોજલાલી અને અર્વાચીન બરબાદીથી ચિંતિત થઈ રહ્યા છે. તેઓ ડરના માર્યા શીયા સુન્ની ઈખ્તિલાફ પેદા કરવાની ચિંતામાં ઘુમી રહ્યા છે. આપણે તેમને આવો મોકો બીલકુલ ન આપીએ. જો આ ઉમ્મત એક વાહીદ ઉમ્મત હોત તો શું આ દેશમા મુસલમાનો આટલા ખોફઝદાહ હોત ? શું ભરબપોરે - દિવસના અજવાળામાં આપણી ખૂબસૂરત મસ્જિદોને તોડી પાડવામાં આવત ?

શું આ ઉમ્મત વાહીદ ઉમ્મત ન બની શકે? શું આપણે એક ન થઈ શકીએ ? એક સમય હતો કે

દુનિયાના કોઈ ખૂણે એક મુસલમાનની કતલ થતી હતી તો પૂરી ઉમ્મત ધ્રુજી ઊઠતી હતી કે અમારા માણસની કતલ કેમ થઈ ? કોણે કરી ?

આજે ઉમ્મત ભોંમૂળાની જેમ કપાઈ રહી છે. કપાયેલા પતંગ જેવી તેની હાલત છે જેને બધા જ લૂંટી રહ્યા છે.

પ્યારા રસૂલ હઝરત મોહંમદ (સલ.) ફરમાવે છે કે જ્યારે કોઈ કોઈને કાફિર કહે છે અને જો તેનામાં તે કુફ્ર નથી તો અલ્લાહ કુફ્રને કહેનાર તરફ લોટાવે છે. પાછુ ફેરવે છે. મતલબ અલ્લાહ તેને જ કાફિર કહે છે.

શીયા-સુન્ની-દેવબંદી વગેરે બધા જ ઈખ્તેલાફોને ભૂલીને આપણે કલિમાની બુનિયાદ ઉપર એક્તા સાધી એક ઉમ્મત બનવાનું છે.

ઈરાન, ઈરાક, તૂર્કી, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, હિંદુસ્તાન, અરબસ્તાન, મિસર, અલજીરીયા, ઈન્ડોનેશિયા, ઉઝબેકીસ્તાન, ચેચન્યા, વગેરે સર્વે મુસ્લિમ મુલકો જો એક ઉમ્મત બની જાય તો દુનિયામાં કોઈ મુસલમાનોનો વાળ વાંકો ન કરી શકે. બલકે તમામ મઝલૂમ કોમોની આપણે રહબરી કરીએ.

યા અલ્લાહ ! તારા હબીબ અને તેમની એહલેબયતના લોહીથી આ ઉમ્મતનું સર્જન થયું છે. યા અલ્લાહ ! આ ઉમ્મત વેરવિખેર થઈ ગઈ છે. યા અલ્લાહ ! અમો દ્ઢ નિર્ધાર કરીએ છીએ, અમો આ ઉમ્મતને ફરીથી એક ઉમ્મત બનાવવા માટે કોશીશ કરીશું યા અલ્લાહ ! શીયા સુન્ની અમને બધાને આ કોશીશમાં લગાવી દો. યા અલ્લાહ ! અમે તારા

ગુનેહગાર બંદા છીએ, અમો આ દેશમાં પણ મઝલૂમ છીએ. અમારા નાના નાના માસૂમ બાળકો અને અમારી મા-બહેનોની ચિચિયારીઓને તારા સિવાય કોઈ સાંભળનાર નથી. આ દેશના એકએક શહેરથી આ મઝલૂમોની ચીખોને તું સાંભળી રહ્યો છે. યા અલ્લાહ ! હજારો નિર્દોષ યુવાનો પોલીસોના જુલમનો શિકાર બને છે અને જેલોના સળિયા પાછળ ધકેલાય છે. યા અલ્લાહ ! આ જાલીમો અમારું કલેજું ખાઈ રહ્યા છે. યા અલ્લાહ ! અમારા ગુનાહ માફ કર, અને આ ઉમ્મતને તું ફરીથી એક બનાવી ઇજ્જતવાળી ઉમ્મત બનાવી દે. મોહંમદ આલે મોહંમદના સદકામાં અમારી દુઆ કબૂલ કર.

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીંવ વ આલે મોહંમદ.